# સર્વજ્ઞ ગુણ સ્તવન




આચાર્યશ્રી અમૃતચંદ્રસૂરિ–રચિત મહાન સ્તુતિ શાસ્ત્ર

# લઘુતત્ત્વસ્ફોટ

અથવા

# શક્તિમણિત-કોશ

  

આચાર્ય શ્રી અમૃતચંદ્રસૂરિ--રચિત મહાન સ્તુતિશાસ્ત્ર

# લઘુતત્ત્વસ્ફોટ

અથવા

# શક્તિમણિત–કોશ * સર્વજ્ઞગુણસ્તવન

સ્તુતિકાર કહે છે : હે દેવ ! આપની સ્તુતિને હું પી ગયો છું એટલે કે આપની સ્તુતિ દ્વારા ચૈતન્યરસનું મેં પાન કર્યું છે.....હવે હું જાગ્યો છું, મને ગોદમાં લ્યોને મારા કોડ પૂરા કરો.....આપના જ્ઞાનમહિમામાં નિમગ્ન થયેલો હું હવે તેમાંથી બહાર નીકળવાનો નથી.' આવા મજાના સ્તુતિરસનું તમે પણ આસ્વાદન કરો.

*[ગુજરાતી અનુવાદક : બ્ર૦ હરિલાલ જૈન]*

ગ્રંથમાળા--ધુડીબાઈ ખેમરાજ ગિડિયા ગ્રંથમાલા, પુષ્પ–૧૮

❑ આવૃત્તિ :

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ–૧,૦૦૦ | વીર સં. ૨૫૧૨ | ઈ. સ. ૧૯૮૬ |
| બીજી આવૃત્તિ–૧,૦૦૦ | વીર સં. ૨૫૫૪ | ઈ. સ. ૧૯૯૮ |

શ્રી સુરજબેન અમુલખભાઈ શેઠ સ્મૃતિ ટ્રસ્ટ મુંબઈ હસ્તે સૌ. કનકબેન અનંતરાય શેઠના તરફથી પુસ્તકની કિંમત ઘટાડવા માટે ૧૦% આપવામાં આવેલ છે.

પડતર કિંમત=૨૫/– વેચાણકિંમત=૨૦/–

❑ પ્રકાશક :

(૧) અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન—ખેરાગઢ-૪૯૧૮૮૧
અધ્યક્ષ : મોતીલાલ જૈન  સાહિત્ય પ્રમુખ : પ્રેમચંદ જૈન

(૨) શ્રી કહાન સ્મૃતિ પ્રકાશન સોનગઢ.

❑ પ્રાપ્તિસ્થાન :

૧) અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન
શ્રી ખેમરાજ પ્રેમચંદ જૈન
કહાન નિકેતન, ખેરાગઢ-૪૯૧૮૮૧
જિ. રાજનાંદગાંવ (મ.પ્ર.)

(૨) બ્ર. તારાબેન, મેનાબેન જૈન
કહાનરશ્મિ, સોનગઢ–૩૬૪૨૫૦ (Guj.)

(૩) પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
કહાનનગર, લામરોડ,
દેવલાલી–૪૨૨૪૦૧
જિ. નાશિક (મહારાષ્ટ્ર)

કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :—
**Arihant computer graphics**
Jain Vidhyarthi Gruh compound,
SONGADH-364 250

## : લઘુતત્ત્વસ્ફોટ :

# [સર્વજ્ઞગુણસ્તવન ★ શક્તિમણિતકોશ]

## –સૂચીપત્ર–

ત્રિવિધ–નામધારક આ સ્તુતિ–શાસ્ત્રમાં ૨૫ પ્રકરણ છે; તેમાં નામ કે મથાળાં ન હતાં; પરંતુ પાઠકને વાંચવામાં સુગમતા રહે તે માટે અનુવાદમાં દરેક અધ્યાયના સારરૂપ ઉપોદ્‌ઘાત તથા દરેક પ્રકરણના મથાળાં લખેલ છે; અને તે અનુસાર આ સૂચિપત્ર આપ્યું છે.


| સ્તવન | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | ચોવીસ તીર્થંકર–સ્તુતિ | ૧ |
| ૨. | કેવળજ્ઞાન–પ્રકાશનો મહાન ઉદય | ૮ |
| ૩. | શૂરવીરતાપૂર્વક સિદ્ધપદ સાધવા સાધકની સોપાનશ્રેણી | ૧૨ |
| ૪. | કેવળજ્ઞાનને દેખતાં અમારી ચેતના નાચી ઊઠે છે | ૧૭ |
| ૫. | પ્રભુના અદ્‌ભુતવૈભવમાં અનેકાંતદષ્ટિનો જ પ્રવેશ | ૨૧ |
| ૬. | સાધુદશાથી માંડીને સિદ્ધપદના ચિંતનરૂપ સ્તવન | ૨૬ |
| ૭. | પરમાનંદનો પિપાસુ સાધક કહે છે–અલ્પજ્ઞાન વડે હું આખા પરમાત્માને પી જાઉં છું | ૩૦ |
| ૮. | કષાયોને જીતીને સર્વજ્ઞપદ સાધ્યું ને 'જિનપુરુષાર્થ' ઉપદેશ્યો | ૩૫ |
| ૯. | પ્રભો ! આપને મારા જ્ઞાનમાં પૂરી દીધા.....હવે કોનો ભય ? | ૪૦ |
| ૧૦. | પ્રભો, આપના 'શુદ્ધભાવ'ના સ્તવન વડે હું ચૈતન્યભાવરૂપ થાઉં છું. | ૪૪ |
| ૧૧. | ચમત્કારી જ્ઞાન : તેની ભાવના વડે હું પ્રભુ સાથે તન્મય છું. | ૪૮ |
| ૧૨. | સર્વજ્ઞસ્વરૂપની સ્તુતિમાં થતી ચૈતન્યરસભીની અનુભૂતિ | ૫૨ |
| ૧૩. | સ્વ–પરપ્રકાશી આત્મવૈભવ | ૫૫ |
| ૧૪. | "અનેકાન્ત–આત્મવૈભવ" –હે દેવ ! આપના જ્ઞાનઅંચલમાં સંલગ્ન છું | ૫૯ |
| ૧૫. | પ્રભો ! હું જાગ્યો છું.....મને ગોદમાં લ્યો....ને મારા કોડ પૂરા કરો | ૬૩ |
| ૧૬. | કદી નીરસ ન થનારો અદ્‌ભુત ચૈતન્યરસ | ૬૭ |
| ૧૭. | અનેકાંત–ભેરી (૧) | ૭૨ |
| ૧૮. | અનંત આત્મવૈભવની અનેકાંત–ભેરી (૨) | ૭૭ |

૧૯. "ચૈતન્ય-પ્રભા".....સ્વસંવેદ્ય-ચૈતન્યલક્ષણ વૈભવનો વિસ્ફોટ . . . . . . . . . . ૮૨
૨૦. અમૃતઝરતો સ્યાત્ મંત્ર : વિશ્વની શૂન્યતાનો ઉત્સવ-જ્યાં ભરી છે સ્વાનુભૂતિ . . . ૮૬
૨૧. વિસ્ફોટ એકવીસમો : સામાન્ય-વિશેષ એકતા.
હે દેવ ! મારા જ્ઞાન-ભસ્મકને તૃપ્ત કરવા મારા અંતરમાં પ્રવેશ કરો . . . . . ૯૧
૨૨. અદ્‌ભુત તત્ત્વની પ્રસિદ્ધિ : કેવળજ્ઞાનનો મહા વિસ્ફોટ અને
મોહનો સર્વનાશ . . . . . . . . . . . . . . . . . . . . ૯૬
૨૩. નિર્વિકલ્પ જ્ઞાનસ્તવન : ભૂતાર્થતત્ત્વની ભાવના વડે અદ્‌ભુત વૈભવનો વિસ્ફોટ
કેવળજ્ઞાનનું સ્તવન કરતાં-કરતાં હું તેમાં પ્રવેશી જાઉં છું . . . . . . . . . ૧૦૨
૨૪. જિનગુણ ગાતાં-ગાતાં નિજગુણમાં નિમગ્ન થયેલો હું હવે
તેમાંથી બહાર નીકળવાનો નથી. . . . . . . . . . . . . . . . ૧૦૮
૨૫. કેવળજ્ઞાનની સ્તુતિ કરતાં-કરતાં મારી અનુભૂતિમાં કેવળજ્ઞાન સમાઈ જાવ . . . ૧૧૫
પ્રશસ્તિ શ્લોક : (શિશુજનોને દિશાસૂચન) . . . . . . . . . . . . . ૧૨૨

## શિશુજનોને માર્ગદર્શન

## સ્યાદ્‌વાદમાર્ગમાં સ્વ-પરનો શ્રેષ્ઠ વિચાર;

- જ્ઞાન-ક્રિયાના અતિશય વૈભવની ભાવના;
- શબ્દ અને અર્થના વાચક-વાચ્યસંબંધની સીમા; તથા
- ચૈતન્યરસની અતિશયતા

—આ બધાયમાં તમે કુશળ થવા ઈચ્છો છો ? 'હા'

—તો આચાર્યદેવ કહે છે કે આ બધામાં કુશળતા પ્રાપ્ત કરવાના ઈચ્છુક શિશુઓને માટે આ શાસ્ત્રમાં દિશાસૂચન છે.

વાહ, જિજ્ઞાસુ શિષ્યને માટે 'શિશુ' એવા સંબોધનમાં કેવું મધુર વાત્સલ્ય ઝરે છે ! શ્રીગુરુનું આવું વાત્સલ્ય શિષ્યોને તત્કાળ આત્મબોધ પમાડે-એમા શું આશ્ચર્ય !

*

ॐ

## नमो जिणाणं

# સંપાદકીય

*

લીજિયે.....એક અમૂલ્ય નવીન ભેટ! જેમાં ચૈતન્યશક્તિરૂપી મણિઓથી અલંકૃત ખજાનો ભર્યો છે, જેમાં સર્વજ્ઞદેવના ગંભીર ગુણોનું આત્મસ્પર્શી સ્તવન છે અને જે શીઘ્ર–ધડાકાબંધ ચૈતન્યતત્ત્વને પ્રસિદ્ધ કરે છે–એવું આ લઘુતત્ત્વસ્ફોટ–શાસ્ત્ર પૂ. શ્રી કહાનગુરુની પ્રેરણાથી આજે મુમુક્ષુઓના હાથમાં મૂકતાં આનંદ થાય છે. પ્રસન્નચિત્તે તે સ્વીકારીને, તેમાં આચાર્યદેવે ભરેલા ચૈતન્યરસનું હર્ષિતહૃદયે આસ્વાદન કરજો.

જેમ ભક્તામરસ્તોત્રમાં સર્વજ્ઞદેવની સ્તુતિ છે તેમ આ લઘુતત્ત્વસ્ફોટમાં પણ સર્વજ્ઞદેવના સ્વરૂપનું જ પરમાર્થસ્તવન છે. સર્વજ્ઞદેવની આવી બંને સ્તુતિનું સંકલન, 'અનેકાંત–સરિતા' જેવા આ એક જ પુસ્તકમાં પ્રસિદ્ધ થાય છે તે પણ કોઈ વિશિષ્ટ સુયોગ છે. આ અનુવાદ પ્રસિદ્ધ કરવાની પૂ. ગુરુદેવના જીવનસાન્નિધ્યમાં મને જાગેલી ભાવના, આજે તેઓશ્રીના વિયોગમાં પૂરી થાય છે–ત્યારે હૃદયની ઉપકાર–ઉર્મિઓ આંખના આંસુઓ દ્વારા બહાર રેલાઈ રહી છે. હે ગુરુદેવ! જિનવાણીના પ્રચાર માટેની આપની પ્રેરણા જ મને આવા સત્કાર્યમાં બળ આપી રહી છે. આપ અહીં બિરાજમાન હોત તો આ પુસ્તક આપશ્રીને અર્પણ કરત, પરંતુ આપ તો અત્યારે જિનવાણીનું સીધું શ્રવણ કરી શકો છો; તેથી આપની પ્રસાદીરૂપ આ શાસ્ત્ર સાધર્મી–મુમુક્ષુજનોને અર્પણ કરીને ભાવના ભાવું છું કે : હે સાધર્મીજનો! ગુરુપ્રસાદીરૂપ આ શાસ્ત્રદ્વારા સર્વજ્ઞગુણના વીતરાગરસનું પાન કરજો......અમૃતચંદ્રસૂરિની જેમ આ સ્તુતિને પી જજો.......ચૈતન્યરસના પાનથી તમનેય મહાન આનંદ થશે.

૬૨૫ શ્લોકોમાં અધ્યાત્મના ઊંડા ભાવોથી ભરેલું આ મહાન સ્તુતિ-શાસ્ત્ર, શ્રી અમૃતચંદ્રસૂરિની અદ્‌ભુત રચના છે. ૧–લઘુતત્ત્વસ્ફોટ, અથવા ૨–શક્તિમણિતકોશ, અથવા ૩–સર્વજ્ઞગુણસ્તવન–એવા ત્રણનામધારી આ શાસ્ત્રમાં ૨૫ સ્તવન (પ્રકરણ) છે અને દરેક સ્તવનમાં ૨૫ શ્લોક છે; એ રીતે ૨૫×૨૫ (૬૨૫) શ્લોક વડે સ્તુતિ કરતાં આચાર્ય મહારાજ દરેક શ્લોકમાં ભગવાનની સાથે વાત કરતાં–કરતાં, તેમનું જીવનચરિત્ર (અંતરંગ આત્મસાધના) વર્ણવતા જાય છે ને પોતાને (તેમજ આપણા જેવા મુમુક્ષુ પાઠકોને) તેવી આત્મસાધનામાં ઉત્સાહિત કરતા જાય છે : "ભગવાન, તમે આમ કર્યું; આવા પુરુષાર્થ વડે એકલા તમે ઘણાં કર્મો સામે લડ્યા; તમે આ રીતે શુદ્ધોપયોગ વડે કષાયોને ભોં–ભેગા કરી દીધા ને કેવળજ્ઞાન પામ્યા; પછી આવા

વસ્તુસ્વભાવનો ઉપદેશ આપ્યો....." એમ વર્ણન કરતાં કરતાં વસ્તુસ્વભાવ પણ દેખાડતા જાય છે......ને જિનગુણ ગાતાં ગાતાં નિજગુણમાં નિમગ્ન થતા જાય છે. અહા, જાણે પરમાત્મપદ–સાધનાનો કોઈ ધારાપ્રવાહી પ્રયોગ ચાલતો હોય ! એવી અદ્‌ભુત શૈલી છે.

આખાય શાસ્ત્રમાં, સર્વજ્ઞદેવનો સાક્ષાત્કાર કરીને.....તેમને સંબોધીને.....તેમની સાથે વાત કરતાં કરતાં તેમના સ્વરૂપનું સ્તવન કરવામાં આવ્યું છે. સર્વજ્ઞનું સ્તવન કરતાં–કરતાં આત્માની શક્તિરૂપ મણિઓનો ભંડાર ખુલ્લો મૂક્યો છે તેથી આનું નામ 'શક્તિમણિતકોશ' પણ છે. સર્વજ્ઞની સ્તુતિના બહાને, આત્મામાં ચૈતન્યશક્તિના કેવા ખજાના ભર્યા છે–તેનું વર્ણન મુમુક્ષુને આશ્ચર્ય ઉપજાવે છે. વળી આ સ્તુતિશાસ્ત્રમાં લઘુપણે (–સંક્ષેપમાં, અથવા ઝડપથી) તત્ત્વનો વિસ્ફોટ કરવામાં આવ્યો છે, ધડાકાબંધ ચૈતન્યતત્ત્વના સ્વરૂપને પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તેથી આ શાસ્ત્રનું નામ 'લઘુતત્ત્વસ્ફોટ' છે.

આ શાસ્ત્રમાં એકબીજાથી સ્વતંત્ર ૨૫ પ્રકરણ છે; તેને અનુક્રમ નંબર આપીને, દરેક પ્રકરણના મથાળાં (હેડિંગ), તેમજ દરેક પ્રકરણની શરૂઆતમાં ઉપોદ્‌ઘાતરૂપે તેનો સારાંશ–આ અનુવાદમાં આપવામાં આવેલ છે, –જેથી પાઠકને ગૂઢ–ગંભીર વિષયોના પરિચયથી સ્વાધ્યાયમાં સુગમતા રહેશે. દરેક પ્રકરણમાં કેવા ગંભીર ભાવો ભરેલા છે, તે તો જિજ્ઞાસુ પાઠક જેમ જેમ શાંતભાવથી તેના ઊંડાણમાં ઊતરશે તેમ તેમ તેને દેખાશે. મહા સમર્થ કવીન્દ્ર આચાર્યપ્રભુની સંસ્કૃત રચનાના ગૂઢ–ગંભીર ભાવોને ગુજરાતીમાં પૂરા લખવાની મારી અસમર્થતા છે; છતાં આશય–ભાવોમાં ક્યાંય જરાય વિપરીતતા ન આવે એ રીતે સમ્યક્ ભાવોને યથાશક્તિ આ અનુવાદમાં ખોલ્યા છે–કે જેનું મનન આત્માર્થી જીવોને ચૈતન્યના અતિગહન મહિમામાં લઈ જઈને, પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનું કારણ થશે.

ઊંડાણપૂર્વક આ શાસ્ત્રની ફરીફરી સ્વાધ્યાય તથા અનુવાદ કરતાં, તેના ગંભીર ભાવો જોઈને અંતરમાં એવો પ્રમોદ જાગેલો કે 'અહા, આ તો બીજું સમયસાર છે !' પ્રથમ સમયસાર કુંદકુંદપ્રભુનું....ને બીજું સમયસાર આ અમૃતચંદ્રસૂરિનું. જે સમયસારમાં છે તે આમાં છે, ને જે આમાં છે તે સમયસારમાં છે. બંનેમાં શુદ્ધજ્ઞાનતત્ત્વનો મહિમા બતાવીને તેની અનુભૂતિ કરાવી છે.

આ શાસ્ત્રકર્તા આચાર્ય અમૃતચંદ્રસૂરિ, સમયસાર–પ્રવચનસાર–પંચાસ્તિકાય જેવા રત્નત્રયશાસ્ત્રોના સંસ્કૃત ટીકાકાર છે; સમયસારના અભ્યાસીઓ તેમની અદ્‌ભુત અધ્યાત્મશક્તિથી તેમજ કવિત્વથી પરિચિત છે. તદુપરાંત તેઓશ્રીએ પુરુષાર્થસિદ્ધિઉપાય તથા તત્ત્વાર્થસાર નામના બે પ્રસિદ્ધ શાસ્ત્રોની રચના કરી છે. આ લઘુતત્ત્વસ્ફોટ–શાસ્ત્રનું વર્ણન શબ્દોથી તેમજ ભાવોથી સમયસાર–પ્રવચનસારને ખૂબ જ મળતું આવે છે; તેમાંય ચૈતન્યશક્તિઓનું વર્ણન તો સમયસાર–પરિશિષ્ટ જેવું જ છે.

ગુરુદેવને આ પુસ્તક (ત્યારે હજુ છપાયું ન હતું, જેની માત્ર એક હસ્તલિખિત પ્રત

હતી–તે) ખૂબજ પ્રિય હતું. રાત્રિચર્ચાના કાર્યક્રમને સ્થાને આનું વાંચન પં. શ્રી હિંમતભાઈ પાસે કરાવતા; એટલું જ નહિ, રાજકોટ–પ્રવાસમાં પણ તે પુસ્તક સાથે રાખેલ ને ત્યાં તબીયત થોડી નાદુરસ્ત હોવા છતાં બપોરના સમયે પોતે તેનું વાંચન કરતા, બ્ર. હરિભાઈ વગેરે પાસે વંચાવતા તેમજ વિદ્વાન ભાઈશ્રી ખીમચંદભાઈને પણ ખાસ વાંચન માટે ઘરેથી તેડાવતા. આમ ગુરુદેવે ફરી ફરીને કેટલિયેવાર આ શાસ્ત્રની હસ્તપ્રતનું હર્ષિતહૃદયે ઘોલન કર્યું ને વારંવાર સભામાં તેનો પ્રમોદ વ્યક્ત કર્યો. વિશેષમાં, પોતે વારંવાર વાંચ્યા પછી ગુરુદેવે આ શાસ્ત્ર (જેની હસ્તલિખિત હિંદી એક જ પ્રત હતી તે) વાંચવા માટે પૂ. બેનશ્રી–બેનને ખાસ ભલામણપૂર્વક મોકલાવ્યું કે 'બહુ ઊંચું પુસ્તક છે, તમે વાંચજો.'

–એક તો આવું સુંદર નવીન શાસ્ત્ર, અને વળી શ્રીગુરુ દ્વારા ખાસ અનુગ્રહપૂર્વક વાંચવાની પ્રેરણા સાથે તેનું પ્રેષણ, તેથી પૂ. બેનશ્રી–બેનને પણ ઘણી પ્રસન્નતા થઈ હતી. આવું મહિમાવંત આ શાસ્ત્ર આજે ગુજરાતીભાષામાં છપાઈને જિજ્ઞાસુ પાઠકોના હાથમાં મુકતાં મને જિનવાણી પ્રત્યેની કોઈ અનેરી ઉર્મિઓ અનુભવાય છે, ને મુમુક્ષુ–આત્માર્થી સાધર્મીઓ પણ આ શાસ્ત્રના સ્વાધ્યાયથી જરૂર આનંદની ઉર્મિઓ અનુભવશે.

આ ગ્રંથનું અસ્તિત્વ વીરનિર્વાણના ૨૫૦૦ વર્ષીય મહોત્સવ દરમિયાન પ્રગટ થયું. ત્યારપહેલાં તો આપણે જેનું નામ પણ સાંભળ્યું ન હતું એવા આ ગ્રંથની તાડપત્રીય હસ્તપ્રત શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના શાસ્ત્રભંડાર (દિલાભંડાર)માં સુરક્ષિત હતી. તે સાહિત્યપ્રેમી શ્વે૦ સાધુ શ્રી પુણ્યવિજયજી મહારાજના જોવામાં આવી; તેઓ તેની કિંમત પારખી ગયા.....દિગંબરાચાર્ય અમૃતચંદ્રસૂરિની આ રચના છે એમ જાણીને તેમણે દિ. વિદ્વાનોનો સંપર્ક સાધીને આ શાસ્ત્રની પ્રત તેમને સોંપી. આ રીતે એક દિ૦ આચાર્યના પ્રાચીન સાહિત્યના પ્રકાશનમાં, એક શ્વે૦ સાધુ દ્વારા આ પ્રકારનો પ્રસંશનીય ઉદાર સહકાર તે ઘણી પ્રસન્નતાની વાત છે; અને જો આવા પ્રકારનો પરસ્પર સહકાર (સાહિત્યમાં કે તીર્થ વગેરે સંબંધમાં) સમસ્ત જૈનસમાજમાં વિસ્તાર પામે તો જૈનશાસનનો વીતરાગી સૂર્ય આ પંચમકાળમાંય ઝળહળી ઊઠે ને કષાયોનાં વાદળને ભેદીને શાંતિનો સુંદર પ્રકાશ સર્વત્ર ફેલાઈ જાય.

આ શાસ્ત્રનો હિંદીઅનુવાદ સાગરના પં. પન્નાલાલજી સાહિત્યાચાર્યે કર્યો છે તેમજ ડૉ. પદ્મનાભજીએ તેનો અંગ્રેજી અનુવાદ કર્યો છે; તે બંને છપાઈ ગયા છે, ને આજે આ ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થાય છે. આ પુસ્તકના હિંદી–પ્રકાશનમાં, બાહુબલી–કારંજાના બ્ર. પં. માણિકચંદ્રજી ચવરે (તાત્યાજી)ની પ્રેરણા પણ મહત્વની હતી. બાહુબલી–ક્ષેત્રમાં ભદ્રસ્વભાવી અને તત્ત્વરસિક મુનિરાજ શ્રી સમન્તભદ્રજી મહારાજના સાનિધ્યમાં પં. પન્નાલાલજી (સાગર), પં. કૈલાશચંદ્રજી (વારાણસી), પં. દરબારીલાલજી કોઠિયા તથા પં. માણિકચંદ્રજી વગેરે વિદ્વાનોએ આ પુસ્તકના હિંદીઅનુવાદનું સમૂહવાંચન કરીને સંશોધન કરેલું છે. હિંદીઅનુવાદ છપાતાં પહેલાં તેની એક હસ્તલિખિત–પાંડુલિપિ પ્રત સોનગઢ પૂ. શ્રી કાનજીસ્વામીને વાંચવા માટે અને તેમની સલાહસૂચના માટે આવેલ હતી.–સાચો હીરો કસોટી માટે ઝવેરી પાસે આવ્યો........ને ઝવેરીએ વાંચતાવેંત

પરીક્ષા કરી લીધી કે અહો, આમાં તો અધ્યાત્મતેજનાં રત્ન–ભંડાર ભર્યા છે. રાત્રિચર્ચા બંધ રાખીને તેઓશ્રીએ આ શાસ્ત્રનું સમૂહવાંચન પણ કરાવ્યું, અને પ્રમોદથી કહ્યું : રામજીભાઈ ! આ શાસ્ત્ર આપણા તરફથી છપાવો ! તે બાબત પં. ચવરેજી વગેરેને પૂછાવતાં જવાબ આવ્યો કે અમે તુરતમાં તે છપાવવાની વ્યવસ્થા કરી રહ્યા છીએ.

ત્યારે હજી આ શાસ્ત્ર હિંદીમાં પણ છપાયું ન હતું ને મૂળ પ્રત વાંચીને પાછી મોકલવી પડે તેમ હતું; તેથી પૂ. ગુરુદેવનો પ્રમોદભાવ જોઈને બ્ર. હરિભાઈએ તેની બીજી નકલ ઉતારવા માંડી, ને સાથે સાથે તેનું ગુજરાતી ભાષાંતર લખવા માંડ્યું. જો કે તે કામ ઘણું કઠીન હતું પરંતુ હિંદી–અનુવાદનો આધાર હોવાથી આ કાર્ય બની શક્યું. આ અનુવાદના લેખનકાર્ય વખતે એકવાર ગુરુદેવે કહેલું કે 'લોકોને એક નવીન શાસ્ત્ર વાંચવા મળશે.'–આ રીતે આ નવીન શાસ્ત્રનું પ્રકાશન થઈ રહ્યું છે. આ અનુવાદ પ્રકાશિત કરવામાં અનેક પ્રકારે જે જે મુમુક્ષુ–વિદ્વાન–સાધર્મીઓનો સહકાર મળ્યો છે તે સૌનો આભાર માનું છું. આ શાસ્ત્રના અનુવાદનું કાર્ય સંસ્કૃતના પ્રખર વિદ્વાનોને પણ દુરૂહ–કષ્ટસાધ્ય લાગ્યું હતું; છતાં જિનવાણીમાતાની ભક્તિવશ આ ગુજરાતી અનુવાદનું સાહસ કર્યું છે. આમાં ભાષાના શબ્દાર્થમાં અનેક ક્ષતિઓ હશે પણ ભાવભાસનમાં ચૈતન્યમહિમા સર્વત્ર જળવાઈ રહે તેની પૂરી સાવધાની રાખેલી છે. તેથી મુમુક્ષુ–સાધર્મીઓને આ શાસ્ત્રનું ઘોલન ચૈતન્યરસની પુષ્ટિનું કારણ થશે.

શ્રી અમૃતચંદ્રસ્વામીના અંતરમાંથી ઝરેલું અમૃત, આ ગુજરાતી અનુવાદ દ્વારા પીવાનું તેમજ ગુજરાતી–જિજ્ઞાસુઓને પીવડાવવાનું સુભાગ્ય મને મળ્યું તે અત્યંત પ્રસન્નતાનું કારણ છે; મારા ઉપર મહેરબાની છે–શ્રી ગુરુની અને જિનવાણી–માતાની કે જીવનમાં આવા સત્કાર્યનો સુયોગ મને મળ્યા જ કરે છે. હે માતા ! તારી સેવાનો ઉત્તમ બદલો આપીને તેં ખરેખર પરમ ઉપકાર કર્યો છે : 'वन्दे मातरम्'

'અષાઢ વદ ૭' વીર સં. ૨૫૧૨
"શ્રી ગૌતમનિર્વાણ વર્ષ ૨૫૦૦ મું"

—બ્ર. હરિલાલ જૈન.
(સોનગઢ)

*




यत् कोकिलः किल मधौमधुरं विरौति ....तत्..

અહા, ભક્તિદ્વારા હૃદયમાં આપને ધારણ કરતાં જ અમારા મોહબંધન ઢીલા પડી જાય છે.....જેમ મોરલાના ટહુકારથી સર્પો ઢીલા પડી જાય છે.

વીતરાગદેવના જિનમાર્ગમાં આ વિશિષ્ટતા ધ્યાનમાં લેવા જેવી છે કે, ભક્તને ભક્તિનું ફળ ભગવાન નથી દેતા, પણ પોતાના ચિત્તની વિશુદ્ધતાને લીધે ભક્તને પોતાના ભાવનું ફળ સ્વયં મળે છે.—તે માટે ભગવાન પ્રત્યે દીન થઈને તે કાંઈ માંગતો પણ નથી. હા, ભગવત્ભક્તિ વડે પોતાના ચિત્તમાં પ્રસન્નતા થતાં, વિનયને લીધે તે એમ કહે છે કે 'ભગવાન મારા પર પ્રસન્ન થયા.....'

'प्रसन्नेन मनसा उपास्यमानो भगवन् प्रसन्न इति अभिधीयते ।'

ખરેખર વીતરાગ ભગવાન કોઈના ઉપર તુષ્ટ કે રૂષ્ટ થતા નથી, રાગ કે દ્વેષ કરતા નથી. આવા વીતરાગના ભક્ત ધર્માત્માને સમ્યક્ભક્તિમાં વીતરાગી–ગુણ પ્રત્યેનો પ્રમોદ અને વીતરાગતાની ભાવના પ્રધાન છે, કંઈક રાગાંશ હોય તેની પ્રધાનતા નથી.



પૂ. શ્રી કહાનગુરુને આ શાસ્ત્રની પ્રાપ્તિનો ઘણો મહિમા અને ખૂબ પ્રમોદ હતો. પ્રવચનમાં પણ તેઓ કહેતા : 'અહોહો ! જીંદગીમાં આ નવીન પુસ્તક બહાર આવ્યું. સેંકડો વર્ષથી ભંડારમાં પડ્યું હશે પણ આ જીંદગીમાં પહેલવહેલું બહાર આવ્યું. અંદર ગંભીરતા ભરી છે. ઓહોહો.....કેવળજ્ઞાન–કેવળદર્શન–અતીન્દ્રિયસુખ ને અતીન્દ્રિય વીર્યથી પૂર્ણ ભગવાન....એની વ્યાખ્યા કરતાં–કરતાં આચાર્ય તો ઊછળી જાય છે.....૬૨૫ શ્લોક બનાવતાં–બનાવતાં શબ્દો ઓછા પડે છે. વાંચીને પહેલો ભાગ પૂરો થયા પછી બેનને મોકલ્યો છે....થોડું થોડું વાંચે તો ખરા–જેથી બહેનોમાં પણ આ વાત જાય.'

આ શાસ્ત્રનો વિશેષ મહિમા અને પરિચય આપ અંદર વાંચશો. હર્ષિત હૃદયે આ શાસ્ત્ર વાંચજો ને જિનગુણની ઉપાસના કરજો.

*



ॐ नमः परमात्मने ।। नमः अनेकान्ताय ।

# સર્વજ્ઞગુણ–સ્તવન : લઘુતત્ત્વસ્ફોટ

*

## સ્તવન પહેલું : ચોવીસતીર્થંકર–સ્તુતિ

**ઉપોદ્ઘાત :** આ અધ્યાયમાં ભગવાન ઋષભદેવાદિ ૨૪ તીર્થંકર ભગવંતોની નામાવલી સહિત, ચૈતન્યચમત્કારથી ઝળહળતા તેમના કેવળજ્ઞાનની સ્તુતિ કરી છે. સર્વજ્ઞતા તે આશ્ચર્યનું નિધાન છે. તે સર્વજ્ઞતાની સ્વ–પરપ્રકાશકશક્તિ વર્ણવીને તેનું સર્વોત્કૃષ્ટપણું બતાવ્યું છે. આત્મામાં વિશિષ્ટપણે શોભતી જ્ઞાનદીપ્તિનું સ્વરૂપ વર્ણવીને તેમાં ભરેલા ગંભીર ભાવો ઓળખાવ્યા છે. અહા, કેવળજ્ઞાન....કેવળજ્ઞાન....ની જોશદાર ભાવનાને નચાવતાં નચાવતાં, તે–રૂપ પરિણમીને, આચાર્યદેવ આ સ્તુતિને પી ગયા છે—સર્વજ્ઞની સ્તુતિ કરતાં–કરતાં પોતે પણ કેવળજ્ઞાનરસને પી રહ્યા છે.—આવી અદ્ભુત ભાવભીની આ સ્તુતિ છે. તમે પણ તેનું રસપાન કરો.

[મંગળ શ્લોક : ઋષભદેવ–સ્તુતિ : વસંતતિલક–છંદ]

स्वायंभुवं मह इहोच्छलदच्छमीडे, येनादिदेव भगवानभवत् स्वयंभूः ।
ॐ भूर्भुवःप्रभृति सन्मननैकरूपम्, आत्मप्रमातृ परमातृ न मातृ मातृ ॥१॥

૧. હે આદિ–જિનનેન્દ્ર! જેના દ્વારા આપ સ્વયંભૂ ભગવાન થયા છો, તે આત્મસંબંધી સ્વયંભૂ–જ્ઞાનપ્રકાશની હું સ્તુતિ કરું છું;–તે જ્ઞાનપ્રકાશ આ લોકમાં ઊછળી રહ્યો છે, નિર્મળ છે, ॐ ભૂર્ભુવઃ ઇત્યાદિ મંત્રના સમીચીન અદ્વિતીય મનનસ્વરૂપ છે, સ્વપ્રકાશક છે, પર–પ્રકાશક છે, અને જે માત્ર જ્ઞાયકને જ જાણનાર નથી પરંતુ અજ્ઞાયકનો પણ જ્ઞાયક છે; એટલે જ્ઞાયક–અજ્ઞાયક (ચેતન–અચેતન, સ્વ–પર) સમસ્ત પદાર્થને જાણનાર છે. [આ રીતે મંગળ શ્લોકમાં ઋષભદેવના કેવળજ્ઞાનની સ્તુતિ કરી.]

## ૨. અજિતનાથ–સ્તુતિ

હે અજિતનાથ ! આપ જ્ઞાતા છો, જ્ઞાન છો, જ્ઞેય છો, અનંત ચતુષ્ટય–લક્ષ્મીરૂપ છો અને જ્ઞાનના ફળ પણ આપ છો;–આ રીતે સર્વરૂપ છો. જો કે આપનું કંઈ પણ નથી, તેમ જ આપ પણ કોઈના જરાપણ નથી, તોપણ ઉત્કૃષ્ટ ચૈતન્યચમત્કારરૂપે આપ પ્રસિદ્ધ છો.

## ૩. સંભવનાથ–સ્તુતિ

હે સંભવનાથ દેવ ! સંસારમાં કોઈ એક પદાર્થ (જડ) તો કોઈને ભાસિતપ્રકાશિત નથી કરતો, તથા તે જડ પદાર્થમાં કોઈ પદાર્થ પ્રકાશિત થતા નથી; વળી જડથી અન્ય એવો (અલ્પજ્ઞ) ચેતનપદાર્થ કોઈને ભાસિત કરે છે તથા કોઈ દ્રવ્ય તેમાં પ્રકાશિત થાય છે; પરંતુ હે સંભવનાથ ! આપ તો તે જડ–ચેતન બંને પદાર્થોને પ્રકાશિત કરો છો અને સ્વયં પોતે પણ પ્રકાશિત થાઓ છો.

–આ રીતે આપ જડ–ચેતનરૂપ સમસ્ત વિશ્વને પ્રકાશનારા હોવાથી 'भाः' અર્થાત્ દીપ્તિરૂપ છો પરંતુ આપ કાંઈ જ્ઞાનપ્રકાશના રચનારા નથી. (સ્વયમેવ પોતે જ જ્ઞાનસ્વરૂપ છો.)

## ૪. અભિનંદન–સ્તુતિ

હે અભિનંદન દેવ !

- જે જ્ઞાન છે તે, જ્ઞાનગુણ સાથે તન્મયતાથી દેદીપ્યમાન એવા આત્મામાં શોભી રહ્યું છે, અને જ્ઞાનગુણ વગરના હોવાથી જે દેદીપ્યમાન નથી એવા જડપદાર્થોમાં પ્રકાશતું નથી; તથા—
- જે જ્ઞાયક છે તે અત્યંત સુંદર એવા આત્મામાં શોભી રહ્યો છે અને જ્ઞાનપ્રકાશ વગરના અન્ય પદાર્થોમાં પ્રકાશતો નથી; વળી–
- જે જ્ઞાનરૂપ દીપ્તિ અર્થાત્ જ્ઞપ્તિ છે તે, જ્ઞાનથી દેદીપ્યમાન આત્મામાં અત્યંતપણે શોભી રહી છે અને જ્ઞાન વગરના જડ પદાર્થોમાં પ્રકાશતી નથી;

–આ રીતે આત્મામાં વિશિષ્ટપણે શોભી રહેલી આ જ્ઞાનદીપ્તિ, હે અભિનંદન જિન ! આપને અભિનંદે છે.

## ૫. સુમતિનાથ–સ્તુતિ

હે સુમતિ જિનેન્દ્ર ! સૂર્યપ્રકાશની જેમ બહારમાં તો જગતને પ્રકાશવામાં તત્પર, તથા અંતરમાં આત્મવસ્તુને જાણવામાં સન્મુખ, એવો આપનો આ જ્ઞાનસ્વભાવરૂપ સહજ

પ્રકાશ, ષટ્કારકના સમૂહની ચર્ચાથી વિચિત્ર હોવા છતાં અવિચિત્ર—એકરૂપ રસના પ્રસારથી ઉલ્લસી રહ્યો છે,-શોભી રહ્યો છે.

## ૬. પદ્મપ્રભ—સ્તુતિ

હે પદ્મપ્રભદેવ ! લોકો તો કોઈ એકને પ્રકાશક કહે છે, કોઈ બીજાને પ્રકાશ્ય કહે છે, અને વળી અન્ય કોઈને પ્રકાશક તથા પ્રકાશ્ય એવા બંનેરૂપ કહે છે; પરંતુ હે પદ્મપ્રભ ! આ જગતમાં આપ તો સ્વયં સ્પષ્ટ—પ્રત્યક્ષ પ્રકાશરૂપ છો. આપ નથી તો પ્રકાશક ને નથી પ્રકાશ્ય.

## ૭. સુપાર્શ્વનાથ—સ્તુતિ

જે વાચકરૂપ અને વાચ્યરૂપ (અર્થાત્ શબ્દરૂપ અને અર્થરૂપ) સત્ છે તે એકબીજાને ગ્રહણ કરે છે—પીએ છે, અર્થાત્ તે બંને અન્યોન્ય સાપેક્ષ છે; સત્ જ્ઞાન તે બંનેને બળપૂર્વક પી જાય છે—ગ્રહણ કરે છે, પણ તે બંનેદ્વારા (—વાચક કે વાચ્યદ્વારા, શબ્દ કે અર્થદ્વારા) સત્ જ્ઞાન પીવાતું નથી—ગ્રહાતું નથી. વાચક વાચ્ય અને જ્ઞાન—એ ત્રણે સત્ના જ્ઞાનરૂપી સમગ્ર અમૃત જો કોઈએ પીધું હોય તો તે ભગવાન સુપાર્શ્વજિન છે,—તેમણે જ એ ત્રણેનું ગ્રહણ કર્યું છે.

## ૮. ચંદ્રપ્રભદેવ—સ્તુતિ

જ્ઞાન સર્વ તરફથી ઉન્મગ્ન અને નિમગ્ન થાય છે, તથા મગ્ન થઈને વળી પુનઃ ઉન્મગ્ન થાય છે; તોપણ ચંદ્રપ્રભની સ્પષ્ટ—જળહળતી ચૈતન્યચંદ્રિકાનો સમૂહ અંતર્નિમગ્ન જ શોભે છે; તે કાંઈ અન્યના પ્રકાશવડે નથી પ્રકાશતો, પોતે જ પ્રકાશમાન છે.

## ૯. સુવિધિનાથ—સ્તુતિ

ભગવાન સુવિધિનાથ જેમાં અવસ્થિતિને પામેલા છે તે અનવસ્થિત છે, તેમાં સ્થિત સુવિધિનાથ સ્વયં પણ અનવસ્થિત છે; આ રીતે સુવિધિજિનદેવ પોતે અનવસ્થિત હોવા છતાં તે જ છે, અન્ય નથી; વળી તે જ અન્ય—અન્ય હોવા છતાં કોઈ અપેક્ષાએ અન્ય—અન્યરૂપ નથી. (અહીં ઉત્પાદ—વ્યય—ધ્રુવત્વ સૂચવ્યું છે.)

## ૧૦. શીતલનાથ—સ્તુતિ

હે શીતલનાથ દેવ ! આપ વિકારી ભાવોથી શૂન્ય હોવા છતાં જ્ઞાન—દર્શનાદિ સ્વકીય ગુણોથી અતિશય ભરેલા છો; વળી સ્વકીય ગુણ—પર્યાયોથી પરિપૂર્ણ હોવા છતાં અન્ય દ્રવ્યના ગુણ—પર્યાયોથી શૂન્ય છો. અન્ય દ્રવ્યના વિભવથી શૂન્ય હોવા છતાં જ્ઞેયરૂપ થયેલા અનેક દ્રવ્યોથી પૂર્ણ છો; તથા અનેક જ્ઞેયોથી ભરપૂર મહિમાવાળા હોવા

છતાં આપ સદા એક જ છો.–હે શીતલજિનેન્દ્ર! આવા આશ્ચર્યકારી આપના ચરિત્રને જાણવા કોણ સમર્થ છે!

## ૧૧. શ્રેયાંસનાથ–સ્તુતિ

હે આશ્ચર્યના નિધાન શ્રેયપ્રભો! આપ ત્રિકાળી નિત્ય હોવા છતાં, પર્યાયની અપેક્ષાએ નાશને પણ પામો છો, તથા દ્રવ્યની અપેક્ષાએ નાશ નથી પામતા. એક અવસ્થાની અપેક્ષાએ નષ્ટ થઈને પણ પુનઃ બલાત્ બીજી અવસ્થારૂપે ઉત્પન્ન થાઓ છો; અને પર્યાયઅપેક્ષાએ ઉત્પન્ન હોવા છતાં પણ દ્રવ્યઅપેક્ષાએ ઉત્પન્ન થતા નથી.–આ રીતે યુક્તિપૂર્વક ચિંતન કરનારને આપ આવા સ્વરૂપે પ્રતિભાસો છો. –હે પ્રભો! આ કેવી અદ્‌ભુતતા છે!

## ૧૨. વાસુપૂજ્ય–સ્તુતિ

હે વાસુપૂજ્ય ભગવાન! આપ સત્‌રૂપ હોવા છતાં સ્પષ્ટપણે અસત્‌રૂપ છો; અને અસત્‌રૂપ હોવા છતાં સત્ ભાસો છો. આપ સત્‌સ્વરૂપ હોવા છતાં સત્તા સાથે સમવાયને પામેલા નથી. હે ભવરહિત જિનેશ! આપ સ્વયં સત્ત્વરૂપ ભાસો છો, તેમજ સત્ત્વરૂપ નથી પણ; આપ સત્‌માત્ર–વસ્તુ છો, માત્ર સત્તા–ગુણરૂપ નથી.

## ૧૩. વિમલનાથ–સ્તુતિ

હે વિમલદેવ! અત્યારે આપ ભૂતકાળની પર્યાયરૂપે નથી અને વર્તમાન પર્યાયરૂપે ભવિષ્યમાં નહીં હો, છતાં પણ આપ ભવિષ્યમાં વિદ્યમાન હશો; તથા જે ભવિષ્યમાં હશો તે જ નિશ્ચયથી અત્યારે વર્તમાન છો, અને જે વર્તમાનમાં છો તે જ ભૂતકાળમાં હતા.

## ૧૪. અનંતનાથ–સ્તુતિ

હે અનંતનાથ જિનદેવ! આપનું જ્ઞાનતેજ એક હોવા છતાં, જ્ઞાનદ્વારા ગ્રહણ કરવામાં આવેલા વિવિધ પ્રકારના અપરિમિત પદાર્થોની વિચિત્રતાને લીધે વિચિત્ર અર્થાત્ અનેકરૂપ અનુભવમાં આવે છે. આ રીતે પ્રમેયની અપેક્ષાએ દ્વૈતને સાધે છે તોપણ, તે જ્ઞાનતેજ રાગ-દ્વેષ વગરનું, અનંત, શાંત તથા કેવળ અર્થાત્ ક્ષાયિકભાવરૂપ હોવાથી અદ્વૈત છે. –આપના આવા મહાન જ્ઞાનતેજને હું પૂજું છું. [–**ते महत् महः महयामि**]

## ૧૫. ધર્મનાથ–સ્તુતિ

હે ધર્મનાથ જિનેન્દ્ર! આપ સર્વાત્મક છો તથાપિ પરાત્મક કદી થતા નથી. આપ સ્વકીય આત્મસ્વરૂપ છો, અન્ય કોઈ આપનું નિજ સ્વરૂપ નથી. આપ જ પોતે આ

આત્માનું સ્વરૂપ છો; આપનામાં નિરાત્મતા અર્થાત્ સ્વરૂપ-હીનતા નથી; અને જે આપનું સ્વરૂપ છે તે પણ કાંઈ માત્ર દર્શન-જ્ઞાન વડે સીમીત નથી, -અનંત ધર્માત્મક છે.

## ૧૬. શાંતિનાથ-સ્તુતિ

હે શાંતિનાથ જિનેન્દ્ર ! આપ એક અદ્વિતીય પ્રભાના સમૂહથી પરિપૂર્ણ અને શાંત છો; તથા અન્યોન્ય વેરભાવમાં રાચતા એવા જાતિવિરોધી જીવોને પણ આશ્ચર્યકારક સ્નેહતત્ત્વના તાંતણે બાંધવા માટે આપ દેદીપ્યમાન કિરણની સાંકળ જેવા છો, અર્થાત્ આપની શાંતિના કિરણોના પ્રભાવથી જાતિવિરોધી જીવો પણ વેરભાવ ભૂલીને પરસ્પર હળીમળી જાય છે; વળી ચૈતન્યસત્તામાત્રરૂપે આપ મારા ચિત્તમાં ભાસી રહ્યા છો.

## ૧૭. કુંથુનાથ-સ્તુતિ

હે કુંથુ ! આપના 'વિજ્ઞાનધાતુના પરમાણુઓ' અર્થાત્ કેવળજ્ઞાનરૂપ ધાતુના અવિભાગ-પ્રતિચ્છેદો, અગુરુલઘુગુણને લીધે જો કે ક્ષણેક્ષણે ક્ષયને પામે છે, તેમજ વિચિત્રતા વગરના (એકરૂપ) એવા આપનામાં જ્ઞેયરૂપ ઉપાધિને કારણે ભેદ પાડીને વિવિધરૂપતા પણ ઉત્પન્ન કરે છે, તોપણ નિશ્ચયથી તે જ્ઞાનાંશો નિરંતર અત્યંત સંગઠિતરૂપ જ છે, વીખરાઈને છૂટા-છૂટા થઈ જતા નથી.

## ૧૮. અરનાથ-સ્તુતિ

હે અરનાથ જિનેન્દ્ર ! આપ દ્રવ્યદૃષ્ટિથી એક તેમજ પર્યાયદૃષ્ટિથી અનેક પ્રતિભાસો છો; પણ પરમાર્થથી અનેક નથી, સદૈવ અનેક ગુણ-પર્યાયોના સમુદાયરૂપ એક છો. આપ જુદા જુદા અનેક ગુણ-પર્યાયના સંચયરૂપ નથી પણ એકરૂપ છો.-આ રીતે આપ એક ચૈતન્યચમત્કૃતિમય છો.

## ૧૯. મલ્લિનાથ-સ્તુતિ

હે મલ્લિનાથ જિનેન્દ્ર ! ગુણ-ગુણીભેદ હોવા છતાં પ્રદેશભેદ ન હોવાથી આપ અભેદ છો; અભેદરૂપ હોવા છતાં ભેદને પામો છો; અને ભેદને પામવા છતાં નિર્વિભાગ રહો છો, આપના તે ગુણાંશ પૃથક્ત્વથી રહિત છે. ભાગોથી રહિત હોવા છતાં ભાગો વડે જ આપ પૂર્ણતાને પામો છો, અને ચૈતન્યસ્વભાવપણે આપ નિર્વિભાગ જ પ્રતિભાસો છો.

## ૨૦. મુનિસુવ્રત-સ્તુતિ

હે મુનિસુવ્રત નાથ ! આપ અશુભથી દૂર થઈ વ્રતરૂપ શુભમાં આરૂઢ થયા; તેમાં આરૂઢ થવા છતાં પણ સંસારસમુદ્રથી પાર ન થયા; પણ જ્યારે નિરંતર નિત્ય ઉલ્લસિત

એવા કેવળજ્ઞાનના સ્થિર કિરણો વડે સમસ્ત ભુવનને પ્રકાશનારા થયા ત્યારે જ આપ સંસારસમુદ્રને તરીને મુક્તિધામમાં અચ્યુત થયા.

## ૨૧. નમિનાથ–સ્તુતિ

હે નમિનાથ જિનેન્દ્ર ! આપ કેવળજ્ઞાનની અપેક્ષાએ સમસ્ત લોકાલોકમાં વ્યાપ્ત છો પણ આત્મપ્રદેશોની અપેક્ષાએ તેમાં વ્યાપ્ત નથી; અને અવ્યાપ્ત હોવા છતાં, નિરંતર જ્ઞાન–જ્ઞેયસંબંધવડે ત્રણલોકને પોતામાં અંતર્ગત કરનારા છો. આપ લોકના એક અંશ છો, લોકના એકદેશમાં (અસંખ્યાત્મા ભાગમાં) જ સ્થિત છો છતાં પણ નિર્મળ કેવળજ્ઞાનરૂપ સુધારસ વડે આ ત્રણલોકને તરબોળ કરી રહ્યા છો.

## ૨૨. નેમિનાથ–સ્તુતિ

હે અરિષ્ટનેમિ જિનેન્દ્ર ! આપ બદ્ધ હોવા છતાં મુક્ત પ્રતિભાસો છો પરંતુ મુક્ત નથી; વળી જો કે આપ શરીરથી બદ્ધ છો તથા અષ્ટપ્રાતિહાર્યરૂપ મહિમાથી બદ્ધ છો તોપણ સદા મુક્ત છો; આ રીતે આપ બદ્ધ–મુક્તપણાથી પર નથી. આપ મોક્ષરૂપ છો તોપણ મોક્ષરૂપ નથી; –આપ એક ચૈતન્યરૂપ છો.

## ૨૩. પાર્શ્વનાથ–સ્તુતિ

હે પાર્શ્વ–જિનેન્દ્ર ! આપ ભ્રાન્ત (–પરિણમનશીલ) હોવા છતાં અવિભ્રમમય છો; અને સદા અભ્રમ હોવા છતાં સાક્ષાત્ ભ્રમરૂપ (પરિણમનરૂપ) છો; અથવા આપ માત્ર પરિણમનરૂપ નથી, વિદ્યારૂપ (કેવળજ્ઞાનરૂપ) છો; વળી આપ વિદ્યારૂપ (ઇંદ્રિયજ્ઞાનરૂપ) પણ નથી અને જડ પણ નથી.–આ રીતે ચૈતન્યસમૂહથી ઝળહળતા રસના અતિશયરૂપ કંઈક છો.

## ૨૪. વર્દ્ધમાન જિન–સ્તુતિ

હે વર્દ્ધમાનદેવ ! જેણે ચિત્તને અચલિતપણે આત્મામાં જોડ્યું છે, જે પરિણામમાત્રરૂપ સમસ્ત ભાવોના ઉદય–પ્રલય–પાલન (ઉત્પાદ–વ્યય–ધ્રુવ)ને કરનાર છે, જે જ્ઞપ્તિક્રિયાનું કર્તા છે, અથવા જે નથી કર્તા કે નથી બોધક, પરંતુ ઉદયમાન બોધમાત્ર છે, એવું આપનું તે જ્ઞાનધામ (જ્ઞાનતેજ) શું છે ! –અમારે માટે તે અદ્‌ભુત–આશ્ચર્યકારી છે.

## ૨૫. તીર્થંકરોની નામાવલીને પી ગયા

અમૃતચંદ્રની ચેતના વડે પી જવામાં આવેલી અવિકલ (પરિપૂર્ણ) અર્થવાળી, ઋષભાદિ ૨૪ તીર્થંકરોની નામાવલીરૂપ આ સ્તુતિને, જે ભવ્યજીવ ભાવે છે–ચિંતવે છે તે લીલામાત્રમાં સમસ્ત વિશ્વને પી જાય છે–સર્વને જાણી લે છે–ગ્રહી લે છે, પરંતુ

તે કદી પણ કર્મ–નોકર્મરૂપ પરદ્રવ્યથી પીવાતો નથી–ગ્રહાતો નથી–બંધાતો નથી.

[આ રીતે સર્વજ્ઞ–સ્તવનના ફળમાં સર્વજ્ઞતા થવાનું બતાવ્યું છે.]

*

[ઇતિ શ્રી સમયસારની આત્મખ્યાતિ–ટીકાના રચયિતા શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ રચિત 'સર્વજ્ઞગુણસ્તવન' બીજું નામ 'શક્તિમણિતકોશ' ત્રીજું નામ 'લઘુતત્ત્વ–સ્ફોટ' –એવા આ 'સ્તુતિ–શાસ્ત્ર'ના ૨૫ અધ્યાયોમાંથી ૨૪ તીર્થંકર નામાવલિ–સ્તુતિરૂપ પ્રથમ–અધ્યાય અહીં પૂરો થયો.]

## * "સ્વાનુભૂતિનો વિસ્ફોટ" *

જેમ ૧૨૫ (સવાસો) ગાથાનું એક સ્તવન આવે છે તેમ આ ૬૨૫ (સવા છસો) શ્લોકનું સર્વજ્ઞસ્તવન છે. દરેક શ્લોકમાં સર્વજ્ઞદેવને સંબોધીને તેમના સ્વરૂપનું સ્તવન કરવામાં આવ્યું છે. સર્વજ્ઞદેવના ગુણોનું સ્તવન કરતાં–કરતાં આમાં આત્માના જ્ઞાનસ્વભાવને જ પ્રસિદ્ધ કર્યો છે. લઘુપણે (સંક્ષેપમાં) તત્ત્વનો વિસ્ફોટ કરે છે–અર્થાત્ ધડાકાબંધ ચૈતન્યતત્ત્વના સ્વરૂપને પ્રસિદ્ધ કરે છે તેથી આ 'સ્તુતિશાસ્ત્ર' 'લઘુતત્ત્વસ્ફોટ' નામથી પણ પ્રસિદ્ધ છે. સર્વજ્ઞના સ્તવન દ્વારા 'આત્માની શક્તિરૂપ મણિઓનો ભંડાર' ખુલ્લો મૂક્યો છે, તેથી આનું નામ 'શક્તિમણિત–કોશ' (શક્તિરૂપ મણિઓથી મઢેલો ખજાનો) પણ છે. સર્વજ્ઞની સ્તુતિના બહાને આમાં ભરેલો ચૈતન્યશક્તિનો ગહન ભંડાર મુમુક્ષુહૃદયમાં આશ્ચર્ય ઉપજાવે છે....ને તેના અંતરમાં ચૈતન્યની સ્વાનુભૂતિનો વિસ્ફોટ થાય છે.

સર્વજ્ઞગુણસ્તવન



શક્તિમણિતકોશ.

## [૨] સ્તવન–બીજું

# કેવળજ્ઞાનપ્રકાશનો મહાન ઉદય

**ઉપોદ્ઘાત** : આ અધ્યાયમાં કેવળજ્ઞાનપ્રકાશના મહાન ઉદયનો મહિમા બતાવીને, તેની શ્રદ્ધા કરનારા જીવને પોતામાં કેવા ચૈતન્યનિધાન દેખાય છે તથા શ્રદ્ધાના ફળમાં તે જીવને પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે તે બતાવ્યું છે; તેમજ વસ્તુનું અનેકાંતસ્વરૂપ બતાવ્યું છે. સર્વજ્ઞની શ્રદ્ધાના જોરથી સ્તુતિકાર કહે છે કે પ્રભો ! આપ સાક્ષાત્–પ્રત્યક્ષ વિદ્યમાન હોવા છતાં વિષયાસક્ત પશુ જેવા અજ્ઞાની જીવો આપને દેખતા નથી. પ્રભો ! આપ તો કેવળજ્ઞાનસમુદ્રને ઘૂંટડાની જેમ પી ગયા છો. શાંતરસરૂપ આપને ઓળખીને શાંત–ચૈતન્યરસમાં પ્રવર્તતાં કષાયરૂપી મલિન ગોદડી ક્ષણમાત્રમાં છૂટી જાય છે. હે દેવ ! અમને તો આપનું કેવળજ્ઞાન–તેજ પ્રત્યક્ષ છે; તેના ઉગ્ર પ્રકાશમાં અમારાં ઈન્દ્રિયચક્ષુ બીડાઈ જાય છે;–જ્ઞાનનેત્ર ખૂલી જાય છે. ને વસ્તુસ્વરૂપ દેખાવા લાગે છે.

[મંગળ શ્લોક : વસંતતિલક]

तेजः स्पृशामि तव तद् दृशिबोधमात्रम् अन्तर्बहिर्ज्वलदनाकुलमप्रमेयम् ।
चैतन्यचूर्णभरभावित वैश्वरूप्यम् अप्यत्यजत् सहजमूर्जितमेकरूपम् ॥१॥

૧. હે ભગવાન ! હું, આપના અંતર્મુખ તથા બહિર્મુખ પ્રકાશમાન, આકુળતા રહિત અને અપરિમિત–અનંત એવા તે દર્શન–જ્ઞાનરૂપ તેજને સ્પર્શું છું અર્થાત્ તેની શ્રદ્ધા કરું છું–કે જે તેજ જાણવા–દેખવારૂપ ચૈતન્યતત્ત્વને કારણે વિવિધ રૂપને છોડતું ન હોવા છતાં એકરૂપ છે, સહજ છે અને અનંત બળથી સમ્પન્ન છે. (સળંગ નં. ૨૬)

૨. હે જિનેન્દ્ર ! જે મનુષ્ય નિર્વિકલ્પ અને સવિકલ્પ એવા નિર્મળ દર્શન–જ્ઞાનરૂપ આપના ચૈતન્યતેજની શ્રદ્ધા કરે છે તે, વિશ્વને સ્પર્શવા છતાં વિશ્વથી વિભક્ત એવા ઉદયમાન પુરાણપુરુષને પામે છે. ૨૭.

૩. હે વિભો ! પશુ–અજ્ઞાની જીવો અનેક વિકલ્પોરૂપી કોદાળી વડે ખોદેલી અંતરંગ– મનોભૂમિમાંથી ઊપજેલ રાગ–મોહાદિ રજદ્વારા નિજ સ્વરૂપને ઢાંકી રહ્યા છે; તે કારણે તેઓ, નીકટમાં જ પ્રગટ નિધાનરૂપ એવા આપને દેખતા નથી. ૨૮.

૪. હે દેવ ! આ સંસારમાં અગાધ બાહ્ય પદાર્થરૂપ અંધકારમાં આ વિશ્વ અસ્તને પામી રહ્યું છે....ત્યારે આપ એવી રીતે ઉદય પામો છો કે જેમ અંધકારથી વ્યાપ્ત આકાશમાં સર્વતરફ ફેલાઈને સૂર્યપ્રકાશ ઝળકી ઊઠે છે. ૨૯.

૫. હે જિનેન્દ્ર ! આપ પદાર્થની નિરંતર અવસ્થિતિનો (એકાંત નિત્યતાનો) ઉપદેશ નથી દેતા, તેમજ તેના નિત્યના–સ્વરૂપ મહિમાને અનવસ્થિતિ વડે ઉથાપતા પણ નથી; આ રીતે અદ્‌ભુત ચૈતન્યપ્રકાશથી પ્રસિદ્ધ એવો, આપનો આ ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વભાવ એક હોવા છતાં વિધિ–નિષેધમય છે. ૩૦.

૬. હે પ્રભો ! આપનું આ સહજ વિલસતું નિર્માણ જ વિધિ–નિષેધરૂપે પ્રકાશી રહ્યું છે, તે કારણે આપનામાં પ્રગટ વિલસતો આ સત્‌–અસત્‌ આદિ વિકલ્પોનો સમૂહ ઊછળી રહ્યો છે;–આ કોઈ આશ્ચર્યની વાત નથી. ૩૧.

૭. હે દેવ ! સહજ તેજથી અત્યંત ભરેલા હોવાથી આપ ભાવરૂપ (સત્તારૂપ) છો; અને પર પદાર્થના વિભવથી શૂન્ય હોવાથી આપ અભાવરૂપ છો; આ રીતે આપ અભાવરૂપ હોવા છતાં ભાવરૂપ પ્રતિભાસો છો, અને ભાવરૂપ હોવા છતાં બાહ્યપદાર્થપણે અભાવરૂપ છો. ૩૨.

૮. હે સ્વામી ! આપના સ્વરૂપનો તિર્યક્‌ વિભાગ કરતાં આપ સહભાવી–ગુણોપણે શોભી રહ્યા છો; અને કાળક્રમની અપેક્ષાએ ઊર્ધ્વપ્રચયરૂપ વિભાગ કરતાં આપ જ ક્રમવિભૂતિરૂપ અનુભૂતિને પામો છો; –આવા બંને સ્વરૂપ આપ એક છો. ૩૩.

૯. આ રીતે હે જિનેન્દ્ર ! ક્રમવર્તી તેમજ અક્રમવર્તી વિવર્તનરૂપ પરિણતિથી સુરક્ષિત ચૈતન્યમાત્ર જ આપનું તત્ત્વ છે. –એમ નહિ સમજનારા અજ્ઞાનીઓ આ જગતમાં સારહીન એવા બંને એકાંતપક્ષોના આગ્રહના ફેલાવાથી, હમણાં જ જાણે હૃદય ફાટી પડશે એવા (–વિદીર્ણ હૃદય જેવા) થઈ જાય છે. ૩૪.

૧૦. હે જિનેન્દ્ર ! આ જગતમાં જ્યારે અનંત ચતુષ્ટયરૂપ અદ્‌ભુત–આશ્ચર્યકારી લક્ષ્મીથી યુક્ત આપ દૃષ્ટિગોચર થાઓ છો ત્યારે તરત જ જીવોના સમસ્ત અંતર્‌બાહ્ય શત્રુઓ નષ્ટ થઈ જાય છે; અને જ્યારે તેઓનું સમ્યક્ત્વરૂપ બળ નષ્ટ થતાં આપ નજરમાંથી ખસી જાઓ છો (અર્થાત્‌ આપની શ્રદ્ધા છૂટી જાય છે) ત્યારે જીવોને આત્મા પ્રતિભાસતો નથી અર્થાત્‌ સ્વાનુભવ થતો નથી ને અહિતકારી એવા મિથ્યાત્વાદિ શત્રુઓ ઊછળવા માંડે છે. ૩૫.

૧૧. હે દેવ ! આપ નિજમહિમામાં નિત્ય ઉદિત છો, આપના જ્ઞાનમાં આખું વિશ્વ નિમગ્ન છે, આપનું તેજ વિશ્વમાં અતિશયરૂપ છે અર્થાત્‌ સૌથી શ્રેષ્ઠ છે અને

આપનો પ્રતાપ પ્રગટ છે; —આવા આપના સંબંધમાં કોઈ જ સંશય સંભવતો નથી; છતાં દુર્ભાગ્યવશ કોઈના ચિત્તમાં જો ભ્રાંતિ ઉત્પન્ન થાય તો તે માત્ર પશુસમાન અવિવેકી જીવને જ થાય છે. ૩૬.

૧૨. હે સ્વામી ! વિશ્વને જાણનારા અનાકુળ ચૈતન્યવિલાસ વડે આપ સાક્ષાત્—પ્રત્યક્ષ જ પ્રતિભાસી રહ્યા છો; છતાં પણ જો કોઈ જીવને આપ નથી દેખાતા તો તેનું કારણ એ છે કે તેનું મન બાહ્ય પદાર્થોમાં આસક્ત છે અને આપના વિષયમાં તે સુષુપ્ત છે.—તે અજ્ઞાની પશુનું ખરેખર આ અજ્ઞાન જ છે. ૩૭.

૧૩. હે જિનેન્દ્ર ! ઘાસના એકેક અંશને કાઢીને વાગોળનારા બળદની માફક આ બિચારા—રંક પ્રાણીઓ એકેક પદાર્થને કેમ ચરે છે ? —ક્રમથી એકેકને જ કેમ જાણે છે ? આખા વિશ્વને એકસાથે જાણનાર, શ્રેષ્ઠ આત્મબળવાળા અને અચળ એવા આપનું અનુસરણ કેમ નથી કરતા ? ૩૮.

૧૪. હે ભગવાન ! જેનો ગંભીર મહિમા પોતામાં જ સમાઈ ગયો છે એવો આ જ્ઞાનસમુદ્ર આપના વડે એક ઘૂંટડા જેવડો જ કરીને પીવાઈ ગયો છે (—કેવળજ્ઞાનને આપે આપનામાં સમાવી દીધું છે); આ રીતે પોતાના વિસ્તારથી વિશ્વને વ્યાપ્ત કરનારી (વિશ્વને પી જનારી) આ કેવળજ્ઞાનની ઉલ્લસતી ઉર્મિઓ—લહરીઓ બળપૂર્વક સંકોચાઈને પોતામાં જ સમાઈ ગઈ હોવાથી હવે બહાર ફેલાતી નથી. ૩૯.

૧૫. હે ભગવાન ! આપના વૈભવના માત્ર એક કણને દેખવાથી ઉત્પન્ન થયેલા આશ્ચર્ય વડે અનુભવાતા સુખને લીધે જેમનાં નેત્રો સ્તબ્ધ થઈ ગયા છે એવા આ ભવ્યજીવો ઉદાસીનતા (પ્રમાદ) કેમ કરે છે ? તેઓ પોતાના મગજમાં આ ચારિત્રરૂપી કરવત ત્યાં સુધી ચલાવો (અર્થાત્ વારંવાર શુદ્ધોપયોગનો પ્રયોગ કરો) કે જ્યાં સુધી સંપૂર્ણ કળાથી યુક્ત એવા આપ પ્રગટ થાઓ. ૪૦.

૧૬. હે ભગવાન ! જે કઠિન તપવડે આપના સિદ્ધરૂપને સાધવા મથે છે તે ચારેકોર રમણ કરે છે (—પણ તેને સિદ્ધપદ સધાતું નથી); હે અતિ શ્રેષ્ઠ જિનેન્દ્ર ! આ જગતમાં (સાચા સાધન વિના) કોઈ પણ વ્યક્તિ કાર્યને સાધતી નથી, કેમકે કાર્ય તો સાધનની વિધિ સાથે સ્વયં પ્રતિબદ્ધ જ છે. ૪૧.

૧૭. હે દેવ ! આ વિજ્ઞાન—તંતુઓ સ્વરસમાં પ્રવર્તે અને અન્ય દ્રવ્યના સંબંધથી છૂટા પડી જાય તો, ઘણા મળથી ભરેલી કષાયરૂપી આ આખીયે ગોદડી આજે જ વીંખાઈ જાય. ૪૨.

૧૮. હે વિભુ ! જે પુરુષ આપના મહાન વૈભવને દેખે છે તે, અજ્ઞાનરૂપી

વાયરાના વેગથી વિખેરાઈને જ્યાં-ત્યાં ઊડતા ફોતરાંના અગ્નિકણ જેવા વિજ્ઞાનઅંશોને, સ્વપદમાં ઝડપથી સુસ્થિર કરી શકે છે. ૪૩.

૧૯. જ્ઞાનથી ભિન્ન કોઈ અન્ય ફળને પ્રાપ્ત કરવાના ઇચ્છુક અજ્ઞાની-પશુઓ વિષયોની અભિલાષા કેમ કરે છે? પહેલેથી જ સમસ્ત વિષયોની ઉપેક્ષા કરીને, તેમને રોકીને, જ્ઞાનને જ કેમ ધારણ નથી કરતા? ૪૪.

૨૦. હે દેવ! સમ્યગ્જ્ઞાનરહિત પશુ-અજ્ઞાની જે જ્ઞાનકિરણો દ્વારા ચારે તરફથી કષાયકણ વડે કાબરચિતરાપણું (વેરવિખેરપણું) ધારણ કરે છે, તે જ જ્ઞાનકિરણો દ્વારા સમસ્ત પદાર્થોને જાણવામાં કુશળ એવા આપના પ્રશમભાવરૂપ સુધારસના બિંદુઓના સમૂહ વડે શાંતિનો એક મહા સાગર બની ગયો છે. ૪૫.

૨૧. હે ઈશ! આપ જ્ઞાતા-દૃષ્ટાશક્તિને કારણે જેમાંથી કર્તૃત્વ હણાઈ ગયું છે એવા શાંત-તેજરૂપ છો, આપનો પ્રતાપ પ્રસિદ્ધ છે, તથા જ્ઞાનવિશેષો વડે વિષમ હોવા છતાં આપનામાં કષાયજનિત સમસ્ત વિકાર-સમૂહ નથી. ૪૬.

૨૨. હે ભગવાન! વર્તમાનમાં અસંકુચિત તથા પુષ્કળ શક્તિસમૂહના ગાઢ પ્રકાશના વેગથી સુપ્રભાતને પ્રગટ કરનારું આપનું આ તેજ સહજ નિર્મળ ચૈતન્યવિલાસ વડે જાણે કે વિશ્વની આરતી ઉતારતું હોય-એવું ભાસે છે. ૪૭.

૨૩. હે ભગવાન! ચૈતન્યપૂંજના મહાન પ્રકાશથી ભરેલ અતિશય વિશાળ, સ્વભાવ- રસના તરંગોથી શોભતું આપનું આ તેજ ખરેખર પ્રત્યક્ષ જ છે-એમ અમે સમજીએ છીએ, કેમ કે તે મહાન તેજના પ્રકાશમાં અમારા નિર્બળ-નેત્ર (ઇન્દ્રિય ચક્ષુ) બીડાઈ જાય છે. (જ્ઞાનનેત્ર ખૂલી જાય છે ને વસ્તુસ્વરૂપ દેખાવા લાગે છે.) ૪૮.

૨૪. હે દેવ! આ રીતે જ્ઞાનદ્વારા વિશ્વના એક ભોક્તા, સામર્થ્યવંત-વિભુ, ઐશ્વર્યવાન- ભગવન્, અનંત, નિત્ય ઉદયમાન અદ્વિતીય મહિમાવંત એવા આપ ઉદયમાન છો, છતાં હજુ પણ વિરુદ્ધબુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ જીવો ઉપભોગ્યરૂપ એકેક પદાર્થનું અવલંબન કરીને ઊછળ-કૂદ કેમ કરી રહ્યા છે? ૪૯.

૨૫. અનેકવિધ આત્મશક્તિઓના સમુદાયરૂપ આ આત્મા નયદૃષ્ટિથી ખંડિત કરવામાં આવતાં શીઘ્ર નાશ પામે છે; તેથી હું, -જેમાંથી ખંડ નિરાકૃત કરવામાં આવ્યા નથી એવો અખંડ, એક, એકાંત શાંત, અવિનાશી ચૈતન્યતેજ છું. [આ શ્લોક અક્ષરશઃ સમયસાર-કળશ ૨૭૦ મુજબ છે.] ૫૦.

ઇતિ શ્રી સર્વજ્ઞગુણ-સ્તવનરૂપ શક્તિમણિત-કોષ (લઘુતત્ત્વપ્રકાશ)માં
બીજો અધ્યાય પૂરો થયો.

લઘુતત્ત્વ-સ્ફોટ  શક્તિમણિતકોશ.

## [૩] સર્વજ્ઞગુણસ્તવન : અધ્યાય ત્રીજો

# શૂરવીરતાપૂર્વક સિદ્ધપદ પામવા સાધકની સોપાન–શ્રેણી

**ઉપોદ્ઘાત :** આ અધ્યાયમાં, શરૂમાં કેવળીપ્રભુના મહાન આનંદરસનો મહિમા કરીને તેની પિપાસા વ્યક્ત કરી છે; પછી મુનિદશાથી માંડીને મોક્ષપ્રાપ્તિ સુધીનું ભાવભીનું વર્ણન કરીને તેના દ્વારા પ્રભુની ગુણસ્તુતિ કરી છે : હે પ્રભો ! જ્ઞાનતત્ત્વમાં લીન આપ પોતે સામાયિક હતા; આપે શુદ્ધોપયોગી થઈને આત્મરસનો સ્વાદ લીધો; પરિષહોમાં આપ કાયર ન થયા; સમસ્ત શ્રુતના મનન વડે આપે જ્ઞાનશસ્ત્રને તીક્ષ્ણ કર્યું અને શુદ્ધ દ્રવ્ય–પર્યાયરૂપ સ્વાત્મતત્ત્વને ક્ષાયિક–જ્ઞાન વડે સાક્ષાત્ અનુભવરૂપ કર્યું. પરિણામની શુદ્ધતાના દૃઢ પરાક્રમ વડે શ્રેણી ચડીને આપે મોહને ચપટીમાં ચોળીને ભોં ભેગો કરી દીધો. અનુક્રમે અપૂર્વકરણ વગેરે સોપાન–શ્રેણી ઝડપથી પાર કરીને યથાખ્યાતચારિત્ર અને કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટ કર્યા; પછી યોગનિરોધ માટે તત્પર એવા આપે લોકવ્યાપી–સમુદ્ઘાત કર્યો, શૈલેશીકરણ કર્યું અને શ્રેષ્ઠ સિદ્ધપર્યાયને પામ્યા. અંતમાં શાસ્ત્રકાર પોતે ભાવના કરે છે કે હે દેવ ! વિકસી રહેલો મારો જ્ઞાનઅંકુર સમસ્તપણે એવો વિકાસ પામો કે હું સર્વજ્ઞ થાઉં.

[મંગળ શ્લોક : વસંતતિલક]

मार्गावतार–रसनिर्भरभावितस्य, योऽभूत् तवाविरतमुत्कलिका विकासः ।
तस्य प्रभोऽद्भुतविभूति पिपासितानां अस्माकमेककलयापि कुरु प्रसादम् ॥

૧. હે પ્રભો ! આપને નિરંતર મોક્ષમાર્ગની પ્રાપ્તિથી ઉત્પન્ન થતા અલૌકિક આનંદરસથી ભરપૂર એવી મહાન જ્ઞાનકળાનો વિકાસ થયો હતો; તે આશ્ચર્યકારી અદ્ભુત વિભૂતિના પિપાસુ એવા અમારા ઉપર તેની એક કળા દ્વારા પણ પ્રસન્નતા કરો. (–આપના આનંદરસની મહાન કળાનો એક ઘૂંટડો કૃપા કરીને અમને પીવડાવો.) ૫૧.

૨. બળપૂર્વક મોહના વ્યૂહને નષ્ટ કરીને દર્શન–જ્ઞાનમાત્ર મહિમાવાળા સમયમાં (અર્થાત્ સ્વકીય આત્મતત્ત્વમાં), સમસ્ત પાપયોગના પરિહારપૂર્વક લીન થવું તે સામાયિક

છે. હે ભગવન્ ! 'સમય'માં સર્વ પ્રકારે લીન થઈને આપ પોતે જ સામાયિક થયા. પ૨.

૩. હે દેવ ! સ્વતંત્ર–સ્વાધીન ભાવસંયમના વૈભવયુક્ત હોવા છતાં આપે, અત્યંતપણે પરસ્પર–સાપેક્ષ દ્રવ્ય અને ભાવના મહિમાથી યુક્ત આ સંયમને બાધા પહોંચાડ્યા વિના, પહેલાં પોતાને દ્રવ્યસંયમના માર્ગમાં નિયુક્ત કર્યા હતા. ૫૩.

૪. તપના પ્રભાવથી જેમના રાગ–દ્વેષ અટકી ગયા છે, તથા અંતરંગ અને બહિરંગમાં જેઓ સમતાભાવયુક્ત છે એવા હે જિનેન્દ્ર ! આપને માટે આ બંને (રાગ–દ્વેષ) બાહ્યમાં એકસરખા પ્રમેયરૂપ હતા, તથા અંતરમાં આપ બંનેના એકસરખા પ્રમાતા હતા. ૫૪.

૫. જેમની બુદ્ધિ મોહના ઉદય વડે ભ્રષ્ટ થઈ રહી છે, તથા જેઓ શુદ્ધોપયોગભૂમિને નથી પામ્યા–એવા આ જનો, આ લોકમાં જે તત્ત્વને જાણતા થકા નિરંતર બહિર્મુખ રહે છે, તે જ તત્ત્વને જાણીને આપ શુદ્ધોપયોગની દૃઢ ભૂમિને પામીને સર્વ પ્રકારે અંતર્મુખ થયા. ૫૫.

૬. હે પ્રભો ! સાક્ષાત્ શુદ્ધોપયોગરસમાં અત્યંત એકાગ્ર લક્ષવાળા હોવા છતાં આપ અનેક પ્રકારના તપમાં ઉદ્યમી રહેતા હતા, ક્ષયોપશમજન્ય ચારિત્રશક્તિને ધારણ કરતા હતા, તથા આપના કષાયો અતિશય ગળી ગયા હતા; –આવા આપ કષાયરસથી જુદા આત્મરસને પામ્યા. ૫૬.

૭. હે ભગવાન્ ! પરીષહ આવતાં 'વેદનીય કર્મની ઉદયાવલી ચારેકોરથી ખરી રહી છે' એમ સમજીને, જેઓ ઉલ્લસિત થયા અને જેમના અદ્ભુત જ્ઞાન તથા આત્મબળ દ્વિગુણિત થઈ ગયા–એવા આપ, અનેકવાર ઘણા ભારે પરિષહોનું આક્રમણ થવા છતાં પણ અંતરંગમાં ન તો મોહ પામ્યા, કે ન કાયર થયા. ૫૭.

૮. પોતાના નિકાચીત કર્મના વિપાકને એકલા જ ભોગવતા છતાં જેઓ ધૈર્યબળને વૃદ્ધિગત કરતા હતા તથા જેમણે ઉદાત્તચિત્તને ધારણ કર્યું હતું એવા આપ, શુદ્ધાત્મસ્વરૂપમાં અસ્ખલિત ઉપયોગના ગાઢ ગ્રહણને લીધે, ઘણા ભારે દુઃખસમૂહને પણ અવગણીને તેનાથી ભયભીત ન થયા, કાયર ન થયા. ૫૮.

૯. હે દેવ ! બહુ ભારે સંયમનો ભાર વહન કરવા છતાં આપ અખિન્ન હતા, દુર્જય કષાયને જીતવા માટે એકલા જ કટિબદ્ધ થઈને જ્ઞાનશસ્ત્રને તીક્ષ્ણ કરવા માટે આપ સદા જાગૃત હતા, અને શ્રુતના સમસ્ત વિષયોનું મનન કરતા હતા. ૫૯.

૧૦. નિરસ્ત કરવા યોગ્ય સમસ્ત દોષ–અપવાદને જીતી લેનારા હે જિનેન્દ્ર ! અભીક્ષ્ણ જ્ઞાનોપયોગની મૂર્તિ (જ્ઞાનમાં નિરંતર જાગૃત) એવા આપે, પ્રથમ સાધકદશામાં

શ્રુતજ્ઞાનની શક્તિ વડે દ્રવ્ય–પર્યાયરૂપ જે સ્વતત્ત્વને જાણ્યું હતું તે સ્વતત્ત્વને હવે શુદ્ધ–કેવળ ક્ષાયિકજ્ઞાનથી સુશોભિત થઈને સ્વયં અનુભવ્યું. ૬૦.

૧૧. હે દેવ ! નિરંતર સર્વ પ્રકારનાં તપ વડે આત્મા અને કર્મની અત્યંત ભિન્નતા કરવામાં આપ કુશળ છો; આપના ભેદજ્ઞાનનો પરિપાક જ્ઞાન–ક્રિયા (જ્ઞાન અને ચારિત્ર)ની અતિશયતાથી ક્રમે કરીને પરમ પ્રકર્ષને પામ્યો. ૬૧.

૧૨. હે ભગવાન ! જેમને પરિણામની વિશેષ શુદ્ધતા ઈષ્ટ છે એવા આપ શ્રેણીપ્રવેશ વખતે અધ:પ્રવૃત્તકરણ કરીને શ્રેણીમાં ચડ્યા અને તરત જ, દૃઢ પરાક્રમ વડે ઝઝૂમી રહેલા મોહરાજાના બળવાન સૈનિકોને ચારે તરફ ભોં–ભેગા કરી દીધા.....પછાડી દીધા. ૬૨.

૧૩. હે દેવ ! પહેલાંની અપેક્ષાએ અનંતગુણી પરિણામશુદ્ધિમાં પ્રવર્તમાન આપે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનને પ્રાપ્ત કર્યું, અને અવિતરપણે આત્માની શ્રેષ્ઠ શક્તિને ઉત્તેજિત કરતા થકા આપ ઉત્કૃષ્ટ ક્ષપણ–ઉપયોગને પામ્યા...ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયા. ૬૩.

૧૪. હે ભગવાન ! પછી 'અનિવૃત્તિકરણ' નામનું નવનું ગુણસ્થાન પામીને, અનિવૃત્તિ-કરણરૂપ પરિણામના પ્રભાવથી તરત જ બાદર–કર્મરૂપ કષાય–કીચડને દૂર કર્યો; પછી તે ગુણસ્થાનના કેટલાક ભાગમાં અંતરંગ વિશુદ્ધતાથી વિશુદ્ધ થતા સહજ નિર્મળભાવને પામ્યા, અને ક્યાંક પ્રગટ પ્રકાશરૂપ થયા અર્થાત્ મોહક્ષયની તૈયારીવાળી ઉત્તમ વિશુદ્ધિને પામ્યા. ૬૪.

૧૫. પછી, સૂક્ષ્મરૂપ કષાય–કીચડને પણ બળપૂર્વક નષ્ટ કરવાથી, જેમાં માત્ર સંજ્વલન–લોભના એક સૂક્ષ્મકણની ચીકાસ બાકી છે એવા પોતાને ઊંચે ચડાવતા થકા આપ સૂક્ષ્મ કષાય ભાવને જરાક અવલંબીને દશમા ગુણસ્થાન આવ્યા અને ક્ષણમાત્રમાં સમસ્ત કષાયનો અને બંધનો ક્ષય કર્યો. ૬૫.

૧૬. એ રીતે, હે ભગવાન ! આપે અનંતગુણી વિશુદ્ધિઓનું અતિશય અવલંબન કરીને, દૃઢ કષાયરૂપી કીચડને સંપૂર્ણપણે વમી નાંખ્યો અને અસંખ્ય પ્રકારના વિશુદ્ધ સંયમલબ્ધિસ્થાનોની સોપાન–પંક્તિના શિખરના એક શિખામણિ થયા અર્થાત્ યથાખ્યાત ચારિત્રરૂપ થયા. ૬૬.

૧૭. હે ભગવાન ! શબ્દ અને અર્થના સંક્રમણ સહિત શ્રુતનું અનેક પ્રકારે અવલંબન લઈને પૃથક્ત્વવીચાર નામના શુકલધ્યાનમાં આપે મનને સ્થિર કર્યું, પરંતુ કષાયના નિરોધ વડે ત્યાં આપ સંક્રમણ રહિત થઈ ગયા; એ રીતે શુદ્ધતામાં એકાગ્ર

થઈને મનને સ્થિર કરતાં, આપની ચિત્તગ્રંથીઓ ખુલી જતાં આ અનંત તેજનો ઉદય થયો, –કેવળજ્ઞાન પ્રગટ્યું. ૬૭.

૧૮. સાક્ષાત્ અસંખ્યગુણી નિર્જરારૂપ શ્રેણીના અંતિમ સ્થાનમાં જેમણે સમસ્ત ઘાતીકર્મોનો ક્ષય કરી નાંખ્યો છે. તથા સંપૂર્ણ આત્મકળાના સમૂહને ખોલી નાંખ્યો છે એવા આપ અનંતગુણી શુદ્ધિ વડે વિશુદ્ધ તત્ત્વરૂપ થયા છો. ૬૮.

૧૯. વળી તે વખતે સહજ સ્વાભાવિક વીર્યગુણ પ્રગટ થતાં એવું શાંત અનંત તેજ પ્રગટ થાય છે કે જેની અંદર, અનંત રૂપોથી ભરેલા, પૂર્ણ મહિમા સહિત પ્રગટ થતા, અનંત પદાર્થરૂપ વિશ્વ પ્રતિભાસિત થાય છે. ૬૯.

૨૦. જેઓ યોગોનો નિરોધ કરવા માટે તત્પર હોવા છતાં 'યોગ'નું ફળ ગ્રહણ કરવા ઉત્સુક હતા તથા જેઓ અનુક્રમે વિસ્તાર પામી રહ્યા હતા એવા હે જિન ! આપે શેષ અઘાતી કર્મરજનો શીઘ્ર ક્ષય કરવા માટે અત્યંત વેગપૂર્વક નિજપ્રદેશોનું આસ્ફોટન કરીને (અર્થાત્ તેમને ચારે તરફ વિસ્તારીને) લોકપૂરણ–સમુદ્દ્ઘાત કર્યો હતો. ૭૦.

૨૧. ત્યાર પછી, હે જિનેન્દ્ર ! સમસ્ત ૮૪ લાખ ઉત્તરગુણ તથા ૧૮ હજાર શીલ એવા ગુણશીલસમ્પન્ન શીલેશીપણું પામીને આપે યોગનિરોધ કર્યો તે ૧૪મા અયોગી ગુણસ્થાને થોડોક કાળ રહીને, પછી ઝડપથી અનાદિ–સંસારપર્યાયનું પરિવર્તન કરીને આપ સાદિ– સિદ્ધપર્યાયરૂપ થયા. ૭૧.

૨૨. હે દેવ ! અત્યારે આ સિદ્ધપર્યાયમાં અનંત સુખ–દર્શન–બોધ-વીર્યરૂપ અનંત ચતુષ્ટયના સંભારથી પરિપૂર્ણ–અવિનાશી–શ્રેષ્ઠ–અમૃત–સારભૂત મૂર્તિ એવા આપ, એક (અન્ય દ્રવ્યના સંબંધ વગરના), અસ્ખલિત પ્રતાપવંત, અત્યંત દીર્ઘ અનંત ભવિષ્યકાળને વ્યતીત કરતા થકા, વિજયવંત વર્તો છો. ૭૨.

૨૩. ત્રણકાળ સંબંધી સમસ્ત પદાર્થના રસને અત્યંત પી જવાથી ઊપજેલી તૃપ્તિ વડે જેમની અદ્દ્ભુત જ્ઞાનદૃષ્ટિ નિત્ય–ઉદિત સદા મુદિત (પ્રસન્ન) રહે છે, તથા જેમના વીર્યની વિશાળ શક્તિ ઉત્તેજિત અને અચળ છે–એવા આપ શાશ્વત અનુપમ સુખને જ ભોગવો છો. ૭૩.

૨૪. હે દેવ ! દિવ્ય મહિમાવાળા કેવળજ્ઞાનને લીધે આપ એવા લાગો છો–જાણે કે આખા વિશ્વને બળપૂર્વક પોતામાં સંક્રમાવી રહ્યા હો, તેને પોતાના જ્ઞાનમાં લખી રહ્યા હો–કોતરી રહ્યા હો, આકર્ષી રહ્યા હો, સંરક્ષિત કરી રહ્યા હો. (–જ્ઞાનમાં પૂરી દેતા હો), પી જતા હો, અને ઉદ્ધત્ત વીર્યબળથી ગર્વિત દૃષ્ટિના વિકાસની લીલાથી બધી દિશામાં સર્વત્ર જાણે ફેલાઈ રહ્યા હો. ૭૪.

૨૫. હે દેવ ! સ્વયં વિકસી રહેલી મારી આ જ્ઞાનકળીને અતિશયપણે ખીલવો, તેમજ સમસ્ત વિશ્વને પણ વિકસીત કરો...કે જેથી ખરેખર આ હું પોતે જ જોરપૂર્વક ફેલાતા ચૈતન્યવિકાસ વડે ખીલીને સર્વમય થઈ જાઉં અર્થાત્ સર્વજ્ઞ થઈ જાઉં. ૭૫.

ઇતિ લઘુતત્ત્વસ્ફોટ (સર્વજ્ઞસ્વભાવ–સ્તવન)માં ત્રીજી સ્તુતિ પૂર્ણ થઈ.

## સર્વજ્ઞની ઉપાસનાનું સાધન

[ભક્ત હૃદયના રણકાર]

સ્તુતિ કરનાર મોટા ઇન્દ્ર–મુનીન્દ્ર હો કે નાના શ્રાવક-ગૃહસ્થ હો, પણ સ્તુત્ય (ઇષ્ટદેવ) તો બધાના એક જ છે. તેથી સ્તુતિનો ભાવ પણ બધાને એક જાતનો છે; એટલે સમ્યક્ સ્તુતિ કરતાં મુમુક્ષુ અંતરમાં એવી ઊર્મિ જાગે છે કે સર્વજ્ઞની સ્તુતિ જેમ મુનિવરો કરે છે તેમ અમે પણ તે જ સર્વજ્ઞની સ્તુતિ કરીએ છીએ.

હે ઇન્દ્રરાજ ! તમારી જેમ અમારી પાસે ભલે હજાર હાથ, હજાર જીભ કે હજાર આંખો કરવાની શક્તિ ન હોય, પણ સર્વજ્ઞની સ્તુતિ માટે (–સર્વજ્ઞસ્વભાવની આરાધના માટે) કાંઈ હજાર હાથ કે હજાર આંખની જરૂર નથી, તેને માટે તો સમ્યક્ મતિ–શ્રુતદ્વારા થતી સ્વાનુભૂતિ એક જ બસ છે. તે સ્વાનુભૂતિની ચીનગારામાંથી કેવળજ્ઞાનનો વિસ્ફોટ થશે.

સર્વજ્ઞની ઉપાસનાનું સાધન કાંઈ હાથ-પગ–જીભ કે આંખ નથી (કેમકે સર્વજ્ઞ તે ઇન્દ્રિયનો વિષય નથી); અરે, રાગ વડે પણ તેમની ઉપાસના નથી થતી; તેમની ઉપાસનાનું ખરું સાધન તો સમ્યક્ચેતના–શ્રદ્ધા–સ્વાનુભૂતિ છે; તેના વડે સ્તુતિ કરનાર સ્તુતિકાર પોતે સ્તુત્ય જેવો જ બની જાય છે, ઉપાસક પોતે ઉપાસ્ય જેવો બની જાય છે, સાધક પોતે સાધ્ય જેવો બની જાય છે, ભક્ત પોતે ભગવાન બની જાય છે. આ જૈનધર્મની આશ્ચર્યકારી વિશેષતા છે; આ જ મોક્ષની સિદ્ધિનો અમોઘ મંત્ર છે.

*



## [૪] સ્તવન–ચોથું

# કેવળજ્ઞાનને દેખતાં અમારી ચેતના આનંદથી નાચી ઉઠે છે.

**ઉપોદ્‌ઘાત :** શરૂમાં કેવળજ્ઞાનનો મહિમા કરીને આનંદ વ્યક્ત કરતાં શાસ્ત્રકાર કહે છે કે અહો પ્રભો ! અનાદિથી નહિ દેખેલું એવું આ કેવળજ્ઞાન–તેજ મને આપના પ્રસાદથી દેખાવા લાગ્યું.....તેથી મારા ચૈતન્યઅંગને હર્ષથી ઊછાળીને, અતીન્દ્રિય આનંદથી હું નાચું છું. પ્રભો ! કેવળજ્ઞાન સાથેની આપની શક્તિઓ મને આશ્ચર્ય પમાડે છે. મૂર્ખ–અજ્ઞાનીઓ આપના અનેકાંતસ્વરૂપને દેખી શકતા નથી. પ્રભો ! આપની કેવળજ્ઞાન–ક્રીડા દેખીને મારું મન આનંદથી ડોલી ઊઠ્યું છે. અહા, આપના જ્ઞાનસાગરના એક તરંગમાં ત્રિકાળવર્તી આખું વિશ્વ ડુબી રહ્યું છે.

હે દેવ ! આપનો અનેકાન્તસ્વભાવ બીજાઓને ભલે વિસ્મય પમાડે, પરંતુ અમારા માટે તેની પ્રતીત કરવાનું કાંઈ અઘરું નથી, કેમકે આપને દેખતાં જ અનેકાન્ત પ્રતીતમાં આવી જાય છે. પ્રભો ! સમસ્ત પદાર્થો આપના જ્ઞાનમાં પ્રકાશતા હોવા છતાં આપને ક્યાંય રાગ–દ્વેષ નથી.–આ રીતે અનેકાન્તતત્ત્વના મહિમાપૂર્વક સર્વજ્ઞની સ્તુતિ કરી છે.

[મંગળ શ્લોક : વંશસ્થવૃત્ત]

सदोदितानंतविभूतितेजसे स्वरुपगुप्तात्ममहिम्नि दीप्यते ।
विशुद्धदृग्बोधमयैकचिद्‌भृते नमोस्तु तुभ्यं जिन विश्वभासिने ॥

૧. હે જિનેન્દ્ર ! સદા ઉદયમાન અનંત ચતુષ્ટયરૂપ વિભૂતિના તેજસહિત, સ્વરૂપગુપ્ત આત્માના મહિમામાં દેદીપ્યમાન, વિશુદ્ધ દર્શન–જ્ઞાનરૂપ એક–અખંડ ચેતનાના ધારક તથા વિશ્વના પ્રકાશક એવા આપને નમસ્કાર હો. ૭૬.

૨. હે ભગવાન ! આપનું કેવળજ્ઞાન–તેજ અનાદિકાળથી મારી દૃષ્ટિથી દૂર હતું–મને અનુભવમાં આવતું ન હતું, તે તેજ હવે આજે આપ પ્રસન્ન થતાં,–આપના સુપ્રસાદથી મને દેખાવા લાગ્યું–અનુભવમાં આવ્યું; તેથી આ હું મારા ચૈતન્યઅંગને ઊછાળતો થકો, અતીન્દ્રિય આનંદરૂપ મહા રસને ફેલાવીને હર્ષથી નાચું છું. ૭૭.

૩. હે ભગવાન ! જેનો સ્વભાવ સરળ અને અસ્ખલિત છે એવા ભાવવાળા

નિજતત્ત્વના જ્ઞાતા સ્વાનુભવી પુરુષો વડે જે અતિશય પૂજિત છે તથા જે વિશ્વવ્યાપી વૈભવને પ્રકાશી રહ્યું છે એવું આ આપનું દુર્લભ તેજ ઉદયમાન છે, અમારા અનુભવમાં આવી રહ્યું છે. ૭૮.

૪. હે વિશ્વેશ ત્રિલોકીનાથ! સ્વયં અનંતરૂપતાને પામેલા આપના વડે ધારણ કરવામાં આવેલી, સ્વતત્ત્વમાં જ તન્મયપણે સમાયેલી, ચેતનરૂપ આત્મામાં પ્રગટ ઉલ્લસતી, સ્પષ્ટ–પ્રત્યક્ષ અનુભવમાં આવતી આ શક્તિઓ કોને વિસ્મય નથી પમાડતી?–અર્થાત્ આપની અનંત શક્તિ આશ્ચર્યકારી છે. ૭૯.

૫. ખરેખર સ્વવૈભવના પ્રકાશથી અજાણ એવા પશુ (અજ્ઞાની)ને તો, આપ જે છો તે જ એક છો–એમ એકાન્તરૂપ પ્રતિભાસો છો, પરંતુ કોઈ વિરલ વીતરાગવિજ્ઞાનવંત જ્ઞાનીની દૃષ્ટિમાં આપ સ્પષ્ટપણે એક હોવા છતાં અનંતતાને ધારણ કરનારા પ્રતિભાસો છો. ૮૦.

૬. હે દેવ! જો કે આપના આ અન્વય–ગુણો અનંત છે તેમજ આ વ્યતિરેકકેલિઓ (પર્યાયોની સંતતિ) પણ અનંત છે, તોપણ એક ચૈતન્યથી ભરેલા ચમત્કાર વડે સ્ફુરાયમાન આપ એક જેવા જ અવભાસો છો. ૮૧.

૭. હે પ્રભો! અસીમ વૃદ્ધિને પામેલી કેવળજ્ઞાન–વેલ વડે આપે વિશ્વને વ્યાપ્ત કરી દીધું છે; પોતાના સ્વાભાવિકભાવથી ઊછળતી અને અંતર્મુખ ફેલાતા પત્રવાળી આપની આ અદ્વિતીય ક્રીડાઓ અત્યંત ઉલ્લસે છે–શોભે છે. ૮૨.

૮. હે ભગવાન! જોરદાર જ્ઞાનરૂપી વાયુની ક્રીડાથી કંપાયમાન અખિલ જગતને સમૂળગુ ઊખેડી નાંખનારી, આપની આ બળવાન આત્મક્રીડા મારા મનને અતિશય આશ્ચર્યચકિત કરી રહી છે–જાણે કે આનંદથી ડોલાવી રહી છે. ૮૩.

૯. હે ભગવાન! ત્રિકાળવર્તી પર્યાયમાળા સહિત આ જગત, જેના એક જ કલ્લોલના મહા પૂરમાં ડૂબેલું દેખાય છે–એવા અગાધ–ધીર–ઉદ્ધત અને દુર્દ્ધર બોધ–સાગરને અત્યંત જોરથી તરંગિત કરતા થકા આપ ઉલ્લસી રહ્યા છો. ૮૪.

૧૦. પર અને સ્વની સીમામાં પરસ્પર સ્ખલિત થતા હોવા છતાં, જેઓ પોતપોતાના વિશિષ્ટ વસ્તુત્વને લીધે વિવિક્ત સંપદાવાળા છે, તથા ચૈતન્યઅગ્નિની આરતિ વડે પવિત્ર કરાયેલા છે,–એવા આ ચેતન–અચેતન પદાર્થો, હે દેવ! આપના કેવળજ્ઞાન–ધામમાં પ્રવેશી રહ્યા છે. ૮૫.

૧૧. હે જિન! આપ પરસ્પર મળેલા દેદીપ્યમાન તથા અતિશય ભારે એવા અનંત ચતુષ્ટયરૂપ વૈભવના સમૂહથી પ્રકાશમાન છો, નિત્ય–અનિત્ય એક–અનેક વગેરે

અનેક ધર્મો સહિત છો તથા અવિનાશી છો;—આવા આપ એક જ ધર્મમાં અચલ એવી એકાંતદૃષ્ટિવાળા પુરુષો વડે કઈ રીતે દેખવામાં આવી શકો? ૮૬.

૧૨. સ્વ અને પર (અર્થાત્ અંતરંગ અને બહિરંગ) કારણો વડે સમસ્ત વસ્તુઓમાં અનંત પર્યાયોની સંતતિ પ્રગટ થાય છે; ત્યાં અજ્ઞાની જીવને કદી તેનું જ્ઞાન થતું નથી, પરંતુ હે ભગવાન! આપ તો તે પર્યાયોની સંતતિને સંપૂર્ણપણે જાણો છો. ૮૭.

૧૩. હે ભગવાન! ઘણા અપવાદ–કથનોની સંતતિ (–ભેદરૂપ ઘણી કથની અથવા શબ્દાવલી) પરસ્પર વિભક્ત હોવા છતાં તે આપનું પૃથક્કરણ નથી કરતી, અપિતુ પરિપૂર્ણ ગુણપર્યાયોથી સંગત દ્રવ્યના મહિમામાં તે બધાં ભેદ–કથન એવી રીતે વિલીન થઈ જાય છે—કે જેવી રીતે સમુદ્રમાં મહાન તંરગોની માળા. ૮૮.

૧૪. હે વિભો! વિધિ અને નિષેધ વડે રચાયેલી આ વસ્તુસ્વભાવની સીમાનું ઉલ્લંઘન નહિ કરતા થકા આ એકલા આપ જ, કૃષ્ણ અને શુક્લની જેમ, દ્વિરૂપતાને કદી પણ છોડતા નથી. ૮૯.

૧૫. વર્તતા પદાર્થમાં અસ્તિપણું પ્રતીત થાય છે અને નહિ વર્તતા પદાર્થમાં નાસ્તિપણું પ્રતીત થાય છે; પરંતુ હે ભગવાન! અસ્તિત્વ અને નાસ્તિત્વ બંનેરૂપે એક સાથે પ્રકાશમાન એવા આપ અમને કાંઈ વિસ્મય નથી પમાડતા. ૯૦.

૧૬. હે ભગવાન! આ જગતમાં આપ સ્વકીય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપે વર્તતા થકા સદ્ભાવરૂપ અસ્તિત્વને પ્રાપ્ત છો, અને પરકીય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપે નહિ વર્તતા થકા અસદ્ભાવરૂપ નાસ્તિત્વને પ્રાપ્ત છો. આ ભાવ અને અભાવ (–અસ્તિત્વ અને નાસ્તિત્વ) બંને સહિત આપનો સ્વભાવ જ છે. આપના આવા અનેકાન્તસ્વભાવની પ્રતીત અઘરી છે,—એકાંતવાદીઓને તે અગોચર છે. ૯૧.

૧૭. 'આ પદાર્થ સદા એક જ છે અથવા અનેક જ છે' એવા પ્રકારની એકાંત પ્રતીતિ વડે અગોચર હોવા છતાં પણ, હે જિન! આપ પોતે જ અબાધિતપણે તે એક–અનેકપણામાં પોતાના આત્માને ધારણ કરો છો.—ખરેખર વસ્તુના સ્વભાવો તર્કગોચર નથી. ૯૨.

૧૮. હે ભગવાન! ક્રમપ્રવૃત્ત–પર્યાયો અને અક્રમપ્રવૃત્ત–ગુણો એવા બંને ભાવોથી ભરેલા વૈભવયુક્ત આપ, એકાંત નિત્યત્વમાં જેનું ચિત્ત લાગેલું છે એવા પુરુષ વડે દૃષ્ટિગોચર થતા નથી, તેમજ ક્ષણક્ષયરૂપ એકાંત અનિત્યતાથી જેનું ચિત્ત ક્ષોભિત છે એવા પુરુષ વડે પણ આપ દેખવામાં આવતા નથી. ૯૩.

૧૯. જેઓ કેવળજ્ઞાનરૂપ સંપદાથી પરિપૂર્ણ છે, જેમની જ્ઞાનજ્યોતિ સદા ઉદિત

રહે છે, જેમનું પરાક્રમ અજેય છે તથા જેઓ સ્વતત્ત્વની ઉપલબ્ધિમાં અવસ્થિત છે—એવા આ આપ પોતે જ એકાંત ક્ષણિકવાદીઓની સામે એક સાક્ષી છો;—અર્થાત્ આપની સન્મુખ દૃષ્ટિ કરતાં જ (—આપનું સ્વરૂપ વિચારતાં જ) એકાંત ક્ષણિકવાદ નિરસ્ત થઈ જાય છે.

૨૦. હે પ્રભો! નિજ જ્ઞાનથી અલંકૃત—આત્મજ્ઞાનથી સુશોભિત કેવળજ્ઞાનરૂપ અતિશય-લોકોત્તર તેજ વડે સમસ્ત જગતને પ્રકાશતા હોવા છતાં આપ સદાય પરના સ્પર્શથી પરાઙ્મુખ રહો છો તથા પરથી પૃથક પ્રતિભાસો છો. ૯૫.

૨૧. હે દેવ! ચૈતન્યસ્વરૂપ આપનો આત્મા પર પદાર્થોથી પરાઙ્મુખ હોવા છતાં પણ તે પદાર્થો આપના આશ્ચર્યકારી મહિમાને સ્પર્શ કરે છે અર્થાત્ તેઓ આપના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે; એ રીતે પદાર્થો જ્ઞાનમાં પ્રતિભાસવા છતાં એટલા માત્રથી કાંઈ આપની ચેતના દુષિત થતી નથી, કેમકે આ જે ચેતના છે તે તો ચેતનારૂપ જ રહે છે. ૯૬.

૨૨. હે પ્રભો! બાહ્ય પદાર્થરૂપે પ્રવર્તતા આ ચેતન—અચેતન પદાર્થો જેથી આપનામાં જ્ઞાનાકારરૂપે વર્તે છે તેથી આપ અનંત—વિજ્ઞાનઘન છો, પરંતુ પદાર્થોમાં ક્યાંય આપ મોહ કરતા નથી, દ્વેષ કરતા નથી કે રાગ કરતા નથી. (સર્વજ્ઞ હોવા છતાં આપ વીતરાગ છો.) ૯૭.

૨૩. હે સ્વામી! આપના જ્ઞાનમાં બાહ્યપદાર્થોનું જે આ અતિશય અવઘટ્ટન (સંગઠન) થઈ રહ્યું છે તે, તીવ્ર આઘાત વડે અતિશય વિકસીત આપની ચૈતન્યકળીના વિકાસથી સુશોભિત આપના કેવળજ્ઞાન—પ્રકાશનો ઉલ્લાસ છે. (અર્થાત્ આપના જ્ઞાનમાં એકસાથે ઘણા જ્ઞેયોની જે અતિશય ભીડ થાય છે તે આપના કેવળજ્ઞાનનો વિકાસ સૂચવે છે). ૯૮.

૨૪. બહારમાં પ્રમેય—પદાર્થોની જે વિશદતા દેખાય છે તે જો કે ખરેખર આ અંતરમાં પ્રમાતાની જ વિશદતા છે, પરંતુ હે જિનદેવ! બાહ્યપદાર્થોમાં લીન જીવો આપના સ્પષ્ટ પ્રકાશને દેખી શકતા નથી. ૯૯.

૨૫. હે જિનદેવ! જેવી રીતે પરિકર્મની કુશળતાથી (અર્થાત્ આત્મપ્રયત્નની કુશળતાથી) આપ સ્વયં અનેક પ્રકારના સુખાસ્વાદની પરંપરાને પામ્યા છો તેવી રીતે સદા અંતરંગમાં વીર્ય સમ્પદારૂપ આપનો જે અદ્ભુત વૈભવ છે તેનો પણ હું વિસ્તાર કરું છું. ૧૦૦.

[ઇતિ શ્રી 'શક્તિમણિતકોશ' અથવા 'સર્વજ્ઞ—ગુણસ્તવન' અથવા 'લઘુતત્ત્વસ્ફોટ' નામના શાસ્ત્રમાં ચોથો અધ્યાય પૂર્ણ થયો].

શક્તિમણિતકોશ.



લઘુતત્ત્વસ્ફોટ

## [૫] સર્વજ્ઞગુણ–સ્તવન : પાંચમું

# પ્રભુના અદ્‌ભુત વૈભવમાં અનેકાન્તદૃષ્ટિનો જ પ્રવેશ

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં સ્તુતિકાર કહે છે કે હે પ્રભો! આપ અણનમ છતાં નમ્ર છો; સ્વમાં સ્થિત છતાં સર્વત્ર વિસ્તરેલા છો; 'મહાસત્તા' આપનાથી ઘણી મોટી હોવા છતાં તે મહાસત્તાને આપે પોતાના જ્ઞાનમાં સમાવી દીધી છે. અહા, આપના જ્ઞાનનો આ આશ્ચર્યકારી વૈભવ છે કે–જગતના પદાર્થો તેમાં ન હોવા છતાં પણ તેમાં દેખાય છે. પ્રભો! સમસ્ત શબ્દોની વાચકશક્તિ આપના ચૈતન્યના એક ખૂણામાં સંચરે છે. જગતના પ્રમેયો આપના પ્રમાતાપણાને પ્રસિદ્ધ કરે છે, અને જ્ઞાનનું પ્રમાતાપણું (જ્ઞેયાકારપણું) બોલ્યા વગર પણ સ્પષ્ટપણે બાહ્યજ્ઞેયોને પ્રસિદ્ધ કરે છે. ગુણ–પર્યાયોરૂપે આપ એકસાથે પ્રકાશમાન છો. દ્રવ્ય–પર્યાય એકબીજાને છોડતા નથી; આપને સામાન્ય–વિશેષ પ્રત્યે મૈત્રી છે. આપના અગાધ અને અદ્‌ભુત તત્ત્વમાં અનેકાન્તદૃષ્ટિ જ પ્રવેશી શકે છે. આપ અભેદ હોવા છતાં આપની સત્તામાં અનંત પર્યાયભેદનો વૈભવ ભર્યો છે.–આમ સ્તુતિ કરીને છેવટે કહે છે કે–હે કેવળજ્ઞાનસૂર્ય! આપના દિવ્યપ્રકાશથી મને એવો ઝગઝગિત કરો કે હું સર્વ તરફથી ઝળકતો થકો સમસ્ત વિશ્વને પ્રકાશ્યા કરું.

[મંગલ શ્લોક : વંશસ્થવૃત્ત]

न वर्द्धते यासि च सर्वतुंगतामसीमनिम्नोसि विभोऽनमन्नपि ।
अवस्थितोप्यात्ममहोभिरद्‌भुतैः समन्तविस्तारततोवभाससे ॥

૧. હે ભગવાન! આપ વધતા ન હોવા છતાં સૌથી ઊંચા છો, કોઈને પણ નમતા ન હોવા છતાં અત્યંત નમ્ર છો, અને પોતામાં એકરૂપ અવસ્થિત હોવા છતાં અદ્‌ભુત આત્મ તેજ વડે સર્વ તરફ વિસ્તરેલા અવભાસો છો. ૧૦૧.

૨. હે દેવ! અનાદિ અનંત ક્રમને ચુંબનારા વૈભવના પ્રભાવથી જેમણે સમસ્ત કાળના પ્રભાવને રોકી લીધો છે, જેઓ પરિપૂર્ણ નિજદ્રવ્યના ગંભીર મહિમામાં અત્યંત નિશ્ચલ છે અને જેમનો ઉદય સનાતન છે એવા આ આપ સુશોભિત છો. ૧૦૨.

૩. હે ભગવાન ! જે સર્વ પ્રકારે જ્ઞાનમાત્ર સત્તાથી અનુસ્યુત છે, જેની વિભાવ ક્રિયા નષ્ટ થઈ ગઈ છે અને જે આદિ–મધ્ય અંતના ભેદ વગરનો છે એવો આ આપનો વૈભવ સંપૂર્ણપણે ચૈતન્યની સુંદરતાને પામ્યો છે. ૧૦૩.

૪. હે દેવ ! જો કે નિશ્ચયથી સર્વે પદાર્થોની સત્તારૂપ 'મહાસત્તા' આપને પણ પોતાની મહાનતામાં સમાવતી થકી આપનાથી ઘણી મોટી છે, તોપણ તે મહાસત્તા અહીં આપના જ્ઞાનમાં જ એવી રીતે સમાઈ ગઈ છે કે જાણે તે જ્ઞાનમાંથી જ ઉત્પન્ન થઈ હોય ! –કેમકે એવું કંઈ પણ નથી કે જે આપના જ્ઞાનનો અવિષય હોય. (–આ બધું જ આપના જ્ઞાનમાં છે.) ૧૦૪.

૫. હે વિભો ! જે શબ્દસત્તા, સમસ્ત શબ્દોનું અનુગમન કરવાથી ગંભીર છે, તથા સમસ્ત જગતને ગ્રહણ કરીને પણ આપના નિર્મળ જ્ઞાનમાં સમાઈ ગઈ છે, તે શબ્દસત્તા વડે ગગનમંડળમાં ચમકતી એક તારકા તિરસ્કૃત થાય છે. (મહાન કેવળજ્ઞાનસત્તાના એક ખૂણામાં પડેલી શબ્દસત્તા એટલી બધી નાની લાગે છે કે, 'આકાશની એક તારકા જેવડી' એવી ઉપમા પણ તેને લાગુ પડતી નથી.–આમ કહીને જ્ઞાનની મહાનતાનો મહિમા કરીને સ્તુતિ કરી છે.) ૧૦૫.

[અર્થસમય, શબ્દસમય, જ્ઞાનસમય–એમ ત્રણવિધ સત્તા છે. અર્થસત્તા કરતાં જ્ઞાનસત્તાનું મહાનપણું ચોથા શ્લોકમાં બતાવ્યું; ને શબ્દસત્તા કરતાં જ્ઞાનસત્તાનું મહાનપણું આ પાંચમાં શ્લોકમાં બતાવ્યું છે.]

૬. હે વિભો ! વિશ્વના અન્ય સમસ્ત પદાર્થોની અપેક્ષા વગર માત્ર નિજવસ્તુના ગૌરવથી જ જે આપના આત્મપ્રમાણ વર્તી રહી છે એવી જ્ઞાનસત્તા વડે જો કે પર પદાર્થો કદી પણ વ્યાપ્ત કરાતા નથી, તોપણ તે પદાર્થો ચિન્મયરૂપે (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયાકારરૂપે) શોભે છે. ૧૦૬.

૭. અથવા, અર્થમંડળથી બહાર તેનાથી જુદી કોઈ એકલી અર્થસત્તા સ્ફૂરાયમાન હોતી નથી; આપ પોતે પણ સમસ્ત અર્થમાળામાં રહીને ચૈતન્યસ્વરૂપ વડે તેને સદાય સાક્ષાત કરો છો. ૧૦૭.

૮. સમસ્ત વાચક સહિત શબ્દસત્તા જો કે કદી પણ પુદ્‌ગલપણાનું ઉલ્લંઘન કરતી નથી તોપણ હે દેવ ! તે શબ્દોની વાચકશક્તિ ખરેખર આપના ચૈતન્યના એક ખૂણામાં સંચાર કરે છે. ૧૦૮.

૯. બાહ્ય પદાર્થોનો અભાવ માનતાં અંતરંગ વસ્તુ કઈ રીતે હોય ? અને અંતરંગ વસ્તુ વિના બાહ્યવસ્તુ પણ હોતી નથી; તેમજ, પ્રમેયરહિત જ્ઞાનમાં પ્રમાણતા હોતી

નથી, અને પ્રમાણ–જ્ઞાન વગર પ્રમેયતા હોતી નથી. ૧૦૯.

૧૦. એ રીતે આત્મસ્પર્શી પ્રમાણ–પ્રમેયની સ્થિતિ હઠાત્ બાહ્યપદાર્થોનો નિષેધ કરવા અસમર્થ છે, કેમકે જ્ઞાનમાં જ્ઞેયપદાર્થોની જે જ્ઞાન–આકૃતિઓ અંકિત થઈ રહી છે તે બોલ્યા વગર જ સ્પષ્ટપણે વાસ્તવિક બાહ્યપદાર્થોના અસ્તિત્વને સૂચિત કરે છે. ૧૧૦.

૧૧. હે દેવ! ઈચ્છાજન્ય ઉપયોગની સ્ફુરણા વગર, સ્વવસ્તુમાં નિમગ્ન સુખાદિ ગુણ વડે વિભાવિત આપ એકતાને પામ્યા છો; વાચક–વાચ્યભાવ વિના સમગ્ર અર્થના વાચક એક 'સત્'ની જેમ. [અનંત ગુણો સાથે એકત્વપણે રહેલા આપનું શબ્દ સાથે વાચક–વાચ્યપણું બની શકતું નથી, કેમકે જેટલા ગુણો છે તેટલા વાચક–શબ્દો નથી. ઈચ્છા વગર બધા ગુણોનો રસ આપની અનુભૂતિમાં સમાઈ જાય છે,–જેમ 'સત્'માં બધા અર્થો સમાઈ જાય છે તેમ.] ૧૧૧.

૧૨. ક્રમપૂર્વક પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટ વિભૂતિથી ભરેલા સ્વભાવમાં જ નિરંતર લીન રહેનારા હે જિન! આપનો આ વિવર્તમાન–પરિણમનશીલ સમસ્ત સહભાવી ગુણોનો વૈભવ સર્વ તરફથી એક સાથે પ્રકાશી રહ્યો છે. ૧૧૨.

૧૩. હે સ્વામી! ક્રમ તથા અક્રમવડે પ્રાપ્ત થતા પર્યાય તથા ગુણરૂપ વિશેષોને ગૌણ કરવાથી અખંડ–એક–સહજ–સનાતન અને નિર્બાધ એવા આ સત્‌માત્ર તત્ત્વને આપ સ્પષ્ટપરૂપે સર્વ પ્રકારે સદાય દેખો છો. ૧૧૩.

૧૪. હે દેવ! પ્રદેશભેદ તથા ક્ષણભેદથી ખંડિત એવા સમસ્ત અંતરંગ તેમજ બહિરંગ પદાર્થોને દેખનારા આપના જ્ઞાનમાં અમૂર્ત કે મૂર્ત તેમજ ક્ષણવર્તી કે અણુપ્રદેશોરૂપ પદાર્થો કેવળ ઊછળે છે (–માત્ર જ્ઞેયરૂપે ઝળકે છે). ૧૧૪.

૧૫. સત્ પોતે એક–અખંડ–નિરંશ હોવા છતાં ક્રમથી અંશકલ્પના વડે અંતિમ અંશની હદ સુધી જેનો વિસ્તાર છે અને તેથી પણ આગળ અવિભાગ–અંશ વગેરે પ્રકારે જે સૂક્ષ્મતાને પામે છે એવો અનંત–તત્ત્વવિભાગ (તત્ત્વના અનંત ભેદો) આપના જ્ઞાનમાં સર્વદા પ્રકાશમાન છે. ૧૧૫.

૧૬. વસ્તુની અખંડ સત્તાપૂર્વક તેમાં જે ઘણા દ્રવ્યખંડ (ભેદ–પ્રભેદ) છે તે બધા સંપૂર્ણપણે આપનામાં પ્રવેશે છે અને ત્યાં જ લીન થઈ જાય છે. હે દેવ! (આશ્ચર્ય છે કે) આપનામાં તે પદાર્થો ન હોવા છતાં, તેમજ તેમના પ્રદેશો ન હોવા છતાં, તેઓ પૃથક્-પૃથક્‌પણે આપના જ્ઞાનમાં ઝળકી રહ્યા છે,–પ્રતિબિંબિત થઈ રહ્યા છે. ૧૧૬.

૧૭. જેઓ એકબીજામાં મળેલાં હોવા છતાં અર્થાત્ જ્ઞાનમાં એકક્ષેત્રાવગાહી હોવા

છતાં પોતપોતાની ભિન્ન સત્તાવડે પ્રકાશમાન છે—એવા સત્—પદાર્થોને એકસાથે સંપૂર્ણપણે જ્ઞાનમાં સંચિત કરનારા (જાણનારા) એવા આપનો સામાન્ય—વિશેષ પ્રત્યેનો મૈત્રીભાવ સનાતનપણે શોભે છે. ૧૧૭.

૧૮. હે દેવ ! પરસ્પર કારણ—કાર્યભાવથી વારંવાર વિચિત્ર પરિણામને પામતા સમસ્ત પદાર્થો અનંત હોવા છતાં, દ્રષ્ટા એવા આપના જ્ઞાનમાં ફરીને પણ તેઓ અનંતતાને પામે છે. (આપના જ્ઞાનમાં પણ તે પદાર્થો અનંતપણે જ દેખાય છે). ૧૧૮.

૧૯. હે ભગવાન ! આ લોકમાં અર્થપર્યાયો તેમજ વ્યંજનપર્યાયો દ્વારા જે ભેદને પામે છે—વિદારિત થાય છે તો પણ, પોતાની સ્વરૂપસત્તાથી ગાઢ નિયંત્રિત છે,—અર્થાત્ પર્યાયો અનંતવાર નષ્ટ થવા છતાં જે સ્વરૂપ—અસ્તિત્વને કદી છોડતું નથી, એવું સમગ્ર દ્રવ્ય આપના જ્ઞાનમાં એક સાથે સ્પષ્ટપણે ઝળકે છે. ૧૧૯.

૨૦. પર્યાયો દ્રવ્યને છોડવા સમર્થ નથી તથા દ્રવ્ય પણ પર્યાયોને છોડતું નથી; સ્કંધગત પુદ્ગલો ભેદને છોડતા નથી અને પૃથક્ દ્રવ્યગત સત્ પોતાની એકતાને છોડતું નથી. ૧૨૦.

૨૧. હે ભગવાન ! અભેદરૂપ તેમજ ભેદરૂપ પ્રતિપત્તિ વડે દુર્ગમ, અતિ મહાન, અગાધ અને અદ્ભુત તત્ત્વના માર્ગમાં, આપની અનાકુળ દૃષ્ટિઓ જ સમસ્ત સીમામાં અસ્ખલિત હોવાથી ચારે તરફ વિચરણ કરે છે. ૧૨૧.

૨૨. હે જિન ! અભિન્ન તેમજ ભિન્નરૂપે સ્થિત સમસ્ત પદાર્થસમૂહને સદા પ્રત્યક્ષરૂપે દેખનારા આપનો આ આત્મા સ્પષ્ટપણે અભેદ સત્તારૂપ હોવા છતાં અનંત પર્યાયના ભેદરૂપ વૈભવથી સંપન્ન છે. ૧૨૨.

૨૩. હે વિભુ ! આપની વિભૂતિઓ અનાકુળતા વગેરે સ્વલક્ષણોથી સુખાદિરૂપ છે, નિજ વસ્તુના હેતુરૂપ છે, પોતામાં પરિપૂર્ણ છે તથા અગાધ જ્ઞાન વડે ઝળહળતી છે; આપની આવી અનંત વિભૂતિઓ એક સાથે વિલસી રહી છે. ૧૨૩.

૨૪. આત્માશ્રિત હોવાથી સ્વરૂપમાં નિમગ્ન એવો અનંત ચતુષ્ટયરૂપ અંતરંગ વૈભવ, તથા પરાશ્રિત હોવાથી સમવસરણમાં સ્થિત એવો અષ્ટપ્રાતિહાર્યરૂપ બહિરંગ વૈભવ,—એવા આ સંપૂર્ણ વૈભવને પ્રકાશનારા હે જ્ઞાનભાનુ ! અનંત વિજ્ઞાનવડે કર્મની ઘનઘોર ઘટાને દૂર કરનારા આપ ઉદિત થયા છો, તે હવે કોઈ બીજા વડે આચ્છાદિત થતા નથી. ૧૨૪.

૨૫. હે પ્રભો ! તપ વડે સૂકાયેલા એવા મને અત્યંત દેદીપ્તમાન પ્રકાશ વડે એવો પ્રજ્વલિત કરો કે જેથી આ હું મને—પોતાને, તેમજ સમસ્ત ચરાચર વિશ્વને અત્યંત

ઘર્ષણ વડે પ્રજ્વલિત કરતો થકો સર્વ તરફથી ઝળક્યા કરું ! (આમાં શ્રુતચિનગારીમાંથી મોટા કેવળજ્ઞાન–ભડકારૂપે પરિણમવાની ભાવના છે.) ૧૨૫.

[ઇતિ સર્વજ્ઞગુણસ્તવનરૂપ 'શક્તિમણિતકોશ'માં પંચમ અધ્યાય પૂર્ણ]

## * મારા હૃદયમાં.....તારા ગુણ *



પ્રભો ! જગતમાં સૌથી મહાન એવા આપને તો મેં મારા અંતરમાં પૂરી દીધા છે...હવે મને સંસારમાં કોનો ડર ! આપને મારા અંતરમાંથી હું કદી બહાર નીકળવા નહીં દઉં. અને જ્યાં આપ બિરાજતા હો ત્યાં મોહનું જોર કેવું !

*

હું, આપના બાહ્ય વૈભવોથી આકર્ષાઈને નહિ પણ આપના ચૈતન્યગુણરૂપ અંતરંગવૈભવથી આકર્ષાઈને આપનો સેવક થયો છું ને આપના જેવા ચૈતન્યગુણોની મારામાં ઉપલબ્ધિ માટે હું આપની ઉપાસના કરું છું.

"જેવા ગુણો છે આપમાં.....તેવા ગુણો છે મુજમાં;
તે પ્રગટ કરવા ભાવથી....મુજ ભક્તિ છે બસ તુજમાં."

*

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

# [૬] સર્વજ્ઞસ્તવન : છઠ્ઠું

# સાધુદશાથી માંડીને સિદ્ધપદના ચિંતનરૂપ સ્તવન

**ઉપોદ્‌ઘાત :** 'અહા, જ્ઞાનભાવના વડે આપ મારા અંતરમાં પ્રવેશ કરો ત્યાં હું એક નિર્વિકલ્પ ચૈતન્યરૂપ થઈ જાઉં છું' આવા ભાવપૂર્વક સર્વજ્ઞદેવની સ્તુતિ કરતાં સ્તુતિકાર, ભગવાનની સાધુદશાથી માંડીને સિદ્ધદશાનું સ્વરૂપ ચિંતવે છે : સમ્યકત્વપૂર્વકની ચારિત્રક્રિયામાં તન્મય એવા હે જિન ! આપ સ્વયં શીલરૂપ છો; વૈરાગ્યમાં તત્પર મુનિ થઈને બ્રહ્મપથમાં આપ એકાકી વિચરતા હતા. ક્ષપકશ્રેણીના ઉગ્ર પ્રહારો વડે કષાયકર્મરજને ક્ષીણ કરીને આપ બંધરહિત થયા.....મુક્તિ એકદમ નજીક આવી ને કેવળજ્ઞાનની આનંદકળાઓ ખીલવા લાગી. આપનામાં જ્ઞાતૃત્વ પૂર્ણ હતું પણ આપ કર્તૃત્વરહિત હતા. પછી આપ આશ્ચર્યકારી સિદ્ધત્વને પામ્યા.....આપના સામાન્યરૂપ ગંભીર નદીના જળપ્રવાહ વડે આપ આપના વિશેષોરૂપી લતાને સીંચી રહ્યા છો. પ્રમાતા–પ્રમેયના ભેદોથી આપનું જ્ઞાન ખંડિત થતું નથી. આનંદની પરંપરારૂપ માળાઓ આપનામાં નિરંતર ઉલ્લસે છે.–હે દેવ ! આપના આવા સ્વરૂપની ભાવના વડે જ્યાં આપ મારા હૃદયમાં પ્રવેશ કરો ત્યાં નિર્વિકલ્પતા થઈ જાય છે....

[મંગળ શ્લોક : વંશસ્થવૃત્ત]

क्रियैकमूलं भवमूलमूल्वणं क्रियामयेन क्रिययैव निघ्नता ।
क्रियाकलापः सकलः किल त्वया समुच्छलच्छीलभरेण शीलितः ॥

૧. જે મિથ્યાપ્રવૃત્તિરૂપ ક્રિયાનું મુખ્ય કારણ છે તથા ભયાનક ભવનું મૂળ છે–એવા મિથ્યાત્વને, સમ્યક્ત્વપૂર્વકની ચારિત્રક્રિયા વડે જ નષ્ટ કરનારા; તથા તે ચારિત્ર–ક્રિયામાં તન્મય, અને શીલસમૂહથી વૃદ્ધિગત એવા હે જિન ! આપે સમસ્ત ક્રિયાકલાપને ખરેખર શીલરૂપ કર્યો છે.–આપની સમસ્ત ક્રિયાઓ સ્વભાવમાં રમણતારૂપ છે. ૧૨૬.

૨. હે દેવ ! તીવ્ર વૈરાગ્યપરાયણ ચિત્ત વડે સમસ્ત ભોગોને અત્યંત છોડીને જેઓ કાંક્ષારહિત–નિસ્પૃહ હતા, જેઓ આ જગતમાં પોતાના જીવનને તપરૂપી અગ્નિમાં હોમતા

હતા, તથા ભવનો નાશ કરવા માટે જેઓ 'कुतूहली'–ઉત્સુક હતા, એવા આપ સાધુદશામાં અત્યંત શોભતા હતા. ૧૨૭.

૩. હે વિભુ ! જેના પર અનાદિકાળથી ચાલ્યા એવા ભવના પથને શીઘ્ર છોડીને જેઓ મોક્ષમાર્ગમાં ચાલવા લાગ્યા–એવા આપ, સંસારના ઘણા લાંબા પથને પાર કરીને કોઈ પણ રીતે હવે મોક્ષમાર્ગને પામ્યા છો. ૧૨૮.

૪. અતૂટ ધૈર્યવાન, અત્યંત ગંભીર બ્રહ્મપથમાં એકાકી વિચરનારા તથા નિરાકુળ એવા હે ભગવંત ! અત્યંત ઉદ્ધત અને ક્રૂર કષાયચોરો આપને જરા પણ તિરસ્કૃત ન કરી શક્યા,–જરા પણ ડરાવી ન શક્યા. ૧૨૯.

૫. હે દેવ ! આપે અંતરંગમાં આત્માની વિશુદ્ધિ વધારનારા તપ વડે ઘણાં કર્મોના સમૂહને બળપૂર્વક પકાવીને, પ્રબળ ઉદયાવલિને પણ વારંવાર પૂરિત–રેચિતને અંતરિત કરીને નષ્ટ કરી. ૧૩૦.

૬. હે દેવ ! પછી જેમણે ક્ષપકશ્રેણી પર આરોહણ કર્યું છે એવા આપે, ક્ષણે ક્ષણે વૃદ્ધિગત–અસ્ખલિત–એક ધારા વડે અખંડ ઉત્સાહરૂપ પરાક્રમથી જોરદાર પ્રહારો કરીકરીને પ્રતિક્ષણે કષાય–કર્મરજનું ક્ષપણ કર્યું. ૧૩૧.

૭. ગુણસ્થાનશ્રેણીમાં ઉપર–ઉપર ચડનારી ધ્યાનમાળા વડે વિશુદ્ધ થઈને જેઓ વીતરાગતારૂપ વિભૂતિની સન્મુખ થયા છે તથા નિષ્ઠુરપણે કષાયોને નષ્ટ કરનારા છે એવા આપે બાદરકૃષ્ટિ તથા સૂક્ષ્મકૃષ્ટિનો નાશ કર્યો. ૧૩૨.

૮. હે જિનેન્દ્ર ! સર્વ પ્રકારે અનંતગુણી શુદ્ધિરૂપે પરિણમીને જેઓ અદ્ભુત પ્રકાશવાળા થયા છે–વીતરાગજ્ઞાન વડે શોભી રહ્યા છે તથા સૂક્ષ્મરૂપ એવા સંજ્વલન રાગને પણ જેમણે નષ્ટ કર્યો છે એવા આપ ક્ષણમાત્રમાં ક્ષીણકષાયરૂપ અવસ્થાને પામ્યા. ૧૩૩.

૯. હે વીતરાગ જિનેન્દ્ર ! કષાયો સર્વથા નષ્ટ થઈ જવાથી જેમને વીતરાગતાથી શોભતી અત્યંત સુંદર અવસ્થા પ્રાપ્ત થઈ છે, જેઓ સામ્પરાયિક–આસ્રવ સંબંધી કષાયની સીમાને પાર કરીને અંતિમ ઈર્યાપથ–ક્રિયામાં પ્રવેશ્યા છે, તથા કષાયકલંક નષ્ટ થઈ જવાથી જેઓ ઊજળા થયા છે,–એવા આપ, (તે બારમા ગુણસ્થાને) સ્થિતિ અને અનુભાગ બંધથી રહિત થયા હતા. ૧૩૪.

૧૦. ત્યારપછી, ધીમે ધીમે ક્રમપૂર્વક પૂર્ણ ઉદ્યોગરૂપ સંપત્તિ વડે જેમણે મુક્તિને એકદમ નજીક કરી લીધી છે તથા જેઓ અતિશય સુંદર છે–એવા આપની ચિત્ત–ભૂમિમાંથી સમસ્ત કલંક–કાલિમા નષ્ટ થઈ ગઈ હતી અને હર્ષરૂપ ઉત્કૃષ્ટ કળીઓ પ્રફુલ્લિત થઈને ખીલી રહી હતી. ૧૩૫.

૧૧. હે ભગવાન ! આપની તે ખીલી રહેલી ચૈતન્યકળી, સમતા—સુધારૂપ આનંદના ભારથી પીડિત થતાં અત્યંત વિકસીત થઈને ખીલી ગઈ; તે ખીલી જતાં લોકાલોકરૂપ સમસ્ત વિશ્વના ઉદર મધ્યે ઝળહળતા દીપકની જ્યોતની અદ્ભુત શોભારૂપ લીલાસહિત કેવળજ્ઞાન ઉદય પામ્યું. ૧૩૬.

૧૨. હે સર્વજ્ઞદેવ ! તે સમયે, સ્વયં પોતાથી જ સમસ્ત પદાર્થોની વાસ્તવિક સ્થિતિને પ્રત્યક્ષ જાણી લેનારા, તથા સમસ્ત પદાર્થોના કર્તૃત્વમાં નિરુત્સુક—ઉદાસીન એવા આપ, એક ચૈતન્યરસના ઢગલાથી વિસ્તાર પામેલા સંપૂર્ણ વિજ્ઞાનઘન હતા. ૧૩૭.

૧૩. ત્યારપછી આયુકર્મ ક્ષીણ થતાં, બાકી રહેલાં શક્તિહીન કર્મોને ખલાસ કરીને આપ અનંત અદ્ભુત—આશ્ચર્યકારી સિદ્ધત્વને પામ્યા અને વિશુદ્ધ જ્ઞાનમય ઊંચા ધામમાં નિશ્ચલ થયા. ૧૩૮.

૧૪. હે પ્રભો ! આપ એક ચૈતન્યધાતુરૂપ હોવા છતાં આપની પૂર્ણતા વીર્યાદિ અનંત ગુણો વડે રચવામાં આવી હતી. આ જગતમાં દ્રવ્ય પોતાના વસ્તુત્વને છોડીને અન્ય દ્રવ્યની પર્યાયો સાથે કદી પણ એકરૂપતાને પામતું નથી. ૧૩૯.

૧૫. પોતાના સ્વવીર્યની સહાયતાના બળથી, અત્યંત શ્રેષ્ઠ—ગૌરવપૂર્ણ સમસ્ત સ્વધર્મોની માળાને દેખતા થકા આપે, સાથે સાથે અનંતધર્મોની ઉત્કૃષ્ટ માળાને ધારણ કરનારા ત્રણે જગતને પણ દેખી લીધા. ૧૪૦.

૧૬. ત્રણ કાળમાં ઉત્પન્ન થનારી અનંત પર્યાયોના વિસ્તારથી ભરેલી સમસ્ત વસ્તુઓ સાથે સમપણે—એક સાથે વ્યક્ત થનારા આપ, નિશ્ચયથી કેવળજ્ઞાનરૂપ એક હોવા છતાં સ્વયં અનંતપણાને પામ્યા છો. ૧૪૧.

૧૭. હે દેવ ! આ સમસ્ત પદાર્થસમૂહમાં જે કાંઈ વર્તી રહ્યું છે, ભવિષ્યમાં થશે તથા પૂર્વે થઈ ચૂક્યું—તે બધુંય સ્વયં કેવળજ્ઞાનરૂપ જ્યોતિષી એવા આપનામાં સ્વયમેવ એકસાથે પ્રતિબિંબિત થઈને ભાસી રહ્યું છે. ૧૪૨.

૧૮. પોતાના આત્મપરાક્રમથી સ્ખલિત થયા વિના, ચરાચર જગતને તૃષ્ણારહિતપણે જાણનારા હે જિનેન્દ્ર ! સ્વભાવથી અત્યંત તૃપ્ત એવા આપનાં આ ચૈતન્યકિરણો, પર પદાર્થથી પાછા વળીને આપનામાં જ ઝગમગાટ કરતા શોભી રહ્યા છે. ૧૪૩.

૧૯. હે પ્રભો ! સામાન્યરૂપ ગંભીર નદીના અનંત પ્રવાહ વડે પોતાનાં વિશેષોરૂપ લતાઓને સીંચનારા આપે, બીજાઓ દ્વારા અગોચર એવા ત્રૈકાલિક સંપૂર્ણ આત્માને પોતાના આત્મા વડે અનુભવરૂપ કર્યો છે. ૧૪૪.

૨૦. અનંત જ્ઞેયોની અપેક્ષાએ અનંત ભેદોમાં વિભક્ત એવા આત્મતેજને (અર્થાત્

કેવળજ્ઞાનનાં કિરણોને) સંપૂર્ણપણે આત્મમહિમામાં સમેટીને જેઓ એકત્રિત કરી રહ્યા છે, તથા જેમનું અનંત બળ પોતાના આત્મામાં જ વ્યાપાર કરી રહ્યું છે એવા આપ અનેકરૂપતાને પામેલા આ આત્માને અત્યંત સ્પષ્ટ દેખો છો. ૧૪૫.

૨૧. હે જિન ! પ્રમાતા–પ્રમેય વગેરે ભેદોથી જેનો વૈભવ ખંડિત થતો નથી એવા એક પ્રમિતિમાત્ર (જ્ઞપ્તિમાત્ર) ભાવને પામેલા આપ, અગાધ–ગંભીર જ્ઞાન–કિરણોથી યુક્ત સ્વકીય તીક્ષ્ણતાને જરા પણ છોડતા નથી. ૧૪૬.

૨૨. હે દેવ !. અનંતરૂપને સ્પર્શનારા (જાણનારા), શાંતપ્રકાશયુક્ત પ્રગટ ઔજસ–પ્રભાવ સહિત અને અત્યંત સ્પષ્ટ પ્રકાશમાન એવા આપના આત્માને વિષે, ચૈતન્યની એકતા સાથે સંકલિત અને સર્વ તરફથી તીક્ષ્ણ અનુભવસહિત એવી આ સ્વશક્તિઓ સ્ફૂરાયમાન છે. ૧૪૭.

૨૩. હે સ્વામી ! આ જગતમાં અનંત વિજ્ઞાનસ્વરૂપ અનંત આત્માને પોતાના આત્મા વડે આપ પુષ્ટ કરી રહ્યા છો; પ્રચંડ પુષ્ટિ (સ્વાવલંબન)થી આપની સ્વશક્તિઓનો સમૂહ જોરપૂર્વક પ્રગટી રહ્યો છે અને તેનાથી આપ સ્વયં શોભી રહ્યા છો. ૧૪૮.

૨૪. હે ભગવાન ! સ્વરૂપમાં ગુપ્ત, નિરાકુળસ્વરૂપ અને પરથી નિરપેક્ષ એવા આપની, સુનિર્ભર સ્વાનુભવમાત્રથી જ ગોચર એવી આ આનંદની પરંપરારૂપ માળાઓ નિરંતર ઉલ્લસી રહી છે. ૧૪૯.

૨૫. હે દેવ ! લોહપિંડની અંદર પ્રવેશ કરનારા પ્રચંડ અગ્નિસમાન આપ, આ ભાવના વડે બળપૂર્વક મારા અંતરમાં પ્રવિષ્ટ થઈને જો હજી પણ મને (આપના જેવો) એક–નિર્વિકલ્પ ચૈતન્યરૂપ નથી કરતા, તો તે આ મારો પોતોનો જ જડતાગુણ છે. ૧૫૦.

[ઇતિ શ્રીમાન્ અમૃતચંદ્રસૂરિરચિત સર્વજ્ઞ–ગુણસ્તવનરૂપ લઘુતત્ત્વસ્ફોટ શાસ્ત્રમાં છઠ્ઠો અધ્યાય પૂરો થયો.]

શક્તિમણિતકોશ.



સર્વજ્ઞગુણ-સ્તવન

## (૭) સ્તવન : સાતમું

# પરમાનંદનો પિપાસુ સાધક કહે છે– અલ્પજ્ઞાન વડે હું આખા પરમાત્માને પી જાઉં છું.

**ઉપોદ્‌ઘાત** : હે દેવ ! સંસાર–દુઃખથી ભયભીત થયેલો હું આપના જ્ઞાનપાલવને જોરથી વળગીને તેની છાયામાં આવ્યો છું. પ્રભો ! મારું જ્ઞાન ઘણું અલ્પ છે. પિપાસુ એવા મુઝ પર કૃપા કરીને આપ જે જ્ઞાનામૃતનો ધોધ વરસાવી રહ્યા છો તેને હું થોડું જ પી શકું છું.....છતાં તે અમૃતબિંદુ વડે મારું જ્ઞાન એવું વિકસી રહ્યું છે કે સ્વસંવેદનમાં હું આપને આખા પી જાઉં છું. આ જ્ઞાનરસાયણ વડે હું ધ્રુવપણે આપના જેવો થઈશ. પ્રભો ! મારે માટે સર્વજ્ઞપદ હવે દૂર નથી, નજીક જ છે.

હે 'જ્ઞ–સ્વભાવી !' આપ તો જ્ઞાનરસમાં જ લીન છો. આપની ચૈતન્યસીમામાં વિશ્વસંપદાઓ સમાયેલી છે, આપ જ્ઞાતા જ છો; ક્રિયાઓ આપનામાં શાંત થઈ ગઈ છે. આપના કેવળજ્ઞાનમાં ક્રિયા–કારકોનો ભેદ રહ્યો નથી. આપનું કેવળજ્ઞાન–તેજ જ્ઞેયપરિવર્તન વગરનું છે. આપ પરિતૃપ્ત છો. આપના મહિમાની કોઈ હદ નથી. પ્રભો ! મારા સ્વસંવેદનમાં પુષ્કળ પ્રભાવાળા આપ પ્રકાશમાન છો ત્યાં હવે, મારામાં તો શું પણ જગતના કોઈ ખુણામાંય અંધકાર રહ્યો નથી.–આમ સર્વજ્ઞપદના ઘણા ઘણા મહિમાપૂર્વક સ્તુતિ કરીને છેવટે કહે છે કે પ્રભો ! આપની ચૈતન્યમહત્તાની અનુભૂતિ તો આપનાથી જ થઈ શકે, અથવા આપના અનુગ્રહ વડે જેને જ્ઞાનપ્રકાશ વૃદ્ધિગત થઈ રહ્યો છે તે જ કરી શકે.

[મંગલ શ્લોક : વંશસ્થવૃત્ત]

असीमसंसारमहिम्नि पंचधा व्रजन् परावृत्तिमनंतशोऽवशः ।
लगाम्ययं देव बलात्चिदंचले स्वधाम्नि विश्रांतिविधायितस्तव ॥

હે દેવ ! આ અપાર સંસારરૂપ મહા અટવીમાં વિવશપણે અનંતવાર પંચવિધ–પરાવર્તનને પામેલો હું (અતિશય દુઃખથી હવે થાક્યો છું તેથી), સ્વધામરૂપ આત્મગૃહમાં વિશ્રામ કરનારા આપના ચૈતન્ય–અંચળની નીચે જોરપૂર્વક સંલગ્ન થાઉં

છું-શરણ પામવા માટે આપના જ્ઞાનપાલવને જોરપૂર્વક વળગું છું. ૧૫૧.

૨. હે દેવ ! કષાયસમૂહ સાથે સંઘર્ષણથી શેષ બચેલી એક અલ્પમાત્ર જ્ઞાનકળા વડે આપની અચિંત્ય વિભૂતિના પ્રકાશન માટે ઉદ્યમવંત એવા મારો પ્રકાશ તો કેટલોક હોય? જેમ અર્ધદગ્ધ લાકડાના તેજથી કદી પણ દિવસનો પ્રકાશ નથી થતો (તેમ અલ્પજ્ઞાન વડે સર્વજ્ઞનો પૂરો વૈભવ કહી શકાતો નથી). ૧૫૨.

૩. હે સ્વામી ! મારું જ્ઞાનતેજ કંઈક પ્રગટ છે તથા કંઈક અનાદિથી ઢંકાયેલું છે, કેટલુંક પ્રકાશમાન છે તથા કેટલુંક અત્યંત બુઝાયેલું છે, કેટલુંક પદાર્થોને સ્પર્શે છે-જાણે છે ને કેટલુંક નથી સ્પર્શતું; આવું મારું જ્ઞાનતેજ આપની સમક્ષ કરુણપણે ઝંખવાઈ જાય છે. ૧૫૩.

૪. હે નાથ ! અત્યંત વત્સલ આપ સકલ જગતને છોડીને સ્વયં મારા ઉપર જોરથી મહાન અમૃત વરસાવી રહ્યા છો; પરંતુ અજ્ઞાનથી દુર્બળ મારા જેવા પ્રાણીઓ અત્યંત પ્યાસા હોવા છતાં તે અમૃત કેટલું થોડું પી શકે છે ! ૧૫૪.

-તોપણ-

૫. હે ભગવાન ! આ આપના જ્ઞાનામૃતનું એક બિંદુ પણ, ઉત્તમ ફળના અભિલાષી મારા માટે આજ ઉત્તમ-ઔષધિની માત્રા સમાન છે; તેના દ્વારા જેનું જ્ઞાનતેજ અનુક્રમે વૃદ્ધિ પામ્યું છે-એવા મારા વડે જ આપ સંપૂર્ણ પી જવા યોગ્ય છો. (મારા સ્વસંવેદનમાં હું આપને જ આખા પી જાઉં છું.) ૧૫૫.

૬. હે પ્રભો ! નિરંતર જ્ઞાનરસાયણ પીનાર તથા અંતર-બાહ્ય સંયમમાં અખંડિત એવો હું સ્વયં ધ્રુવપણે આપના જેવો થઈ જઈશ. ખરેખર સંયમને ધારણ કરનારા જીવો વડે શું નથી સધાતું ?-તેઓ પરમાત્મપદને પણ સાધી લ્યે છે. ૧૫૬.

૭. હે સર્વજ્ઞ વિભો ! શક્તિની ન્યૂનતાને કારણે અસંખ્ય સંયમલબ્ધિસ્થાનોમાં સ્થિત એવા મારે માટે, સર્વ ગુણસ્થાનશ્રેણીના સર્વોચ્ચ સ્થાનરૂપ આપનું આ સર્વજ્ઞપદ કેટલુંક દૂર છે ? (-બહુ દૂર નથી, નજીક જ છે.) ૧૫૭.

૮. હે વિભો ! ઊંચે-ઊંચે વૃદ્ધિગત થતી વીર્યસમ્પદા વડે હું આપના તત્ત્વનું ભેદજ્ઞાન કર્યા કરું છું; કેમકે જેને સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની ઉપલબ્ધિ નથી થઈ એવા યોગીનું ચિત્ત અધૂરા જ્ઞાન વડે તૃપ્તિને પામતું નથી. ૧૫૮.

૯. હે દેવ ! નિરંતર અથક વિવેકધારા વડે અત્યંત દારૂણ ઉદ્યમ કરનાર એવા મારી મનોભૂમિ સ્વયં ક્ષણમાત્રમાં નિરાવરણ થઈ ગઈ છે અને તેમાં આશ્ચર્યકારક અભ્યુદયો ઉલ્લસિત થયા છે; આવી તે મનોભૂમિ જયવંત વર્તે છે. ૧૫૯.

૧૦. હે સ્વામી ! સમતા ભાવરૂપી અમૃત વડે ગાઢ કર્મોને અત્યંત ધોઈ નાંખીને, કષાયરૂપ કલુષતાને દૂર કરતાં વેંત અત્યારે હમણાં જ શીઘ્ર મને પ્રત્યક્ષ–જ્ઞાનમંડળ પ્રગટ થયું છે, અને તેથી જોરપૂર્વક આપના તેજનો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. ૧૬૦.

૧૧. આત્મા સાથે તાદાત્મય વડે આત્માને જાણનારા હે જ્ઞ–સ્વભાવી ભગવાન ! રાગાદિ દુષ્ટ રોગોનું શોષણ કરનારા આપે તો એક ચૈતન્યવૃત્તિનો આશ્રય કર્યો, –જ્ઞાનસ્વભાવમાં એકમાં જ લીનતા કરી; પરંતુ આપનાથી અન્ય અજ્ઞાની–બાલજીવો તો રાગજ્વર સાથે તાદાત્મ્યની લાલસાથી વિષતુલ્ય વિષયોમાં પ્રવેશ કરે છે. ૧૬૧.

૧૨. સંયમની સીમામાં વર્તતી કોઈ–કોઈ ક્રિયામાં રત હોવા છતાં બીજી ક્રિયાઓને નષ્ટ કરીને આપે ઉત્કૃષ્ટ ચૈતન્યના અનન્ય વિક્રમ વડે જોરપૂર્વક આ સમસ્ત કર્તૃત્વને દૂર કર્યું છે. ૧૬૨.

૧૩. હે દેવ ! ચરાચર સમસ્ત વિશ્વને જોરથી પીને (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયપણે સમાવી દઈને) કર્તૃત્વ વગરના જ્ઞાનધામમાં સુસ્થિત એવા આપ, સ્વકીય ચૈતન્યધાતુના પોષણ વડે પુષ્ટ કરાયેલા નિજ–વપુને (ઇષ્ટરૂપ જ્ઞાનસ્વરૂપને) ઉત્સુકતા વગર નિરંતર દેખો છો. ૧૬૩.

૧૪. જેઓ પોતાના સર્વોત્કૃષ્ટ મહિમામાં સમ્યક્ સ્થિતિને પામ્યા છે તથા જેમની સ્વકીય ચૈતન્યસીમામાં વિશ્વની બધી સંપદાઓ જ્ઞેયપણે સમાયેલી છે એવા હે દેવ ! આપે છિદ્રરહિત અત્યંત ઘટ્ટરૂપે ધારણ કરેલી આ સ્વશક્તિઓ સ્વભાવની સીમાને ભેદતી નથી. ૧૬૪.

૧૫. હે સ્વામી ! આપનું મહાન તેજ મોટા–નાના સમસ્ત પદાર્થોને પોતામાં નિમગ્ન કરી રહ્યું છે, અનંત–અદ્ભુત–સત્ય વૈભવવાળું છે, આત્માના સ્વતત્ત્વમાં જ સ્ફૂરાયમાન છે, પોતામાં જ નિયંત્રિત છે,–આત્માથી બહાર વર્તતું નથી, તથા ઊછળતા ચૈતન્યતરંગો વડે તરંગિત છે;–આવું આપનું આ ચૈતન્યતેજ જયવંત છે. ૧૬૫.

૧૬. હે જિનેન્દ્ર ! પોતાની સીમામાં રહેલા આ વિશ્વને, આપ જો કે પોતાના જ્ઞાનકિરણોના મોટા સમૂહ વડે સ્પર્શ કરો છો તોપણ, જેમની સ્વભાવસીમા સદાય અલંઘનીય છે એવા આપ વિશ્વમાં ક્યાંય પણ બીજા વડે અભિભૂત થતા નથી. ૧૬૬.

૧૭. વિશ્વના સમસ્ત પદાર્થો એકબીજાને બાધા પહોંચાડ્યા વિના પોતપોતાની શાશ્વતી સ્વભાવસીમાને સ્પર્શે છે (તેમાં જ તન્મયરૂપ વર્તે છે); કોઈ રીતે પરદ્રવ્ય અન્ય દ્રવ્યનું થતું નથી; તેથી હે જિન ! શુદ્ધજ્ઞાતારૂપે રહેનારા એવા આપનામાં ક્રિયાઓ શાંત થઈ ગઈ છે. ૧૬૭.

૧૮. હે પ્રભો ! આપનું આ કેવળજ્ઞાન–તેજ કર્તા નથી, માત્ર જ્ઞાતા છે, અદ્ભુત સ્પષ્ટ પ્રકાશવાળું છે, સતત ઉદિત છે, સ્વશક્તિઓ વડે અતિશયપણે આત્માથી જ આત્મામાં ધારણ કરાયેલું છે (તેમાં અન્ય કોઈની સહાય નથી), અને તે કદી પણ સ્ખલિત થતું નથી. ૧૬૮.

૧૯. –આવું આપનું કેવળજ્ઞાન–તેજ અત્યંત પ્રત્યક્ષ વિકાસવાળું છે, વળી તે ઉલ્લસતું–શોભતું છે, દિશા અને કાળનો વિભાગ તેમાંથી અસ્ત થઈ ગયો છે, તે એકલું છે, તેનું ક્રિયા–કારકનું ચક્ર તૂટી ગયું છે, તે સ્વભાવમાત્ર જ છે અને અક્રમે–એકસાથે સર્વ તરફ ફેલાય છે. ૧૬૯.

૨૦. હે દેવ ! અનંત આનંદના અવિરત ઉલ્લાસરૂપ વિલાસથી પરિપૂષ્ટ એવી સ્વશક્તિઓના સમૂહ વડે ધારણ કરાયેલું આપનું કેવળજ્ઞાન–તેજ જ્ઞેયોમાં પ્રવર્તતું નથી તેમજ તેનાથી નિવર્તતું પણ નથી (અર્થાત્ એક જ્ઞેયમાંથી બીજા જ્ઞેયમાં પલટાતું નથી), પરંતુ નિરાકુળપણે પોતાના સ્વભાવમાં જ પ્રકાશ્યા કરે છે. ૧૭૦.

૨૧. હે ભગવાન ! આપ આત્મતેજથી પરિપૂર્ણ હોવા છતાં ફરીને પરિપૂર્ણ થઈ રહ્યા છો, સ્વતઃ અત્યંત તૃપ્ત હોવા છતાં ફરીને અત્યંત તૃપ્ત થઈ રહ્યા છો, અને અસીમ વૃદ્ધ (વૃદ્ધિગત) હોવા છતાં ફરીને પણ અત્યંત વૃદ્ધિને પામી રહ્યા છો.–અહો ! આપ જેવા મહાનુભાવોના મહિમાની કોઈ હદ જ નથી. ૧૭૧.

૨૨. હે દેવ ! આપ આત્મ–માહાત્મ્યથી નિરાકુળ હોવા છતાં કદી પણ તીક્ષ્ણતાને (અર્થાત્ જ્ઞાનની અતીન્દ્રિયતાને) છોડતા નથી; ખરેખર તે જ આ સમ્યગ્જ્ઞાનનું માહાત્મ્ય છે કે જે તેનામાં સદાય દારુણ તીક્ષ્ણતા પ્રકાશે છે. ૧૭૨.

૨૩. હે પ્રભો ! નિરંતર ઉત્તેજિત (અતિ પ્રકાશમાન) શાંત–તેજવાળા અને પુષ્કળ પ્રતાપવાળા એવા આપ પોતે જ્યાં સ્વયં પ્રકાશમાન છો ત્યાં, પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાનથી પવિત્ર ચિત્તવાળા મારા જેવા સાધકોને હવે અજ્ઞાનઅંધકારરૂપ પડદાની વાત જ કેવી ? ૧૭૩.

૨૪. જેમની કાન્તિ સમસ્ત દિશામંડળમાં ફેલાયેલી છે એવા આપની જોરપૂર્વક ખીલતી ચૈતન્યકલિકાઓમાંથી ફેલાતો મહાન પ્રકાશ જ્યાં આ સમસ્ત વિશ્વને સ્પર્શી રહ્યો છે ત્યાં, હવે મારામાં તો શું–પરંતુ દિશાઓના કોઈ ખુણામાં પણ ક્યાંય અંધકાર રહ્યો નથી. ૧૭૪.

૨૫. હે પ્રભો ! આપ સંપૂર્ણપણે ચૈતન્યમહિમાથી ભરેલા છો, અને જગતના બિચારા રંક પ્રાણીઓ તૂટ્યાફૂટ્યા એક ચૈતન્યકણવાળા છે; તેથી આપની અનુભૂતિ

(આપના મહિમાનું માપ) તો આપના દ્વારા જ થઈ શકે, અથવા તો જેના જ્ઞાનપ્રકાશનો ઉદય આપના અનુગ્રહથી વૃદ્ધિગત થઈ રહ્યો હોય–તેના દ્વારા જ થઈ શકે. ૧૭૫.

[ઇતિ કેવળજ્ઞાન–તેજમહિમાથી ભરપૂર સર્વજ્ઞગુણસ્તવનરૂપ લઘુતત્ત્વસ્ફોટ શાસ્ત્રમાં સાતમો અધ્યાય પૂરો થયો.]

* * *

## અણુબોંબ જેવો તત્ત્વ–વિસ્ફોટ

*

આ લઘુ-તત્ત્વસ્ફોટમાં પદે-પદે ધડાકાબંધ જ્ઞાનતત્ત્વનો પ્રકાશ કર્યો છે. ઇ. સ. ૧૯૪૪માં અમેરિકા વડે જાપાન ઉપર ફેંકાયેલા નાના–અણુબોંબનો વિસ્ફોટ પણ એવો હતો કે જેનાથી લાખો માણસો મરી ગયા.....તો મોટા–બોંબના વિસ્ફોટની શી વાત ! તેમ હે પ્રભુ–સર્વજ્ઞ ! આપના તત્ત્વનું આ થોડુંક પ્રકાશન (લઘુ–વિસ્ફોટ) તેમાં પણ એવા ગંભીર ભાવો ભર્યા છે કે જેના પ્રહારથી મિથ્યાત્વાદિ અનંત કર્મોના ચૂરેચૂરા થઈ જાય છે; તો આપના તત્ત્વના પૂર્ણ-મહિમાની શી વાત ! એનો મહા–વિસ્ફોટ તો સર્વે ઘાતીકર્મોનો ધ્વંશ કરીને કેવળજ્ઞાન ઝળકાવે એવો છે.

તત્ત્વનો આવો વિસ્ફોટ કરનારું આ મહાનશાસ્ત્ર આપણે ઉલ્લાસથી વાંચી રહ્યા છીએ.

*

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

# (૮) સર્વજ્ઞ–ગુણસ્તવન : આઠમું

# જિનદેવે કષાયોને જીતીને સર્વજ્ઞપદ સાધ્યું ને 'જિનપુરુષાર્થ' ઉપદેશ્યો

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં, કષાયો સામે લડીને સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યા પછી સર્વજ્ઞદેવે ઉપદેશેલા અનેકાંત–વસ્તુસ્વરૂપના વર્ણન દ્વારા તેમની સ્તુતિ કરી છે; તેમાં કહે છે–હે પ્રભો ! મોક્ષમાર્ગના અવતારથી આપ શાંતરસરૂપ થયા છો. કષાયોનો ક્ષય જ મોક્ષનું અબાધિત કારણ છે. આપ એકલા જ ઘણા કષાયો સામે ઝુઝ્યા તેથી કષાયોએ આપને અનેક ભેદરૂપ માની લીધા. શુદ્ધોપયોગ વડે કષાયો ઉપર જીવલેણ પ્રહાર કરીને આપ સર્વજ્ઞ થયા; પછી કષાયને જીતનાર 'જિનપુરુષાર્થ'નો ઉપદેશ કર્યો ને ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું. આપ 'તીર્થ'થી ઉત્પન્ન થયા છો ને 'તીર્થ' આપનાથી ઉત્પન્ન થયું છે.

પ્રભો ! આપના આશ્ચર્યકારી વૈભવ વડે દેવોનું ચિત્ત પણ ચકિત થઈ જાય છે; તેમણે અનેકાન્ત–તત્ત્વ આપના જ શ્રીમુખથી અવધાર્યું છે. અજ્ઞાનીઓના એકાંતવચનો તો વસ્તુને જાણ્યા વગર જ તૂટી પડે છે. પદાર્થોમાં સ્વ–પરની ભિન્નભિન્ન સીમાને ભૂંસી શકાતી નથી. એક વસ્તુના બે ધર્મોમાં અજ્ઞાનીઓને વિરોધ લાગતો હોય તો લાગો, અનેકાન્તવાદીને તો કોઈ વિરોધ નથી, તેને તો વસ્તુની યથાર્થ સિદ્ધિ છે.

પ્રભો, આપનું અનેકાન્તશાસન દુઃખના મૂળિયાને ઊખેડી નાંખે છે. મહા દુઃખપ્રસંગની વચ્ચે પણ મુનિવરો તો અમૃતરસનો સ્વાદ લેતા થકા સુખી છે. કેવળજ્ઞાનસ્વરૂપ આપ જ મહાન પરમબ્રહ્મ છો; શબ્દબ્રહ્મ તો આપના એક અંશને જ કહી શકે છે.

[મંગળ શ્લોક : ઉપજાતિવૃત્ત]

अनादिरक्तस्य तवायमासीत् य एव संकीर्णरसः स्वभावः ।
मार्गावतारे हठमार्जितश्रीः त्वया कृतः शान्तरसः स एव ॥१॥

૧. હે દેવ ! અનાદિથી કષાય વડે રંજિત આપનો જે આ સ્વકીયભાવ અનેક રસોની ભેળસેળવાળો (આકુળ–વ્યાકુળ) હતો તે જ હવે માર્ગના અવતારથી (–અર્થાત્

રત્નત્રય પ્રગટવાની) આપના વડે જોરપૂર્વક અંતરંગ લક્ષ્મી સહિત શાંતરસરૂપ કરવામાં આવ્યો છે. ૧૭૬.

૨. હે પ્રભો ! તત્ત્વજ્ઞ એવા આપને, બંધના કારણરૂપ કષાયસમૂહથી વિપરીત હોવાને લીધે આ માત્ર કષાયનો ક્ષય–એક જ, મોક્ષના અબાધિત કારણ તરીકે ઈષ્ટ છે. ૧૭૭.

૩. હે દેવ ! કષાયશત્રુઓ ઉપર આક્રમણ કરનારા આપ, જો કે એકલા હતા તોપણ કષાયો સામે નિરંતર ઝૂઝ્યા–બરાબર લડ્યા, ચારે અંગથી તેમને ખેંચી–ખેંચીને ભીંસી નાંખ્યા, અને સર્વ અભિયોગથી–પૂરી તાકાતથી તેમનો નાશ કરવાનો ઉદ્યમ કરતા રહ્યા.–આ રીતે અનેક શત્રુઓ સામે એકલા લડ્યા તેથી આપ એક હોવા છતાં કષાયોએ આપને અનેકરૂપ માની લીધા. ૧૭૮.

૪. ચૈતન્યના પ્રહારોને વારંવાર ચુકાવી દેનારા, અને પલાયન થઈને વળી પાછા ફરીને આવનારા એવા દૃઢ કષાયોએ, આપ અત્યંત અકંપ હોવા છતાં આપની શક્તિના બળ સાથે ફરીફરીને સંઘર્ષ કર્યો. (ઉપશમશ્રેણી) ૧૭૯.

૫. ત્યારપછી, પ્રતિક્ષણે શુદ્ધોપયોગ વડે સ્વશક્તિને સ્પર્શનારા, તથા ગભરાયા વગરના અત્યંત નિર્ભય એવા આપે, બરાબર લાગ જોઈને જોરપૂર્વક તે કષાયો ઉપર તેમનો સર્વનાશ કરનારો એક (છેલ્લો, મરણતોલ) ઘા માર્યો. (ક્ષપકશ્રેણી) ૧૮૦.

૬. કષાયોનો ક્ષય કરતાવેંત તત્ક્ષણે જ સાક્ષાત્ કેવળજ્ઞાનલક્ષ્મીને ધારણ કરીને, વિશ્વના એક ભોક્તા (–જાણનાર) એવા આપે અન્ય જીવો માટે પણ, કષાયને જિતનારા જિન–પુરુષાર્થના (અરિહંતપદના પુરુષાર્થના) પ્રભાવનો આવિષ્કાર કર્યો હતો. (અર્થાત્ જે રીતે પોતે કષાયને જિતવાનો પુરુષાર્થ કર્યો તે ઉપાય દિવ્યધ્વનિ વડે જગતસમક્ષ પ્રસિદ્ધ કર્યો હતો). ૧૮૧.

૭. હે જિનેશ ! જ્ઞાનના એક–અદ્વિતીય પૂંજ હોવા છતાં આપ અવશપણે ભોગવવા યોગ્ય એવી પોતાની આયુસ્થિતિનું અનુવર્તન કરતા હતા, અને વિશ્વના હિતને માટે મોક્ષનો સાક્ષાત્ માર્ગ દેખાડતા થકા આપે ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું હતું. ૧૮૨.

૮. હે પ્રભો ! ખરેખર આપ તીર્થ વડે ઉત્પન્ન થયા છો અને તીર્થ આપનાથી ઉત્પન્ન થયું છે;–આ રીતે બંનેને પરસ્પર હેતુભાવ છે; અને આ પરસ્પર હેતુપણું બીજ–અંકુરની માફક અનાદિ–પ્રવાહથી અવતરતું થકું શોભી રહ્યું છે. ૧૮૩.

૯. હે દેવ ! સમસ્ત વિશ્વના અંતરને આપ સ્પર્શો છો–જાણો છો તથા પ્રત્યક્ષ દેખો છો તોપણ, આપના વડે સમસ્ત પદાર્થસમૂહમાંથી માત્ર એક અનંતમો ભાગ જ

કહેવામાં આવ્યો છે,–કેમકે વચનો સમસ્ત વિશ્વને કહેવા માટે અસમર્થ છે. ૧૮૪.

૧૦. હે પ્રભો ! આપના મહાન આશ્ચર્યકારક અતિશયો વડે સુર–અસુર દેવોનું ઉન્નત્ત ચિત્ત ચકિત થઈ ગયું છે; તે દેવોએ, અનાદિથી દઢપણે છવાયેલા અજ્ઞાન–અંધકારનો નાશ કરનારા આ આસ્તિ–નાસ્તિ આદિ બે ધર્મસ્વરૂપ વસ્તુવાદને (અનેકાંતવાદને) આપના જ શ્રીમુખથી અવધારિત કર્યો છે. ૧૮૫.

૧૧. જેણે વિચિત્રમાર્ગ પ્રગટ કર્યો છે (–વિવિધ નયોથી વસ્તુનું નિરૂપણ કર્યું છે) તથા નય વડે જે વસ્તુના એકેક ધર્મરૂપ પ્રત્યેક તીર્થનું પ્રતિપાદન કરનારી છે, એવી આપની વાણીનાં બિંદુને સાંભળીને પણ, હે દેવ ! અનંત ધર્મના સમુદાયરૂપ વસ્તુના બોધવડે જેમને આશય શુદ્ધ થયો છે–એવા કોઈક વિરલ જીવોએ જ તેના અર્થને ધારણ કર્યો છે. ૧૮૬.

૧૨. વિપક્ષ ધર્મની સાપેક્ષતાને લીધે અપાતાં શબ્દો વિરુદ્ધધર્મવાળી વસ્તુને સ્પર્શે છે–દેખાડે છે; પરંતુ સ્યાદ્વાદ–મુદ્રા વગરના શબ્દો તો, વસ્તુના એક અંશમાં જ તેમની શક્તિ ખલાસ થઈ જવાથી તૂટી પડે છે, ખંડિત થઈ જાય છે. ૧૮૭.

૧૩. 'પદાર્થ સત્ છે' એવું જે કથન છે તે અસત્‌થી નિવૃત્તિની અપેક્ષા રાખે છે, એટલે તે સત્‌ની પ્રવૃત્તિ સ્વદ્રવ્યમાં સીમિત છે. જો આ રીતે સત્–અસત્‌પણું પરસ્પર સાપેક્ષ ન હોય ને અન્યથા હોય તો, પદાર્થો જગતમાં પ્રત્યક્ષ દેખાતી પોતાની સ્વભાવ–મર્યાદાને એકાએક જ છોડી દેશે. (–પદાર્થમાં સત્‌પણું અને અસત્‌પણું બંને ધર્મો માન્યા વગર, સ્વ–પરની ભિન્નતા કે જડ–ચેતનની ભિન્નતા–એવી કોઈ વસ્તુસ્વભાવની સીમા સાબિત થઈ શકશે નહિ; બધા પદાર્થો પોતાની મર્યાદા છોડીને એકબીજારૂપ થઈ જશે ને નષ્ટ થઈ જશે). ૧૮૮.

૧૪. હે ઈશ ! 'સર્વે પદાર્થો સત્ છે'–એમ સત્‌પણે સર્વે પદાર્થોમાં એકતાનું નિરૂપણ કરનારી આપની જે કથની છે તે, પદાર્થોમાં રહેલા જડ–ચેતન વગેરે ભેદોનો સંહાર નથી કરતી; કેમકે સત્તા દ્વારા કાંઈ વિશ્વ નથી પીવાતું, પણ વિશ્વદ્વારા સત્તા જ પી જવાય છે. ૧૮૯.

૧૫. હે ભગવાન ! 'સત્' એવી પ્રતીતિ જો કે સમસ્ત વિશ્વને સ્પર્શે છે–સર્વે પદાર્થોને સ્વીકારે છે તથાપિ તે વિશ્વમાં કોઈ એક આત્મા ખાસ જુદો જ છે. એટલે વિશ્વ સાથે કથંચિત અસત્‌રૂપ અને કથંચિત્ સત્‌રૂપ એવો તે આત્મા અનેકરૂપતાને કારણે સદા દ્વૈતના વિસ્તારનું પ્રતિપાદન કરે છે. ૧૯૦.

૧૬. ખરેખર જ્ઞાનના બળ વડે ફેલાઈને સમસ્ત વિશ્વને પી જતો હોવા છતાં

આ જ્ઞાનઘન આત્મા, સ્વ અને પર એવી સીમાથી વિભક્ત થતા વિશ્વના અનાદિસિદ્ધ અનેકપણાને કઈ રીતે ભૂંસી શકે? ૧૯૧.

૧૭. 'સત્' તરીકે બધાનું એકપણું જાણીને પણ, તેમનામાં રહેલા ચેતન-અચેતનપણાના ભેદને કોઈ ભૂંસી શકતું નથી.–ચિતા ઉપર પડેલા અચેતન–શબમાં ગમે તેવા સંસ્કાર–સજાવટ કરવામાં આવે તોપણ તેનામાં કોઈપણ રીતે ચેતનપણું સંભવી શકતું નથી (–તેમ અચેતન પદાર્થને સત્ વડે શણગારવાથી કાંઈ તે ચેતન થઈ જતો નથી). ૧૯૨.

૧૮. અનેક પ્રકારે વિશ્વને સમ્યક્ રીતે શબ્દસમયનું વાચ્ય બનાવીને એક સાથે અસ્ખલિતપણે વહેતી, આપની આ અછેદ્ય સ્યાદ્વાદ–મુદ્રા પરાણે સામે આવીને ઊભી રહે છે (–તે ચેતન–અચેતનને એકબીજામાં ભળવા દેતી નથી). ૧૯૩.

૧૯. હે પ્રભો! વિરુદ્ધ ધર્મોનું એકબીજામાં જે અનવસ્થિતપણું છે તે જ આપની સ્યાદ્વાદ–દૃષ્ટિનું અવસ્થિતપણું છે. અહીં–એક જ વસ્તુમાં બે વિરુદ્ધધર્મોની અવસ્થિતિ કહેવામાં, એકાંતવાદીઓને જો વચનવિરોધ લાગતો હોય તો લાગો, કેમકે બે ધર્મોમાં મોટું અંતર છે. (પરંતુ અનેકાન્તમાર્ગમાં તો એક જ વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ બે ધર્મોની અવસ્થિતિ કહેવા છતાં કોઈ વિરોધ નથી, સ્યાદ્વાદ–અનુસાર બંને યથાર્થ સિદ્ધ થઈ જાય છે). ૧૯૪.

૨૦. હે ભગવાન! વચનોમાં દૃઢતા (નિશ્ચયાત્મકતા) સ્થાપિત કરવા માટે આપે જ સ્યાદ્વાદ–મુદ્રાનો આવિર્ભાવ કર્યો; તે સ્યાદ્વાદ–અંકિત વચનો અસ્ખલિતપણે સ્વયમેવ વસ્તુને તત્–અતત્ વગેરે અનેક સ્વભાવરૂપે કહે છે. ૧૯૫.

૨૧. હે જિનેદ્ર! પોતાની તેમજ પરની અનાદિ દુ:ખપરંપરાનો છેદ કરવો તે આપના પ્રયાસનું ફળ હતું;–આ જગતમાં આવા આપ એક જ, અન્ય મતિઓને ખેદ ઉપજાવવા છતાં, બીજાઓ વડે ઉપાસનીય છો. ૧૯૬.

૨૨. હે જિન! આપનું શાસન એક તરફથી તો દુ:ખથી છૂટવા માટેનો ઉદ્યમ કરાવે છે અને બીજી તરફ (વ્રત–તપ વડે) પરાણે દુ:ખનો ભાર વહેવડાવે છે; આવું, જેની સાથે બીજાઓ ઘર્ષણ ન કરી શકે એવું, આપનું અજેય શાસન આ જગતમાં દુ:ખના મૂળિયાને પણ ઊખેડી નાંખે છે. ૧૯૭.

૨૩. આ જગતમાં સમતારૂપી અમૃત રસનો સ્વાદ લેનારા મુનિઓને, મહા દુ:ખોનો સમૂહ આવી પડે તોપણ, સુખ જ છે :—અગ્નિથી ગરમ થયેલું દૂધ પરાણે પીનારી, દૂધરસમાં લીન બિલાડીની જેમ. ૧૯૮.

૨૪. હે જિન! અમંદ સ્વસંવેદનરૂપ કેવળજ્ઞાન-ઘનસ્વરૂપ, સંપૂર્ણ વીર્યાતિશય સહિત અને સમસ્ત કલંક-પંકથી રહિત એવા આપના સિવાય બીજું કોણ ઉત્તમ આપ્ત છે? ૧૯૯.

૨૫. હે સર્વજ્ઞ! આ 'શબ્દબ્રહ્મ' આપના અદ્વિતીય ચૈતન્ય-મંડપના એક ખુણાને સ્પર્શે છે, તેથી એમ જણાય છે કે આ જગતમાં માત્ર એક આપ જ 'પરમબ્રહ્મ' છો; આપના સિવાય બીજું કોઈ 'પરમ' નથી, શ્રેષ્ઠ નથી. ૨૦૦.

[આ રીતે સર્વજ્ઞગુણમહિમા-પ્રકાશક, શક્તિરૂપી મણિજડિત ખજાનામાં ('શક્તિમણિત-કોશ'માં) આઠમો અધ્યાય પૂરો થયો.]

## * તત્ત્વનો વિસ્ફોટ-મહાન અને લઘુ *

સમયસારમાં શ્રી કુંદકુંદસ્વામીએ ''જ્ઞાયકભાવ''નું જોરદાર વર્ણન કરીને મહા-તત્ત્વવિસ્ફોટ કર્યો છે, જ્ઞાયકતત્ત્વને ધડાકાબંધ પ્રસિદ્ધ કર્યું છે; અને શ્રી અમૃતચંદ્રસૂરિએ આ શાસ્ત્રમાં સર્વજ્ઞગુણસ્તવન દ્વારા અનેકાન્તમય ચૈતન્યતત્ત્વને વર્ણવીને લઘુ-તત્ત્વવિસ્ફોટ કર્યો, ધડાકાબંધ ચૈતન્યતત્ત્વને પ્રસિદ્ધ કર્યું છે, તેથી આ 'બીજું-સમયસાર' છે એક સમયસાર શ્રી કુંદકુંદસ્વામીનું....ને બીજું સમયસાર શ્રી અમૃતચંદ્રસૂરિનું.... બંનેમાં તત્ત્વવિસ્ફોટ દ્વારા અદ્ભુત ચૈતન્યતત્ત્વને પ્રસિદ્ધ કર્યું છે.

*

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

## [૯] સર્વજ્ઞગુણસ્તવન : સ્તુતિ નવમી

# પ્રભો ! આપને મારા જ્ઞાનમાં પૂરી દીધા છે.... હવે મને કોનો ભય છે ?

**ઉપોદ્ઘાત** : હે દેવ ! મોક્ષમાર્ગમાં આપ શાંતરસરૂપ હતા અને સ્વપ્રકાશી હતા. દુર્જનો વડે નિંદા થવા છતાં આપ સ્વરૂપસાધનામાં જરાય ઢીલા ન થયા....ભૂતાર્થચિંતનનો સાર પ્રાપ્ત કરીને એકત્વમાં નિષ્કંપ રહ્યા.....તીર્થંકરપણે વિચરીને આપે શિવપંથનો ઉપદેશ આપ્યો.

પ્રભો ! આપના માર્ગમાં જ્ઞાનપ્રધાન સંયમ છે ને સંયમપ્રધાન મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગને પ્રસિદ્ધ કરીને આપ પ્રસિદ્ધ સિદ્ધિધામમાં પહોંચ્યા. હે ભગવાન ! સંસારથી ખૂબ થાકેલાં એવા મેં, હવે મરણીયો થઈને આપને મારા જ્ઞાનમાં બંદીવાન કર્યા છે–મારા હૃદયમાં આપને પૂરી દીધા છે; તેથી આપને મારામાં પ્રાપ્ત કરીને હવે મારે બીજા કોઈ વિવાદનું શું કામ છે ?–મારા જ્ઞાનમાં આપ હાજર છો પછી મને કોનો ભય છે ?

(મંગળ શ્લોક : ઉપજાતિવૃત્ત)

मार्गा बतारे शमसंभृतात्मा स्वयं प्रकाशं स्वमितः परैस्त्वम् ।
सुनिष्ठुरष्ठयूत कुतर्कवाक्यैः क्षिप्तोपि नाशीः प्रतिपत्तिमंदः ॥

૧. હે પ્રભો ! મોક્ષમાર્ગ પ્રગટ થતાં આપ શાંતરસથી ભરેલા હતા, અને સ્વયં સ્વપ્રકાશને પામેલા હતા; અન્યમતી–મિથ્યાદૃષ્ટિ જીવો દ્વારા અત્યંત નિષ્ઠુર અને કુતર્કભરેલા વાક્યો વડે આપની નિંદા થવા છતાં પણ, સ્વરૂપસાધનામાં કે તત્ત્વપ્રતિપાદનમાં આપ જરાપણ ઢીલા થયા ન હતા. ૨૦૧.

૨. હે દેવ ! જેમણે ભૂતાર્થના ચિંતનનો સાર પ્રાપ્ત કર્યો હતો, એકત્વમાં નિષ્કંપ (નિર્ભય એકાકી) રહેવાની પ્રતિજ્ઞા કરી હતી, તથા અંતરંગ અને બહિરંગ સંગને સર્વથા છોડ્યો હતો એવા આપ દીનજીવો પર અનુકંપાવાળા હતા. ૨૦૨.

૩. સૂત્રાનુસાર પદાર્થનું સ્વરૂપ દેખવામાં અસ્ખલિત બુદ્ધિવાળા, નિષ્કામપણે છકાયજીવોનું સંરક્ષણ કરનારા, તથા રાગ-દ્વેષરૂપ પક્ષપાત વગરના એવા હે દેવ ! આપને સમસ્ત જીવો ઉપર જાણે પરાણે પક્ષપાત થતો હતો. ૨૦૩.

૪. હે પ્રભો ! સૂર્યકિરણોથી ઉત્પન્ન અગ્નિકણો આપના શરીરને ચારેકોરથી બાળતા હતા, પરંતુ કર્મફળને પરાણે પકાવીને નિર્જરા કરવાના ઉત્સુક એવા આપને માટે તો તે અગ્નિકણો અમૃતબિંદુ સમાન જ હતા. ૨૦૪.

૫. હે મુનિ ! સમતા રસના સ્વાદના ભારથી જેમની ચેષ્ટાઓ મંદ થઈ ગઈ હતી (-જેઓ શાંત થઈ ગયા હતા), રાત્રે યોગ ધારણ કરીને સ્મશાનભૂમિમાં શબની માફક ચેષ્ટારહિત જેઓ સ્થિર રહેતા હતા અને તપથી જેમનું શરીર અત્યંત સૂકાઈ ગયું હતું એવા આપનું શરીર શિયાળીયાના દાંતથી ઘવાઈને છિન્નભિન્ન થઈ ગયું હતું. (છતાં આપ અચલ હતા.) ૨૦૫.

૬. હે મુનિરાજ ! વિવેકશીલ રોગીની માફક, શક્તિઅનુસાર માસ-અર્ધમાસ ઉપવાસ કરતા થકા અલોલૂપ એવા આપે ક્રમે કરીને અનાદિના રાગ-જ્વરના વેગને નષ્ટ કર્યો હતો. ૨૦૬.

૭. ત્યારપછી, એટલે કે રાગજ્વરને નષ્ટ કર્યા પછી, કોઈ પણ રીતે સંપૂર્ણ આત્મવીર્યના ઉદ્યમ વડે જેમણે સંપૂર્ણ સંયમ પ્રાપ્ત થયો છે એવા આપ કષાયનો ક્ષય થતાં પોતે સ્વયમેવ અક્ષરસ્વરૂપ અવિનાશી સાક્ષાત્ એક જ્ઞાનપૂંજ થઈ ગયા. ૨૦૭

૮. એ રીતે સર્વજ્ઞ થયા પછી હે જિન ! આપે સ્વપર સમસ્ત પદાર્થોને જ્ઞાનવડે વ્યાપ્ત કરી લીધા-જાણી લીધા; પોતાની આયુસ્થિતિ પ્રમાણે મનુષ્યપર્યાયમાં નિયંત્રિત રહ્યા અર્થાત્ દેહસહિત તીર્થંકરપણે વિચર્યા અને પોતાના બાકીનાં કર્મોના વિપાકને જ્ઞપ્તિ-ક્રિયા વડે દેખતા થકા આપે શિવપંથ-મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. ૨૦૮.

૯. હે નાથ ! જ્યાં પુરુષાર્થપૂર્વક અંતરમાં કષાયનો ક્ષય કરવામાં આવે છે તથા બાહ્ય યથાશક્તિ ચારિત્ર પાળવામાં આવે છે એવો આ મોક્ષપંથ સૂત્રાર્થરૂપે સંક્ષેપથી આપે દર્શાવ્યો છે. ૨૦૯.

૧૦. હે પ્રભો ! આપના માર્ગમાં ખરેખર જ્ઞાનપ્રધાન સંયમ છે, અને તે સંયમ વડે કષાયનો ક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રીતે જ્ઞાન જો કે મોક્ષપ્રાપ્તિના હેતુના-હેતુનો હેતુ છે (અર્થાત્ મોક્ષપ્રાપ્તિનો હેતુ કષાયક્ષય, તેનો હેતુ સંયમ, અને તેનો હેતુ જ્ઞાન છે) તોપણ ચારિત્ર વગરના જીવને તે અહેતુવત છે. ૨૧૦.

૧૧. શીલ-ગુણોથી પરિપૂર્ણ ચારિત્રવૈભવને ધારણ કરનારા, પોતાના આયુકર્મની

સ્થિતિને જાણનારા, અને જેમનું બંધન છૂટી ગયું છે—એવા હે દેવ! આપ, અંતે અગ્નિશિખાની જેમ સહજ–ઊર્ધ્વગતિવડે તે પ્રસિદ્ધ સિદ્ધિધામમાં પહોંચ્યા. ૨૧૧.

૧૨. તે સિદ્ધિધામમાં આપ અત્યંત નિશ્ચલ પ્રદેશવાળા છો, અનંત દર્શનરૂપ દૃષ્ટિવડે સમસ્ત વિશ્વને પી રહ્યા છો, પ્રત્યક્ષ જ્ઞાનની મૂર્તિ છો, સ્વરૂપગુપ્ત (પોતામાં સુરક્ષિત) એવા અનંત વીર્યરૂપ અતિશયવાળા છો અને સુખથી બિરાજમાન છો.

[આ શ્લોક ૧૨–૧૩–૧૪ માં, અનંતચતુષ્ટય–જ્ઞાનદર્શનસુખ અને વીર્યના મહિમા દ્વારા પ્રભુની સ્તુતિ કરી છે.] ૨૧૨.

૧૩. હે દેવ! આપનું વીર્ય–આત્મબળ દર્શન–જ્ઞાનની તીક્ષ્ણતા–અતીન્દ્રિયતા કરનારું છે; દર્શન–જ્ઞાનનું અતીન્દ્રિયપણું થવાથી નિરાકુળતા થાય છે, અને નિરાકુળતા એ જ આપનું સુખ છે; તે સુખમાં આપ પોતે ગાઢપણે તન્મય છો, લીન છો. ૨૧૩.

૧૪. તૃષ્ણારહિતપણું, બાધારહિત જ્ઞાન અને સર્વ પ્રકારે અસ્ખલિત એવા શ્રેષ્ઠ દર્શન તથા વીર્ય—આ બધા સ્વભાવ–ગુણોનો સમૂહ, નિત્ય નિરાકુળ એવા આપને માટે સુખનો હેતુ થયો. ૨૧૪.

૧૫. અનાદિ સંસારપથથી જે છૂટ્યું છે, અનંત સિદ્ધત્વ પદમાં જે અત્યંત સ્થિર થયું છે, તથા ત્રણેકાળની માળામાં જે વિસ્તરેલું છે, એવા પોતાના આત્મતત્ત્વને આપ એકસાથે સાક્ષાત્ દેખો છો અને જાણો છો. ૨૧૫.

૧૬. હે સ્વામી! દર્શન–જ્ઞાન–વીર્યના પૂંજરૂપ આપની આત્મશક્તિ સર્વ તરફથી નિત્ય અખંડિત છે; તે આત્મશક્તિમાં અનંત તીક્ષ્ણતા હોવાથી અવિભાગ પ્રતિચ્છેદોવડે સમસ્ત વિશ્વને આપ અનંતવાર ખંડિત કરો છો અર્થાત્ સમસ્ત પદાર્થોના અનંત અવિભાગ પ્રતિચ્છેદને પણ આપ જાણો છો. ૨૧૬.

૧૭ હે પ્રભો! નિજસ્વરૂપમાં દૃઢપણે ઉપયુક્ત (લીન રહેનારા) એવા આપની પ્રગટ સ્ફૂરાયમાન સ્વશક્તિઓ,—કે જેઓ વિશ્વને એકસાથે પ્રકાશનારી છે અને જેમણે એક ચૈતન્યસામાન્યમાંથી અવતરણ કર્યું છે, તે શક્તિઓ—આપના સ્વભાવને કદી ભેદતી નથી.

૧૮. પ્રમાતા–જ્ઞાયકરૂપે સ્થિત એવા આપના પ્રમેયરૂપ વર્તતી પદાર્થમાળા જાણે કે આપના જ્ઞાનમાં લીન હોય એવી અવભાસતી હોવા છતાં આપની સાથે તે એકત્વને પામતી નથી. ૨૧૮.

૧૯. હે જિનેશ! એક દ્રવ્યના પ્રદેશોવડે અન્ય દ્રવ્ય પ્રદેશવાન થતું નથી, તેમ જ કોઈ વસ્તુ પ્રદેશ વગરની પણ હોતી નથી; આપ દર્શન–જ્ઞાન–વીર્યને સ્વપ્રદેશોમાં સમાવતા થકા સદાય શોભી રહ્યા છો. ૨૧૯.

૨૦. સ્વભાવથી જ દર્શન-જ્ઞાનરૂપ એવા હે જિનેશ! આપની દર્શન-જ્ઞાનની વિચિત્રતાથી યુક્ત જે આ પુષ્કળ વિભૂતિ છે તે સમસ્ત વિશ્વને અવલંબીને પ્રગટી છે,-તેટલી અપેક્ષાએ આપ અન્ય પદાર્થોવડે ઉપકૃત છો. ૨૨૦.

૨૧. હે ભગવાન! અનંત ધર્મોથી વ્યાપ્ત પ્રદેશોવડે આપ દર્શન-જ્ઞાનના આધારભૂત છો; તે દર્શન-જ્ઞાનની વિચિત્રતા વડે જ આપ સાક્ષાત્ વિશ્વરૂપ વિભાસો છો. ૨૨૧

૨૨. ભાવરૂપ, અભાવરૂપ તથા ઉભયરૂપ એવી એક સ્વવસ્તુને સ્વયમેવ સાક્ષાત્ દેખતા થકા આપ, કોઈ એક જ પક્ષમાં સંલગ્ન નથી થતા, પરંતુ સદાય અકંપપણે સ્વભાવની સીમાથી અંકિત એવા આત્મતત્ત્વમાં જ મગ્ન રહો છો. ૨૨૨.

૨૩. હે જિનેન્દ્ર! જે ભૂત-વર્તમાન-ભાવિ સમસ્ત વિશ્વને એકસાથે સાક્ષાત્ અવલંબે છે-જાણી લ્યે છે, તથા જેની દિવ્ય દીપ્તિ અનંત વિશ્વરૂપ છે (-આવા અનંત વિશ્વોને જાણી લેવાની જેની તાકાત છે) એવો, આપનો કેવળજ્ઞાન-ઉપયોગ કદી અસ્ત થતો નથી. ૨૨૩.

૨૪. હે ઈશ! આપની આ કેવલ-દૃષ્ટિ ચારે તરફ અપ્રતિહત છે, તેની ગતિને કોઈ રોકી શકતું નથી; તેમ જ આપનું આ જ્ઞાન સર્વત્ર અપ્રતિબદ્ધ શક્તિવાળું છે,-તેને કોઈ રોકી શકતું નથી; વળી અનંત વીર્યના અતિશયવડે આપ અત્યંત દુર્દ્ધર અને પરિપૂર્ણ એવા પોતાને ગાઢપણે ધારણ કરો છો. ૨૨૪.

૨૫. હે ભગવાન! દીનતાપૂર્વક સમસ્ત સંસારમાં ભ્રમણ કરી કરીને થાકેલા એવા મેં, પ્રાણ-અર્પણ કરીને (મરણીયો થઈને, પૂરી શક્તિ લગાડીને), અતિલોભથી આજ આપને બંદીકૃત કર્યા છે-મારા હૃદયમાં પૂરી દીધા છે; આપ જ મારા સર્વસ્વ છો; આપને મારામાં પ્રાપ્ત કરીને હવે બીજા કોઈ વિવાદનું મારે શું કામ છે? ૨૨૫.

ઈતિશ્રી સર્વજ્ઞગુણસ્તવનરૂપ લઘુતત્ત્વસ્ફોટ, અપરનામ 'ગુણમણિત-કોશ' નામના સંસ્કૃત-કાવ્યશાસ્ત્રના ગુજરાતી-અનુવાદમાં નવમો અધ્યાય પૂરો થયો.

*

શક્તિમણિત–કોશ



લઘુતત્ત્વસ્ફોટ

# ૧૦. સર્વજ્ઞસ્તુતિ : દશમી : શુદ્ધનયની દૃષ્ટિથી સર્વજ્ઞનું સ્તવન

## પ્રભો ! આપના 'શુદ્ધભાવ'ના સ્તવન વડે હું ચૈતન્યભાવરૂપ થાઉં છું.

**ઉપોદ્ઘાત :** આ અધ્યાયની શરૂઆતમાં અમૃતચંદ્રસૂરિ કહે છે કે સર્વ પ્રકારે શુદ્ધજ્ઞાનઘન એવા જિનદેવને હું એકમાત્ર શુદ્ધનયની દૃષ્ટિથી સ્તવીશ. હે દેવ ! અભેદરૂપ ચૈતન્ય–ચમત્કાર તે જ આપનું સ્વરૂપ છે. વિભાવથી ભિન્નરસવાળા ઈષ્ટ સ્વભાવને આપ સ્વાનુભૂતિવડે સ્પષ્ટ પ્રકાશી રહ્યા છો. આપનો ઊછળતો જ્ઞાનસમુદ્ર અમારા સમસ્ત વિકલ્પોને અસ્ત કરે છે. આપનું કૈવલ્ય–તેજ મારા અંતરમાં ઝગઝગાટ કરી રહ્યું છે તેથી હું સર્વ તરફથી નિરૂપદ્રવ છું. પ્રભો ! ચારેકોર ફેલાયેલ આપના ચૈતન્યપુષ્પની આનંદસૌરભમાં કોઈક ધન્ય જીવની દૃષ્ટિ જ પ્રવેશે છે. જો આપ સ્વસંવેદ્ય ન હોત તો ચૈતન્યવસ્તુના અગાધ મહિમાને કોણ જાણત ? સમસ્ત ભેદો આપનામાં નિમગ્ન હોવા છતાં આપ અભેદ છો. આપના સમસ્ત ક્રિયા–કારકો જ્ઞાનમાં જ નિમગ્ન છે. અંતમાં સ્તુતિકાર કહે છે કે હે દેવ ! ચૈતન્યપ્રભાના પૂંજથી ભરેલા આવા શુદ્ધ ભાવની અચ્છિન્ન ભાવનાથી હું ચૈતન્યરૂપ જ થાઉં છું.–આ રીતે ચેતનભાવરૂપ થઈને સર્વજ્ઞનું ખરૂં સ્તવન થાય છે, રાગવડે નહીં.

[મંગળ શ્લોક : ઉપજાતિવૃત્ત]

अंतर्निमग्नान्यनयस्वभावं स्वभावलीलोच्छलनार्थमेव ।
विशुद्ध विज्ञानघनं समन्तात् स्तोष्ये जिनं शुद्धनयैकदृष्टया ॥

૧. જેમનામાં અન્ય નયોનો સમૂહ અંતર્નિમગ્ન થઈ ગયો છે, સ્વભાવલીલાને ઉલ્લસાવવી એ જ જેમનું પ્રયોજન છે અને જેઓ સર્વ પ્રકારે વિશુદ્ધ વિજ્ઞાનઘન છે–એવા જિનેન્દ્રદેવને હું એકમાત્ર શુદ્ધનયની દૃષ્ટિથી સ્તવીશ. ૨૨૬.

૨. હે જિનેન્દ્ર ! નિર્બાધ ઊછળતા વિશાળ પ્રકાશથી યુક્ત એવા આપનો, ઉદાર સ્પષ્ટ અને અભેદરૂપ જે કોઈ ચૈતન્યચમત્કાર પ્રગટ થાય છે તે જ, અનંતચતુષ્ટયરૂપ પવિત્ર લક્ષ્મીથી યુક્ત, આપનું રૂપ છે. ૨૨૭.

૩. હે સ્વામી ! વિશ્વમાં એવું કોઈ નથી કે જેનાવડે આપના આ એકરૂપ ચૈતન્યફેલાવને રોકી શકાય. તેથી, સ્વભાવના ગંભીર મહિમામાં લીન એવા એકરસના પ્રવાહરૂપ આપ સુશોભિત છો. ૨૨૮.

૪. હે ભગવાન ! જેમનું નિર્મળ તેજ ઊંચે-ઊંચે ઊછળી રહ્યું છે અને જેમની જ્ઞાનધારા અભિન્ન છે-એવા આપ પ્રકાશમાન છો; તથા ચૈતન્યસ્વભાવની એકતા સાથે સંકલિત એવી આત્મપ્રભા વડે સમસ્ત ઊંચ-નીચના ભેદને આપ દૂર કરો છો. ૨૨૯.

૫. હે ભગવાન ! આ લોકમાં તે કાળે-સર્વજ્ઞપદમાં અતિશય તેજસ્વી ચૈતન્યપ્રકાશનો અનુપમ મહિમા અત્યંત ઊછળતાં, તેમાં આખુંય જગત પાણીના પૂરથી પલળી ગયેલા ચિત્રની જેમ ધોવાઈ ગયેલું વિભાસે છે. ૨૩૦.

૬. વિશુદ્ધ બોધ સાથે પ્રતિબદ્ધ તેજવાળા અને સ્વરૂપગુપ્તપણે પ્રકાશમાન એવા હે જિન ! આપના સ્વાનુભવ વડે સ્ફૂરાયમાન, વિભાવ પરિણતિથી ભિન્ન રસવાળો આ ઈષ્ટ-સ્વભાવ સ્પષ્ટ અનુભવમાં આવે છે. ૨૩૧.

૭. હે દેવ ! અમારા અભાવ-ભાવ વગેરે સમસ્ત વિકલ્પ સમૂહનો નાશ કરતો થકો, જ્ઞાનામૃતના પ્રવાહરૂપે ઊછળતો, આપનો આ સ્વભાવ જ સ્પષ્ટપણે ઉલ્લસી રહ્યો છે. ૨૩૨.

૮. સ્વભાવમાં બંધાયેલી-એકાગ્ર અચલિત એક દૃષ્ટિવાળા, અત્યંત સ્પષ્ટ જ્ઞાનપ્રકાશવંત, તથા ઊર્ધ્વગમનસ્વભાવથી સિદ્ધાલયમાં જવા તત્પર-એવા હે જિનેશ ! શ્રેષ્ઠ જ્ઞાનવડે પરિપૂર્ણ એવા આપના આત્મપ્રકાશનો પૂંજ સર્વ તરફ ઝળકે છે. ૨૩૩.

૯. આદિ-મધ્ય-અંત વગરની અદ્વિતીય ચૈતન્ય જ્યોતિવાળા હે પ્રભો ! સર્વ તરફ આપ પ્રકાશમાન હોતાં, જેણે સમસ્ત કલુષતાને ધોઈ નાંખી છે એવી આ એક અનુભૂતિ જ વિલાસને પામે છે. ૨૩૪.

૧૦. હે ભગવાન ! અનુભૂતિમાત્ર, વ્યાપક અને નિત્યપૂર્ણ, એવું આપનું તેજ અહીં (મારા અંતરમાં) પ્રકાશમાન હોવાથી, હું સર્વ તરફથી નિરૂપદ્રવ છું, મારું ખંડન કરવા કોઈ પણ સમર્થ નથી. ૨૩૫.

૧૧. હે દેવ ! અનાદિકાળથી ચૈતન્યતેજમાં મગ્ન આપ, તીક્ષ્ણ પ્રકાશથી ચમકતી વીજળીના સમૂહની માફક, ચૈતન્યપ્રકાશ સહિત જ સ્ફૂરાયમાન થાઓ છો, કદી પણ આત્મતેજને છોડતા નથી. ૨૩૬.

૧૨. હે દેવ ! આપની આ ચૈતન્યશક્તિના વિકાસરૂપ પ્રફુલ્લિતતા ચારેકોર આનંદ-સૌરભ ફેલાવી રહી છે; કોઈ ધન્ય જીવની દૃષ્ટિ ચૈતન્યપુષ્પના રસની લોલુપતાથી

આ આનંદસૌરભમાં પ્રવેશે છે....તેને આસ્વાદે છે. ૨૩૭.

૧૩. હે દેવ ! ખારા રસથી ભરેલી મીઠાની ગાંગડીની જેમ, સ્વાનુભવવડે એક યથેચ્છ જ્ઞાયકરસ–સ્વભાવથી પરિપૂર્ણ; અને અખંડ ચૈતન્યપિંડ વડે પુષ્ટ એવી અંતરંગ લક્ષ્મીવાળા, એક આપ જ છો. ૨૩૮.

૧૪. જેમ બરફનો કટકો ઘનરૂપ હોય તો પણ સદા સર્વ તરફથી આર્દ્ર (ભીનો) જ ભાસે છે, તેમ હે દેવ ! વિશુદ્ધ ચૈતન્યપૂરમાં અત્યંત ભીંજાયેલા આપ (વિજ્ઞાનઘન હોવા છતાં) સ્વરસથી આર્દ્ર–આર્દ્ર જ પ્રતિભાસો છો, ચૈતન્યરસભીના શોભી રહ્યા છો. ૨૩૯.

૧૫. હે ભગવાન ! આપ અપાર બોધામૃતના સાગર હોવા છતાં પણ સ્વયમેવ પોતે પોતાના પારદર્શક પ્રતિભાસો છો (–સ્વસંવેદ્ય છો); જો એમ ન હોય તો આપ સ્વાનુભવથી શૂન્ય હોત, અને ચૈતન્યવસ્તુના મહિમા સંબંધી ઇચ્છાને છોડી શકત નહીં. (–તેને જાણવાની ઇચ્છા રહ્યા જ કરત.) ૨૪૦.

૧૬. હે ભગવાન! જેણે સમગ્ર જ્ઞાનસારને પોતામાં એકઠો–પિંડરૂપ કર્યો છે એવો, આ આપનો અખંડ સ્વાનુભવ સર્વ તરફથી ઉદ્ધત્ત જ્ઞાનપરંપરામાં અંતર પડવા દેતો નથી;–જ્ઞાનધારાને અછિન્ન રાખે છે. ૨૪૧.

૧૭. સ્વકીય આત્માના અનંતમહિમામાં લીન રહેનારા હે દેવ ! આપનો આ એક સ્વભાવ જ સદા ઉદિત રહે છે કે જે નિરંતર પ્રગટ સ્વાનુભૂતિરૂપ છે, સ્પષ્ટ છે, અને જેમાં સમસ્ત તરંગો વિશ્રામ પામ્યા છે,—સમસ્ત ઉર્મિઓ શાંત થઈ ગઈ છે. ૨૪૨.

૧૮. સર્વે ક્રિયાઓ પોતાના કારકોથી યુક્ત જ હોય છે કેમકે નિશ્ચયથી તેની પ્રવૃત્તિ કર્તા વગેરે કારકોથી થાય છે; પરંતુ હે ભગવાન ! આપનો શુદ્ધભાવ ક્રિયાકલાપથી પરાઙ્મુખ થઈ ગયો છે તેથી આપ (કારકભેદોથી નિરપેક્ષ) માત્ર ચૈતન્યપ્રકાશરૂપે જ શોભી રહ્યા છો. ૨૪૩.

૧૯. હે નાથ ! અહીં સુપ્રસન્ન એવા આપ પોતે, પોતામાં, પોતાને માટે, પોતા વડે, એકભાવરૂપ પોતાને, સ્વયં દેખી રહ્યા છો; આ રીતે દ્રષ્ટા અને દ્રશ્યના અભિન્નરૂપે આપ અવસ્થિત છો. આથી આપની દર્શનક્રિયામાં ભેદરૂપ કારકો નથી, દર્શનરૂપે આપ પોતે જ શોભી રહ્યા છો. ૨૪૪.

૨૦. જેનામાં પૂર્વ–અપરભાવો (પહેલાં–પછીના ભાવો) વિભક્તરૂપ (ભિન્ન ભિન્ન પ્રકારનાં) હોય એવો પદાર્થ એક હોવા છતાં (કાર્યથી) અનેકત્વને પામે છે; પરંતુ હે ભગવાન ! નિત્ય ઉદિત એકમાં જ અગ્ર એવા દર્શનવડે આપ એકભાવરૂપ છો, તેથી

આપની શોભા કાળવડે કલંકિત થતી નથી. ૨૪૫.

૨૧. પ્રગટ થતા આદિ–મધ્ય–અંતના ભેદવિકલ્પો સ્વભાવને અનેક ભેદરૂપે ખંડિત કરે છે, પરંતુ હે દેવ ! સર્વરસરૂપ આપ, દર્શનાદિ ગુણસમૂહના અખંડ પિંડરૂપ લક્ષ્મીસહિત એકપણે શોભી રહ્યા છો. ૨૪૬.

૨૨. હે ભગવાન ! આપનો વ્યવહાર જ્ઞાનમાત્ર છે અર્થાત્ જ્ઞાનમાત્રરૂપે આપની પ્રવૃત્તિ છે; ક્રિયા–કારકો તથા કાળ–ક્ષેત્રના ભેદો તે જ્ઞાનમાં જ મગ્ન છે;–અને શુદ્ધ-સ્વભાવરૂપ એક ઉજ્જવળ જળથી પરિપૂર્ણ એવા આપ નિરાકુળતારૂપ લક્ષ્મીસહિત શોભી રહ્યા છો. ૨૪૭.

૨૩. એકાગ્ર–પૂર્ણ નિશ્ચલ–અવિનાશી એવા જ્ઞાનમાત્ર ભાવમાં અસ્ખલિત એકવૃત્તિથી શોભાયમાન, અને કેવળ નિજગુણોથી ભરપૂર, એવા હે દેવ ! આપનામાં નથી તો સંકરપણું કે નથી તૂચ્છ–અભાવપણું. [–આપનામાં બીજાની ભેળસેળ પણ નથી અને આપ શૂન્ય પણ નથી; પરની ભેળસેળ વિના સ્વગુણોથી જ પૂર્ણ છો.]

૨૪. હે વિભુ ! ભાવરૂપ વર્તતા થકા આપ ભાવરૂપ જ ભાસો છો, ચેતનારૂપ વર્તતા થકા આપ ચૈતન્યરૂપ જ ભાસો છો; અથવા ભાવરૂપ નથી ભાસતા પણ ચૈતન્યરૂપ જ ભાસો છો; વળી ચૈતન્યરૂપ નથી ભાસતા, સ્વયં એક ચૈતન્ય છો. [અહીં પરસ્પર ગુણભેદ તેમ જ ગુણ–ગુણીભેદ એ બંનેથી પાર અભેદતત્ત્વ બતાવ્યું છે.] ૨૪૯.

૨૫. હે યોગીશ્વર ! નિરાકુળ અને ચૈતન્યપ્રભાના પૂંજથી ભરેલા એવા એક–શુદ્ધભાવની, સદાય અસ્ખલિત એવી આ ભાવના વડે હું ચૈતન્યભાવરૂપ જ થાઉં છું. ૨૫૦.

[ઇતિ શ્રીમાન્ અમૃતચંદ્રસૂરિ રચિત 'લઘુતત્ત્વસ્ફોટ' શાસ્ત્ર દ્વારા સર્વજ્ઞના ગુણસ્તવનમાં શુદ્ધ દૃષ્ટિથી દશમું સ્તવન પૂરું થયું.]

*

શક્તિમણિત–કોશ



લઘુતત્ત્વસ્ફોટ

# [૧૧] સર્વજ્ઞસ્તવન : અગિયારમું

# ચમત્કારી જ્ઞાન : તેની ભાવના વડે હું પ્રભુ સાથે તન્મય છું.

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં ભગવાન સર્વજ્ઞદેવના જ્ઞાન–દર્શન–સુખ–વીર્યરૂપ અચિંત્ય સામર્થ્ય, તથા સ્વાધીન છ કારકોના વર્ણન દ્વારા ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે–હે દેવ ! આપે મોહરાત્રિ નષ્ટ કરી છે; આપનો ઉપદેશ પામીને શુદ્ધ ચૈતન્ય–ઉદ્‌ગારો વડે અમારાં દુઃખ નષ્ટ થઈ જાય છે. આપનો તેજસ્વી જ્ઞાનાગ્નિ સમસ્ત વિશ્વને પ્રાર્થે છે ને આપ પણ સમસ્ત વિશ્વ તેને જ્ઞેયપણે આપો છો. વિશ્વને ઈંધન બનાવતો આપનો જ્ઞાનાગ્નિ તે જ્ઞેયોમાં કાંઈ વિક્રિયા નથી કરતો, માત્ર પોતાની ચૈતન્યધાતુને પુષ્ટ કરે છે. આપે વિશ્વને કોળિયો કરીને જ્ઞાનની અંદર પચાવી દીધું છે. હવે તૃપ્ત થવાથી આપને કોઈ આકાંક્ષા નથી. એક હોવા છતાં આપના ઉપયોગમાં અનંત ચમત્કારો છે. આપ એકાંત સુખી છો. આપના દર્શન–જ્ઞાનમાં ક્રિયા હોવા છતાં નશ્વરપણું નથી. તે ક્રિયાના છ કારકરૂપ આપ પોતે જ છો, બાહ્ય પદાર્થ તેમાં કારણરૂપ નથી. આપ પોતે દર્શન–જ્ઞાનરૂપ 'ભાવ' છો, ને તે ભાવની ભાવના કરનારને સુખ થાય છે. તીક્ષ્ણ ઉપયોગના ઉગ્ર પ્રહાર વડે અનંતશક્તિઓનો વિસ્ફોટ કરીને આપ શોભી રહ્યા છો. પ્રભો ! કેવળજ્ઞાન–સ્વભાવની ભાવનાથી હું આપની સાથે તન્મય છું.

[મંગળ શ્લોક : અનુષ્ટુપ]

इयं द्राधीयसी सम्यक् परिणाममभीप्सता ।
भवतात्मवता देव क्षपिता मोहयामिनी ॥

૧. હે દેવ ! સમ્યક્ પરિણામની ચાહનાવાળા આપ–આત્મજ્ઞ દ્વારા આ સુદીર્ઘ મોહરાત્રિ નષ્ટ કરવામાં આવી છે. (–મંગલ જ્ઞાનપ્રભાત ઊગ્યું છે.) ૨૫૧.

૨. જીવે અજ્ઞાનવશ અતિરાગ વડે પૂર્વે આત્માથી વિરુદ્ધ જે દુઃખદાયક પાપો સંચિત કર્યાં છે તે સુવિશુદ્ધ ચૈતન્યઉદ્‌ગારો વડે નષ્ટ થઈ જાય છે–એમ આપ ઉપદેશ આપો છો. ૨૫૨.

૩. હે પ્રભો ! અત્યંત પ્રદીપ્ત આ જ્ઞાન-અગ્નિ આપની પાસે સમસ્ત વિશ્વને પ્રાર્થે છે (-વિશ્વને જ્ઞેયરૂપે ઇંધન બનાવવા ચાહે છે); અને આપ પણ પ્રમાણના વિશેષજ્ઞ હોવાથી તેને તેટલું જ આપો છો (અર્થાત્ આપ સર્વજ્ઞ છો). ૨૫૩.

૪. સમસ્ત વિશ્વને ઇંધનરૂપ કરતો આપનો આ જ્ઞાનાગ્નિ, માત્ર પોતાની ચૈતન્યધાતુને એકને જ પુષ્ટ કરે છે, પરંતુ જ્ઞેયપદાર્થોમાં તે કાંઈ વિક્રિયા કરતો નથી,-તેમને બાળતો નથી. ૨૫૪.

૫. વિશ્વને ગ્રાસીભૂત કરવાથી અત્યંત પુષ્ટ થયેલ શુદ્ધ ચૈતન્યધાતુ સાથે નિત્ય રમનારા આપનું બળ અનુપમ દેખાય છે. ૨૫૫.

૬. અનંત બળયુક્ત સ્વભાવને ભાવનારા, વિભુ અને જગતરૂપી કોળિયાને અંદર ને અંદર પચાવી દેનારા, એવા તો હે સર્વજ્ઞદેવ ! એક આપ જ દેખાવ છો. ૨૫૬.

૭. જ્ઞાનમાં સમસ્ત પદાર્થોને ગ્રાસીભૂત કરવાથી હવે જેમને નવું જાણવાની આકાંક્ષા નથી, જેઓ અક્ષય તૃપ્તિને પામ્યા છે, તેમને કોઈ ઉત્કંઠા નથી અને જેઓ જ્ઞાનાદિ સ્વભાવગુણોના સમૂહથી પરિપૂર્ણ છે-એવા આ આપ સાક્ષાત્ શોભી રહ્યા છો. ૨૫૭.

૮. હે પ્રભો ! આત્માના સ્વમહિમાથી સ્પષ્ટ પ્રકાશમાન આપ, એક હોવા છતાં પણ અનંતરૂપ પ્રગટ થતાં ઉપયોગના ચમત્કારો વડે વિચિત્રતાને ધારણ કરો છો;-આશ્ચર્ય પમાડો છો. ૨૫૮.

૯. હે પ્રભો ! આપનો એક જ ઉપયોગ સાકાર અને અનાકાર એવા બે ભેદથી જ્ઞાન-દર્શનરૂપ દ્વિરૂપતાને ધારણ કરે છે. ૨૫૯.

૧૦. સમસ્ત આવરણનો ઉચ્છેદ થવાથી સદાય નિર્બાધ અને અત્યંત સ્પષ્ટ એવી દશિ-જ્ઞપ્તિ આપનામાં એકસાથે અખંડપણે વર્તે છે. ૨૬૦.

૧૧. તે દશિ-જ્ઞપ્તિનું સહકારી, અત્યંત શક્તિસંપન્ન, અંતરાય વગરનું, આપનું આ અનંત વીર્ય જરાપણ ખંડનને સહન કરતું નથી. ૨૬૧.

૧૨. અખંડ દર્શન-જ્ઞાનના સામર્થ્યમાં બધાય પદાર્થોને ગળી જઈને સદાય નિરાકુળપણે બિરાજમાન એવા હે દેવ ! આપ એકાન્ત-સુખી છો. ૨૬૨.

(આ શ્લોક ૧૦-૧૧-૧૨માં પ્રભુના અનંતચતુષ્ટયનું વર્ણન કરીને સ્તવન કર્યું છે.)

૧૩. નિત્ય વ્યાપારરૂપ અનંત વીર્યસમ્પન્ન હે જિનેન્દ્ર ! આપ સ્વયં દશિજ્ઞપ્તિરૂપ હોવાથી દેખો છો-જાણો છો, અને સુખી રહેતા થકા પ્રમાદ કરતા નથી.

૧૪. હે દેવ ! સ્વયં સત્‌રૂપ એવા આપની દશિ-જ્ઞપ્તિમાં, વસ્તુને માત્ર દેખવા

જાણવાની ક્રિયા વડે નશ્વરપણું જરાપણ નથી. ૨૬૪.

૧૫. વળી કોઈ કર્તા વગેરે કારકોની અપેક્ષાકૃત અનિત્યતા પણ આપની દશિ–જ્ઞપ્તિમાં નથી, કેમકે સ્વયં આપ પોતે જ સદાય છ–કારકરૂપ છો. ૨૬૫.

૧૬. દેખવા–જાણવાની ક્રિયા કરતા આપના આ દર્શન–જ્ઞાનમાં, દશ્યરૂપ અને જ્ઞેયરૂપ એવી બાહ્યવસ્તુઓનું સાન્નિધ્ય કારણરૂપ નથી. ૨૬૬.

૧૭. આપના દ્વારા કરવામાં આવતા દર્શન અને જ્ઞાન આપનાથી કોઈ પ્રકારે ભિન્ન નથી, કેમકે દર્શન–જ્ઞાનરૂપ સ્વયમેય થતા હોવાથી આપ પોતે જ 'કર્મ' કહેવામાં આવ્યા છો. ૨૬૭.

૧૮. દશિ–જ્ઞપ્તિરૂપ ક્રિયાને 'ભાવપણું' પમાડીને સ્વયં દશિ–જ્ઞપ્તિરૂપ ભવતા (થતા) આપ, કારકો જેમાં અંતર્ગૂઢ (ગર્ભિત સમાયેલા) છે એવા દશિ–જ્ઞપ્તિમાત્ર 'ભાવ' છો. ૨૬૮.

૧૯. સદા દશિ–જ્ઞપ્તિરૂપ થઈને આપનું ભવવું–થવું તે 'ક્રિયા' છે; તેના કર્તા વગેરે કારકો રૂપે આપ પોતે જ સ્વયં ઉલ્લસો છો–શોભો છો. ૨૬૯.

[આવી 'ભાવ' અને 'ક્રિયા' શક્તિનું વર્ણન સમયસાર–પરિશિષ્ટમાં પણ કર્યું છે : જુઓ શક્તિ ૩૯ તથા ૪૦. સમયસારની 'આત્મખ્યાતિટીકા' અને આ 'શક્તિમણિત–કોશ' બંને રચનાઓ શ્રી અમૃતચંદ્રસૂરિની છે, તેથી તે બંનેમાં ઘણું જ સામ્ય છે. તેમાંય સમયસારનું અનેકાંતસંબંધી આખુંય પરિશિષ્ટ જાણે આ 'સ્તુતિગ્રંથ'માં ગૂંથી દીધું છે.]

૨૦. હે દેવ ! આપ પોતે પરિણમો છો તેથી આપ પોતે 'કર્તા' છો; તથા આપ પોતે દશિ–જ્ઞપ્તિરૂપ થાઓ છો તેથી આપ જ 'કર્મ' છો. એ જ રીતે 'કરણ' વગેરે બીજા ભાવો (કારકો) પણ આપ પોતે જ છો. [જુઓ સમયસાર–પરિશિષ્ટ : શક્તિ ૪૧ થી ૪૬] ૨૭૦.

૨૧. ક્રિયાની કારકસામગ્રીને ગ્રાસીભૂત (અંતર્હિત) કરવામાં તેમ જ ઉલ્લસિત કરવામાં (ગૌણ–મુખ્ય કરવામાં) કુશળ એવા આપ દ્વારા દશિ–જ્ઞપ્તિમય 'ભાવ' છો; અને આવા ભાવની ભાવના કરનારને સુખકારી છો. ૨૭૧.

૨૨. અનાકુળ, સ્વયં અંતર્–બાહ્ય જ્યોતિરૂપ (સ્વ–પર પ્રકાશી), અખંડિત અને સ્વસંવેદનવડે સંવેદ્ય એવા હે દેવ ! આપ અમને ભાવરૂપ જ ભાસો છો. ૨૭૨.

૨૩. હે જિનેશ ! કોઈપણ તત્ત્વને 'આ આમ જ છે' એમ એકાંત–કોઈ એક જ ધર્મરૂપે આપ અવધારણ નથી કરતા (–અનેક ધર્મરૂપે અવધારણ કરો છો), તેથી આપના તત્ત્વનું અવધારણ કરનારાઓને પણ એવી જ (અનેકાંતરૂપ) અવધારણા થાય છે. ૨૭૩.

૨૪. સાવધાનપણે મજબૂત પકડેલા તીક્ષ્ણ ઉપયોગના દૃઢ પ્રહારથી અતિશય 'વિસ્ફૂટ' થયેલી અનંતશક્તિઓ (—ચક્રવર્તીના દંડના દૃઢપ્રહારથી વિજ્યાર્દ્ધની ગુફા ધડાકા સાથે ખુલી જાય તેમ શુદ્ધોપયોગના દૃઢ પ્રહારથી ધડાકા બંધ પ્રગટેલી અનંત શક્તિઓ) તેના વડે હે દેવ ! આપ અત્યંત સ્પષ્ટ શોભી રહ્યા છો. ૨૭૪.

૨૫. હે કેવળજ્ઞાનજ્યોત પ્રભો ! જેનો આખોય આત્મા આપના ભાવની ભાવનાથી ભરેલો છે—એવો આ હું, દીપકની જ્યોત વડે ગ્રસ્ત વાટની જેમ આપનામય (આપ સાથે તન્મય) છું; આમાં સંદેહ નથી. ૨૭૫.

ઇતિ 'શ્રી કુંદકુંદ–ગણધર' દ્વારા શક્તિરૂપી મણિમંડિત ખજાનો ખોલનારા આ સર્વજ્ઞસ્તવનરૂપ લઘુતત્ત્વસ્ફોટ શાસ્ત્રમાં ૧૧ મી સ્તુતિ પૂરી થઈ.

જેને અમૃતચંદ્રસૂરિના શ્રીમુખથી ઝરેલો અધ્યાત્મ-ચૈતન્યરસ અત્યંત વહાલો હોય, અનેકાન્ત તત્ત્વ અને તેના પ્રકાશક સર્વજ્ઞદેવ જેના હૈયામાં વસતા હોય, અને સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યસ્વરૂપ આત્માનો અપાર મહિમા પોતામાં જેને ભાસતો હોય, તે ભવ્યમુમુક્ષુ-સાધર્મી, તેના પ્રકાશક આ શાસ્ત્રને પરમ ભક્તિથી વાંચજો.....સમજજો અને પ્રકાશિત કરીને પ્રચાર કરજો.....આ બીજું સમયસાર છે.

જેમના મંગલ પ્રભાવે આવા ઉત્તમ અધ્યાત્મભંડાર ઉપલબ્ધ થયા તે શ્રી ગુરુકહાનનો મહાન ઉપકાર છે.

*

શક્તિમણિત–કોશ



લઘુતત્ત્વસ્ફોટ

# [૧૨] સર્વજ્ઞસ્તવન : બારમું

# સર્વજ્ઞસ્વરૂપની સ્તુતિમાં થતી ચૈતન્યરસભીની અનુભૂતિ

**ઉપોદ્ઘાત :** આ અધ્યાયની શરૂઆતમાં જિનદેવને નમસ્કાર કરતાં કહે છે કે હે પ્રભો ! આપ અનેકાન્તશાળી છો; અનંતચૈતન્યકળાનો વિસ્ફોટ કરીને (તેને ધડાકાબંધ પ્રગટ કરીને) રાગને જીતનારા આપ 'જિતરાગ' છો. આપ સદા સર્વત્ર જ્ઞાનરૂપ જ પરિણમો છો. આપની જ્ઞાનધારા ક્રમરૂપ પરિણમતી હોવા છતાં પદાર્થોને અક્રમે જાણી લ્યે છે. અનંત ગુણ–પર્યાયોરૂપે શોભતા હોવા છતાં આપ એક દ્રવ્યરૂપ છો. પ્રભો ! આપ પોતે ગંભીર સ્વભાવના તલસ્પર્શ સુધી પહોંચેલા છો, પણ અમે આપના ઊંડાં તળીયાના ભાગને પામી શકતા નથી. આપ મહાન ઉન્નત્ત છો પણ અમે આપની ઉત્કૃષ્ટતાને પામી શકતા નથી. સમસ્ત ગુણ–પર્યાયોમાં આપ નિમગ્ન છો. આપ સ્વયં 'અનેકરૂપ' હોવા છતાં આપનો આશ્રય કરનાર જીવ 'એકત્વ'ને જ પામે છે. આપ નિત્ય–અનિત્યરૂપ છો, આપ જ ઉત્પાદરૂપ–વ્યયરૂપ–ધ્રુવરૂપ છો. આપ ભાવનો અભાવ, તથા અભાવનો ભાવ કરીને ભાવ–ભાવરૂપ વર્તો છો. અનાદિ અનંત પ્રવાહમાં આપ પોતે જ કારણ–કાર્યરૂપ છો. વળી ચૈતન્યરસરૂપ એક એવા આપ કારણ–કાર્યરૂપ નથી હે દેવ ! આપના સર્વજ્ઞસ્વરૂપની સ્તુતિ વડે વિજ્ઞાનઘનમાં તત્પર એવા મને ચૈતન્યરસભીની અનુભૂતિઓ અવિરતપણે સ્ફૂરી રહી છે.

[મંગલ શ્લોક : અનુષ્ટુપ છંદ]

जिनाय जितरागाय नमोऽनेकान्तशालिने ।
अनंतचित्कलास्फोट–स्पृष्टस्पृष्टात्मतेजसे ॥

૧. જેઓ અનેકાન્તશાળી છે–અનેકાન્ત વડે શોભી રહ્યા છે, અનંત ચૈતન્યકળાના વિસ્ફોટ (અત્યંત વિકાસ) સાથે જેમનું પ્રત્યક્ષ આત્મતેજ સંલગ્ન છે અને રાગને જેમણે જીતી લીધો છે એવા જિતરાગ જિનને નમસ્કાર હો. ૨૭૬.

૨. હે પ્રભો ! જો કે આપ અનેકરૂપ પણ છો તોપણ હું આપને એક અનાકુળ જ્ઞાનરૂપ માનું છું; કેમકે આપ સર્વત્ર અને સર્વદા સાક્ષાત્ જ્ઞાનરૂપે જ પરિણમતા પ્રતિભાસો છો; ૨૭૭.

૩. –તેથી હે સ્વામી ! આકાશ–કાળ અને તદ્દગત સમસ્ત દ્રવ્ય–પર્યાયો આપના જ્ઞાનનું જ્ઞાનત્વ નષ્ટ કરવા સમર્થ નથી. ૨૭૮.

૪. હે દેવ ! આપ સ્વરૂપે વર્તો છો અને પરરૂપે નથી વર્તતા; તોપણ ભાવ–અભાવ બંનેને સાક્ષાત્ જાણો છો; તેથી વિદ્વાનો આપને સર્વજ્ઞ કહે છે. ૨૭૯.

૫. 'આ આમ છે' એ પ્રમાણે અનંત પરિચ્છેદપૂર્વક સમસ્ત પદાર્થોને જાણતા થકા, આપ સ્વયં એક હોવા છતાં અનંત જ્ઞાનરૂપ થઈને પરિણમી રહ્યા છો. ૨૮૦.

૬. હે પ્રભો ! અખંડ મહિમાવંત, અનંત ભેદરૂપ તરંગોથી ભરપૂર, અનાકુળ અને શુદ્ધજ્ઞાનના મહાનિધિ એવા આપ શોભી રહ્યા છો. ૨૮૧.

૭. હે પ્રભો ! સ્વ–પરને જાણનારી આપની આ અનંત જ્ઞાનધારા ક્રમનું ઉલ્લંઘન કરીને અક્રમથી પદાર્થોને એકસાથે ખેંચે છે–જાણે છે, પણ જ્ઞાનધારા પોતે તો ક્રમથી ખેંચાય છે–ક્રમરૂપે પરિણમે છે. ૨૮૨.

૮. આપના સહભાવી–ગુણોરૂપ તથા ક્રમભાવી–પર્યાયોરૂપ અનંતા ભાવો શોભી રહ્યા છે તોપણ દ્રવ્યઅપેક્ષાએ આપ એક જ ભાવરૂપ છો, ભાવાંતરરૂપ નથી. ૨૮૩.

૯. અનંત ભૂત અનંત ભાવિ અને અનંત વર્તમાન–એમ ત્રિકાળવર્તી શક્તિસમ્પન્ન એવા નિજાત્મતત્ત્વને ધારણ કરનારા આપ એક જ છો. ૨૮૪.

૧૦. હે દેવ ! આપ પોતાના આત્માને તો ગંભીરસ્વભાવના તલસ્પર્શ સુધી (ઊંડા તળીયા સુધી) પહોંચાડો છો તેમ જ ઊંચે લાવો છો; પરંતુ અમારે માટે તો આપ અતિ ગંભીર અને ઉન્નત્ત હોવા છતાં તલસ્પર્શરહિત છો, આપના ઊંડાણનો તાગ અમારાથી પામી શકાતો નથી ને ઉત્કૃષ્ટતાનું માપ માપી શકાતું નથી. ૨૮૫.

૧૧. અનંતવીર્યના વ્યાપારથી ધીર અને અત્યંત વિકસેલા દર્શનરૂપ એવા આપનો જે અંતર તેમ જ બાહ્ય પ્રકાશ છે તે દર્શનમાત્રરૂપે શોભે છે. ૨૮૬.

૧૨. હે પ્રભો ! અનંતપ્રકારે વિધિ–નિષેધ દ્વારા વ્યાપ્ત આપ પદે–પદે વિધિ–નિષેધને (અસ્તિત્વ–નાસ્તિત્વને) પામતા થકા શોભી રહ્યા છો. ૨૮૭.

૧૩. તદ્દરૂપ તેમ જ અતદ્દરૂપ એવા સ્વકીય સ્વભાવને ધારણ કરનારા આપના વડે વિરુદ્ધ–ધર્મોનો મહાન સમૂહ સ્વયં અનુભવાય છે. ૨૮૮.

૧૪. આપની સ્વરૂપસત્તા (સ્વરૂપઅસ્તિત્વ)ના અવલંબન વડે જેમની અન્યત્ર વ્યાપ્તિ ખંડિત થઈ ગઈ છે એવા સમસ્ત સાધારણ–ધર્મો પણ આપનામાં અસાધારણતાને પામે છે.

૧૫. હે પ્રભો ! અનંતધર્મોના સમૂહથી પરિપૂર્ણ આ આત્માના સ્વરૂપને, જ્ઞાનશક્તિ

વડે આપ સર્વ તરફથી એકસાથે અવગાહી રહ્યા છો. ૨૯૦.

૧૬. હે પ્રભો ! આ અન્વય–ગુણો વ્યતિરેક–પર્યાયોમાં નિમગ્ન થાય છે, તથા વ્યતિરેકો અન્વયમાં નિમગ્ન થાય છે; એ રીતે પરસ્પર નિમગ્ન તે અન્વય–વ્યતિરેકો (ગુણ–પર્યાયો) આપનામાં નિમગ્ન થાય છે અને આપ તે અન્વય–વ્યતિરેકોમાં નિમગ્ન થાઓ છો. ૨૯૧.

૧૭. પ્રાક્અભાવ વગેરે ચાર અભાવો આપનામાં ભાવપણાને પામે છે; વળી આપ ભાવરૂપ હોવા છતાં તે ચાર અભાવપણાને પામો છો. ૨૯૨.

૧૮. હે દેવ ! આપનો આશ્રય કરીને અનેકભાવો પણ એકત્વ પામે છે; અને આપ એક હોવા છતાં અનેકને પામીને અનેકતારૂપ થાઓ છો. ૨૯૩.

૧૯. આ પર્યાયતત્ત્વ સાક્ષાત્ અનિત્ય હોવા છતાં દ્રવ્યસ્વરૂપ આપનો આશ્રય કરીને નિત્યતાને પામે છે; અને આપ નિત્ય હોવા છતાં અનિત્ય–પર્યાયો વડે અનિત્યતાને પામો છો. ૨૯૪.

૨૦. જે આપ અસ્ત પામો છો (વ્યયરૂપ થાઓ છો) તે જ આપ સ્વયં ઉદય પામો છો (ઉત્પાદ થાઓ છો); તથા જે અસ્ત તેમ જ ઉદયને પામો છો તે જ આપ ધ્રુવત્વને ધારણ કરો છો. ૨૯૫.

૨૧. આપ ભાવને તો અભાવરૂપ કરો છો તથા અભાવને ભાવરૂપ કરો છો; તે બંનેને પરિવર્તિત કરતા થકા આપ ભાવરૂપ જ ભવતા ભાસો છો. ૨૯૬.

૨૨. હે પ્રભો ! આપ સમગ્રપણે કારણરૂપ છો તેમ જ સમગ્રપણે કાર્યરૂપ છો; અનાદિઅનંત એક હોવા છતાં, જેમ આપ પૂર્વે હતા તેમ ભવિષ્યમાં હશો–એવા ભેદ પડે છે. (–એ રીતે સમગ્રપણે પૂર્વ–ઉત્તર ભાવની અપેક્ષાએ આપનામાં કારણ–કાર્યપણું છે.)

૨૩. વળી હે દેવ ! આપ જ, નથી તો કાર્યરૂપ ભાસતા કે નથી કારણરૂપ ભાસતા; માત્ર ચૈતન્યરસથી ભરપૂર એક અખંડ પિંડસ્વરૂપ છો. ૨૯૮.

૨૪. હે દેવ ! આપ સ્વભાવથી પૂર્ણ ભરેલા હોવા છતાં વિભાવથી શૂન્ય છો; અને વિભાવથી ખાલી હોવા છતાં સ્વભાવથી પરિપૂર્ણ ભરેલા છો. વળી પૂર્ણ હોવા છતાં આપ કંઈક હાનિ પામો છો ને કિંચિત્ હાનિ પામવા છતાં આપ વૃદ્ધિગત થાઓ છો.૨૯૯

૨૫. હે સર્વજ્ઞદેવ ! વિજ્ઞાનઘનમાં નિમગ્ન થઈને તેમાં જ નિત્ય તત્પર એવા મારા આત્માને, આપની આ અત્યંત ચૈતન્યરસભીની આર્દ્ર–આર્દ્ર અનુભૂતિઓ અવિરતપણે સ્ફૂરાયમાન હો. ૩૦૦.

[ઇતિશ્રી સર્વજ્ઞગુણસ્તવનરૂપ શક્તિમણિતકોશમાં બારમો અધ્યાય પૂરો થયો.]

શક્તિમણિત-કોશ



લઘુતત્ત્વસ્ફોટ

# [૧૩] સર્વજ્ઞસ્તવન : તેરમું

# સ્વ-પરપ્રકાશી આત્મવૈભવ

**ઉપોદ્ઘાત :** વીતરાગી ચેતનાના સ્વ-પરપ્રકાશક સામર્થ્યના વર્ણન દ્વારા સ્તુતિ કરતાં કહે છે કે-હે દેવ! આપનું જ્ઞાનશરીર અદ્ભુત છે. આપનો ચૈતન્યચમત્કાર અનંત નિજધર્મોની મંડળી સહિત અનુભવમાં આવે છે. ઉપયોગલક્ષણવાળા આપ એક ઉપયોગમાત્ર જ નથી, અનંત ધર્મોરૂપ છો. અજડ (જડતારહિત) એવા આપ ચેતનસ્વભાવી સ્વ-પર પ્રકાશક છો. આપનું જ્ઞાન પરથી ઉત્પન્ન થતું નથી. પણ પરના જ્ઞાનનો તેમાં અભાવ નથી. પરપ્રકાશકજ્ઞાન તે પણ આત્માનો સ્વભાવ છે, તેને દૂર કરી શકાતું નથી. પરને જાણવા છતાં આપને પરનો રસ નથી. વિષયવિષયીના ભેદનો અનુભવ મિથ્યાદૃષ્ટિઓને જ હોય છે. અભેદવિવક્ષામાં વિષય-વિષયીનું વેદન એક સાથે છે. અજ્ઞાનીને પરસન્મુખતાનું વ્યસન છે તેથી તે પરજ્ઞેયોમાં સંલગ્ન છે. આપ તો સ્વજ્ઞાનમાં જ સંલગ્ન છો. આપનું ચૈતન્યશરીર સામાન્ય તેમ જ વિશેષરૂપ છે. આપનું કેવળજ્ઞાન નિરંકુશપણે વિશ્વને જાણી રહ્યું છે; તે સ્વ-પરના અનંત વૈભવને પ્રત્યક્ષરૂપ કરે છે.—આવા વૈભવસંપન્ન આત્માની અનુભૂતિ જ નિર્બાધપણે જયવંત વર્તો....આકુળતારૂપ પ્રલાપથી બસ થાઓ.

[મંગળ શ્લોક : મંજુભાષિણી]

सहजप्रमार्जितचिदच्छरूपता प्रतिभासमान निखिलार्थसंतति ।
स्वपरप्रकाशभरभावनामयं तदकृत्रिमं किमपि भाति ते वपुः ॥

૧. હે ભગવાન! આપનું તે કોઈ અદ્ભુત જ્ઞાનશરીર શોભી રહ્યું છે કે જેના સહજ-સ્વચ્છ-સુંદર ચૈતન્ય-રૂપમાં સમસ્ત પદાર્થોની સંતતિ પ્રતિબિંબિત થાય છે, તથા જે સ્વ-પરપ્રકાશક-શક્તિની ભાવનામય અને અકૃત્રિમ છે. ૩૨૧.

૨. હે જિનેન્દ્ર! ઉત્પત્તિ-વિનાશથી રહિત, તથા ક્રમભાવી પર્યાયોના સમૂહની માળારૂપે વિસ્તાર પામેલો એવો આપનો આ નિત્ય, અચળ અને ઊછળતો ચૈતન્યચમત્કાર દૃષ્ટિગોચર થાય છે, અનુભવમાં આવે છે. ૩૦૨.

૩. હે દેવ ! આપનો આ ચૈતન્યચમત્કાર જ, તેનાથી કથંચિત્ અભિન્ન તથા કથંચિત્ ભિન્ન એવા સુખ–વીર્ય–વૈભવ વગેરે સમસ્ત સ્વકીય શક્તિઓનું એકસાથ વેદન થવાથી આપની સહભાવિની અનંત નિજધર્મમંડળીને પ્રગટ કરે છે. ૩૦૩.

૪. આ તમે, અનંત ધર્મોના સમૂહથી યુક્ત હોવા છતાં એક ઉપયોગ–લક્ષણ દ્વારા પ્રકાશમાન છો; પણ તેથી કરીને (અર્થાત્ ઉપયોગને લક્ષણ કહેવાથી) આપ કાંઈ માત્ર ઉપયોગરૂપ થઈ જતા નથી (–આપનામાં માત્ર એક ઉપયોગ–ગુણ જ નથી), કેમકે દ્રવ્યના આશ્રય વગર, નિરાધાર ગુણની સિદ્ધિ થતી નથી. ૩૦૪.

૫. બુદ્ધિમાન પુરુષ જડતાના અભાવ માત્રને 'ચેતના' જાણે છે અર્થાત્ જડતાનો અભાવ અને ચેતના એક જ વસ્તુ છે, સ્વયં અ–જડ એવી તે ચેતના બીજા વડે જડતાને પામતી નથી, કેમકે વસ્તુની શક્તિઓ પર વડે હરી શકાતી નથી. આ રીતે હે દેવ ! આપનું સ્વ–પર પ્રકાશન અબાધિત છે. ['अजडत्वात्मिका चितिशक्तिः' જુઓ, આત્મખ્યાતિ ૪૭ શક્તિમાં બીજી શક્તિ.] ૩૦૫.

૬. હે વિભો ! આ પ્રમાણે ચેતનવંત–પ્રમાતા આપ વિદ્યમાન હોતાં સ્વ–પર પ્રમેયનું જાણવું નિર્બાધપણે સિદ્ધ છે. જે પરને ન જાણે તે જડથી જુદો નથી હોતો; અને પરને જાણવામાં મુખ્ય કારણ કાંઈ જડ નથી. (ચેતના પોતે સ્વયમેવ જાણવાના સ્વભાવવાળી છે.) ૩૦૬.

૭. અચેતન પદાર્થનું જ્ઞાન અચેતનથી ઉત્પન્ન થતું નથી, –ચેતનથી જ ઉત્પન્ન થાય છે; જો તે જ્ઞાન ચેતનથી પણ ઉત્પન્ન થતું ન હોય તો નક્કી તે 'અચેતનનું જ્ઞાન' નષ્ટ થઈ જશે; અચેતનના જ્ઞાનનો અભાવ થઈ જતાં જ્ઞાન ક્યાં રહેશે ? ૩૦૭.

૮. 'પરના જ્ઞાનના અભાવમાં નિરંતર આત્મા દ્વારા આત્મામાં આત્માનું જ્ઞાન સિદ્ધ થશે'–એમ કહેવું યોગ્ય નથી; કેમકે પરને નહિ જાણનારો તે અંધબુદ્ધિ પરજ્ઞેયોની આકૃતિરૂપ જ્ઞાનાકારો વગર સ્વની અનુભૂતિ કઈ રીતે કરી શકે ? ૩૦૮.

૯. હે જિનેન્દ્ર ! જીવોને પરના જ્ઞાન વગર નિજનું જ્ઞાન કદી પણ થતું નથી, –આ નિશ્ચિત છે; છતાં પણ પરના પ્રતિબિંબ વગરના ચૈતન્યને ઉપાસવાની કલ્પનાથી મોહિત બાલીશ–જીવો હાથીની જેમ આંખો મીંચીને ખાડામાં પડે છે. [આત્મામાં પરને જાણવું તે ઉપાધિ છે–એવી માન્યતાનું અહીં નીરાકરણ છે.] ૩૦૯.

૧૦. હે દેવ ! જો પરપદાર્થના જ્ઞાન વગર સર્વ પ્રકારે પોતામાં જ અત્યંત સંકોચને પામેલ કોઈ હોય તો તે એકમાત્ર દૃષ્ટિ (દર્શન) જ છે; એકલી દૃષ્ટિ જ, પર પદાર્થના જ્ઞાનના અભ્યુદયના વિસ્તારથી દૂર રહે છે. ૩૧૦.

૧૧. પૂર્ણ સ્વાધીનતાને પામેલા આત્માને, ઇન્દ્રિયાદિ સહકારી કારણોનો અભાવ હોવા છતાં, પર પદાર્થ સંબંધી જ્ઞાન કોઈ પણ રીતે દૂર કરી શકાતું નથી, કેમકે સ્વ–પર બંનેને જાણવું તે તો જ્ઞાનનો સ્વભાવ જ છે; જો તે સ્વભાવ રોકાય કે ઢંકાય તો જ તે અન્ય કારણોની અપેક્ષા કરે છે. ૩૧૧.

૧૨. હે ભગવાન ! આપ કાંઈ પરપદાર્થના સંબંધના રસિક થઈને અભ્યુદયને નથી પામ્યા, તેમજ કાંઈ પરનો આશ્રય લઈને નિજ કળાને નથી પામતા; પરંતુ નિશ્ચયથી તે સમયે તેવી વાસ્તવિક સ્થિતિ જ છે. આત્મઘાતક–અજ્ઞાની પશુઓ પરને સ્પર્શે છે અર્થાત્ તેના સહકારની પ્રતીક્ષા કરે છે. ૩૧૨.

૧૩. હે વીર ! જ્ઞાનમાં પદાર્થો જણાતાં 'આ વિષયો જ છે' એમ રાગવાન જીવ તેને જ સ્પર્શે છે (જ્ઞાન સાથે તેમને અભેદ માને છે ને જ્ઞાનને ભૂલી જાય છે); તેમજ 'આ વિષયી અર્થાત્ જ્ઞાતા છે'–એમ કોઈ દર્શનરહિત જીવો એકલા જ્ઞાનને જ માને છે (જ્ઞાન જ્ઞેયોને જાણે છે–એમ નથી માનતા); આ રીતે તે અજ્ઞાનીઓ જ્ઞાન–જ્ઞેયને એકાંત અભેદ કે એકાંત ભેદ માને છે. પરંતુ વાસ્તવિક રીતે વિષય અને વિષયી (–જ્ઞેય અને જ્ઞાન) બંને સદા એક સાથે જ જણાય છે, તેથી તેમનામાં કથંચિત્ ભિન્નતા છે ને કથંચિત્ એકબીજામાં મળેલાં ભાસે છે. (બાહ્ય જ્ઞેયોની અપેક્ષાએ બંનેમાં ભિન્નતા છે, ને અંતરમાં થતા જ્ઞેયાકારોની અપેક્ષાએ જ્ઞાન–જ્ઞેય અભેદ છે.) ૩૧૩.

૧૪. હે દેવ ! યદિ ભુવન સ્વયમેવ પ્રકાશ્યપણાને પામે છે તો પામો, –એમાં સૂર્યને શું હાનિ છે ? –કાંઈ હાનિ નથી; કેમકે પોતાના સ્વાભાવિક પ્રકાશના સમૂહથી પરિપૂર્ણ સૂર્ય, કાંઈ તે ભુવનને પ્રકાશિત કરવાની ઇચ્છાથી નથી પ્રકાશતો. –તેમ–

૧૫. હે દેવ ! યદિ ભુવન સ્વયમેવ પ્રમેયપણાને પામે છે તો પામો, તેમાં આત્માને શું હાનિ છે ?–કાંઈ હાનિ નથી; કેમકે સહજ જ્ઞાનથી પરિપૂર્ણ પુરુષ કાંઈ તે ભુવનને પ્રમેય બનાવવાની ઇચ્છાથી નથી પ્રકાશતો. ૩૧૫.

૧૬. જો ઉદયમાન સૂર્ય, ભુવનને પ્રકાશવાની બુદ્ધિ વિના જ લોકને પ્રકાશે છે તોપછી, તીવ્રમોહથી ઘેરાયેલા હૃદયવાળો આ અજ્ઞાની–બાલક પર પદાર્થને પ્રકાશિત કરવાના વ્યસનને કેમ પામે છે ? ૩૧૬.

૧૭. હે દેવ ! આપની દીપ્તિ–જ્ઞાતૃત્વશક્તિનો સમૂહ બાહ્ય તેમ જ અંદર બંનેમાં અપ્રતિહત છે, તથા સ્વ—પરનું પ્રકાશન કરવાનો આપનો ગુણ છે;–આવા આપ સ્વભાવથી એક જ્ઞાનમાં સંલગ્ન છો. –પરંતુ અન્ય મિથ્યાદૃષ્ટિ જીવ પર પદાર્થને પ્રકાશિત કરવા માટે પરસન્મુખ થઈને ભ્રમને પામે છે. ૩૧૭.

૧૮. હે દેવ ! જે વસ્તુ આપના જ્ઞાનમાં અત્યંત સ્પષ્ટ વર્તે છે તે પણ નિશ્ચયથી કારકોના સમૂહને પોતાને અનુરૂપ કરે છે, કેમકે આ લોકમાં નિશ્ચય–વ્યવહારના સમુદાયરૂપ જગતસ્થિતિ કોઈપણ રીતે હાનિ પામતી નથી. ૩૧૮.

૧૯. હે ભગવાન ! આ લોકમાં પરિણમનશીલ, અને મોહજન્ય કલુષતા વગરના આપની જે શુદ્ધચેતના સદા સ્ફુરાયમાન છે તે સહજ છે; તેમાં જેટલા વિભેદ–વિભાગ છે તે બધા પરથી ઉત્પન્ન થયેલા છે; પરંતુ તે વિભાગના કારણરૂપે બહાર લોટનારા જે પરદ્રવ્ય છે તે આપના નથી. ૩૧૯.

૨૦. હે દેવ ! આપની જ્ઞાનશક્તિ એકતાથી દૂર થતી નથી, તેમ જ વિભેદોરૂપ અનેકતાને પણ છોડતી નથી. (અર્થાત્ સામાન્ય જ્ઞાતૃત્વશક્તિ અભેદરૂપ એક છે અને તેઓ ભેદરૂપ વિશેષો અનેક છે); તેથી એકરૂપ તેમજ અનેકરૂપ આપનું જે ચૈતન્યરૂપશરીર છે તે સમાનરૂપે સ્વ–પરને પ્રકાશે છે. ૩૨૦.

૨૧. અનંત વીર્યબળદ્વારા જેમનો ઉદય (વૈભવ) વૃદ્ધિને પામ્યો છે, જેઓ સતત નિરાવરણ જ્ઞાનથી દુર્દ્ધર છે, જેઓ અચિંત્ય શક્તિ સહિત છે તથા રાગ–દ્વેષરહિત હોવાથી તટસ્થિત છે–એવા આપ, વિશ્વના હૃદયોને ખોલતા થકા (–જાણતા થકા) સુશોભિત છો.

૨૨. હે જિનેશ ! બહિરંગ કારણોની નિશ્ચિત વ્યવસ્થાને લીધે અન્ય પદાર્થને નિમિત્તમાત્રપણું પ્રાપ્ત કરાવતા હોવા છતાં આપ સ્વયમેવ એકલા પોતાના આત્માથી જ પુષ્કળ વિભેદોથી ભરપૂર પરિણમનને પ્રાપ્ત થાઓ છો. ૩૨૨.

૨૩. પૃથક્‌પણું હોવાથી જે અન્ય નિમિત્તકારણોથી રહિત પરિણામને પામ્યું છે (સ્વાભાવિક ષટ્‌ગુણ હાનિ–વૃદ્ધિરૂપ પરિણામને પામ્યું છે) તથા જેણે એકલે જ સમસ્ત વિશ્વને વ્યાપ્ત કરી લીધું છે એવું આપનું આ 'બોધ–ધામ' (કેવળજ્ઞાન–તેજ) નિરંકુશપણે વિશ્વરૂપતાને પામે છે. ૩૨૩.

૨૪. હે જિનેન્દ્ર ! સ્વ–પરવસ્તુનો સમસ્ત વૈભવ અનંત પરિણામોથી યુક્ત હોવા છતાં, તેને કેવળજ્ઞાનરૂપ એક–અદ્વિતીય કળા વડે નિરાકુળતાપૂર્વક સદા અનુભૂતિરૂપ કરતું થકું આપનું આ આત્મતત્ત્વ અનુભૂતિમાત્રપણાને જ પામે છે. ૩૨૪.

૨૫. આકુળતારૂપ પ્રલાપ હવે બંધ થાવ. અહીં આત્માનું સ્વરૂપ સ્વ–પરપ્રકાશક એવા દ્વિવિધ સ્વભાવથી યુક્ત છે–એમ નિશ્ચિત થયું. અન્ય સમસ્ત માન્યતાઓને આત્મવૈભવ વડે નષ્ટ કરનારી આ નિરંકુશ અનુભૂતિ જ જયવંત વર્તો. ૩૨૫.

[ઇતિ અનેકાંતવૈભવભરપૂર શક્તિમણિ–જડિત ભંડારમાં
તેરમી સર્વજ્ઞસ્તવન–માળા પૂરી થઈ.]

લઘુતત્ત્વસ્ફોટ  શક્તિમણિતકોશ.

# [૧૪] સ્તવન ચૌદમું : 'અનેકાન્ત આત્મવૈભવ'
# હે દેવ ! આપના જ્ઞાનઅંચલમાં સંલગ્ન છું.

**ઉપોદ્‌ઘાત :** અનેકાન્ત–આત્મવૈભવ દેખાડતાં આ અધ્યાયમાં કહે છે કે હે દેવ ! સામાન્ય તેમ જ વિશેષરૂપ આપના ચૈતન્યવૈભવની અમે ક્રમથી તથા અક્રમથી સ્તુતિ કરીએ છીએ. આપનું આશ્ચર્યકારી અનેકાન્તસ્વરૂપ, દેખનારાઓને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સ્વવિભૂતિ દેખાડે છે. અજ્ઞાનીઓ આપની વિભૂતિને દેખી શકતા નથી; તેમની દૃષ્ટિ પરમાં જઈ પડી છે. આપની દૃષ્ટિ તો સ્વમહિમામાં જ લીન છે. પર્યાયોનું એકત્વ ગુણ સાથે છે, પર સાથે તેને સંબંધ નથી; તેથી આપ પરપદાર્થો પ્રત્યે વિરક્ત છો. આપના કેવળજ્ઞાન–મુખમાં આખું વિશ્વ કોળિયો બની રહ્યું છે. આપ અરૂપી–ચૈતન્યમય હોવાથી આપનું પ્રતિબિંબ ક્યાંથી હોય ? –અથવા જ્ઞાનમાં ઝળકતું આખું વિશ્વ જ આપનું પ્રતિબિંબ છે. સ્વને વિષય કરનારું જ્ઞાન સ્થિર રહે છે; માટે જ્ઞાન સ્વને જ વિષયરૂપ કરો. જ્ઞાનમાં નિશ્ચલતા તે જ ભવબીજને હરનાર છે. પ્રભો ! આપનો સંગ તે જ સુખ છે; આપનો વિરહ તે દુઃખ છે. જેના અંતરમાં સતત આપ બિરાજો છો તે કર્તવ્યનિષ્ઠ જીવ ખરેખર સુખી છે. અંતરમા સ્તુતિકાર નિર્ભયપણે કહે છે હે દેવ ! હું આપના જ્ઞાનઅંચળમાં લાગેલો છું, તેથી હવે મને કષાયમળ નષ્ટ કરી શકતા નથી.....પરંતુ હું કષાયોને નષ્ટ કરીને મોક્ષને સાધી રહ્યો છું.

[મંગલ શ્લોક : તોટક છંદ]

चितिमात्रमिदं दृशिबोधमयं तव रूपरूपमनंत महः ।
अविखण्ड-विखंडित शक्तिभरात् क्रमतो मतश्च नुमः प्रतपत् ॥

૧. હે દેવ ! ચિતિમાત્ર, તેમજ દશિરૂપ, જ્ઞાનરૂપ, અરૂપી, અનંત તેજયુક્ત–એવી, અખંડિત તેમજ વિખંડિત (અભેદરૂપ તેમજ ભેદરૂપ) શક્તિઓના સમૂહ વડે પ્રતાપવંત એવા આપના આ રૂપની અમે ક્રમથી તેમજ અક્રમથી સ્તુતિ કરીએ છીએ. ૩૨૬.

૨. હે જિનેન્દ્ર ! આ એક આશ્ચર્ય છે કે, અનેક ચૈતન્યજ્યોતિના સમૂહની કાંતિ દ્વારા આપ પોતાને સદા રુચિમાન–દેદીપ્યમાન કરી રહ્યા છો તોપણ, અલ્પ વિભૂતિના

ધારકને કે દૃષ્ટિસંપન્ન મનુષ્યને પણ દૃષ્ટિગોચર થતા જ નથી. ૩૨૭.

૩. હે ભગવાન ! અનેકાન્તદૃષ્ટિથી જોતાં અવિરુદ્ધ, પરંતુ એકાંતદૃષ્ટિથી વિરુદ્ધ એવા નિત્યત્વ–અનિત્યત્વ વગેરે ધર્મોના સમૂહમાં 'અનવસ્થિતરૂપે અવસ્થિત' એવા આ આપ, સ્વવિભૂતિ (નિજવૈભવ) દેખવા માટે લોલૂપ જીવોને 'અનવસ્થિતરૂપ અવસ્થિતિ'નું પ્રતિપાદન કરો છો (અર્થાત્ ઉત્પાદ-વ્યય સહિત ધ્રુવતારૂપ નિજવૈભવ દેખાડો છો). ૩૨૮.

૪. હે વિભો ! સર્વજ્ઞત્વાદિ પર્યાયઅપેક્ષાએ ઉત્પન્ન થનારા તથા જીવદ્રવ્યની અપેક્ષાએ ઉત્પન્ન નહિ થનારા એવા આપનો જે આ ભરપૂર વૈભવ છે તે, સ્વ-પરના અત્યંત વિભાગના વિસ્તારને જાણનારા એવા, બળવાન શક્તિના ચમત્કારથી યુક્ત જીવો વડે જરૂર અનુભવાય છે. ૩૨૯.

૫. નિશ્ચયથી આ જગતમાં જે એક હોય તે અનેકરૂપ નથી હોતું, અને જે અનેક હોય તે એકપણાને પામતું નથી; પરંતુ હે દેવ ! આપ એક–અનેક ઉભયાત્મક તેજપૂંજ છો....તેજપૂંજની જેમ આપ સમુદાયરૂપ છો તેમજ અવયવરૂપ પણ છો. (ધર્મોના સમુદાયરૂપે આપ એક છો; ભિન્ન ભિન્ન ધર્મોરૂપે અનેક છો.) ૩૩૦.

૬. ક્ષણભંગથી રહિત ચૈતન્ય કલિકાઓના સમૂહરૂપ આપને જો કે નિત્યપણું છે તોપણ ચૈતન્યરૂપ એક રસના પ્રસારથી ભીંજાયેલા ચૈતન્યકણોથી યુક્ત આપને ક્ષણિકપણું પણ છે. ૩૩૧.

૭. હે જિનેન્દ્ર ! વિભુ આપે આપનામાં જે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે જ જ્ઞાન અત્યારે ઉદયમાન છે, અને જે જ્ઞાન અત્યારે ઉદયમાન છે તે જ પુનઃ ઉદિત થશે; આ રીતે આપ 'કાળથી કલંકિત (અર્થાત્ કાળથી સાપેક્ષ) જ્ઞાનકળાયુક્ત' હોવા છતાં કલારહિત (તરંગ વગરના) જ્ઞાનસમુદ્ર છો. ૩૩૨.

૮. સદા એકત્વરૂપે સુશોભિત હોવા છતાં પણ આપ જ્ઞાનના અનંત ઉદ્ગમો (અંશો)ની સંકલનાને છોડતા નથી, અર્થાત્ આપ અખંડ જ્ઞાનસામાન્યની અપેક્ષાએ એક છો તથા અનંત જ્ઞાનાંશોની અપેક્ષાએ અનેક પણ છો; બંને પ્રકારમાં જ્ઞાનના અવિભાગ–પ્રતિચ્છેદોની સંખ્યા સરખી જ રહે છે : જેમ સઘન અવસ્થા કે પીગળેલી અવસ્થા બંને અવસ્થામાં બરફના ટૂકડામાં પાણીનાં કણ સરખા જ હોય છે. ૩૩૩.

૯. હે નાથ ! આપ વૃદ્ધિને પામતા થકા સર્વ તરફથી હાનિને પામો છો, તથા હાનિને પામતા થકા સર્વ તરફથી વૃદ્ધિને પણ પામો છો; અથવા નથી હાનિ પામતા કે નથી વૃદ્ધિ પામતા; આ રીતે હે જિન ! આપ મારા મનને વિસ્મય પમાડતા થકા શોભી રહ્યા છો. ૩૩૪.

૧૦. આપનો સ્વભાવ પરિણામમય અને સ્વભાવના વિષયમાં 'આમ કેમ' એવા વિતર્કની કથા વ્યર્થ જ છે. સદૃશ તેમ જ અસદૃશ ભાવોના સમૂહથી ભરેલા આપ તે પરિણામસ્વભાવને અખંડિત ધારાએ ધારણ કરો છો. ૩૩૫.

૧૧. પદાર્થનું જ્ઞાન પ્રત્યક્ષ તથા પરોક્ષરૂપે થાય છે. હે વિભુ ! લોકોત્તર વૈભવથી યુક્ત આપ પ્રત્યક્ષ શોભી રહ્યા છો; આપની વિભૂતિનો સમૂહ પ્રત્યક્ષ છે, તોપણ મિથ્યાત્વથી હણાયેલા પશુઓ આપની પ્રતીત કરતા નથી. ૩૩૬.

૧૨. સ્વ–પરની આકૃતિના સંકલન (ભેળસેળ)થી આકુળિત એવી મિથ્યા દૃષ્ટિ, સ્વને છોડીને પરમાં પડેલી છે; પરંતુ આપની દૃષ્ટિ તો વેગપૂર્વક પરને છોડીને સ્વમહિમામાં જ નિરાકુળપણે ઊછળી રહી છે. ૩૩૭.

૧૩. હે ઈશ્વર ! સ્વ તેમ જ પર પદાર્થો દર્શનનો વિષય (દૃશ્ય) હોવાથી તેઓ દૃષ્ટિની અંદર સર્વપ્રકારે ઇતરેતર પ્રવેશી રહ્યા છે, તેથી આપના દ્વારા સ્વ-પરનું ભેદજ્ઞાન કરવા માટે વિધિ–પ્રતિષેધરૂપ પદ્ધતિ નિર્ધારિત કરવામાં આવી છે. ૩૩૮.

૧૪. જો દૃશ્ય-નિમિત્તક આ વ્યતિરેકસમૂહ દૃશિશક્તિમાં જ અન્વયને પામે છે (અર્થાત્ દૃશ્યપદાર્થો–નિમિત્તે થનારા દર્શનભેદોનું એકત્વ એક દર્શનગુણ સાથે જ છે) તો એક દર્શન માત્ર જ પ્રતિભાસો. દર્શનને હરનારા (ભેદનારા) દૃશ્યપદાર્થોના સમૂહથી શું પ્રયોજન છે ? ૩૩૯.

૧૫. હે દેવ ! આપનો આ દર્શનગુણ વચનના વિષયનો અવિષય (વચનઅગોચર) હોવાથી, દર્શનના વિષયરૂપ સમસ્ત દૃશ્ય પણ વચનના વિષયોનો અવિષય છે. અથવા હે જિનેન્દ્ર ! આપ અચલ ચૈતન્યસમૂહમાં સ્થિર હોવાથી દૃશ્યપદાર્થો પ્રત્યે વિરક્ત–વિભૂતિ છો. ૩૪૦.

૧૬. હે જિનેન્દ્ર ! મહાન આત્મવિકાસના સામર્થ્યથી જાણે કે સમસ્ત પદાર્થોને આત્મમય કરતી હોય–એવી, આપની આ અતિશયપણે ખીલેલી ચૈતન્યકળી–ચૈતન્યપરિણતિ બળપૂર્વક સમસ્ત વિશ્વને પણ પ્રગટ કરે છે. ૩૪૧.

૧૭. સમસ્ત વિશ્વને પ્રકાશિત કરવાથી જે ઊછળી રહી છે તથા જેની દીપ્તિ અત્યંત ફેલાયેલી છે, એવી આપની ચૈતન્યવીજળી એવી પ્રકાશે છે–જાણે કે ચૈતન્ય ચમત્કારરૂપ ચંદ્રની અચલ કાંતિ વડે નિરંતર ચંદરવો જ રચી રહી હોય ! ૩૪૨.

૧૮. બહુ ભાવોથી ભરેલા સત્ત્વરસરૂપ પ્રગટ અનુભવ દઈ રહેલું આ સમગ્ર જગત, હે દેવ ! આપના જ્ઞાન–મુખમાં કોળિયાના ગ્રહણની જેમ આજે પરિવર્તિત થઈ રહ્યું છે. ૩૪૩

૧૯. હે દેવ ! આપ વિવિધ ચૈતન્યના ઉદ્‌ગમસ્વરૂપ હોવાથી આપના શરીરનું પ્રતિબિંબ હોવાની કથા વ્યર્થ જ છે; અથવા તો હવે આપ સર્વજ્ઞ થતાં આપની અનુભૂતિમાં એક સાથે ઝળકતું આ આખું વિશ્વ જ ખરેખર આપની પ્રતિમા અથવા પ્રતિબિંબ છે. ૩૪૪.

૨૦. વિષયી (–જ્ઞાન) જો બાહ્યવિષયોમાં વર્તે તો પર વિષયો વડે તે હરાઈ જાય છે, માટે વિષયી–જ્ઞાન સ્વને જ વિષયરૂપ કરો; કેમકે જ્યારે સ્વકીય આત્મા પોતે જ્ઞાનનો વિષય થાય છે ત્યારે અન્ય વિષયો દ્વારા તે જ્ઞાન હરાતું નથી; જ્ઞાતાનું જ્ઞાન અન્ય વિષયરૂપ થતું નથી, જ્ઞાતા જ રહે છે. ૩૪૫.

૨૧. આપની દર્શન-જ્ઞાનમાં સુનિશ્ચલવૃત્તિરૂપ શક્તિનો જે સમૂહ છે તે ભવબીજને હરનારો છે; ભેદજ્ઞાની જીવ ક્રિયાદ્વારા રમતો નથી (અર્થાત્ ક્રિયામાં જ તલ્લીન થતો નથી) પણ પ્રારંભિક દશામાં ક્રિયા દ્વારા કુમાર્ગથી નિવૃત્ત થાય છે. ૩૪૬.

૨૨. જેને ચારિત્રક્રિયા દ્વારા પુદ્‌ગલકર્મમળ ધોવાઈ ગયો છે એવો પુરુષ જ્ઞાનસ્વભાવમાં અકંપ પરિણામને પામે છે; જેનું જ્ઞાન પરિપકવ (કેવળજ્ઞાનરૂપ) થયું છે તેને, ભવબીજને બળપૂર્વક નષ્ટ કરી દેવાથી ચોક્કસ અપુનર્ભવતા (મુક્તિ) થાય છે. ૩૪૭.

૨૩. હે જિનેન્દ્ર ! સ્પષ્ટ-પ્રત્યક્ષ જ્ઞાનને લીધે આપ સદાય અજ્ઞાનમળથી અલિપ્ત એવા કેવળજ્ઞાનને ધારણ કરો છો; તેથી હવે ફરીને કદી કર્તૃત્વભાવથી આકુળિત બની મુક્તિસ્થાનથી પતીત થઈને મત્સ્યાવતારની માફક અવતારને ધારણ કરતા નથી. ૩૪૮

૨૪. હે જિનેશ્વર ! આપનો સંગમ તે જ સુખ છે અને આપનો જે આ વિરહ છે તે જ દુઃખ છે–એમ સંતો કહે છે. હે જિન ! જેના અંતરમાં આપ સતત સન્નિહિત છો તે કર્તવ્યનિષ્ઠ જીવ ખરેખર સતત સુખી છે. ૩૪૯.

૨૫. અહો દેવ ! સકલ (સર્વે) કેવળી ભગવંતો, અનંત કલા સહિત એવા આપને 'સ–કલ' પરમાત્મા કહે છે. હે દેવ ! આપના જ્ઞાન-અંચળમાં સંલગ્ન એવા મને પણ કષાયમેલ નષ્ટ કરી શકતા નથી. ૩૫૦.

[ઈતિ સર્વજ્ઞગુણસ્તવનરૂપ આ 'શક્તિમણિતકોશ'માં
ચૌદમો 'તત્ત્વ-વિસ્ફોટ' પૂરો થયો.]

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

## [૧૫] તત્ત્વ–વિસ્ફોટ : પંદરમો

# પ્રભો ! હું જાગ્યો છું : મને ગોદમાં લ્યો ને માંરા કોડ પૂરા કરો.

**ઉપોદ્‌ઘાત** : હે જિનદેવ ! આપના આશ્ચર્યકારી અદ્‌ભૂત પદને જાણવા કેવળી ભગવાન જ સમર્થ છે. શેરડી ચૂસનારા બાળકની જેમ આપની જ્ઞાનકળાનો અત્યંત મધુર સ્વાદ હું દિનરાત લઉં છું. અત્યંત તીક્ષ્ણ આપનું જ્ઞાનશસ્ત્ર પદાર્થસમૂહમાં ક્યાંય નિષ્ફળ નથી જતું. આપનો સ્વભાવ દ્રવ્ય–પર્યાય બંનેને એકસાથે અવલંબનારો છે, કેમકે દ્રવ્ય વગર પર્યાયો, કે પર્યાય વગર દ્રવ્ય હોતું નથી. આશ્રય અને આશ્રયી સૂર્ય–આતાપની જેમ અભિન્ન છે. અસ્તિપક્ષ નાસ્તિપક્ષ એકબીજાથી વિરૂદ્ધ હોવા છતાં આપની પાસે બંને એકસાથે સુસંગત થઈને અર્થસિદ્ધિ કરે છે. અનેકાન્તના પરમ પ્રેમથી સ્તુતિકાર કહે છે કે અનેકાન્તવસ્તુમાંથી અમારી જીભ એકાન્તે જો એકને જ કહે તો તેના સો કટકા થઈ જાવ. દ્વિવિધ શક્તિરૂપ અનેકાન્તતત્ત્વ જ અર્થગૌરવને પામે છે અને તે જ અર્થક્રિયા કરી શકે છે. આપનો ઉપયોગવૈભવ સ્વ–પરપ્રકાશી છે. પ્રભો ! શેરડીની રસધાર જેવું આપનું આ ચૈતન્યરસનું પૂર મને સ્વરસમાં અત્યંત તરબોળ કરી દેશે. હું જાગીને આપના ચરણમાં આવ્યો છું.....હવે મને ગોદમાં લ્યો ને મારા કોડ પૂરા કરો.

[મંગળ શ્લોક : વિયોગિની છંદ]

अभिभूय कषायकर्मणामुदयस्पर्द्ध कपंक्तिमुत्थिताः ।
जिन केवलिनः किलाद्‌भुतं पदमालोकयितुं तवेश्वराः ।।

૧. હે જિનેન્દ્ર ! કષાય–કર્મોને અર્થાત્ ક્રોધાદિ કષાયોને તેમજ જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોના ઉદયગત સ્પર્દ્ધકોની પંક્તિને નષ્ટ કરીને, જેઓ અભ્યુદયને પામ્યા છે એવા કેવળી ભગવાન જ ખરેખર આપના અદ્‌ભુત–આશ્ચર્યકારી પદને અવલોકવા સમર્થ છે. ૩૫૧.

૨. શેરડીની કાતળીને ચૂસનારા બાળકની જેમ, અત્યંત માધુર્યથી (અતીન્દ્રિય

આનંદરસથી) તરબોળ હૃદયવાળો આ જીવ, દિનરાત આપની જ્ઞાનકળાનો રસાસ્વાદ લેતો થકો તૃપ્તિ પામતો નથી. ૩૫૨.

૩. હે દેવ ! સ્વયં આપના દ્વારા આ નિજબોધરૂપી શસ્ત્ર અનંતવાર તીક્ષ્ણ–ધારદાર કરવામાં આવ્યું છે, તેથી પદાર્થમંડળ ઉપર પડતું તે ક્યાંય પણ કુંઠિત થતું નથી,–નિષ્ફળ જતું નથી. (–સર્વ પદાર્થને જાણી લ્યે છે.) ૩૫૩.

૪. હે દેવ ! આ જગતમાં જોરપૂર્વક સમસ્ત વસ્તુને અનંતવાર ખંડખંડ કરતું આપનું આ એક–અદ્વિતીય દર્શનચક્ર એક સાથે વિશ્વવ્યાપી વિક્રમવાળું દેખાય છે. ૩૫૪.

૫. નિશ્ચયથી દ્રવ્ય, પર્યાયો વગર ઉદય પામતું નથી, અને પર્યાયો પણ દ્રવ્ય વગર ઉદયને પામતા નથી; તેથી હે દેવ ! આપની પ્રકૃતિ સદાય દ્રવ્ય–પર્યાય એ બંનેને અવલંબનારી છે. ૩૫૫.

૬. ખરેખર આશ્રયી વગર આશ્રય નથી રહેતો, અને આશ્રય વગર આશ્રયી નથી રહેતા; આશ્રય અને આશ્રયી–એ બંનેમાં સૂર્ય અને તાપ–પ્રકાશની જેમ ઈતરેતર–હેતપણું છે. [આશ્રયી=ગુણ; આશ્રય=દ્રવ્ય] ૩૫૬.

૭. આ અસ્તિપક્ષ નાસ્તિપક્ષ વડે બાધિત છે, અને નાસ્તિપક્ષ અસ્તિપક્ષ વડે બાધિત છે; તોપણ સમતાને પામીને એક સાથે પરસ્પર મળેલા–સુસંગત એવા તે બંને અર્થ સિદ્ધિને માટે યત્નશીલ છે. ૩૫૭.

૮. હે જિનેન્દ્ર ! જેથી વસ્તુ સ્વચતુષ્ટયરૂપે હોવા છતાં તે કોઈ પરચતુષ્ટયરૂપે નથી હોતી, તેથી અસ્તિપક્ષની સાથે નાસ્તિપક્ષ પણ એક જ કાળમાં અવસ્થિત છે. ૩૫૮.

૯. હે ભગવાન ! વસ્તુ એકાંતે વાચ્યરૂપ નથી તેમજ એકાંત અવાચ્યરૂપ પણ નથી, પરંતુ બંનેરૂપ છે;–આ આપનું માહાત્મ્ય છે. જો બંનેમાંથી માત્ર એકનું જ કથન કરે તો અમારી જીભના સો કટકા થઈ જાવ. ૩૫૯.

૧૦. હે ભગવાન ! વસ્તુ ક્રમે કરીને વાચ્યપણાને પામે છે, તથા યુગપત ઉભયધર્માત્મક હોતી થકી અવાચ્યપણાને પામે છે; કેમકે વચનનો એવો જ સ્વભાવ છે કે ક્રમથી કહેવાની તેની શક્તિ છે ને અક્રમ–યુગપદ કહેવાની અશક્તિ છે. ૩૬૦.

૧૧. હે દેવ ! આપનું આ તત્ત્વ સ્વયં એક તેમ જ અનેક પણ છે; અન્યવાદીઓ તેની કલ્પના પણ કરી શકતા નથી. આવું અનેકાંતતત્ત્વ જ વિચારગોચર થયું થકું અર્થગૌરવને પામે છે. ૩૬૧.

૧૨. વસ્તુ સર્વથા એકરૂપ નથી તેમજ અનેકરૂપ જ નથી, પણ સમુદાય તેમ જ

અવયવ (અંશી તેમજ અંશ) એવા બંને સ્વરૂપ છે. સમુદાય તથા અવયવો સિવાય વસ્તુની બીજી કોઈ ગતિ જ નથી.. ૩૬૨.

૧૩. હે જિનેન્દ્ર ! આપ અનિત્યરૂપે પ્રતીતમાં આવો છો, તેમ જ નિશ્ચિત નિત્યરૂપે પણ વિભાસો છો. આપની આ દ્વિવિધશક્તિ નિઃસંદેહ—આકુળતા વગર કાર્યકારિતાને પ્રગટ કરે છે—કાર્યકારી છે. ૩૬૩.

૧૪. શું અનિત્યતા વિના ક્રમ હોય છે ? —ના; અને શું ક્રમનું ઉલ્લંઘન કર્યા વગર નિત્યતા હોય છે ? —ના; હે ભગવાન ! સ્વયં ક્રમ તેમજ અક્રમને રચતા થકા (તે—રૂપે પરિણમતા થકા) આપ શું દ્વિ—સ્વરૂપપણાને છોડો છો ? —કદી નહીં. ૩૬૪.

૧૫. અહીં કાર્ય થવામાં એકલું સ્વ કારણ નથી તેમજ એકલું પર કારણ નથી; સ્વ—પર બંનેને અવલંબીને પ્રવર્તતા આપના મતમાં, કાર્યસિદ્ધિમાં બંને કારણ છે. ૩૬૫

૧૬. હે દેવ ! આપનું બોધમયપણું કોઈ બીજા કારણથી થયું નથી પણ સ્વતઃ છે; અને આપના જ્ઞાનમાં જે વિભક્તિ અર્થાત્ ભેદો છે તે સ્વતઃ નથી પણ પર—સાપેક્ષ છે. આ રીતે આપના જ્ઞાનમાં સ્પષ્ટપણે બે પ્રકારનાં કારણો અભ્યુદય પામે છે. ૩૬૬.

૧૭. સ્વ—પર બંનેને પ્રકાશનારો આપનો ઉપયોગ—વૈભવ સ્વ-પરપ્રકાશક એવી દ્વિરૂપતાને પામે છે. બહિર્મુખ તથા અંતર્મુખ પ્રકાશના વિક્રમથી તે ઉપયોગ—વૈભવ એવો જ (સ્વ-પરપ્રકાશી) અનુભવમાં આવે છે. ૩૬૭.

૧૮. હે ભગવાન ! દ્વિરૂપ—જ્ઞાનદર્શનસ્વરૂપ એવા આપ વિષયરૂપ જ્ઞેયપદાર્થોને સર્વ તરફથી પ્રકાશતા થકા, અને સ્વઆત્માને પણ સ્પષ્ટપણે પ્રકાશતા થકા, આ લોકમાં મણિમય દીપક જેવા પ્રતિભાસો છો. ૩૬૮.

૧૯. વસ્તુના ગૌરવથી અર્થાત્ વસ્તુના સ્વભાવસામર્થ્યથી પર જ્ઞેયોને જાણનારા આપ પરરૂપ નથી થતા; પરને અવલંબીને થતું આત્મભાસન (આત્મપ્રકાશન) તે જ અહીં 'પરપ્રકાશન' છે. ૩૬૯.

૨૦. હે ભગવાન ! આપ વ્યવહારદૃષ્ટિથી જોનારને પરનું અવલંબન લેનારા પ્રતિભાસો છો, અને પરમાર્થદૃષ્ટિથી જોનારને સદા સ્વનું અવલંબન લેનારા પ્રતિભાસો છો; આ રીતે યુગપત બંનેરૂપે પ્રતિભાસો છો. હે પ્રભો ! આપની આવી અદ્ભુત દ્વિરૂપ—ગતિની પ્રભુતા લોકોત્તર છે. ૩૭૦.

૨૧. જેમ આપ સર્વવ્યાપક પણ ભાસો છો તેમ સ્વ-સીમામાં (આત્મપ્રદેશોમાં) અત્યંત નિયત પણ ભાસો છો; તેથી આપની સ્વ—પર આશ્રયતા વિરોધ પામતી નથી પરંતુ દ્વય-આત્મકતા જ પ્રતિભાસે છે. ૩૭૧.

૨૨. હે દેવ ! પ્રતિષેધાત્મક પદો દ્વારા સર્વ તરફથી સ્પષ્ટપણે ઉત્સર્ગરૂપ વિધિપક્ષ ખંડિત થવા છતાં, આપનું સ્વરૂપ દેખનારાઓને આપનો મહિમા તત્‌–અતત્‌રૂપે જ (વિધિ–પ્રતિષેધ એવા બંને રૂપે જ) પ્રતિભાસે છે. ૩૭૨.

૨૩. હે દેવ ! એ રીતે, અનવસ્થિતિનો આશ્રય કરનારી મનુષ્યપર્યાયમાં વ્યવસ્થિતિને ધારણ કરનારા આપનો મહિમા (પરસ્પર વિરુદ્ધતાને કારણે) અતિશય વિઘટનરૂપ હોવા છતાં રંચમાત્ર ચલિત થતો નથી. ૩૭૩.

૨૪. અત્યંત ભીંસથી પીલાયેલી શેરડીમાંથી ઊછળતી રસધારના પ્રવાહની જેમ, હે દેવ ! આપની આ જોરદાર વિવેચના અર્થાત્‌ સ્તવના વડે ઊછળતું આ આત્મરસનું પૂર મને સર્વ તરફથી તરબોળ કરી દેશે....સ્વરસમાં ડુબાડી દેશે......નિમગ્ન કરી દેશે. ૩૭૪.

૨૫. હે ભગવાન ! આપના ચરણકમળમાં આવેલા અને જાગૃત થયેલા એવા મારી મોહરાત્રિ વીતી ચૂકી છે; માટે કૃપા કરીને આપની ભક્તિ કરનારા એવા મને તેડીને ગોદમાં ધારણ કરો.....મારા કોડ પૂરા કરો. ૩૭૫.

[ઇતિ શક્તિરૂપી મણિજડિત આ ખજાનામાં, પંદરમાં સર્વજ્ઞસ્તવન દ્વારા અનેકાન્ત–તત્ત્વનું વિસ્ફોટન થયું.]

## ‘અદ્‌ભુત !’

આ સ્તુતિશાસ્ત્રમા પદેપદે સર્વજ્ઞના ગુણોની સ્તુતિના બહાને અનેકાન્તસ્વભાવનો અચિંત્ય મહિમા પ્રસિદ્ધ કર્યો છે; સર્વજ્ઞ પ્રભુના વૈભવનો આવો આશ્ચર્યકારી મહિમા દેખીને બુદ્ધિમાન–આત્માર્થી જીવોનું હૃદય તો આનંદથી ને ભક્તિથી નાચી ઉઠશે : ‘વાહ, આત્માનો કેવો અદ્‌ભુત મહિમા ! —આવા અચિંત્ય મહિમાને સ્વાનુભવી જીવો જ ઓળખી શકે છે, ને વિશિષ્ટ જિજ્ઞાસુ જીવોને પણ તેમાં ઊંડા ઊતરવાથી સ્વાનુભૂતિ થાય છે.

*

લઘુતત્ત્વસ્ફોટ  શક્તિમણિતકોશ.

## (૧૬) તત્ત્વ–વિસ્ફોટ : સોળમો

# કદી નીરસ ન થનારો અદ્‌ભુત ચૈતન્યરસ

### મારી શ્રુતજ્ઞાન–ચીનગારીમાંથી કેવળજ્ઞાનનો વિસ્ફોટ થાઓ.

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં, પ્રારંભમાં જ પ્રભુનો સાક્ષાત્કાર કરીને સ્તુતિકાર વિસ્ફોટ કરે છે કે–હે પ્રભો ! આપ વિશ્વને કોળિયો કરી ગયા હોવા છતાં વિશ્વ પ્રત્યે પરમ ઉદાસીન છો ને પોતામાં જ તૃપ્ત છો. –આવા સ્વભાવે આપ સ્પષ્ટ અનુભવમાં આવો જ છો. શેરડી તો ચૂસતાં–ચૂસતાં નીરસ થઈ જાય છે પણ હે દેવ ! આપ તો એવા રસભરપૂર છો કે ચારે તરફથી ચૂસતાં (અનુભવતાં) પણ કદી આપ નીરસ નથી લાગતા, ઊલ્ટા વધુ ને વધુ જ્ઞાનસુધારસ આપો છો. આપના ચૈતન્યરસની આ અદ્‌ભુતતા છે. ચારિત્ર વડે ધારદાર થયેલા સ્વસંવેદનના પ્રહારથી મોહકષાયને આપે તોડી નાંખ્યો છે.

હે ભગવાન ! ભવના પાતાળને ભેદીને આપની જ્ઞાનધારા ઊછળી છે તે સર્વ આત્મપ્રદેશોને આનંદથી ભરી દે છે ને વિશ્વને તેમાં ડુબાડી દે છે. પ્રદેશોથી આપ પરિમિત છો પણ જ્ઞાનવૈભવથી અપરિમિત છો. આપનું જ્ઞાન સર્વ જ્ઞેયપદાર્થોથી ભરેલું હોવા છતાં પદાર્થોનો એકપ્રદેશ પણ આપનામાં પ્રવેશતો નથી. આપના જ્ઞાનમાં જડ-ચેતન એકસાથે વર્તતા હોવા છતાં તેમના મહાન અંતરને આપ જ જોરપૂર્વક જગતમાં પ્રસિદ્ધ કરો છો. જ્ઞાયક એવા આપના વગર જગતને કોણ પ્રકાશે ? આપ ઊંડા છો ને ઉન્નત પણ છો. આપનું ચૈતન્યવૃક્ષ આત્મરસ વડે સીંચાઈને સંપૂર્ણ ખીલી ગયું છે. તેમાં જગતના બધા રસો છે. હે પ્રભો ! પરમાગમનો પ્રકાશ ત્રણકાળ–ત્રણલોકનો પ્રકાશક હોવા છતાં આપના કેવળજ્ઞાન–તેજ પાસે તો તે આગમપ્રકાશ આગિયા જેવો ઝાંખો પડી જાય છે.....તેથી હે પ્રભો ! મારી આ વિકસતી શ્રુતજ્ઞાન ચીનગારીમાં આપનું કેવળજ્ઞાન–તેજ શીઘ્ર પ્રવેશ કરો.....કેવળજ્ઞાનનો વિસ્ફોટ થાઓ.

[મંગળ શ્લોક : પુષ્પિતાગ્ર–છંદ]

अयमुदयदनन्तबोधशक्तिः त्रिसमयविश्वसमग्र घस्मरात्मा ।
धृतपरमपरारुचिः स्वतृप्तः स्फुटमनुभूयत एव ते स्वभावः ।।

૧. અનંત બોધશક્તિરૂપે ઉદયમાન, ત્રિસમયરૂપ સમગ્ર વિશ્વને એક સાથે કોળિયો કરી જનાર (–જાણી લેનાર), પર પ્રત્યે પરમ અરુચિને ધારણ કરનાર અને પોતે પોતામાં જ તૃપ્ત એવો, આપનો આ સ્વભાવ સ્પષ્ટપણે અનુભવમાં આવે જ છે. ૩૭૬

૨. હે જિનવર ! ચારેકોરથી પીડાતા (ચુસાતા, અનુભવાતા) હોવા છતાં આપ કદી જરાય નીરસ નથી લાગતા પરંતુ ઊલ્ટા સતત ઉત્તરોત્તર વધુ ને વધુ અભીક્ષ્ણ–તીવ્ર, અપાર જ્ઞાનસુધારસ આપ્યા કરો છો. [જેમ શેરડી વગેરે વસ્તુ તો અતિશય પીલાતાં કે અમુક સમય ચુસતાં પછી તે નીરસ બની જાય છે, પરંતુ આ આત્મા મીઠા–ચૈતન્યરસથી એવો ભરેલો છે કે વારંવાર ગમે તેટલો ચુસતાં–અનુભવતાં પણ તે કદી નીરસ તો નથી થતો અપિતુ વધુ ને વધુ રસ આપે છે. ચૈતન્યરસની આ અદ્દ્ભુતતા છે.] ૩૭૭.

૩. અનુક્રમે વિસ્તાર પામતા શમરસભરેલા કળશની ધારાના પ્રવાહથી અત્યંત ધોવાઈ ગયેલો, અનાદિકાળની ભવસંતતિથી પ્રવર્તતો આપનો આ કષાયરંગ, છેવટે નષ્ટ થઈ ગયો છે. ૩૭૮.

૪. હે આત્મજ્ઞ ! સુચરિત્ર વડે અત્યંત ધારદાર કરવામાં આવેલા સ્વસંવેદન જ્ઞાનરૂપ અસ્ત્રના પ્રહારથી મોહ–કષાય તડાક કરતો તૂટી પડે છે; અને તે તૂટી જતાં આપનો સ્વભાવ અતિશય મહિમાથી ભરપૂર ઉલ્લસતી સ્વશક્તિઓના મહાન વિકાસને પામ્યો છે. ૩૭૯.

૫. અનંત ભવરૂપી ઊંડી પાતાળભૂમિને ભેદીને અત્યંત જોરથી ઊછળેલું આપનું આ પવિત્ર જ્ઞાન, પોતાના મહાન ધોધથી અતિશય વિસ્તરતું થકું સમગ્ર પૂરને સ્વરસથી ભરી દે છે (સર્વ આત્મપ્રદેશોને અતીન્દ્રિય આનંદરસથી ભરી દે છે; અથવા સમસ્ત વિશ્વને જાણી લ્યે છે–જ્ઞાનમાં ડુબાડી દે છે). ૩૮૦.

૬. હે વિભુ ! એક તરફથી તો આપ નિરવધિ ઊંડાણ (ગંભીરતા)ને ધારણ કરો છો, અને બીજી તરફ આપ નિરવધિ ઉન્નતપણાને ધારણ કરો છો; વળી એક તરફ તો આપ નિરવધિપણે વિસ્તરેલા છો અને બીજી તરફ આપનું નિરવધિજ્ઞાન પોતામાં જ (સ્વમર્યાદામાં જ) શોભી રહ્યું છે. ૩૮૧.

૭. વળી હે વિભુ ! આવા આપ અનવધિ જ્ઞાનથી પરિપૂર્ણ હોવાથી અનવધિ જ વિભાસો છો; તેમજ સ્વયં પરિમિત–પ્રદેશોના પૂંજરૂપ એવા આપ અપરિમિત જ્ઞાનવૈભવના પૂંજ છો. ૩૮૨.

૮. સમસ્ત કર્મક્ષયથી પ્રગટેલા ભાવો નિશ્ચયથી સહજ સ્વભાવને આશ્રિત હોવાથી સ્ખલિત થતા નથી, તેથી જ અનંતવીર્યવડે નિરંતર સુરક્ષિત એવું આપનું અનંત જ્ઞાન

શોભી રહ્યું છે (–કદી નષ્ટ થતું નથી). ૩૮૩.

૯. હે જિનેન્દ્ર! દર્શન–જ્ઞાનથી પરિપૂર્ણ એવું આપનું આત્મતત્ત્વ, તેમાં પ્રવેશતા પદાર્થસમૂહથી ભરાતું હોવા છતાં તે પદાર્થો આપના અમર્યાદિત મહિમામાં અવકાશ પામતા નથી (અર્થાત્ તે પદાર્થો જ્ઞાનમાં જ્ઞેયપણે પ્રવેશે છે પણ પ્રદેશરૂપે આપનામાં પ્રવેશતા નથી); આ રીતે અમર્યાદિત મહિમાવાળા એવા આપની વિહારસીમા પરથી પૃથક્ સ્વતત્ત્વમાં જ અચલ કરવામાં આવી છે. ૩૮૪.

૧૦. હે દેવ! સમુદ્રમાં પોતાના શરીરવડે પોતાના સન્નિવેશની રેખાઓ રચનારા માછલાના સમૂહની જેમ, આ વિશ્વના પદાર્થો આપના અગાધ નિજજ્ઞાનસમુદ્રમાં ચારેકોર તરતા હોય એવા દેખાય છે. ૩૮૫.

૧૧. આ રીતે પદેપદે, સમસ્ત ભુવનમાં આ પ્રકારની પોતાની અનંત શક્તિનો વિસ્તાર કરતા આપના જ્ઞાનના ગૌરવમાં, આ અનંત જ્ઞેયોની મહા વિકલ્પજાળ એક સાથે ઉદય પામે છે. ૩૮૬.

૧૨. વિધિ અને નિષેધરૂપ અદ્‌ભુત સ્વભાવ વડે જેઓ અત્યંતપણે સ્વ–પરના વિભાગને પામ્યા છે એવા આપ, જો કે પોતાના નિરવધિ મહિમા વડે વિશ્વને અભિભૂત કરનારા જ્ઞાનને ધારણ કરો છો તોપણ, સંકરદોષને પામતા નથી,–જ્ઞેયો સાથે ભેળસેળ થતા નથી. ૩૮૭.

૧૩. વસ્તુમાં સામાન્યની અપેક્ષાએ ભેદો ઉદય પામતા નથી અને વિશેષની અપેક્ષાએ સર્વ તરફથી ભેદો જ થાય છે; આ પ્રકારે ભેદ તેમજ અભેદ બંનેને અતિગાઢપણે અવલંબીને આપનો 'આત્મવસ્તુભાવ' પ્રત્યક્ષપણે સ્ફુરાયમાન છે–અનુભવમાં આવે છે.

૧૪. હે વિભો! સમુદાયરૂપે–એકસાથે ઉદયમાન આ શક્તિચક્રને (અનંત શક્તિના સમૂહને) અવગાહનારા આપ, સદા એક–અનેક તથા તદુભય વડે સિદ્ધ એવા આ સ્વભાવને સદા અનુભવો છો. ૩૮૯.

૧૫. હે વરદ! હે ઉત્કૃષ્ટ એવા મોક્ષના દાતાર! જેથી આપને, આ જગતમાં નિરવધિ વર્તનારા–ઘટમાન ભાવોની ધારારૂપે પરિણમનારી, એવી અનંતી અક્રમવર્તી શક્તિસ્વરૂપ આત્મતત્ત્વનો સ્પષ્ટ અનુભવ વર્તે છે તેથી, આપનો આ (ઉપરોક્ત શ્લોકમાં કહેલો) અનુભવ પણ અનંત છે. ૩૯૦.

૧૬. સ્વ–પર નિમિત્તવશે, સ્વભાવશક્તિથી પ્રતિસમયે ઉલ્લસતા વિભૂતિભાવો–સ્વરૂપ અનંત ભાવોરૂપે પરિણમનારા આપનો તે અદ્વિતીય આત્મવૈભવ અહીં જગતસમક્ષ સાક્ષાત્ સ્ફુરાયમાન છે. ૩૯૧.

૧૭. અચલ, અનાદિઅનંત, એકરૂપ, એકસાથે સમસ્ત ગુણ–પર્યાયોથી પૂર્ણ અને અન્વયરૂપ એવા આ પોતાના આત્માને સ્વયં અનુસરનારા આપની અદ્વિતીય ચૈતન્યધાતુ જાણે કે સમસ્ત પરદ્રવ્યોને પી રહી હોય ! એવી શોભે છે. ૩૯૨.

૧૮. અખંડરૂપ મૂળસત્તા વગેરેથી સદા ભરેલા આ સમસ્ત જગતને પર્યાયે–પર્યાયે તેના અંતિમ ભેદ સુધી અત્યંત વિદારનારું–ભેદનારું આપનું આ અતિશય તીક્ષ્ણ જ્ઞાનશસ્ત્ર પ્રગટ થયું છે. ૩૯૩.

૧૯. ભેદરૂપ તેમજ અભેદરૂપ સમસ્ત પદાર્થમંડળને એક સાથે જાણનારા હે પ્રભો ! અવયવ તેમજ સમુદાયને (વિશેષ તેમજ સામાન્યને) એક સાથે જાણનારી આપની આ સંપૂર્ણ બોધલક્ષ્મી અતિશયપણે શોભી રહી છે. ૩૯૪.

૨૦. પોતાના શુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે આ જડ–ચેતન સમસ્ત પદાર્થોને એક ચૈતન્યભાવમાં લાવતું (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપ કરતું) આપનું બોધધામ જ જગતમાં આ જડ—ચેતન બંનેના મહાન અંતરને (અર્થાત્ અત્યંત ભિન્નતાને) જોરપૂર્વક પ્રસિદ્ધ કરે છે. ૩૯૫.

૨૧. વર-દાન દેનારા હે વરદ ! સ્વભાવથી અપ્રકાશમય એવું આ વિશ્વ આપના સહજ જ્ઞાનપ્રકાશના પૂંજથી પ્રકાશિત થઈ રહ્યું છે. ખરૂં છે, –ઉષ્ણ કિરણોવાળા સૂર્યપ્રકાશ વડે સ્નાન કરાવવામાં આવે તોપણ હે દેવ ! જ્ઞાયક એવા આપના વિરહમાં જગત જરાપણ પ્રકાશિત થતું નથી. ૩૯૬.

૨૨. હે વરદ ! આપનું જ્ઞાનતેજ પોતાના પરમ વિસ્તારવડે સમસ્ત વિશ્વને સ્પર્શતું હોવા છતાં તે પરનું થતું નથી.–જેમ ચુનાનું પાણી ઉજ્જવળધારાવડે મકાનને સફેદ કરતું હોવા છતાં પોતે સફેદ–મકાનના સ્વભાવરૂપ થતું નથી. ૩૯૭.

૨૩. હે જિનેન્દ્ર ! આપનું પ્રાચીન–મજબૂત ઉપયોગકંદ–વૃક્ષ સંપૂર્ણ આત્મશક્તિના સારરૂપ પરિણમ્યું છે–બધી આત્મશક્તિઓ તેમાં પૂર્ણ ખીલી ગઈ છે, અને સ્વરસના સમૂહથી તેનું સીંચન થયું છે; તથા ત્રણ જગતના ઘણા અન્યરસોને તેણે એકસાથે ધારણ કર્યા છે. ૩૯૮.

૨૪. પ્રસિદ્ધ મહિમાવંત આ પરમાગમનો પ્રકાશ ત્રિસમયરૂપ જગતને પ્રકાશવામાં એક દીપકસમાન છે તોપણ હે જિનેશ ! આપના કેવળજ્ઞાનના એક ખૂણામાં તો તેની શોભા 'દિવસમાં આગીયા' જેવી થઈ જાય છે. [ત્રણ કાળ–ત્રણ લોકને પરોક્ષ જાણનારું શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનના મહાપ્રકાશ પાસે ઝાંખુ લાગે છે. આથી હવેના શ્લોકમાં પ્રાર્થના કરે છે કે–] ૩૯૯.

૨૫. હે વરદ ! સંપૂર્ણપણે વિકસેલી કળાઓના સમૂહથી શોભતું આપનું અદ્વિતીય કેવળજ્ઞાન, આ મારી શ્રુતજ્ઞાન-ચીનગારીમાં શીઘ્ર પ્રવેશ કરો....કે જે જ્ઞાનચીનગારી નિજગૌરવની નિરંતર ભીંસથી અનુક્રમે જોરપૂર્વક થઈ રહેલા વિકાસવડે વિશાળ છે. ૪૦૦.

[ઇતિ સર્વજ્ઞસ્વભાવમહિમાપૂર્વક તેની ભાવનારૂપ ૧૬ મું સ્તવન પૂરું થયું.]

**કવીશ્વરે આ કાવ્ય-શાસ્ત્રમાં વિધવિધ ૧૩ પ્રકારના છંદનો ઉપયોગ કર્યો છે, તે આ પ્રમાણે :—**

વસંતતિલકા : પ્રકરણ ૧–૨–૩.

વંશસ્થ : પ્રકરણ ૪–૫–૬–૭, ૨૦–૨૧.

ઉપજાતિ : પ્રકરણ ૮–૯–૧૦.

અનુષ્ટુપ : પ્રકરણ ૧૧-૧૨.

મંજુભાષિણી : પ્રકરણ ૧૩.

તોટક : પ્રકરણ ૧૪.

વિયોગિની : પ્રકરણ ૧૫–૧૯.

પુષ્પિતાગ્રા : પ્રકરણ ૧૬.

પ્રહર્ષિણી : પ્રકરણ ૧૭.

મત્તમયુર : પ્રકરણ ૧૮.

મંદાક્રાન્તા : પ્રકરણ ૨૨.

હરિણી : પ્રકરણ ૨૩.

શાર્દૂલવિક્રિડીત : પ્રકરણ ૨૪–૨૫.

*

લઘુતત્ત્વસ્ફોટ  શક્તિમણિતકોશ.

## સર્વજ્ઞગુણ–સ્તવન : સત્તરમું

# અનેકાન્ત–ભેરી

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં અનેકાન્તની જોરદાર ભેરી વગાડતાં કહે છે કે–હે જિનેશ ! આપે અનેકાન્તસ્વરૂપ વસ્તુ બતાવી છે. વાચક શબ્દો તો જો કે વસ્તુના એક અંશને જ કહીને અટકી જાય છે પણ આપના અનુગ્રહરૂપ સ્યાદ્‌વાદના સમર્થન વડે તે જ શબ્દો તત્ત્વના પૂર્ણ સ્વરૂપને કહે છે. 'આત્મા' એવો શબ્દ પોતાના વાચ્યભૂત ચૈતન્યસ્વરૂપ–આત્મવસ્તુને દેખાડીને, આત્મા સિવાયના ત્રણ ભુવનને અસ્ત કરે છે, તેમ જ તે શબ્દ પોતે પણ અસ્ત થઈ જાય છે. 'આત્મા' શબ્દ પોતે જ બોલ્યા વગર આત્મવસ્તુમાં પોતાની નાસ્તિની ઘોષણા કરે છે. 'આત્મા છે' એવી અસ્તિની અનુભૂતિમાં 'પરથી તે નથી' એવી નાસ્તિ પણ આવી જ જાય છે. એ જ રીતે 'આત્મા નથી' એવો નાસ્તિત્વ-ધર્મ પણ સ્વપણે આત્માનું અસ્તિત્વ સૂચવે છે. એકાંત નાસ્તિથી કે એકાંત અસ્તિથી વસ્તુનું સ્વરૂપ કહી શકાતું નથી. શબ્દોમાં વિધિ–નિષેધ બંનેને કહેવારૂપ ઊભયાત્મક શક્તિ છે પણ સ્યાદ્‌વાદરૂપ મિત્રના સહકાર વડે જ તે પ્રગટ થાય છે. સ્યાદ્‌વાદના આશ્રયે વિધિ–નિષેધ બંને ધર્મો (પરસ્પર વિરૂદ્ધતા છોડીને) ગાઢ મિત્રતાને પામે છે; સ્યાદ્‌વાદ વગર તેઓ એકબીજા સાથે લડવા લાગી જાય. અંતમાં અનેકાન્તની ભેરી વગાડતાં શાસ્ત્રકાર કહે છે કે 'સ્વપણે સત્ ને પરપણે અસત્' એવા અનેકાન્તતત્ત્વની જોરદાર ભેરી વગાડીને, વિધિરૂપ કે નિષેધરૂપ કોઈપણ શબ્દ પોતાના વાચ્યરૂપ નિજવિષયમાં વિચરો. –અર્થાત્ સ્યાદ્‌વાદનું કોઈ પણ કથન સત્ય સ્વરૂપ બતાવે છે.

[મંગળ શ્લોક : પ્રહર્ષિણી–છંદ]

वस्तूनां विधिनियमोभयस्वभावाद् एकांशे परिणतशक्तयः स्खलंतः ।
तत्त्वार्थं वरद वदन्त्यनुग्रहात्ते स्याद्‌वादप्रसभसमर्थनेन शब्दाः ॥

૧. વસ્તુઓ વિધિ અને નિષેધ એવા ઉભયસ્વભાવરૂપ હોવાથી, જો કે શબ્દો તો પોતાની અભિધાનશક્તિ (કહેવાની શક્તિ) વડે તેના વિધિરૂપ કે નિષેધરૂપ એક અંશને જ કહીને સ્ખલિત થઈ જાય છે–તોપણ હે વરદાયક જિનેશ ! આપના અનુગ્રહથી સ્યાદ્‌વાદના પ્રબળ સમર્થન દ્વારા તે જ શબ્દો તત્ત્વાર્થના પૂર્ણસ્વરૂપને કહે છે. ૪૦૧.

૨. 'આત્મા' એવો શબ્દ–ધ્વનિ, અનિવાર્યપણે પોતાના વાચ્યરૂપ શુદ્ધઆત્મસ્વરૂપ વસ્તુના વિધાનમાં તત્પર થયો થકો, પ્રત્યક્ષ સ્ફુરાયમાન એવા ઊંચા–નીચા ત્રણભુવનને અસ્ત કરતો થકો, તે શબ્દ પોતે પણ પોતાની મેળે અસ્ત થઈ જાય છે. ૪૦૨.

૩. હે દેવ! જેઓ તેના અસ્તગમનને નથી ઇચ્છતા તેમને પણ સ્યાત્કારના આશ્રયરૂપ ગુણથી સાપેક્ષ એવી વિધાનશક્તિનું પ્રતિપાદન કરનારા આપના દ્વારા જ તે નિષેધશક્તિ પ્રદાન કરવામાં આવી છે, અને તે નિષેધશક્તિ જગતમાં પોતાના સ્વરસના બળથી જ ઉલ્લસે છે. ૪૦૩.

૪. તે નિષેધશક્તિના યોગથી આ (આત્મા એવો શબ્દ) વિધિપક્ષના મધુર અક્ષરને કહેતો છતો, વળી પોતે પોતાના અસ્તગમનના ભયથી ચૂપચાપ (બોલ્યા વગર જ) પોતાની ચેષ્ટાવડે નિષેધપક્ષની પણ સ્પષ્ટ પ્રસિદ્ધિ કરતો થકો (અર્થાત્ આત્મવસ્તુમાં 'આત્મા' શબ્દની નાસ્તિ છે એમ પોતાની જ નાસ્તિને સ્પષ્ટપણે જાહેર કરતો થકો) કટુ અને કઠોર ઘોષણા કરે છે. ૪૦૪.

૫. ત્રણલોકના અર્થોને વિધિમયપણું પ્રાપ્ત કરાવનારા આ શબ્દો પોતે કાંઈ વાચ્ય–અર્થરૂપ થઈ જતા નથી; કેમકે જો એમ થાય તો (અર્થાત્ વાચક–શબ્દ પોતે વાચ્ય અર્થરૂપ થઈ જાય તો) દૃશ્યમાન આ અસંખ્ય વાચ્ય–વાચકોની ભિન્નતા નષ્ટ થઈ જશે. ૪૦૫.

૬. શબ્દોને પોતાને જ અર્થરૂપે કલ્પી લેતાં વાચ્ય–વાચકપણું ભ્રમરૂપ ઠરશે; અને વાચ્ય–વાચકના આ નિયમ વગર, ઘટ–શબ્દ અને ઘટ–વસ્તુ વચ્ચે જે આ સ્પષ્ટ ભેદ દેખાય છે તે કોઈ રીતે સિદ્ધ થઈ શકશે નહિ. ૪૦૬.

૭. આ જગતમાં 'સત્' એવું વચન જો કે વિશ્વચુંબી છે (–સર્વે પદાર્થોને સ્પર્શનારું છે) તોપણ, તે સર્વે વસ્તુને બધાય સ્વરૂપે (સ્વ તેમજ પર બધા સ્વરૂપે) સત્ નથી કહેતું; તે 'સત્' વચન અસત્પણાને પણ કહેતું થકું (વસ્તુના અસત્પણારૂપ ધર્મને પણ દેખાડતું થકું) પરસ્વરૂપે સ્વયં અસત્ એવા અર્થોની જરૂર અપેક્ષા રાખે છે. ૪૦૭.

૮. 'આત્મા છે' એમ અસ્તિરૂપ વિકલ્પ સ્ફુરાયમાન થતાં સર્વ તરફથી સ્વયં ઉલ્લસતી આ સ્પષ્ટ અનુભૂતિ, આ ચૈતન્યસ્વરૂપ જીવતત્ત્વને નિજસ્વરૂપથી તો સ્પષ્ટપણે અસ્તિરૂપ કહે છે અને પરસ્વરૂપથી સ્પષ્ટપણે નાસ્તિરૂપ કહે છે. (તેમ જ–) ૪૦૮.

૯. 'આત્મા નથી' એમ નાસ્તિરૂપ વિકલ્પ સ્ફુરાયમાન થતાં સર્વ તરફથી સ્વયં ઉલ્લસતી આ સ્પષ્ટ અનુભૂતિ, આ ચૈતન્યસ્વરૂપ જીવતત્ત્વને પરસ્વરૂપથી તો સ્પષ્ટપણે નાસ્તિરૂપ કહે છે અને નિજસ્વરૂપથી સ્પષ્ટપણે અસ્તિરૂપ કહે છે. ૪૦૯.

૧૦. આ વિશ્વ સ્વ અને પર એવા બે ભેદરૂપ હોવાથી, તેનો વાચક શબ્દ પણ વિધિ અને નિષેધ એવા બંને પ્રકારના સ્વીકાર વગર શું તેનું સ્વરૂપ કહી શકે છે?—ના. જો એકાંત વિધિ (અસ્તિ)ને જ કહે તો તેમાં સ્વ-પર જીવ—અજીવ એવો કોઈ ભેદ રહેતો નથી; અને જો એકાંત નાસ્તિપક્ષ જ કહેવામાં આવે તો આખું જગત સાફ થઈ જાય છે,—કોઈનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી. ૪૧૦.

૧૧. એકાંતપણે 'સત્' એવું વચન વિશ્વવિસ્તારને સ્પર્શતું હોવા છતાં સ્પષ્ટપણે 'નાસ્તિ' પક્ષનો પણ સ્વીકાર કરે છે; કેમકે સત્ રૂપ પદાર્થો પરસ્પર એકબીજારૂપે હોવાનો નિષેધ કર્યા વગર, સ્વભાવથી જ વિલસતા પૃથકત્વને પામી શકતા નથી. ૪૧૧.

૧૨. એકાંતપણે 'અસત્' એવું વચન સમસ્ત જગતને સ્પર્શતું હોવા છતાં, સામે આવીને ઊભા રહેતા 'સત્' પક્ષનો પણ સ્વીકાર કરે છે; કેમકે જગતના આ અનંત પદાર્થો એકબીજામાં સ્વયં 'અસત્' હોવા છતાં 'અસ્તિ—પક્ષ' વગર તેઓ પોતાનું ઉત્થાન કરવા સમર્થ નથી. ૪૧૨.

૧૩. ભાવ અને અભાવ (—સત્ પણું અને અસત્ પણું) આ જગતના સમસ્ત પદાર્થોથી ભિન્ન નથી; તે ભાવપણું અને અભાવપણું—એ બંને સ્વગત અને પરગત અપેક્ષાથી પદાર્થમાં એક સાથે પ્રવર્તતા હોવાથી, શબ્દમાં પણ તે બંનેને કહેવારૂપ દ્વિરૂપ-શક્તિ કોઈ અપેક્ષાએ હોય જ છે. ૪૧૩.

૧૪. 'અસ્તિ' એવો ધ્વનિ, અનિવાય એવા બીજા પક્ષને ડૂબાડી દઈને (અર્થાત્ નાસ્તિત્વનો સર્વથા નિષેધ કરીને) વિશ્વને એકાંત અસ્તિરૂપ જ કરી શકતો નથી; કેમકે તે અસ્તિપક્ષ પણ પોતાના વાચ્યભૂત પદાર્થને પરરૂપ થતો રોકનારા નાસ્તિપક્ષને ચોક્કસપણે સાક્ષાત્ સ્પર્શ કરે જ છે. ૪૧૪.

૧૫. જેથી, 'નાસ્તિ' એવો ધ્વનિ પોતાના નિરંકુશ ફેલાવથી વિશ્વને જલ્દી શૂન્યરૂપ ન કરી નાંખે તે માટે, તત્ક્ષણ જ 'વિશ્વના પદાર્થો પોતપોતાની આત્મભૂમિમાં પોતાના નિશ્ચિતસ્વરૂપે સ્વયં સત્ છે' એવા અસ્તિપક્ષના અવાજની પણ તે નાસ્તિપક્ષ અપેક્ષા રાખે જ છે. ૪૧૫.

૧૬. અને અસ્તિપક્ષ પણ જો નાસ્તિપક્ષની અપેક્ષાનો સ્વીકાર ન કરે તો તે પોતાના વાચ્યભૂત અર્થને અસ્તિરૂપ પણ સાબિત કરી શકશે નહિ; કેમકે પોતાના સ્વરૂપમાં જ નિયત એવો આ અસ્તિરૂપ પદાર્થ સ્વયમેવ પરથી નાસ્તિપણે પ્રકાશે છે.

૧૭. પ્રશ્ન : આ 'સ્યાત્ કાર' છે તે શબ્દોની સ્વશક્તિને (વિધિ—નિષેધ બંનેને કહેવારૂપ) ઉભયાત્મક કરે છે; —તો શું તેમાં (શબ્દોમાં) અવિદ્યમાન શક્તિને કરે છે કે

વિદ્યમાનને? જો શબ્દોમાં તે શક્તિ પોતાના સ્વભાવથી જ વિદ્યમાન છે–તો સ્યાત્કારે તેમાં શું કર્યું? અને જો અવિદ્યમાન કહો તો, વસ્તુમાં જે શક્તિ અવિદ્યમાન હોય તે આ જગતમાં બીજા વડે કોઈ રીતે કરી શકાતી નથી. ૪૧૭.

૧૮. ઉત્તર : શબ્દોમાં તે ઉભયાત્મક શક્તિ સ્વયમેવ વિદ્યમાન છે; જો શબ્દોમાં એવી શક્તિ ન હોય તો બીજા વડે તે કરી શકાય નહીં; (એટલે શબ્દોમાં સ્વયમેવ એવી શક્તિ તો છે–) પરંતુ સ્યાદ્‌વાદરૂપ સહચર–મિત્રના સહકાર વગર તે શક્તિ કદી પણ વ્યક્ત થઈ શકતી નથી. ૪૧૮.

૧૯. (શબ્દોમાં સ્વયમેવ ઉભયાત્મક-શક્તિ કહેવામાં આવી, તે સંબંધમાં અહીં પ્રશ્ન છે કે–) આ જગતમાં જો એક જ શબ્દથી વસ્તુના બંને ધર્મો સિદ્ધ થઈ જતા હોય, તો પછી બીજા શબ્દનો પ્રયોગ નિષ્ફળ કેમ નહીં ઠરે? અને જો વળી તેનો પ્રયોગ પણ સફળ છે, તો શબ્દોમાં સ્વયં ઉભયધર્મની અભિધેયતાના ક્લેશનું શું કામ છે? ૪૧૯.

૨૦. (તેનો ઉત્તર :) વિધિ અને નિષેધ એ બે ધર્મોમાંથી જે શબ્દ વડે કહેવામાં આવે છે તે મુખ્ય છે, અને સ્યાદ્‌વાદના અવલંબન વડે જે ગુણ–ધર્મ ઉદિત થાય છે તે ગૌણ છે. તથા જ્યાં વચનમાં એક સાથે એ બંને ધર્મો કહેવામાં આવે ત્યાં એ બંનેનો પ્રયોગ હોવાથી તેઓ બંને મુખ્ય છે. ૪૨૦.

૨૧. વક્તા વડે જે ધર્મ સાક્ષાત્ વિવક્ષિત હોય તેની મુખ્યતા થાય છે, અને જે વિવક્ષિત ન હોય તે ગૌણતાને પામે છે. એટલે અહીં કથનમાં એક ધર્મ વિવક્ષિત થતાં બીજો ધર્મ ગૌણતાને ધારણ કરતો થકો, મુખ્યધર્મની મિત્રતાને પામે છે (સખા તરીકે સહકારીપણે રહે છે). ૪૨૧.

૨૨. અનંત ધર્મોથી ભરેલા આ મોટા સમૂહમાં (વિશ્વમેળામાં), જો વિધિ અને નિષેધ નિરંતર સ્વ-પરની સીમાને નક્કી ન કરે તો, સ્યાદ્‌વાદના આશ્રય વગર તે પદાર્થો એકબીજા સાથે વિસંવાદ (ઝગડો) કરવા લાગી જાય! ૪૨૨.

૨૩. આ વિધિપક્ષ નિષેધપણાની સાથે અતિશય મિત્રતા ધારણ કરે છે, અને નિષેધવચન પણ વિધિપક્ષ સાથે મિત્રતાની આકાંક્ષા રાખે છે; આ રીતે સ્યાત્કારનો આશ્રય લઈને પોતપોતાની તાકાતનું સમર્થન કરતા થકા તે વિધિ અને નિષેધ બંને પોતાના અર્થને કહે છે, –સ્વવસ્તુને પ્રસિદ્ધ કરે છે. ૪૨૩.

૨૪. આ રીતે, પ્રગટપણે સત્‌રૂપ તેમજ અસત્‌રૂપ એવા સ્વભાવવાળી એક વસ્તુ, વિધિ અને નિષેધ એ બંને કથન વડે અભિધેયરૂપ થાય છે; તોપણ અનેક ધર્મોની

ગંભીરતાથી ભરેલા એવા સ્યાત્કાર વડે વિવક્ષિત થતાં તે વિધિ કે નિષેધ–બેમાંથી કોઈ એક પણ વસ્તુનું સ્વરૂપ કહેવા સમર્થ છે. ૪૨૪.

૨૫. ''તત્ત્વ સ્વદ્રવ્યની અપેક્ષાથી અસ્તિરૂપ છે અને પરદ્રવ્યની અપેક્ષાથી નાસ્તિરૂપ છે; એ જ રીતે ક્ષેત્ર–કાળ અને ભાવમાં પણ આ જ ક્રમ છે કે સ્વક્ષેત્રાદિની અપેક્ષાએ અસ્તિરૂપ છે ને પરક્ષેત્રાદિની અપેક્ષાએ નાસ્તિરૂપ છે.''–આ પ્રમાણે જગતમાં પહેલાં જોરથી અનેકાન્તની ભેરી વગાડીને, શબ્દો પોતાના વાચ્યરૂપ નિજવિષયમાં નિર્બાધપણે વિચરો. ૪૨૫.

ઇતિ શ્રી શક્તિમણિત-જડિત ખજાનારૂપ 'લઘુ-તત્ત્વસ્ફોટ' શાસ્ત્રમાં અનેકાન્તની જોરદાર ભેરી વગાડનારો સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. (૧૭)

*

### * અનંત ગુણવાળા પ્રભુની સ્તુતિ કઈ રીતે થશે ? *

મહાન સ્તુતિકાર શ્રી સમન્તભદ્ર મહારાજ 'સ્વયંભૂ-સ્તોત્ર'માં અરનાથજિનની સ્તુતિમાં કહે છે કે–કોઈમાં થોડા ગુણો વિદ્યમાન હોય તે વધારીને કહેવા તે સ્તુતિ છે; પરંતુ હે દેવ ! આપના વિષે આવી સ્તુતિ કઈ રીતે બની શકશે ?—કેમકે આપનામાં જે અનંત ગુણો વિદ્યમાન છે તેનું પણ કથન કરવું અશક્ય છે,—ત્યાં તેને વધારીને કહેવાની તો શી વાત ! એટલે શબ્દો વડે સ્તુતિ કરવાનો વિકલ્પ તોડીને, જ્ઞાનવડે આપના જેવા અનંતગુણસંપન્ન આત્માની અનુભૂતિ કરીએ ત્યારે જ આપની સ્તુતિ પૂરી થાય છે.

પરમાત્માની સ્તુતિવડે શુદ્ધાત્માના પરમ ગુણોનું ચિંતન વીતરાગતાનું પ્રેરક છે ને મોહનું નાશક છે.–એ જિનભક્તિનું ફળ છે.

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

## [૧૮] સર્વજ્ઞસ્તવન : અઢારમું

# અનંત આત્મવૈભવની અનેકાન્તભેરી

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં પણ અનેકાન્તની ભેરી વગાડતાં કહે છે કે–હે જિન ! આપનું અદ્‌ભુત તત્ત્વ અનેકાન્ત-કિલ્લામાં રક્ષિત છે. તે આશ્ચર્યકારી તત્ત્વને હું મોહને વિદારીને દેખું છું. જે વસ્તુ સામાન્યરૂપ છે તે જ વિશેષરૂપ છે. આપના માર્ગમાં બંનેનો સ્વીકાર છે. એક જ વસ્તુ, એક તેમજ અનેકરૂપે દેખાય છે એટલે આપ પોતે દ્રવ્ય–પર્યાય ઉભયસ્વરૂપ છો. દ્રવ્ય–પર્યાયો સાથે વસ્તુને સર્વપ્રકારે એકમયતા છે. વસ્તુમાં ભાવપણું–અભાવપણું તેમજ કારણ–કાર્યપણું, કર્તા–કર્મપણું વગેરે ધર્મો એકસાથે ઉલ્લસી રહ્યા છે. વસ્તુમાં પહેલાં અભાવરૂપ પર્યાયો ભાવરૂપ થતી જાય છે ને ભાવરૂપ પર્યાય અભાવરૂપ થઈ જાય છે, તેમજ વસ્તુ ભાવપણે ભાવરૂપ જ રહ્યા કરે છે. –આ રીતે વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે. હે દેવ ! વિવિધ પ્રકારના અનંત ધર્મોમાં આત્મવિભૂતિસહિત આપ આરુઢ છો....અત્યંત ગંભીર એવા આપ નિજતત્ત્વમાં જ પરાયણ છો. આ રીતે અનેકાન્તવસ્તુની ભેરી દ્વારા સર્વજ્ઞદેવની સ્તુતિ કરીને તત્ત્વનો વિસ્ફોટ કર્યો છે.

[આ અધ્યાયના શ્લોક : ૬–૯–૧૨ અને ૧૫માં સમાનતા છે.]

[મંગળ શ્લોક : મત્તમયુર છંદ]

आद्यं ज्योतिर्द्वयात्मकदुर्गाद्भुततत्त्वं कर्मज्ञानोत्तेजित योगागमसिद्धम् ।
मोहध्वान्तं ध्वंसयदत्यंतमनंत पश्याम्येतत् निर्दयमन्तः प्रविदार्य ॥

૧. તે દ્વયાત્મક–દુર્ગમાં રહેલા (અર્થાત્ અસ્તિ–નાસ્તિરૂપ અનેકાંત–દુર્ગ વડે સુરક્ષિત) એવા અદ્‌ભુત તત્ત્વને હું અંતરમાં દેખું છું. કઈ રીતે દેખું છું ? આ અનંત–મોહાંધકારને નિર્દયપણે અત્યંત વિદારીને દેખું છું. કેવું છે તે અદ્‌ભુત તત્ત્વ ? જે આદ્યજ્યોતિસ્વરૂપ છે, અનેકાન્ત જેનો ગઢ છે, કર્મનય તથા જ્ઞાનનય વડે ઉત્તેજિત એવા શુદ્ધોપયોગ વડે તેમજ આગમ વડે જે સિદ્ધ છે, અને જે અનંત છે. –આવા અદ્‌ભુત તત્ત્વને મોહના નાશ વડે હું અંતરમાં દેખું છું. ૪૨૬.

૨. હે ભગવાન ! વ્યક્તરૂપ અનેક વ્યક્તિઓના મહિમામાં એકત્વને સ્થાપનારો આપનો આ 'એકભાવ' પ્રતિભાસે છે; જે પુરુષ અનેક વ્યક્તિઓમાં (અનેક ધર્મોમાં) નિષ્ણાતબુદ્ધિવાળો છે તેને જ એકત્વભાવ પ્રાપ્ત થાય છે. આવો એક–અનેકાત્મક ભાવ (અર્થાત્ અનેકાન્તમય પદાર્થ) તે આપનો વિષય છે. ૪૨૭.

૩. પોતાના વિશેષો વગર સામાન્ય હોતું નથી; અને સામાન્ય વગર વિશેષો કદી પણ હોતાં નથી; આ રીતે જગતમાં જે સામાન્ય છે તે જ વિશેષોરૂપ છે. હે દેવ ! આપ સામાન્ય–વિશેષ બંનેને સ્વીકારનારા હોવાથી યથાર્થ વસ્તુરૂપ છો. ૪૨૮.

૪. હે સ્વામી ! દ્રવ્યઅપેક્ષાએ આપ સદાય સર્વપ્રકારે એકરૂપ છો; અને હે દેવ ! પર્યાયોના સમૂહની અપેક્ષાએ આપ અનેકરૂપ પ્રતિભાસો છો. આવા આપ વસ્તુપણે દ્રવ્ય–પર્યાયના સમાહારમય (એકસાથે દ્રવ્ય–પર્યાયમાં તન્મય) સ્વભાવવાળા છો, તેથી એક–અનેકરૂપ પ્રતિભાસો છો. ૪૨૯.

૫. શું કોઈ 'એક' તત્ત્વ 'અનેકતા' વગરનું ક્યાંય દેખવામાં આવ્યું છે ? –ના; અને જે 'અનેક' છે તે પણ 'એકત્વ' વગર સિદ્ધ થતું નથી; સમુદાયપણે (એટલે કે અંશીરૂપે, અવયવીરૂપે) બધી વસ્તુ સદા 'એકરૂપ' છે, અને હે દેવ ! તે જ એક વસ્તુ પોતાના અવયવોથી (અંશોરૂપે) અનેકપણે દેખાય છે. ૪૩૦.

૬. હે પ્રભો ! એકબીજાથી વિરુદ્ધ અને ભિન્ન–ભિન્ન પથમાં વર્તનારા તે એકપણું તથા અનેકપણું એ બંને ધર્મો આપનામાં સમપણે-એકસાથે સંગત છે; નિશ્ચયથી દ્રવ્ય એક છે ને પર્યાયો અનેક છે, આપ દ્રવ્ય–પર્યાય ઉભયસ્વરૂપ છો, તેથી ન્યાયથી જ સિદ્ધ થયું કે આપ એક–અનેક છો. ૪૩૧.

૭. વસ્તુમાં જે દ્રવ્ય છે તે અનંતરૂપ નિત્યત્વ–ધર્મની રક્ષા કરે છે, અને જે પર્યાયો છે તેઓ ક્ષણ-ભંગરૂપ અનિત્યત્વ–ધર્મને રચે છે. હે પ્રભો ! આપના મતમાં, નિત્ય–દ્રવ્ય તથા અનિત્ય–પર્યાયવિશેષો સાથે વસ્તુને સર્વ પ્રકારે એકમયતા હોવાથી, વસ્તુ નિત્ય–અનિત્યસ્વરૂપ સિદ્ધ થાય છે. ૪૩૨.

૮. નિશ્ચયથી, નિત્ય રહેનારું દ્રવ્ય શું ક્ષણભંગરૂપ અનિત્ય–પર્યાયથી જુદું છે ?–ના; અને ક્ષણે ક્ષણે નષ્ટ થનારી કઈ પર્યાય નિત્યદ્રવ્યથી જુદી છે ?–કોઈ નહીં. વસ્તુમાં નિત્ય રહેનારું દ્રવ્ય ક્ષણિકપર્યાયોરૂપ સ્વઅંશો વગર હોતું નથી; અને તે ક્ષણિકઅંશો નિત્ય દ્રવ્ય વગર હોતાં નથી. ૪૩૩.

૯. હે પ્રભો ! એકબીજાથી વિરુદ્ધ અને ભિન્નભિન્ન પથમાં વર્તનારા નિત્યતા તથા અનિત્યતા એ બંને ધર્મો આપનામાં સમપણે–એક સાથે પરિણમી રહ્યા છે; દ્રવ્ય

નિત્ય છે અને પર્યાયો અનિત્ય છે; આપ દ્રવ્ય-પર્યાય ઉભયસ્વરૂપ છો, તેથી ન્યાયથી જ એમ સિદ્ધ થયું કે આપ નિત્ય-અનિત્ય છો. ૪૩૪.

૧૦. હે ઈશ ! આ જગતમાં આપ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભાવરૂપ (અસ્તિરૂપ) પ્રતીતમાં આવો છો, તથા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભાવરૂપ (નાસ્તિરૂપ) પ્રગટ પ્રતિભાસો છો. જેથી આપે ભાવ અને અભાવને સર્વ તરફથી એકતા પમાડી છે તેથી વસ્તુપણે આપ ભાવ-અભાવરૂપ છો. ૪૩૫.

૧૧. અહીં-વસ્તુમાં ભાવથી ભિન્ન અભાવ કઈ રીતે કહી શકાય ? અને અભાવ વગર ભાવ કઈ રીતે કહી શકાય ! આવા ભાવ તથા અભાવ એ બંને વસ્તુના અંશો છે, અને એક જ કાળે સ્વઅપેક્ષાએ પૂર્ણ તથા પરઅપેક્ષાએ શૂન્ય એવી વસ્તુનો આશ્રય કરીને તેઓ શોભી રહ્યા છે. ૪૩૬.

૧૨. હે પ્રભો ! એકબીજાથી વિરૂદ્ધ અને ભિન્નભિન્ન પથમાં વર્તનારા ભાવ તથા અભાવ-એ બંને ધર્મો આપનામાં સમપણે-એકસાથે વર્તી રહ્યા છે. ભાવપણું તો સ્વઅંશ (સ્વચતુષ્ટય) અપેક્ષાએ પ્રસિદ્ધ છે અને અભાવપણું પરઅંશઅપેક્ષાએ છે. આપ તે બંને ધર્મસ્વરૂપ છો, તેથી ન્યાયથી જ એમ સિદ્ધ થયું કે આપ ભાવ-અભાવરૂપ છો. ૪૩૭.

૧૩. હે દેવ ! દ્વિવિધરૂપને ધારણ કરનારી આ સર્વ વસ્તુ ક્રમથી વાચ્ય છે અને તે જ વસ્તુ યુગપત કથન કરવાનું અશક્ય હોવાથી અવાચ્ય છે. તે બંને પર્યાયોને (વાચ્ય તથા અવાચ્ય એ બંને ધર્મોને) એકસાથે ધારણ કરનારા આપ આ જગતમાં વાચ્ય-અવાચ્યરૂપ કોઈ અદ્‌ભુત વસ્તુ છો. ૪૩૮.

૧૪. કોઈ પણ અવાચ્ય-પદાર્થ વાચ્યથી જુદો જોવામાં આવતો નથી, તેમજ આ વાચ્ય પણ અવાચ્યથી જુદો માન્ય નથી. વચનો પોતાની ક્રમપ્રવૃત્તિથી દ્વયાત્મક વસ્તુને કહે છે અને અક્રમે કહી શકતા નથી. (-આ રીતે વસ્તુ વાચ્ય-અવાચ્ય એવા બંને સ્વરૂપ છે.) ૪૩૯.

૧૫. હે પ્રભો ! એકબીજાથી વિરૂદ્ધ અને ભિન્નભિન્ન પથમાં વર્તનારા એવા વાચ્ય તથા અવાચ્ય-એ બંને ધર્મો આપનામાં સમપણે-એકસાથે પરિણમી રહ્યા છે. પૃથક્-પૃથક્ ધર્મના ભેદ-અપેક્ષાએ વાચ્યપણું છે અને એક સાથે સમસ્ત ધર્મોની અપેક્ષાએ અવાચ્યપણું છે. આપ આવા બંને ધર્મસ્વરૂપ છો. તેથી ન્યાયના બળથી જ સિદ્ધ થયું કે આપ વાચ્ય-અવાચ્યરૂપ છો. ૪૪૦.

૧૬. જે આ 'કર્મ' છે તે જ 'ભાવ' છે; કેમકે જે ક્રિયમાણ-કર્મ છે તે પરમાર્થે

'ભવન'–ક્રિયા સાથે સંબંધ રાખે છે (અર્થાત્ ભવન વડે જ ક્રિયમાણ–કાર્ય થાય છે.) હે પ્રભો ! આપનો શુદ્ધ ભાવ કારકચક્રમાં લીન છે, અને કારકચક્ર (ષટ્કારકો) શુદ્ધ ભાવમાં ગર્ભિત છે, નિગૂઢ છે. ૪૪૧.

૧૭. ઉત્પન્ન થનાર પ્રત્યેક પદાર્થ કાર્યરૂપે ઉત્પન્ન થતાં, સ્વપરિણામને જ કારણરૂપે ગ્રહણ કરીને ઊપજે છે; તેથી સંપૂર્ણપણે આપ પોતે જ કારણરૂપ છો તથા આપ જ કાર્યરૂપ છો; વળી નિશ્ચયથી તો શુદ્ધ ભાવરૂપ એવા આપ કારણ-કાર્યના વિષય નથી. ૪૪૨.

૧૮. જ્ઞાનના નિમિત્તપણાને પામેલા અન્ય પદાર્થો બાહ્ય હેતુપણે ભલે પરિણમો, પરંતુ તેઓ જ્ઞાનમાં અંતર્હેતુ નથી; ખરેખર બાહ્ય હેતુઓ કાર્યની ઉત્પત્તિમાં અંતરંગહેતુઓ થઈ શકતા નથી. હે દેવ ! આપ પોતે પોતાથી જ વિકસેલા ચૈતન્યવીર્યની વિશેષતાથી વિશ્વવ્યાપક–વિજ્ઞાનઘન થયા છો. ૪૪૩.

૧૯. કર્તા અન્ય અને કર્મ અન્ય–આવી સ્થિતિ વ્યવહારના વિષયમાં હોય છે; પરંતુ આપના વિષયમાં હે દેવ ! જે આપ કર્તા છો તે જ આપ અવિશેષપણે 'કર્મ' છો. નિશ્ચયથી આપે જે વિજ્ઞાનઘનરૂપ કર્મને કર્યું તે વિજ્ઞાનઘનરૂપ સાક્ષાત આપ પોતે જ છો. (–આ રીતે કર્તા–કર્મની અભિન્નતા છે.) ૪૪૪.

૨૦. વિશ્વ અર્થાત્ સમસ્ત ગુણો વડે વ્યાપ્ય એવા હે દેવ ! આપ અવિશેષપણે સ્વગુણોના આધાર છો, તેમજ આધેયરૂપ ગુણસમૂહ પણ આપ જ છો. આ રીતે પોતામાં એકમાં જ આધાર–આધેયપણે પ્રકાશમાન હોવાથી આપ અતિશય વિજ્ઞાનઘન સ્વરૂપે ઉલ્લસી રહ્યા છો. ૪૪૫.

૨૧. આત્મા પ્રમાતા છે, આ સમસ્ત વિશ્વ પ્રમેય છે,–આવો જ્ઞાતા–જ્ઞેયસંબંધ વિદ્યમાન હોવા છતાં તેઓ એકબીજામાં પ્રવેશ કરતા નથી.

એકતાનું કારણ એકબીજામાં પ્રવેશ છે, પરંતુ અહીં એવો પ્રવેશ નથી, કેમકે વાચ્યરૂપ અર્થ અને વક્તાનું વચન–એ બંને ભિન્નભિન્ન છે. ૪૪૬.

૨૨. હે દેવ ! પહેલાં તો આપ ભવિષ્યઅપેક્ષાએ સિદ્ધ 'ભાવિ સિદ્ધ' હતા, તે જ આપ અત્યારે 'વર્તમાન–સિદ્ધ' છો. અહીં આપની જે અવસ્થા વર્તમાનમાં વીતરાગરૂપ દેખાય છે તે અવસ્થા ભૂતકાળમાં સરાગરૂપ હતી. [આ કથન દ્વારા આચાર્યદેવે 'અભાવનો ભાવ' તથા 'ભાવનો અભાવ' સૂચવ્યો છે. હવેના શ્લોકમાં ભૂત્વા ભવન રૂપ 'ભાવ–ભાવ' સૂચવશે. આ ત્રણે શક્તિનું વર્ણન ૪૭ શક્તિમાં કર્યું છે : જુઓ આત્મવૈભવ પુસ્તક : શક્તિ ૩૫–૩૬–૩૭] ૪૪૭.

૨૩. હે ઈશ ! એક ભાવનું શાશ્વત અભિસિંચન કરતા થકા આપ ભાવરૂપ થઈ–થઈને સ્વયમેવ–પોતે જ થાઓ છો; આવું જે ભૂત્વા–ભવન એટલે કે પૂર્વે થઈને ફરી પાછા થવાપણું છે તે બીજું કાંઈ નથી પણ આપના ત્રિકાળિક સંકલનનું અનુગમન છે. (તે આપના ત્રિકાળી–પરિણમનરૂપ 'ભાવ–ભાવ'ને સૂચવે છે.) ૪૪૮.

૨૪. હે પ્રભો ! એક, અક્ષર–અવિનાશી, વિજ્ઞાનઘન અને શુદ્ધ સ્વરૂપી એવા આપ પોતાના શુદ્ધ (ગુણ–પર્યાયોરૂપ) સ્વઅવયવોમાં જ અત્યંત લીન છો. આપ 'એક' હોવા છતાં અંતરમાં નિમગ્ન દર્શન–સુખ–વીર્યાદિ વિશેષોની અપેક્ષાએ અનંત પ્રકારની વિચિત્રતાને પામો છો. ૪૪૯.

૨૫. સ્યાદ્‌વાદ વડે પ્રવિભક્ત કરવામાં આવેલી આત્મવિભૂતિસહિત એવા હે સ્વામી ! એકબીજાથી વિરુદ્ધ સ્વતંત્રધર્મોમાં આપ સદાય અત્યંત આરુઢ છો. અત્યંત ગંભીર અગાધ હોવા છતાં આપ, સદાય એક નિજતત્ત્વમાં જ પરાયણ એવા તે ધર્મોને પોતામાં કિંચિત્ અવગાહ આપો છો. ૪૫૦.

આ રીતે 'સર્વજ્ઞગુણસ્તવન'રૂપ લઘુ-તત્ત્વસ્ફોટ શાસ્ત્રમાં અનેકાન્તવૈભવની ભેરીપૂર્વક ૧૮મું સ્તવન પૂરું થયું.

અરે મન! કરલે આતમ ધ્યાન, અરે મન કરલે આતમ ધ્યાન.....
કોઈ નહીં અપના ઈસ જગ મેં, ક્યોં હોતા હૈરાન......અરે મન!
જાસે પાવે સુખ અનૂપમ, હોવે ગુણ અમલાન;....અરે મન!
નિજ મેં નિજ કો દેખ દેખ મન, હોવે કેવલ જ્ઞાન....અરે મન!
અપના લોક આપ મેં રાજત, અવિનાશી સુખદાન;....અરે મન!
સુખસાગર નિત વહે આપ મેં, કર મજ્જન રજહાન........અરે મન!

*

લઘુતત્ત્વસ્ફોટ  શક્તિમણિતકોશ.

## [૧૯] સ્તવન ઓગણીશમું : આત્મલક્ષણરૂપ ચૈતન્યપ્રભા

## સ્વસંવેદ્ય—ચૈતન્યલક્ષણવૈભવનો વિસ્ફોટ

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં સ્તુતિકાર કહે છે કે—અદ્‌ભુત સત્યવૈભવસમ્પન્ન હે જિનેન્દ્ર ! આપ અનેકાન્તદષ્ટિ વડે ગોચર છો. આપે નિજપ્રદેશોમાં સ્વવસ્તુનો પરિગ્રહ ધારણ કર્યો છે. 'અમૂર્ત' વિશેષણને લીધે આપ પુદ્‌ગલોથી ભિન્ન છો; આત્મપરાયણ એવા આપ સર્વગુણોમાં વ્યાપક 'ચૈતન્ય' વિશેષણ વડે સર્વે અચેતનથી ભિન્ન છો; અને 'સ્વાનુભવ' વડે ઝગઝગતા આપને, બધા ચેતનદ્રવ્યોથી પણ ઘણું દૂરનું અંતર છે. આ રીતે પરથી ભિન્ન અને નિજભાવથી સંપૂર્ણ ભરેલા આપ શોભી રહ્યા છો.

આપ ધ્રુવ પણ ભાસો છો અને પરિણમતા પણ ભાસો છો. આપનો ભવનરૂપ ભાવ કારકોથી નિરપેક્ષ છે; તેમાં કારકભેદની કલ્પના તે કલંક—કલ્પના છે. ચૈતન્યપ્રભા વડે જ સર્વથા શોભા છે; તેના વગરનું કાંઈ શોભતું નથી. ચૈતન્યપ્રભાને અને ચૈતન્યદ્રવ્યને કાંઈ ભેદ નથી. આવી અદ્‌ભુત મહિમાવંત તેજવાળી ચૈતન્યપ્રભા જ્યાં પ્રગટ થાય છે ત્યાં હવે મોહરાત્રિ કેમ હોય ? તે ચૈતન્યપ્રભાની પ્રતીત કરતાં સમ્યક્ત્વ થાય છે. સ્વ—પરને પ્રકાશવામાં તેને બીજી ચૈતન્યપ્રભાની જરૂર નથી. જે પોતે સ્વયં બોધરૂપ છે તેને બોધ માટે બીજાની જરૂર કેમ હોય ? હે દેવ ! આપની ચેતના સ્વયમેવ આખા જગતને, જેવો ક્રમ છે તેવા જ ક્રમસહિત પ્રકાશિત કરે છે.

અંતમાં સ્તુતિકાર ભાવના ભાવે છે કે હે દેવ ! આપની આવી ચૈતન્યપ્રભાની સમભાવે નિરંતર સ્તુતિ કરતો કરતો હું પોતે અનંત ચૈતન્યવિભાને પામું.

[મંગલ શ્લોક : વિયોગિની—છંદ]

अजरः पुरुषो जिन स्वयं सहजज्योतिरजय्य चिद्भरः ।
अयमद्भुतसत्यवैभवस्त्वमसि द्वयात्मकदृष्टिगोचरः ॥

**૧. હે જિનેન્દ્ર ! આપ અજર પુરુષ, સ્વયં વિજેતા, સહજ જ્યોતિરૂપ અને અજેય ચૈતન્યથી ભરપૂર છો; આવા અદ્‌ભુત સત્યવૈભવસમ્પન્ન આપ, દ્વિરૂપ એવી અનેકાન્તદષ્ટિ વડે ગોચર છો.** ૪૫૧.

૨. હે પ્રભો ! આપને નથી તો પરનું આશ્રયપણું, નથી ખાલીપણું, તેમજ નથી અન્ય પદાર્થોની ભેળસેળ, કેમકે આપે તો અસંખ્ય નિજપ્રદેશોમાં સ્વયં વસ્તુનો પરિગ્રહ ધારણ કર્યો છે. ૪૫૨.

૩. હે વિભો ! 'અમૂર્ત' એવું આપનું આ પ્રસિદ્ધ સહજ–વિશેષણ શોભી રહ્યું છે તેને લીધે, આત્મપરાયણ એવા આપ આ જગતમાં પુદ્‌ગલોથી પૃથક્‌પણાને પામો છો. ૪૫૩.

૪. હે સ્વામી ! કોઈથી પણ બાધિત ન થઈ શકે એવું, તથા આત્માના સર્વ ભાવોમાં વ્યાપનારું, સહજ–સ્વાભાવિક 'ચૈતન્ય' વિશેષણ આપ ધારણ કરો છો, તેને લીધે બધાય અચેતન પદાર્થોથી આપ સર્વપ્રકારે ભિન્નતાને પામો છો. ૪૫૪.

૫. હે દેવ ! સદાય સર્વપ્રકારે અત્યંત સ્પષ્ટ–પ્રત્યક્ષ સહજ સ્વાનુભવ વડે ઝગઝગતા એવા આપનું, બીજા બધાય ચેતન દ્રવ્યોથી આ દૂરનું અંતર પ્રગટ થાય છે, અર્થાત્‌ અત્યંત ભિન્નપણું છે. ૪૫૫.

૬. સંપૂર્ણપણે નિજભાવથી ભરેલા તથા નિજભાવમાં સ્થિત એવા આપનો, પરથી અખંડિત એક નિજભાવ જ સ્પષ્ટપણે શોભી રહ્યો છે. ૪૫૬.

૭. હે દેવ ! અજડ અર્થાત્‌ ચેતન વગેરે અનંત વિશેષણો વડે વિશેષિત હોવા છતાં, આપ સ્વયં જો એક છો તો તે આપની ભાવમાત્રતા (સામાન્યરૂપતા) પ્રગટ છે. ૪૫૭.

૮. હે પ્રભો ! આગળ–આગળની પર્યાયોમાં વિદ્યમાન રહેતા આપ 'આ અસ્તિરૂપ છે' એવી અત્રૂટક ધારા વડે, પહેલાં–પછીના ભેદથી રહિત સુશોભિત છો; અને આવા આપને દેખનારાઓને આપ ધ્રુવ જ પ્રતિભાસો છો. ૪૫૮.

૯. હે ભગવાન ! અનંત આત્મવિશેષણો વડે રચાયેલી એવી એક વિશેષ્યતાને પામેલા આ આપ અખંડિત ધારાથી પરિણમતા થકા નિરંતર પરિણમતા પ્રતિભાસો છો.

૧૦. હે પ્રભો ! અજડતા (–ચેતનતા) વગેરે વિશેષણોથી ભરેલી આપની ધારા કદી તૂટ્ટી થતી નથી–તૂટતી નથી; અને તે ધારા વડે ધારણ કરવામાં આવેલા અજડ વગેરે વિશેષણો કદી ક્ષય પામતા નથી. ૪૬૦.

૧૧. પ્રભો ! આપના તે અજડત્વ (ચેતનત્વ) વગેરે વિશેષણો પરથી જુદાઈ કરનારા છે, પોતાના સ્વદ્રવ્યથી જુદાઈ નથી કરતા; તેથી આપ બીજા દ્રવ્યોથી શૂન્ય, અને બીજામાં ન હોય એવા અસાધારણ ભાવોથી ભરેલા, એવા પોતાને પોતાથી સદા ધારણ કરો છો. ૪૬૧.

૧૨. અ–જડ વગેરે વિશેષણોમાં અભિન્નપણે સ્થિત આપનો આ અખંડ એકાકી ભાવ છે તે, અજડ આદિ વિશેષણોથી અભિન્ન ભાવના વડે જ સ્વાનુભૂતિમાં આવે છે, અન્ય પ્રકારે નહીં. ૪૬૨.

૧૩. આપના નિરંકુશ ભવનરૂપ જે ભાવ છે તે કારકવાળી સમસ્ત ક્રિયાઓને ધોઈ નાંખે છે (અર્થાત્ કોઈ કારકોની અપેક્ષા રાખતો નથી); તે ભવનરૂપ વિદ્યમાન ભાવ, ક્રિયા વડે અથવા તો કારકોવડે પણ દ્વિરૂપ કરાતો નથી અર્થાત્ બેવડાતો નથી, –ફરીથી કરાતો નથી. ૪૬૩.

૧૪. આપના નિરંકુશ ભવનમાં કારણ–કાર્ય વગેરે કારકોના વિસ્તારને અવકાશ જ ક્યાં છે? (અર્થાત્ તેમાં કારકોની અપેક્ષા નથી;) કેમ કે તે કારક કાંઈ અભવનરૂપ (અવિદ્યમાનરૂપ) ભાવને નથી કરતા; અને જગતમાં કારકો દ્વારા કદી અભવનરૂપ ભાવ નથી કરાતો. ૪૬૪.

૧૫. હે દેવ! 'કર્તાદિક કારકોવડે ઉદય પામતી ક્રિયા આપનામાં છે' –એવી ભેદકલ્પના અહીં લાગુ પડતી નથી, કેમકે ભવનરૂપ એક વિભૂતિથી ભરેલાં આપનામાં કારકભેદની કલ્પના તે કલંક-કલ્પના છે. ૪૬૫.

૧૬. હે જિનેન્દ્ર! અજડ અર્થાત્ ચૈતન્ય વગેરે સ્વરૂપ, સનાતન, કષાય-કલંક વગરનો, અને જેની ઊછળતી ચૈતન્યપ્રભાના સમૂહમાં સ્વ-પર, અક્રમ અને ક્રમ (અર્થાત્ ગુણ અને પર્યાય) બધું નિમગ્ન છે, –એવો જે આ 'ભાવ' છે તે આપ છો. ૪૬૬.

૧૭. હે ભગવાન! કષાયકલંકરહિત અને જ્ઞાનપ્રકાશ સહિત એવા ભાવરૂપ જો આપ સ્વયં છો, તોપછી આવા ભાવરૂપે સ્વયમેવ પ્રગટેલા આપ ક્યાંય પણ મોહને પામતા નથી. ૪૬૭.

૧૮. જે ચૈતન્યપ્રભામય છે તે સર્વત્ર શોભે છે; અને ચૈતન્યતેજ વગરનું ક્યાંય પણ શોભતું નથી. જે આ બધું શોભી રહ્યું છે તે ખરેખર આ ચૈતન્યપ્રભા જ અતિશયપણે શોભી રહી છે. ૪૬૮.

૧૯. કેવળ આ શોભે છે અને આ નથી શોભતું–એવી કલ્પના ક્યાં છે? (વસ્તુમાં તો નથી.) વળી, 'આના વડે આ શોભે છે' (અર્થાત્ જ્ઞાનપ્રભાથી આત્મા શોભે છે) –આવું જે દ્વૈતપણું (અર્થાત્ ગુણ-ગુણીભેદની કલ્પનારૂપ દ્વૈત) છે તે કાંઈ ચેતનદ્રવ્યથી તેની ચૈતન્યપ્રભાનો વિભાગ નથી કરતું. ૪૬૯.

૨૦. ચૈતન્યપ્રભા સહજ છે, સતત ઉદિત છે, સમરૂપ—એકસરખી છે, પોતે પોતાને પ્રત્યક્ષરૂપ–સ્વયંપ્રકાશી છે, કળાસહિત પરિપૂર્ણ છે, નિરાકુળ છે તથા અદ્ભુત

તેજની માળા છે;—અહો ! જ્યાં આવી ચૈતન્યદીપ્તિ વિદ્યમાન છે ત્યાં રાત્રિ કોને હોય? (—આવા આશ્ચર્યકારી ચૈતન્યતેજની પ્રતીત કરનારને સમ્યક્ત્વ થાય છે એટલે મિથ્યાત્વરાત્રિ રહેતી નથી.) ૪૭૦.

૨૧. હે પ્રભો ! આપની ચૈતન્ય-વિભા પોતાના સ્વવૈભવથી વિધિપક્ષની જેમ નિષેધપક્ષને પણ (અસ્તિત્વની જેમ નાસ્તિત્વધર્મને પણ) વિધિરૂપે ધારણ કરે છે તથા પરિશુદ્ધ એક ચૈતન્યભાવથી નિર્ભર છે;—આવી આપની ચૈતન્યવિભા—જ્ઞાનજ્યોતિ આ લોકમાં કોનાથી નિષેધી શકાય? —કોઈ તેને નિષેધી શકતું નથી. ૪૭૧.

૨૨. હે જિનેન્દ્ર ! જેનો સ્વભાવ સર્વ તરફથી સ્ફુરાયમાન છે—એવી એક—અદ્વિતીય આપની ચૈતન્યપ્રભાદ્વારા ક્ષેત્ર અને કાળની મર્યાદા રહિત આ સમસ્ત જગત સર્વ તરફથી પ્રતિભાસિત થઈ રહ્યું છે. ૪૭૨.

૨૩. અહીં સ્વ અને પરને પ્રકાશવામાં ચૈતન્યપ્રભા પોતાથી જુદી બીજી ચૈતન્યપ્રભાને શોધતી નથી; ધીમંત એવા હે જિનેશ ! આપની જ્ઞાનપ્રભા વડે જ આ સમસ્ત જગત, જેવો ક્રમ છે તેવા ક્રમસહિત, પ્રકાશિત થાય છે. ૪૭૩.

૨૪. હે વિજેતા ! જે નિરંતર આ જ્ઞાનમાત્ર સત્તારૂપ થઈને વિચરે છે (અર્થાત્ જ્ઞાનના જ અનુભવરૂપ પરિણમે છે) તે પોતે સ્વયં સમસ્ત પદાર્થોને જાણે છે; કેમકે સ્વયં જે બોધસ્વરૂપ છે તેને બીજો પ્રતિબોધક ક્યાંય હોતો નથી. ૪૭૪.

૨૫. હે જિન ! આપની સ્તુતિ કરનારો આ હું, સમભાવથી ક્ષણેક્ષણે સર્વ પ્રકારે આપની ચૈતન્યવિભાનો અનુભવ ક્યાં સુધી કરતો રહું કે જ્યાં સુધી પોતાની પરિપૂર્ણ અનંત ચૈતન્યવિભામય એવા મને પોતાને હું સ્વયં પ્રાપ્ત કરું. ૪૭૫.

ઇતિ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિરચિત લઘુતત્ત્વસ્ફોટ શાસ્ત્રમાં ચૈતન્યપ્રભાના મહિમા દ્વારા સર્વજ્ઞસ્તવનરૂપ ૧૯ મો અધ્યાય પૂરો થયો.

લઘુતત્ત્વસ્ફોટ  શક્તિમણિતકોશ.

# [૨૦] સ્તવન વીસમું : અમૃતઝરતો સ્યાત્–મંત્ર
# વિશ્વની શૂન્યતાનો ઉત્સવ......જ્યાં ભરી છે જ્ઞાનની સ્વાનુભૂતિ

*

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં, એકાંત ક્ષણિકવાદ કે શૂન્યવાદરૂપ મિથ્યાત્વના ઝેરને દૂર કરીને, અનેકાંત–અમૃતનું પાન કરાવતાં કહે છે કે–હે ઈશ ! એકાંતરૂપ વિષથી ભરેલાં અતત્ત્વવચનો પણ આપના સાન્નિધ્યમાં 'સ્યાત્' પદરૂપી મંત્ર વડે સંસ્કૃત થતાં, તત્ત્વપ્રતિપત્તિમાં કુશળ થઈને અમૃતઝરતાં બની જાય છે. ત્રિકાળી સંતતિપ્રવાહમાં પૂર્વ–પછીનાં ચૈતન્યકણો ભેગાં થતાં નથી;–આ રીતે પર્યાયઅપેક્ષાએ ક્ષણેક્ષણે નાશ દેખીને ચૈતન્યનો સર્વથા નાશ કહેવો તે તો, આત્માને કથંચિત નિત્ય દેખનારા અનેકાંતવાદીઓને તલવારના ઘા સમાન અસહ્ય થઈ પડે છે. નિત્ય–પરિણમનપ્રવાહમાં પૂર્વ અને ઉત્તર–ક્ષણવર્તી ચૈતન્યઅંશો વડે આપનામાં કારણ–કાર્યપણું સદાય વર્તે છે. તે પ્રવાહમાં રાગદાવાનળને શાંત કરીને સહજ ચૈતન્યઅંશો વૃદ્ધિગત થતાં થતાં તેની અંતિમ પરાકાષ્ટારૂપ ચૈતન્યક્ષણ તે જ નિર્વાણ છે. નિર્વાણ પામતાં આપ સર્વ વિભાવથી 'શૂન્ય' થયા. પોતાની શૂન્યતારૂપ આવું આશ્ચર્યકારી કાર્ય કરતાં આપને તો કાંઈ સાહસ કરવું ન પડ્યું, પણ અમારે માટે તો તેનું કથન કરવું તે પણ સાહસ થઈ પડ્યું છે. આપ એકલા જ જ્ઞાનાકારરૂપે સર્વરૂપ પ્રતિભાસો છો. જો આપ ઘટ વગેરેના જ્ઞાનાકારરૂપ ન થતા હો તો બાહ્યમાં ઘટ વગેરે પદાર્થોની સિદ્ધિ થઈ શકે નહિ. આપના જ્ઞાનમાં જ સર્વ જ્ઞેયો પ્રતિભાસતા હોવાથી, તે જ્ઞાનને જાણતાં આખું જગત જણાઈ જાય છે, –પછી બીજા સામે જોવાનું શું પ્રયોજન છે ? અહા, આ જડ પદાર્થો તમારો આશ્રય કરતાં જડતાને છોડીને જ્ઞાનાકારરૂપ બની ગયા ! સ્વ–પરનો એકબીજામાં અભાવ તે જ તેમનું સ્વરૂપ છે. સ્વ–પરની એકતાના ભ્રમને ભેદનારો આવો અપોહસ્વભાવ વિદ્વાનોના ચિત્તમાં પ્રકાશે છે. પ્રભો ! આપ પરમાં 'અગત' હોવા છતાં 'સુગત' છો. 'મારા સિવાય બીજું કાંઈ છે જ નહિ, હું જ છું' એમ જ્ઞાનધારા સર્વે બાહ્ય પદાર્થોના 'શૂન્ય'રૂપે પ્રકાશે છે; તે સ્વ–પરની જરાય ભેળસેળ થવા દેતી નથી, અને તેથી એકત્વબુદ્ધિની બધી મિથ્યા કલ્પનાઓ સાફ થઈ જાય છે. પરથી શૂન્યતારૂપ એકલા સ્વતત્ત્વના શુદ્ધોપયોગમાં કોઈ વિકલ્પ રહેતો નથી. આવા શુદ્ધોપયોગના પ્રમોદવશ શાસ્ત્રકાર

કહે છે કે વિશ્વશૂન્યતાનો આ ઉત્સવ છે—અર્થાત્ જ્ઞાનમાત્ર અસ્તિત્વના સ્વાનુભવનો આ ઉત્સવ છે, તેમાં જેને ઉત્સાહ નથી તે શુદ્ધતત્ત્વને જાણતો નથી. હે દેવ! અમને તો, અનંત વિશ્વના નાસ્તિત્વરૂપ જળ વડે અત્યંત સાફ કરાયેલા એવા અત્યંત શુદ્ધ 'શૂન્યતત્ત્વ'માં પ્રવેશ કરાવીને કૃતાર્થ કરો.

[મંગલ શ્લોક : વંશસ્થ–છંદ]

अतत्त्वमेव प्रणिधान सौष्ठवात तवेश तत्त्वप्रतिपत्तये परम् ।
विषं वमंत्योप्यमृतं क्षरंति यत् पदेपदे स्यात्पदसंस्कृता गिरः ॥

૧. હે દેવ! આપના સિદ્ધાંતના સૌષ્ઠવ વડે, અતત્ત્વ વચનો પણ તત્ત્વપ્રતિપત્તિમાં અત્યંત કુશળ થઈ જાય છે; કેમકે પદેપદે એકાંતરૂપ વિષને ઓકનારાં તે વચનો પણ આપના માર્ગમાં 'સ્યાત્' પદરૂપ મંત્રવડે સંસ્કૃત થતાં પદેપદે અમૃતને ઝરે છે. ૪૭૬.

૨. હે ઈશ! જે પહેલાં અને પછી—એવા ક્ષણભેદના ઉલ્લેખને જોરથી દૂર કરે છે અને જેમાં દિશા તથા કાળના ભેદની કલ્પના પણ વિલીન થઈ ગઈ છે—એવા સંગ્રહનયની શુદ્ધદૃષ્ટિથી જોતાં આપ ચૈતન્યમાત્ર વિભૂતિથી પરિપૂર્ણ વિભાસો છો. ૪૭૭.

૩. હે ઈશ! અતિશય ફેલાયેલા વિશુદ્ધતાના રસથી જે ઉલ્લસી રહી છે, તથા સ્ખલિત થતી (–પરિણમતી) હોવા છતાં જે અસ્ખલિત જેવી ઉત્તમજ્યોતિથી પ્રકાશમાન છે, અને નિરંશતત્ત્વના અંશમાં પ્રવેશ કરવા માટે જે અત્યંત તીક્ષ્ણ છે એવી ઋજુસૂત્રદૃષ્ટિઓ આપનામાં અતિશય લીન થઈ રહી છે. ૪૭૮.

૪. હે પ્રભો! સમુચ્ચયમાંથી ખંડખંડરૂપ (અભેદમાંથી ભેદરૂપ) કરવામાં આવેલા સ્વઅવયવો વડે સર્વ પ્રકારે વિભજ્યમાન એવા આપના પ્રત્યક્ષજ્ઞાનના અનંત ધાતુઓ (–અવિભાગ પ્રતિચ્છેદો) પૃથક્પૃથક્ પ્રકાશે છે, ક્ષેત્રથી પ્રદેશમાત્ર છે અને કાળથી ઋજુ–વર્તમાનરૂપ છે. ૪૭૯.

૫. હે પ્રભો! આવા આપ સહસા—એકાએક વિખરીત થતા ચૈતન્યકણોમાં પૂર્વના અને પછીના ચૈતન્યકણોનો સંગમ કરવા અસમર્થ છો; કેમકે અનાદિ સંતતિપ્રવાહમાં વર્તતા હોવા છતાં તે ચૈતન્યકણો પરસ્પર એકબીજા સાથે ક્યાંય સંઘટન પામતા નથી, ભેગા થતા નથી. ૪૮૦.

૬. હે જિન! એકાન્તવાદીઓ વડે, આપનામાં પ્રતિક્ષણે ક્ષય પામતાં ચૈતન્યકણોની આવલિ વડે સામાન્યપણું નિરાકૃત કરીને બળજોરીપૂર્વક જે નૈરાત્મ્યપણું (આત્માનો સર્વથા અભાવ) કહેવામાં આવે છે તે તો, આપને અનેકાન્તસ્વરૂપે અવલોકનારા જીવોને માટે અસિપ્રહાર જેવું અસહ્ય થઈ પડે છે,–તલવારના ઘા જેવું લાગે છે. ૪૮૧.

૭. હે પ્રભો ! ભૂતકાલિન ગતપદાર્થ, ગત થઈ ગયો હોવાથી કાંઈ કરતો નથી; ભવિષ્યનો અનાગત પદાર્થ, અનુપસ્થિત હોવાથી કાંઈ કરતો નથી. હે ઈશ ! પ્રવર્તમાન ક્ષણમાં વિદ્યમાન એવા આપ જ અર્થક્રિયાથી સમ્પન્ન છો. ૪૮૨.

૮. ક્ષણેક્ષણે ક્ષય પામતા ક્ષણસ્થાયી ચૈતન્યઅંશોમાં જે કારણરૂપ અંશ છે તે કાર્યકાળને અનુભવતો નથી–પામતો નથી; તો પણ પૂર્વ અને ઉત્તર ક્ષણવર્તી ચૈતન્યઅંશો વડે હઠપૂર્વક આપનામાં કારણ–કાર્યપણું ધારણ કરવામાં આવ્યું છે. ૪૮૩.

૯. અનાદિના રાગદાવાનળને બળપૂર્વક સર્વથા શાંત કરવામાં આવતાં ક્ષણમાત્રમાં અજ્ઞાન પણ ગળી જાય છે, અને આપના આ અકૃત–સહજ ચૈતન્યઅંશો સ્વયં ઉપર–ઉપર વૃદ્ધિગત થાય છે. તે વૃદ્ધિગત થતાં તેની પરાકાષ્ટારૂપ આપની આ અંતિમ ચૈતન્યક્ષણ (–કેવળજ્ઞાનદશા) તે જ નિર્વાણની પ્રાપ્તિ છે. ૪૮૪.

૧૦. હે પ્રભો ! નિર્વાણને પામતાં આપ, પ્રદીપની જેમ સમસ્તપણે એકશૂન્યતાને પામ્યા (–સમસ્ત વિભાવોથી શૂન્ય થયા); આવું (પોતાની શૂન્યતારૂપ) આશ્ચર્યકારી કાર્ય કરતાં આપને તો કાંઈ સાહસ ન કરવું પડ્યું, પરંતુ મારે તો તેનું કથન કરવું તે પણ સાહસરૂપ થઈ પડ્યું છે. ૪૮૫.

૧૧. જેઓ પોતાના જ્ઞાનની અર્થક્રિયા વડે આ જગતમાં વિચિત્રરૂપ–અનેક જ્ઞેયાકારો સાથે સર્વ તરફથી સમાગમ પામે છે એવા આપ, અપ્રતિષેધ વૈભવસહિત (–જેનો પ્રતિકાર ન થઈ શકે એવા અપ્રતિહત વૈભવસહિત) સ્વયં એક–વિજ્ઞાનઘનપણે જ શોભી રહ્યા છો. ૪૮૬.

૧૨. હે ઈશ ! આપના જ્ઞાનથી બહાર કંઈ પણ પ્રતિભાસતુ નથી; આપ એક જ અનેક–વિચિત્ર જ્ઞેયાકૃતિરૂપ થઈને, જલધારણ આદિ કરતા કુંભ વગેરે રૂપે (અર્થાત્ તેના જ્ઞાનાકાર રૂપે) સ્વયં પોતે જ પ્રતિભાસો છો. ૪૮૭.

૧૩. હે ઈશ ! જો આપ સ્વયં ઘટાદિરૂપ ન થતા હો (અર્થાત્ તેને જાણતા ન હો) તો, શું તે ઘટાદિ બાહ્ય પદાર્થની સિદ્ધિ થઈ શકે ખરી ? (–ના.) અને હે પ્રભો ! જો આપ સ્વયં ઘટાદિરૂપે વિદ્યમાન છો તો બાહ્યપદાર્થની સિદ્ધિનું શું પ્રયોજન છે ? (આપના અંતરંગ જ્ઞાનને જાણતાં તેમાં બાહ્ય જગત જણાઈ જાય છે, એટલે સહજપણે તેની સિદ્ધિ થઈ જાય છે.) ૪૮૮.

૧૪. હે પ્રભો ! આપના અદ્વિતીય વિજ્ઞાનઘનમાં પ્રવેશવાથી જેમણે પોતાની જડતાને છોડી દીધી છે એવા, આ વિચિત્રતા સહિત અનંત ભિન્નભિન્ન સમસ્ત પદાર્થો જ્ઞાનાકારરૂપે આપનામાં પ્રતિભાસિત થઈ રહ્યા છે. ૪૮૯.

૧૫. હે ઈશ ! જેમણે સંપૂર્ણ વિશેષ સંપદાને સ્ફુરાયામન કરી છે અને પોતાના વિજ્ઞાનઘનમાં સર્વે પદાર્થોને નિમગ્ન કરી દીધા છે—એવા આપ, એકસાથે સમસ્ત પદાર્થોને વ્યાપીને સ્ફુરાયમાન થતાં, બાહ્ય પદાર્થો આપોઆપ નિહ્નવને પામે છે, —ઢંકાઈ જાય છે. ૪૯૦.

૧૬. હે પ્રભો ! જે આપ પરના અભાવથી શોભી રહ્યા છો તે જ આપનું સ્વરૂપ છે; અને પરપદાર્થ કે જે આપના અભાવસ્વરૂપે પ્રકાશી રહ્યા છે તે જ પરનું સ્વરૂપ છે..... ૪૯૧.

૧૭. —આવો જે પરસ્પર—એકબીજાની અપેક્ષાએ અભાવ છે તે જ નિશ્ચિતપણે સ્વ અને પરના સ્વરૂપને પામે છે. હે પ્રભો ! સંપૂર્ણપણે પરના અભાવરૂપ એવા આપ અલ્પબુદ્ધિ જીવોને અગોચર છો. ૪૯૨.

૧૮. આ રીતે, અત્યન્ત ભેળસેળને પામેલા આ અન્ય પદાર્થોનું અપોહન (પૃથક્કરણ) કરવા માટે સદા તત્પર એવા આપનો આ અપોહસ્વભાવ (પરના અભાવરૂપ સ્વભાવ) પ્રગટ છે; તે વિદ્વાનોના અનાદિસંતતિથી ચાલી આવેલ સ્વ-પરની એકત્વબુદ્ધિરૂપ તીવ્ર ભ્રમને ભેદનારો છે. ૪૯૩.

૧૯. હે વિભો ! પરસ્પર અભાવરૂપે આપની સાથે રહેલા અન્ય પદાર્થો આપનામાં જરાપણ વિક્રિયા ઉત્પન્ન કરતા નથી; કેમકે એકબીજામાં ભેળસેળને દૂર કરીને આપ એકલા જ સમસ્ત પરદ્રવ્યોના અભાવપણે શોભી રહ્યા છો. ૪૯૪.

૨૦. ત્રણ જગત આપના અભાવરૂપ હોવાથી 'ગત' છે (બહાર છે). ને આપ ત્રણ જગતના અભાવરૂપ હોવાને લીધે 'ગત' છો; આ રીતે હે જિનેન્દ્ર ! 'અગત' હોવા છતાં આપ સાક્ષાત્ 'ગત,' 'સુગત' અને 'તથાગત'રૂપ પ્રતિભાસો છો. ૪૯૫.

૨૧. અંદર તેમજ બહાર વિદ્યમાન સમસ્ત સત્—વસ્તુઓનો બળપૂર્વક અપલાપ કરીને (નિષેધ) નિરંકુશપણે વર્તતી આપની આ જ્ઞાનધારા, 'મારા સિવાય બીજું કાંઈ છે જ નહિ'—એમ સમસ્ત પદાર્થોને શૂન્યતા પમાડતી થકી અહીં પ્રતિભાસે છે. ૪૯૬.

૨૨. હે ઈશ ! જ્ઞાનમાં પરના અભાવરૂપ જે આ 'શૂન્ય'પણું છે તે, સ્વ—પરની ભેળસેળ માટે ઊછળતી કલ્પનાઓને એકસાથે જોરપૂર્વક સાફ કરી નાંખે છે; કેમકે સર્વ પ્રકારે સમસ્ત વસ્તુઓ અસ્તગત થતાં 'કઈ વસ્તુ ? ક્યાં ? કેટલી ? કોનાથી ? ક્યાંથી ? કે ક્યારે ?' —એવી કલ્પના કઈ રીતે પ્રતિભાસે ? (અર્થાત્ પરથી શૂન્ય એવી જ્ઞાનઅનુભૂતિમાં પર સંબંધી કોઈ કલ્પના ઊઠતી નથી.) ૪૯૭.

૨૩. નિશ્ચયદૃષ્ટિથી દેખનારાઓ (અનુભવનારાઓ) માટે આ બધું માત્ર ભ્રમ જ

છે, –પોતામાં તે કાંઈ પણ અસ્તિરૂપ નથી; (છતાં) મૃગતૃષ્ણારૂપ ઝાંઝવાના જળને પીવા ચાહતા (–પરમાંથી સુખ ઇચ્છતા) આ મૃગતુલ્ય પ્રાણીઓ માત્ર ખેદને જ પામે છે. ૪૯૮.

૨૪. એ પ્રમાણે પરના અભાવરૂપ આ શૂન્યના બળે અહીં ઊંચ–નીચ બધી વસ્તુઓને સર્વ તરફથી જોરપૂર્વક કંઈપણ બાકી રાખ્યા વગર નષ્ટ કરી દીધી છે; વળી હે વિભુ ! 'કંઈક છે'–એવી વિકલ્પબુદ્ધિ પણ બાકી રહેતી નથી. (શુદ્ધોપયોગમાં પરલક્ષ જ રહેતું નથી; ત્યાં પરની શૂન્યતા છે, નિર્વિકલ્પતા છે.) ૪૯૯.

[અંતિમ શ્લોકમાં, આવા 'શૂન્ય'માં પ્રવેશ માટે પ્રાર્થના કરે છે :–]

૨૫. જેને વિશ્વના અભાવરૂપ આ ઉત્સવમાં ભાવના નથી (એટલે કે સમસ્ત પરથી શૂન્યરૂપ એવા જ્ઞાનમાત્ર અસ્તિત્વના અનુભવરૂપ ઉત્સવમાં ઉત્સાહ નથી) તે, અતિશય શુદ્ધ એવા કોઈ–અદ્ભુત તત્ત્વને જાણતો નથી. હે દેવ ! અનંત વિશ્વના નાસ્તિરૂપ જળ વડે અતિશય સાફ કરેલા–અત્યંત શુદ્ધ 'શૂન્ય'માં પ્રવેશ કરાવીને મને કૃતાર્થ કરો. ૫૦૦.

[ઇતિ ધડાકાબંધ તત્ત્વને પ્રગટ કરનાર 'તત્ત્વસ્ફોટ' નામના સ્તુતિ-શાસ્ત્રમાં;
એકાંત શૂન્યવાદને શૂન્ય કરીને, અનેકાન્તમય 'શૂન્ય'માં પ્રવેશ કરાવનારો,
અમૃતઝરતો આ વીસમો અધ્યાય પૂરો થયો.]

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

## [૨૧] વિસ્ફોટ એકવીસમો ! સામાન્ય–વિશેષ એકતા

# મારા જ્ઞાનને તૃપ્ત કરવા હે દેવ ! મારા અંતરમાં પ્રવેશ કરો

**ઉપોદ્‌ઘાત** : આ સ્તુતિમાં સામાન્ય–વિશેષરૂપ તત્ત્વનો વિસ્ફોટ કરતાં કહે છે કે હે દેવ ! આપની તત્ત્વભૂમિકાઓ આશ્ચર્યકારી છે. આપ દ્રવ્ય–પર્યાય બંનેમાં પ્રવર્તો છો; છતાં અંશભેદથી રહિત છો, નયાતીત છો. વિશેષ અને વિશેષ્ય એકબીજા વગર હોતાં નથી, તેથી આપને દ્વિ–આત્મકપણું છે. નિત્યતા અને ક્ષણિકતા બંનેને એકસાથે અવગાહીને વસ્તુ સદા પરિણમી રહી છે. સત્‌–વસ્તુ ઉત્પાદ–વ્યયરૂપ જ હોય છે. જો વસ્તુ ક્ષણેક્ષણે નવીનતાને ન પામે (ઉત્પાદ–વ્યય ન કરે) તો તે કાળપ્રવાહમાં ટકી શકે નહીં. હે પ્રભો ! આપ ક્ષણિકતા અને ધ્રુવતા બંનેરૂપે શોભી રહ્યા છો. આપના સામાન્ય–વિશેષ પહેલાં જુદા હતા ને પાછળથી જોડાયા–એમ કાંઈ યુતસિદ્ધપણું નથી; આપ સ્વયં તે બંનેસ્વરૂપે જ સત્‌ છો. સામાન્ય વિશેષ વગર કોઈ વસ્તુ હોતી નથી. એકલું સામાન્ય તે કાંઈ સમગ્રવસ્તુ નથી; અખંડ દ્રવ્યમાં જ તે વિશેષપણે સમાય છે. આપનામાં એક–સામાન્ય તે સ્વપર્યાયોથી પૃથક્‌ નથી, અભિન્ન છે. સત્‌ પોતાના બધા વિશેષોને પી ગયું છે, અને તે સત્‌ પોતે દ્રવ્ય છે. આપનો દરેક ધર્મ જ્ઞાનમય વસ્તુને જ સિદ્ધ કરે છે.

હે પ્રભો ! આપના એક અંશને જાણતાં જાગૃત થયેલો મારો જ્ઞાનાગ્નિ–ભસ્મક એવો વૃદ્ધિગત થઈ રહ્યો છે કે, તેને શાંત કરવા કૃપા કરીને આખા વિશ્વ સહિત આપ તેમાં પ્રવેશ કરો.–આમ કહીને સ્તુતિકારે કેવળજ્ઞાનની ભાવના ભાવી છે.

[મંગળ શ્લોક : વંશસ્થવૃત્ત]

सुनिस्तुषान्तावधिशुद्धमूलतो निरंतरोत्सर्पमुपर्युपर्यम् ।
विमोहयन्त्योऽन्यं अनन्यगोचराः स्फुरंत्यनंतास्तव तत्त्वभूमयः ॥

૧. હે દેવ ! આપના સુનિસ્તુષ અંતરંગરૂપ પરમ શુદ્ધ મૂળમાંથી નિરંતર ઊંચેઊંચે ચડતી–વૃદ્ધિગત થતી જે આ અનંત તત્ત્વભૂમિકાઓ (શુદ્ધ પરિણામની શ્રેણીઓ) સ્ફુરાયમાન

થાય છે, તે અન્યને વિમોહિત કરે છે—આશ્ચર્ય પમાડે છે, તથા અનન્યગોચર છે—બીજાને ગોચર નથી. ૫૦૧.

૨. હે પ્રભો ! જો આપ અંતિમ વિશેષતાને (અંતિમ પર્યાયને) પામતા નથી તો આપનું આ સામાન્ય—દ્રવ્ય પણ આદિયુક્ત નથી; આ રીતે સ્વશક્તિ વડે ઉભયમાં (—સામાન્ય—વિશેષ અથવા દ્રવ્ય—પર્યાય બંનેમાં) પ્રવર્તનારા આપની અનંત પરિણામભૂમિકાઓ વિદ્યમાન છે. ૫૦૨.

૩. હે દેવ ! અખંડિત દ્રવ્યરૂપે આપ એકતાને પ્રાપ્ત કરો છો, તથા પર્યાયરૂપે અનેકતાને પ્રાપ્ત છો; અને અંતિમપર્યાયરૂપે (અર્થાત્ નયાતીતદૃષ્ટિથી) આપ જ અંશભેદરૂપ તુષથી રહિત, સુનિસ્તુષ પરમ શુદ્ધાત્મરૂપે અવભાસો છો. ૫૦૩.

૪. હે ઈશ ! જો આપ સર્વથા એકત્વને પામો તો આપના વિશેષો નષ્ટ થઈ જાય; અને હે દેવ ! વિશેષો વગર વિશેષ્યતાને (સામાન્યતાને) છોડીને આપ ચોક્કસ અસ્તને પામો. ૫૦૪.

[—પરંતુ આપ વિદ્યમાન છો, અસ્તને નથી પામતા, કેમકે—]

૫. ધ્રુવ—ચોક્કસપણે આપને દ્વિ—આત્મકપણું (એક—અનેકપણું અથવા વિશેષ્ય—વિશેષપણું) છે, જેથી આપ સ્વયં વિશેષ્ય હોવા છતાં વિશેષણોરૂપ પણ છો. વિશેષ્યરૂપે આપ ભિન્નતાને નથી પામતા—એકરૂપ છો, અને વિશેષણોની વિભૂતિ વડે આપ પૃથક્પૃથક્ અનેકરૂપે ભાસો છો. ૫૦૫.

૬. હે વિભુ ! વિશેષ્યરૂપ એવા આપની અવિશેષતાને કારણે કાંઈ વિશેષણોમાં અવિશેષપણું થઈ જતું નથી; તે વિશેષણો, આપની સાથે ભિન્નતાને પામ્યા વગર, પરસ્પર ભિન્નરૂપે પોતાનું પ્રભુત્વ રાખે છે. (આપના ગુણોને પરસ્પર ભિન્નતા છે પરંતુ ગુણીથી તેઓ ભિન્ન નથી.) ૫૦૬.

૭. વૃત્તિમાન—પદાર્થ વર્તના વગર શોભતો નથી, તેમજ વર્તનારૂપ તે વૃત્તિ ક્રમ વગર હોતી નથી; આપની અનંત—કાળપર્યાયો નિત્ય અને ક્ષણિકના મહાન અંતરને અવગાહીને શોભી રહી છે. (નિત્યતા અને ક્ષણિકના બંનેને અવગાહીને વસ્તુની અનંતપર્યાયો પરિણમી રહી છે.) ૫૦૭.

૮. સત્‌નો નાશ નથી, અસત્‌ની ઉત્પત્તિ નથી; તેમજ વ્યય અને ઉત્પાદ વગર કોઈ પદાર્થ હોતો નથી. હે નાથ ! આપ સત્‌રૂપે જ એવી રીતે વિવર્તન કરો છો કે જેથી આપને વ્યય—ઉત્પાદ એક સાથે જ થાય છે. ૫૦૮.

૯. સત્ વસ્તુ ઉત્પાદ—વ્યયરૂપ જ હોય છે; ઉત્પાદ—વ્યયરૂપ વિવર્તન વગર કદી

પણ વસ્તુપણું હોતું નથી. ખરેખર આ જગતમાં જે વસ્તુ ક્ષણેક્ષણે નવીનતાને નથી પામતી તે કાળદ્રવ્યને કઈ રીતે સહન કરી શકે? —કાળપરિવર્તનની સાથે તે કઈ રીતે ટકી શકે? ૫૦૯.

૧૦. હે પ્રભો! ક્ષણેક્ષણે થતો ક્ષય આપને પૃથક્પૃથક્પણું પમાડે છે, અને ધ્રુવતા નિરંતર એકત્વને પમાડે છે; આ રીતે ક્ષણ-ક્ષણ કરીને અનંતકળાનું વહન કરનારા આપ ઉભયધર્મો (ક્ષણિકતા તથા ધ્રુવતા, અથવા પૃથક્ત્વ તેમજ એકત્વ) વડે ધારણ કરાયેલા શોભી રહ્યા છે. ૫૧૦.

૧૧. હે પ્રભો! આપ મુક્ત થતાં જે આ ભવનો નાશ થયો તે સત્‌નો જ વિનાશ થયો છે, અને જે સિદ્ધપર્યાય થઈ તે અસત્‌ની જ ઉત્પત્તિ થઈ છે; આ રીતે પર્યાયઅપેક્ષાએ સત્‌નો નાશ અને અસત્‌ની ઉત્પત્તિ થવા છતાં પણ હે ઈશ! આપ સત્‌ના નાશ કે અસત્‌ની ઉત્પત્તિ વગર સત્‌પણે જ શોભી રહ્યા છો. ૫૧૧.

૧૨. હે પ્રભો! આપ કાંઈ ભિન્નરૂપ સામાન્ય-વિશેષ સાથે યુક્ત થયેલા નથી, પરંતુ સ્વયં આપ પોતે જ તે બંનેસ્વરૂપ શોભિત છો; કેમકે સામાન્ય-વિશેષ માત્રથી જુદી કોઈ પણ વસ્તુ દૃષ્ટિગોચર થતી નથી. ૫૧૨.

૧૩. ખરેખર વસ્તુમાં જે સ્વયં સમાનરૂપે વર્ત્યા કરે છે તેને જ સામાન્ય કહેવાય છે, બીજાને નહીં. હે દેવ! આપના જેટલા વિશેષો સમાનરૂપ (સાદૃશ્યરૂપ) રહે છે તેટલા વિશેષોથી આપ આ લોકમાં સામાન્યરૂપ છો. ૫૧૩.

૧૪. જે સ્વરૂપે આપ એકતાને પામો છો તે સ્વરૂપથી સમાનતા છે, અને જે સ્વરૂપથી આપ વિશેષતા (અનેકતા) પામો છો તે સ્વરૂપે વિશેષતા છે. આપની જે સ્વક્રિયા (સ્વાભાવિક ક્રિયા) સુશોભિત છે તે આવા ઉભયરૂપી જ છે; —સ્વભાવથી જ આપ સામાન્ય-વિશેષરૂપ છો, પરંતુ કોઈ જુદા સામાન્ય-વિશેષ સાથે આપ જોડાયેલા છો—એમ નથી. (—ભિન્ન સમવાયપણું નથી.) ૫૧૪.

૧૫. હે વિભો! આપના જે સમાનરૂપ-સદૃશરૂપ વિશેષો છે તેઓ ભાવઅપેક્ષાએ સમાનતાને પામે છે; અને વિશેષરૂપ જે અસમાનતા નિરંતર રહેનારી છે તે પણ આપનાથી જુદી નથી. ૫૧૫.

૧૬. હે દેવ! સમગ્ર સામાન્ય વસ્તુતાને પામે છે; તે તન્મય દ્રવ્યસ્વભાવથી જુદું નથી; કેમકે અખંડ દ્રવ્યમાં પોતાની વિશેષતાને અર્પણ કરતું તે સામાન્ય, વિભાગરૂપે પણ તે દ્રવ્યમાં જ સમાય છે. ૫૧૬.

૧૭. વળી હે પ્રભો! આપનું આ એક-સામાન્ય પણ સ્વપર્યાયોથી પૃથક્ પ્રતિભાસતું

નથી; કેમકે આ લોકમાં તે સામાન્ય–દ્રવ્ય પણ પોતાના સ્વપર્યાયોની વિશેષતાને દૃઢ કરતું થકું તેનાથી અભિન્ન વર્તતું પ્રતિભાસે છે. ૫૧૭.

૧૮. હે દેવ ! આપનું 'સત્' છે તે આપના પ્રત્યયો (–વિશેષો)ને પી ગયું છે, તેથી ખરેખર આ બધુંય તન્મય (સત્‌રૂપ) પ્રતિભાસે છે; ['गुणपर्ययवत् द्रव्यम्'] અને આપના અખંડિત પ્રત્યયોરૂપ આ સત્ આપની સાથે તન્મયતાને કદી છોડતું નથી. ['सत् द्रव्यलक्षणम्'] ૫૧૮.

૧૯. હે પ્રભો ! આ લોકમાં સ્વઅપેક્ષાથી 'ભાવરૂપ' એવા આપનું જે રીતે આ 'ભાવ'–વિશેષણ શોભે છે, તે જ રીતે પરઅપેક્ષાથી અભાવરૂપ એવા આપનું 'અભાવ'–વિશેષણ પણ અનિવાર્યપણે શોભે છે. ૫૧૯.

૨૦. જે 'ભાવ' હોય તે ક્યાંય પણ નિરાશ્રય હોતો નથી; તે ભાવનો જે આશ્રય છે તે ભાવવાન છે; આ જ રીતે 'અભાવ'ધર્મ પણ કદી નિરાશ્રય હોતો નથી; તે અભાવનો જે આશ્રય છે તે અભાવવાન છે–એમ ન્યાયથી સિદ્ધ થઈ જાય છે.

૨૧. હે દેવ ! તે પરસ્પર વિરુદ્ધ એવા ભાવ–અભાવરૂપ બંને ધર્મો, વિરોધ વગર એકસાથે જ સિદ્ધ થતાં આપની વસ્તુનો નાશ નથી થતો. આપનો આત્મા તે ભાવ–અભાવ બંને ધર્મોમાં તત્પર રહીને, પરંતુ પરરૂપે ન થઈને, પરિણમી રહ્યો છે, –ઉદય પામી રહ્યો છે. ૫૨૧.

૨૨. 'અભાવ'નું કાંઈ તુચ્છપણું નથી, કેમકે નયવિવક્ષાથી તે અભાવ પોતે પણ વસ્તુના આશ્રયે રહેલ શક્તિરૂપ છે. (–'ભાવની જેમ 'અભાવ' તે પણ વસ્તુની એક શક્તિ છે–ધર્મ છે.) સમસ્ત અર્થ–મંડળી જેમ ભાવરૂપે અસ્તિ છે, તેમ એકબીજાથી ભિન્ન હોવાથી અભાવરૂપે પણ અસ્તિ છે. ('અભાવપણું' પણ વસ્તુનો એક સ્વભાવ છે, સદ્‌ભાવ છે.) ૫૨૨.

૨૩. હે પ્રભો ! એકબીજાની અપેક્ષાથી સમસ્ત પદાર્થોમાં રહેલો જે સકળ પદાર્થોના અભાવરૂપ ધર્મ સ્ફુરાયમાન છે, તે આ દારુણ–અભાવ સ્વમુખથી (પોતાના રૂપ વડે), હે નાથ ! પ્રગટપણે એક જ્ઞાન સાથે તન્મય એવા આપને શૂન્યતા પમાડે છે (અર્થાત્ સ્વ અપેક્ષાએ જ્ઞાનમય એવા આપ, પરનો આપનામાં અભાવ હોવાથી શૂન્યરૂપ છો–એમ અભાવધર્મ પ્રસિદ્ધ કરે છે. ૫૨૩.

૨૪. હે જિનેન્દ્ર ! જેમ ભાવધર્મ આપની જ્ઞાનમય–વસ્તુતાને પ્રસિદ્ધ કરે છે તેમ અભાવધર્મ પણ અવિશેષપણે અહીં આપની જ્ઞાનમય–વસ્તુતાને જ પ્રસિદ્ધ કરે છે. એક સાથે પૂર્ણતા તેમજ શૂન્યતારૂપ એવા તે (ભાવ અને અભાવ) બંને ધર્મો જ્ઞાન–જ્યોતિમાં

સર્વે ધર્મોને બળપૂર્વક વિલિન કરે છે. ૫૨૪.

૨૫. હે દેવ ! આપના એક અંશનું સંધૂક્ષણ પામીને દારૂણ થયેલો મારો આ ભસ્મક–જ્ઞાનાગ્નિ નિરંતર વૃદ્ધિગત થઈ રહ્યો છે; તેથી હે પ્રભો ! (તેને શાંત કરવા) અનંત એવા આપ મારા ઉપર પ્રસન્ન થાઓ ને આખા વિશ્વસહિત એક સાથે આપ મારા અંતરંગમાં પ્રવેશ કરો....(–જેથી હું સર્વજ્ઞ થાઉં). ૫૨૫.

ઈતિ 'શક્તિ–મણિત ભંડાર' નામના આ સ્તુતિ–શાસ્ત્રમાં સામાન્ય–વિશેષ ભાવ–અભાવ ઈત્યાદિ સર્વે ધર્મોના જ્ઞાનવસ્તુમાં પ્રવેશરૂપ આશ્ચર્યકારી તત્ત્વનો વિસ્ફોટ કરનારો એકવીસમો અધ્યાય પૂરો થયો.

*

## વિશ્વસાહિત્યમાં અજોડ !

જૈન સાહિત્યમાં, સીમંધરસ્વામીનું (૧૨૫) સવાસો ગાથાનું એક સ્તવન સાંભળ્યું છે, સમન્તભદ્રસ્વામીએ ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિરૂપે રચેલું સ્વયંભૂસ્તોત્ર ૧૪૩ શ્લોકનું છે; ત્યારે આ તો (૬૨૫) સવાછસો શ્લોકનું 'મહા–સર્વજ્ઞસ્તવન' છે; –ખરેખર કોઈ અદ્‌ભુત રચના છે. આ રચનામાં ભાષાની પ્રૌઢતા તેમજ દરેક શ્લોકમાં રહેલું અર્થગાંભાર્ય જોઈને ભલભલા સાહિત્યકાર–વિદ્વાનો પણ એકવાર તો સ્તબ્ધ થઈ જાય છે. ભગવાનને જ સંબોધીને તેમના ગુણોની આવી મહાન સ્તુતિ તે માત્ર જૈનસાહિત્યમાં નહિ અપિતુ–વિશ્વસાહિત્યમાં કદાચ અજોડ હશે.

*

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

# [૨૨] સર્વજ્ઞગુણસ્તવન બાવીસમું : અદ્દ્ભુત તત્ત્વની પ્રસિદ્ધિ

# કેવળજ્ઞાનનો મહા-વિસ્ફોટ અને મોહનો સર્વથા નાશ

**ઉપોદ્દ્ઘાત** : આ અધ્યાયની શરૂઆતમાં કેવળજ્ઞાન પ્રત્યેના મહા પ્રમોદથી કહે છે કે—અહો પ્રભો ! આપનો અદ્દ્ભુત જ્ઞાનસ્વભાવ આનંદના પૂર વહાવી રહ્યો છે. તે સમસ્ત બાહ્યપદાર્થોને જાણવા છતાં તેમના સ્પર્શથી કે રાગથી રહિત છે. આપનું દિવ્ય જ્ઞાન પોતાના સામર્થ્ય વડે સમસ્ત પદાર્થોને જ્ઞેય બનાવે છે. આપે જ્ઞાનમુખમાં આખા વિશ્વને ઘૂંટડો બનાવ્યો છે; તે ઘૂંટડાને આપ, નથી તો જ્ઞાનની અંદર પ્રવેશ કરાવતા, કે નથી જ્ઞાનથી બહાર કાઢતા; જ્ઞાનમુખમાં અંદરને અંદર ઘુમરાવ્યા કરો છો. નયો આપને ખંડિત કરતા હોવા છતાં પ્રમાણ આપને અખંડ રાખે છે. વિશેષો વગર સામાન્યનો મહિમા ઉલ્લસતો નથી, અને સામાન્ય વગર વિશેષો હોતાં નથી; એ રીતે હે દેવ ! સામાન્ય-વિશેષ વડે આપ સરસ વસ્તુત્વને પામો છો. વસ્તુમાં ઉત્પાદ—વ્યય—ધ્રુવતા ત્રણે ભાવો એક સાથે વર્તે છે—એ આપનો જોરદાર સિદ્ધાન્ત છે. તેથી આપ ઉત્પાદ—વ્યય—ધ્રુવ ત્રણેથી એકસાથે આલિંગિત છો. આપનાથી બહાર તે ત્રણેય શૂન્ય થઈ જાય. જેમ ધ્રુવતા તે અસ્તિત્વનું તત્ત્વ છે તેમ ઉત્પાદ અને વ્યય એ બંને પણ નિશ્ચિતપણે અસ્તિત્વનું જ તત્ત્વ છે. આ રીતે અસ્તિત્વ ઉત્પાદ—વ્યય—ધ્રુવસ્વરૂપ છે. પ્રભો, ચાર—અભાવોથી ઘેરાયેલા હોવા છતાં આપ પોતે ભાવરૂપ છો. આપ પૂર્ણ છો તેમજ ખાલી પણ છો. આપનું અનેકાન્ત—તત્ત્વ નથી તો લોકવિરુદ્ધ, કે નથી દૃષ્ટિવિરુદ્ધ. આપ કાંઈ જ્ઞાન-રૂપને છોડીને વિશ્વ સાથે ભળતા નથી. પરભાવરૂપ પરિણમતો આત્મા તે શુદ્ધઆત્મા નથી. સ્વભાવપરિણતિરૂપે શોભતો આત્મા તે ખરેખર શુદ્ધઆત્મા છે.—આમ જાણીને હે આત્મા ! તું જ્ઞાનપૂંજમાં વસ.

હે પ્રભો ! જ્ઞાનરૂપ પરિણમતા આપ જ્ઞાનથી ભિન્ન બીજું શું કરો છો ? —કાંઈ જ નહીં. પ્રભો ! સમસ્ત વિશ્વને જાણતા હોવા છતાં આપ નીરાલંબી જ છો; આપ આત્માને જ અવલંબનારા છો. આપ વિશ્વને સ્પર્શતા નથી છતાં વિશ્વ આપનામાં ગૂઢપણે પ્રવેશી જાય છે. આપના જ્ઞાનસમુદ્રમાં ત્રણકાળના ભાવો એકસાથે તરે છે; આપના જ્ઞાનતરંગો સ્વરસમાં જ તન્મય છે. પ્રભો ! જગતમાં એક તો આ બાહ્યવિશ્વ છે, ને અંતરમાં એક આપનું **'જ્ઞાનવિશ્વ'** જુદું છે. વિશ્વના આકારરૂપ જ્ઞાનવિશ્વ આખું જ્ઞાનથી જ રચાયેલું છે. જ્ઞાનનું ફળ જ્ઞાનથી જુદું નથી. આપનો વીર્યસ્વભાવ દર્શન—જ્ઞાનઉપયોગને અખંડ રાખે છે. વિશ્વને

કહેનારો શબ્દબ્રહ્મ પણ જેની પાસે અસ્તને પામી જાય છે એવી મહિમાવંત જ્ઞાનજ્યોતિના ગંભીર વૈભવ વડે આપ અપાર પદાર્થસમૂહને પ્રકાશો છો. આપનો ચૈતન્યપૂંજ અચિંત્ય છે, તે એકલો જ બીજા બધાયને નિષ્તેજ કરી નાંખે છે. સમ્યગ્દષ્ટિ—સુકૃતી જીવો આવી કેવળજ્ઞાનજ્યોતિને દેદીપ્યમાન કરીને મોહને એવો વમી નાંખો કે ફરી કદી તેનું ગ્રહણ ન થાય. પ્રભો ! જ્ઞાનમગ્ન અનંતધર્મસ્વરૂપ એવા આપને આ અનેકાન્ત જ પ્રસિદ્ધ કરે છે.

*

[મંગળ શ્લોક : મંદાક્રાન્ત]

प्रत्यक्षार्चिःप्रचयखचितैकान्त निष्कम्पदीव्यद्
बाह्यस्पर्शप्रणयविमुखाक्षीण संवेदनस्य ।
मग्नां मग्नां दृशमतिशयान्मज्ञयनंतरन्तः
स्वामिनुअर्हन् वहति भवतः कोऽयमानंदवाहः ॥

૧. હે અર્હત્ સ્વામી ! આપનું જ્ઞાન પ્રત્યક્ષ જ્યોતિના પૂંજથી ભરેલું, એકાંત નિષ્કંપ, તથા પ્રતિબિંબિત થતા બાહ્યપદાર્થોના સ્પર્શથી તેમજ રાગથી રહિત અને અક્ષીણ છે;—આવા સ્વસંવેદનજ્ઞાનરૂપ આપનામાં આ આનંદનું કેવું અદ્ભુત પૂર વહી રહ્યું છે, —કે જે અંતરમાં નિમગ્ન દૃષ્ટિને અતિશયપણે અંદર ને અંદર કરી રહ્યું છે ! ૫૨૬.

૨. હે ઈશ ! અમે કંઈક કહીએ છીએ : આ જગતમાં જે ઈંધન છે તે શું દહનથી જુદું છે—કે જેથી તે દહન વડે ઈંધન વ્યાપ્ત ન હોય, ને અગ્નિ જ વ્યાપ્ત હોય ! (—અગ્નિનો દાહ જાણે ઈંધનમાં પણ વ્યાપી ગયો હોય ! —એમ લાગે છે.) તેમ જ્ઞેયરૂપ આ વિશ્વ શું આપના જ્ઞાનથી જુદું છે—કે જેથી તે જ્ઞાન વડે વિશ્વ વ્યાપ્ત ન હોય, ને માત્ર આપ જ વ્યાપ્ત હો ! (આપનું જ્ઞાન જાણે કે સમસ્ત જ્ઞેયોમાં પ્રસરી ગયું હોય—એમ લાગે છે.) ૫૨૭.

૩. જ્ઞાનરૂપી મુખ વડે પીવાઈ જવાથી જેણે જ્ઞાનનો સર્વ અવકાશ ભરી દીધો છે, તથા જે સર્વે દ્રવ્યોના સ્વરસથી ભરેલો છે એવો, આ વિશ્વ—જ્ઞેયરૂપી ઘૂંટડો, આપના જ્ઞાનરૂપી મુખમાંથી નીકળીને બીજે ક્યાં પડે ? ખરેખર આ વિશ્વરૂપી ઘૂંટડો—નથી તો આપની અંદર પ્રવેશ કરતો કે નથી બહાર નીકળતો; કિન્તુ જ્ઞાનરૂપી મુખની અંદર ને અંદર વારંવાર ઘૂમરી ખાતો અતિશય પરિવર્તન પામ્યા કરે છે. ૫૨૮.

૪. હે દેવ ! આપ નિર્વિભાગ હોવા છતાં નયોના સમૂહ વડે સર્વ તરફથી આપોઆપ ખંડિત થાઓ છો; વળી ખંડ—ખંડ કરવા છતાં પણ તે સર્વમાં વ્યાપક એવા હે વિભો ! પ્રમાણજ્ઞાન આપને સંગઠિત કરી દે છે—અખંડ કરે છે. આમ છતાં હે પ્રભો ! આપ કાંઈ ખંડિત થઈને પછી ભેગી થયેલી લક્ષ્મીવાળા નથી, પરંતુ આપની

કોઈ અનેરી શ્રી–લક્ષ્મી (શોભા) તો સ્વભાવથી જ અખંડ તેમજ ખંડ એવા બંને સ્વરૂપે પ્રકાશમાન છે. ૫૨૯.

૫. હે વિભો ! જો કે જે ભિન્ન હોય તે અભેદરૂપ નથી હોતું, અને જે અભિન્ન હોય તેના ભેદ નથી હોતા, તો પણ આપ તો સદાય ભેદ–અભેદ એવા બંનેરૂપે વર્તો છો. હે વરદ સ્વામી ! ભિન્ન ભાવો વડે સાક્ષાત અભિન્ન ભાવને ધારણ કરીને વર્તનારા એવા આપની, તે ભેદ–અભેદરૂપ દ્વિરૂપતા સિવાય (અર્થાત્ અનેકાન્ત સિવાય) બીજી કઈ ગતિ હોય ?–આપ ભેદાભેદસ્વરૂપ જ છો. ૫૩૦.

૬. શું વિશેષો વગર સામાન્યનો મહિમા ઉલ્લસે છે ? –ના; તથા વસ્તુમાં સામાન્ય વગર આ વિશેષો શું પોતાના સ્વરૂપને ધારે છે ? –ના. હે દેવ ! જે અનંત પર્યાયના વિશાળ પૂંજને ગળી ગયું છે એવા એક સામાન્ય–દ્રવ્યરૂપ, તથા સ્ફુરાયમાન દર્શન–જ્ઞાનાદિ વિશેષોથી સરસ એવા આપ વસ્તુત્વને પામો છો. ૫૩૧.

૭. જે એક છે તે અનેક થતું નથી, તથા જે અનેક છે તે એકત્વને પામતું નથી, –એ પ્રસિદ્ધ છે; પરંતુ હે દેવ ! અમે એ નથી જાણતા કે એકસાથે તે એક–અનેક બંને સ્વરૂપ આપ કેવા છો ? હા, અમે એટલું જાણીએ છીએ કે જેના સમુદાય વડે જે રચાયું હોય તેના તત્સ્વભાવરૂપે તેનું યુગપદ અનુભવન (અર્થાત્ પરિણમન) થાય છે. ૫૩૨.

૮. પદાર્થમાં એક ભાવ નષ્ટ થાય છે, બીજો ભાવ ઉત્પન્ન થાય છે અને કોઈ અન્ય ભાવ શાશ્વત ટકી રહે છે; એમ વ્યય–ઉત્પાદ–ધ્રૌવ્યરૂપ ત્રણ ભાવો હોવા છતાં તે વસ્તુમાં તેઓ એકસાથે જ વર્તે છે–આવો આપનો તીવ્ર પક્ષપાત (અર્થાત્ જોરદાર સિદ્ધાંત) છે. તેથી આપ સ્વયં પણ એક સાથે ધ્રૌવ્ય–ઉત્પાદ–વ્યય ત્રણેથી આલિંગિત છો–ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છો. જો એમ ન હોય તો આપનાથી બહાર તે ત્રણેય પણ શૂન્ય જ થઈ જશે. ૫૩૩.

૯. હે ભગવાન ! 'ભાવ'ના 'અભાવ'ને કરતા, તથા અભાવના ભાવને કરતા (–વ્યય તથા ઉત્પાદરૂપ થતા) છતાં ખરેખર આપ ભાવરૂપ (ધ્રુવરૂપ) છો; 'ભાવ'થી જુદા ઉત્પાદ–વ્યય કેવા ? જેમ અસ્ખલિત હૈયાતીરૂપે ઉલ્લસવામાત્ર (અર્થાત્ ધ્રુવતા) તે અસ્તિત્વનું તત્ત્વ છે તેમ વ્યય અને ઉત્પાદ એ બંને પણ નિશ્ચિતપણે અસ્તિત્વનું તત્ત્વ જ છે. (આ રીતે વસ્તુનું અસ્તિત્વ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે.) ૫૩૪.

૧૦. હે ભગવંત ! અખંડ મહિમાવંત કોઈ અચિંત્ય સ્વરૂપી એવા આપ એક, પ્રાક્–અભાવ વગેરે ચાર અભાવોથી ઘેરાયેલા હોવા છતાં સદા ભાવરૂપ જ શોભી રહ્યા

છો. હે સ્વામી! આપ એક હોવા છતાં ચારેકોરથી આપોઆપ પ્રાક્-અભાવ વગેરે અભાવો વડે જુદાજુદા ચાર રૂપો ધારણ કરીને શોભી રહ્યા છો.) ૫૩૫.

૧૧. હે ભગવાન! જે પૂર્ણ હોય તે નિયમથી પૂર્ણ જ હોય છે, અને જે ખાલી હોય તે ખાલી જ હોય છે; પરંતુ આશ્ચર્ય છે કે, આપ ખાલી હોવા છતાં પૂર્ણ છો, તેમજ પૂર્ણ હોવા છતાં ખાલી છો. 'પૂર્ણ તે પૂર્ણ જ હોય, અને ખાલી તે ખાલી જ હોય'—આવો જે એકાંત આ લોકમાં પ્રસિદ્ધ છે તે આપના (અનેકાન્તમય) તત્ત્વનો ઘાત કરવા માટે તત્પર છે, પરંતુ આપનું જે કોઈ અદ્દ્ભુત તત્ત્વ છે તે ખરેખર લોક-દૃષ્ટ તત્ત્વને નષ્ટ નથી કરતું (—અર્થાત્ આપનું અનેકાન્ત તત્ત્વ લોકવિરુદ્ધ કે દૃષ્ટવિરુદ્ધ નથી; તે તો પૂર્ણતા અને ખાલીપણું બંનેને એક સાથે પોતામાં ધારણ કરે છે.) ૫૩૬.

૧૨. સ્વભાવથી જ જેમની ભિન્નભિન્ન સીમા નિયત છે-એવા આ સમસ્ત પદાર્થો એકબીજા સાથે સંબંધવાળા હોવા છતાં પોતપોતાના સ્વરૂપથી અપતિતપણે સ્વયં શાશ્વત જ રહે છે, કદી અન્યરૂપ થતા નથી. હે ભગવાન! વિશ્વથી ભિન્ન એવા આપ જ્ઞાનચાંદનીરૂપ પોતાના સ્વરસના ફેલાવથી આ વિશ્વને ભીંજવી દો છો—ઉજ્જવળ કરો છો, તોપણ તેની સાથે આપની ભેળસેળ કેમ થઈ શકે? ૫૩૭.

૧૩. કર્મપ્રકૃતિના સમૂહથી જીવમાં મોહ ઉત્પન્ન થાય છે અને જીવના મોહથી કર્મરૂપ કીચડનો સંબંધ થાય છે,—આ પ્રમાણે બંને પરસ્પરના હેતુપણે જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી આત્મા 'આત્મા' નથી અર્થાત્ શુદ્ધસ્વરૂપમાં પરિણમતો નથી. પરંતુ હે પ્રભો! તે બંનેનું પરસ્પર હેતુપણું નષ્ટ થઈ જતાં સ્વભાવપરિણતિરૂપે વિલસતો—શોભતો આપનો આત્મા ખરેખર શુદ્ધ આત્મા જ છે, અન્યરૂપ નથી......

—આ જાણીને, હે આત્મન્! તું અપાર એવા આ સહજ જ્ઞાનપૂંજમાં નિમગ્ન થઈને વસ. ૫૩૮.

૧૪. અતિશય ઉલ્લસતી જ્ઞાનક્રીડા વડે સર્વ ઊછળતા એવા હે ભગવાન! આપના મોહનો અભાવ થતાં હવે ફરીથી કર્તૃત્વભાવ થતો નથી. અથવા જો વિવક્ષાવશ કર્તૃત્વ સ્વીકારવામાં આવે તો, આપ પોતે જ કેવળજ્ઞાનના પૂંજરૂપે પરિણમતા હોવાથી તેના કર્તા છો. આપ જ્ઞાનથી ભિન્ન બીજું શું કરો છો? —કંઈ જ નહીં.

—માટે નિઃશંકપણે જ્ઞાનમાં ક્રીડા કરો......તેમાં જ રમો. ૫૩૯.

૧૫. હે દેવ! ઉન્નત એવા સર્વજ્ઞપદમાં સ્થિત આપને માટે આખું વિશ્વ એક સાથે આલંબનરૂપ (જ્ઞેયરૂપ) છે; પરંતુ ખરેખર તો બાહ્ય પદાર્થોના સંસર્ગથી વિમુખ મહિમાવાળા આપ નીરાલંબી જ છો. હે ભગવાન! ઉત્તમ પદગામી એવા આપ તો

નિજાત્માને જ અવલંબનારા છો, તોપણ આપનો આ નિજાત્મા ખરેખર એવો પ્રકાશમાન છે કે જેમાં ગૂઢપણે સમસ્ત વિશ્વસ્વભાવ સમાઈ જાય છે,–જાણે અંદર પ્રવેશી ગયો હોય તેમ જણાઈ જાય છે. ૫૪૦.

૧૬. હે દેવ ! આપ એવા જ્ઞાનરત્નાકર છો કે જેમાં ત્રિસમયવર્તી ભાવો એકસાથે તરે છે, જેનાં કલ્લોલો જોરપૂર્વક ચારે તરફ વિશ્વની સીમાનું ઉલ્લંઘન કરે છે, સ્વચ્છ સ્વરસના ભારથી (ચૈતન્યરસની ભરપૂરતાથી) જે પોતાના પૂર્ણભાવને પુષ્ટ કરે છે, તથા જે ભાવ અને અભાવ વગેરે ધર્મોના પૂંજ વડે અતિશય મહિમાવંત છે. –આવા જ્ઞાનસમુદ્ર આપ છો. ૫૪૧.

૧૭. હે દેવ ! અહીં–તહીં સર્વત્ર સર્વ જ્ઞેયોમાં સંચાર કરનારા આપના આ જ્ઞાનતરંગો, પોતાના શુદ્ધ જ્ઞાનમય સ્વરસની સાથે તન્મયતાને છોડવા સમર્થ નથી; તે જ્ઞાનતરંગો એવા જ્ઞાન–સામાન્યને જ ધારણ કરે છે કે જે જ્ઞેયરૂપ વિશ્વની છાયા પડવાથી અતિશય વિકસિત છે અને વ્યક્તતાની ગંભીરતા વડે પ્રૌઢતાને પામેલું છે (અર્થાત્ પૂર્ણ સામર્થ્યની પ્રગટતાથી જે ગૂઢ–ગંભીર છે–ભરેલું છે). ૫૪૨.

૧૮. હે પ્રભો ! જગતમાં આ બાહ્ય વિશ્વ જુદું છે અને અંતરમાં આપનું 'જ્ઞાનવિશ્વ' જુદું છે; તેમાં જે જ્ઞાનરૂપી વિશ્વ છે તે ખરેખર જ્ઞાનરૂપે જ અવભાસે છે. જેમ મીણનો બનેલો સિંહઆકાર શું મીણથી જુદો છે ?–ના; તેમ આપના જ્ઞાનમાં પરિણમેલો–રચાયેલો વિશ્વઆકાર શું આપના જ્ઞાનમહિમાથી જુદો છે ? –ના. ૫૪૩.

૧૯. પ્રમેયોને જાણીને પછી શું તે જાણવાનું ફળ જાણનારથી જુદું હોય છે ? (–ના.) વિશ્વને જાણવામાં નિત્ય–ઉપયુક્ત એવા આપ પોતે કાંઈ તે વિશ્વરૂપ–પ્રમેયરૂપ નથી. હે ભગવાન ! આપનો આ સ્વવીર્ય–વ્યાપાર (સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ આત્મશક્તિનો પ્રભાવ) સંપૂર્ણ જ્ઞાનદર્શનનું સ્ખલન થવા દેતો નથી; તેથી આપ દર્શન–જ્ઞાનમાં સદાય ઉપયુક્ત છો. ૫૪૪.

૨૦. હે દેવ ! ભિન્નભિન્ન રૂપોમાં સ્થિત આ વિશ્વને અત્યંત સ્પષ્ટપણે જોરથી કહેનાર શબ્દબ્રહ્મ–દિવ્યધ્વનિ પોતે પણ જે જ્યોતિના મહિમા પાસે એકદમ અસ્તને પામી જાય છે, તથા ત્રિસમયપણે વર્તતા આપના વૈભવની અતિશયતાથી જે ગંભીર છે–એવી આપની જ્ઞાનજ્યોતિ વડે પ્રકાશિત તે પદાર્થસમૂહ અનંત-અપાર હોવા છતાં નિરંતર પ્રગટપણે પ્રકાશમાન છે. ૫૪૫.

૨૧. હે દેવ ! આપના દર્શનનો આ કોઈ અદ્ભુત–આશ્ચર્યકારી વિકાસ ઉત્કૃષ્ટપણે સ્ફુરાયમાન છે કે જેણે ઊભરાતા સમસ્ત ચૈતન્યરસને (અથવા ઉદ્યોતમાન સમસ્ત વિશ્વના

સ્વરૂપને) નિરંતર ગાઢપણે પોતાના ઉદરમાં સમાવીને પ્રૌઢતા–પૂર્ણતા પ્રાપ્ત કરી છે; જે સર્વ પ્રકારે સર્વ ભાવોને તડાક કરતાં પહોંચી વળે છે–દેખી લ્યે છે, જે નિરંતર ટમકાર રહિત છે, –સદા અખંડ ઉપયોગરૂપ છે, અને ત્રિસમયરૂપ જગતને જે કોળિયો કરી ગયો છે. –આપનો આવો અચિંત્ય દર્શનવિકાસ અત્યંત શોભી રહ્યો છે. ૫૪૬.

૨૨. હે પ્રભો ! આપનો આ કોઈ એક–અદ્વિતીય ઉત્કૃષ્ટ ચૈતન્યપૂંજ એવો વિલસી રહ્યો છે કે જેનો નિર્બાધ મહિમા સર્વત્ર ફેલાયેલો છે, સ્વપ્રકાશવડે જે શોભી રહ્યો છે, અતિશય ઊછળતા સ્વરસના ફેલાવમાં જેણે સર્વે પદાર્થોને દ્રવીભૂત કર્યા છે (–ઓગાળી દીધા છે, જ્ઞાનમાં જ્ઞેયપણે ડુબાડી દીધા છે), અને આખા વિશ્વને અવલંબીને ઊછળતી અનંત જ્ઞાનવ્યક્તિઓવડે જેની અંતરલક્ષ્મી વૃદ્ધિગત છે.–આપનો આવો અચિંત્ય ચૈતન્યપૂંજ શોભી રહ્યો છે. ૫૪૭.

૨૩. હે સ્વામી ! આ અનંત ચૈતન્યપંક્તિને પદે પદે નિર્વિભાગપણે પ્રકાશમય કરવા માટે આપ એકાકાર સ્વરસના ભારથી સુસજ્જ છો, તથા સમસ્ત વિશ્વમાં ફેલાયેલા જોરદાર સંપર્ક વડે સર્વત્ર પ્રકાશમાન છો;—આવા સ્પષ્ટ સ્ફુરાયમાન આપ એકલા હોવા છતાં બીજા બધાને અત્યંત સાફ કરી નાંખો છો.....નિષ્તેજ કરી નાંખો છો. ૫૪૮.

૨૪. સુકૃતિ–સમ્યગ્દૃષ્ટિ જીવ, વારંવાર પીધેલા આ મોહનું અત્યંતપણે વમન ત્યાંસુધી સદાય કર્યા કરો કે જ્યાં સુધી, ફરીને કદી ન છૂટે એવી વચન અગોચર કેવળજ્ઞાનજ્યોતિ અંતરમાં પ્રકાશમાન થાય.

હે દેવ ! તે કેવળજ્ઞાનજ્યોતિ દેદીપ્યમાન થતાં આ જીવના સમસ્ત મોહનું એકસાથે એવું વમન થઈ જાય છે કે ફરીને તેનું ગ્રહણ થતું નથી; તે વમાયેલો જ રહે છે. ૫૪૯

૨૫. હે દેવ ! ખરેખર આ અનેકાંત જ આપને એક–અનેકરૂપ, ગુણવાન તેમજ અગુણરૂપ, શૂન્ય તેમજ અત્યંતપૂર્ણરૂપ, નિત્ય–અનિત્યરૂપ, વ્યાપકરૂપ–અવ્યાપકરૂપ, વિશ્વરૂપ–એકરૂપ, ચૈતન્યની અત્યંત વિશાળતામાં સમસ્ત જગતને કોળિયો કરી ગયેલા તેમજ જ્ઞાનતરંગોમાં જ નિમગ્ન–એવા સ્વરૂપે પ્રસિદ્ધ કરે છે, અર્થાત્ આપના આવા સ્વરૂપની અનુભૂતિ અનેકાંત વડે જ થાય છે. ૫૫૦.

[ઇતિ, 'લઘુતત્ત્વસ્ફોટ' અથવા 'શક્તિ–મણિતકોશ' એટલે કે 'ચૈતન્યશક્તિથી મંડિત આત્મખજાનો' જેમાં ભરેલો છે એવા, 'સર્વજ્ઞગુણસ્તવન'રૂપ આ શાસ્ત્રમાં, અનેકાંતવડે અદ્ભુત જ્ઞાનમહિમાને પ્રસિદ્ધ કરનાર તથા મોહનો વિધ્વંશ કરનાર બાવીશમું પ્રકરણ પૂરું થયું.]

*

લઘુતત્ત્વસ્ફોટ  શક્તિમણિતકોશ.

## [૨૩] નિર્વિકલ્પ જ્ઞાનસ્તવન

# કેવળજ્ઞાનનું સ્તવન કરતાં–કરતાં હું તેમાં પ્રવેશી જાઉં છું

## (ભૂતાર્થ તત્ત્વની ભાવનાવડે અદ્દભુત વૈભવનો વિસ્ફોટ)

**ઉપોદ્દઘાત :** આ અધ્યાયમાં, ફરીફરીને કેવળજ્ઞાનનો મહિમા કરતાં સ્તુતિકાર મુનિરાજ કહે છે કે—અહો ! ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનજ્યોતિ જયવંત છે. પ્રભો ! આપ વિશ્વવ્યાપી ચૈતન્યજ્યોતિરૂપ, ને હું મંદબુદ્ધિ,–તે આ થોડાક પદોની રચનાના વાક્‌વિલાસથી તો આપની કેટલીક સ્તુતિ કરી શકું ? હવે તેનાથી બસ થાઓ....હું તો ગુપચૂપપણે આપનામાં પ્રવેશી જાઉં છું. આપનું આ આનંદકારી જ્ઞાનઐશ્વર્ય મારા માનને આશ્ચર્યથી ડોલાવી રહ્યું છે. આપની જ્ઞાનજ્યોત ઈંધન વગર જ ઝળકી રહી છે. આપનાં જ્ઞાનચક્ષુ વિશ્વબાગમાંથી સ્વરસ–કુસુમોને ચૂંટી લ્યે છે; તે પરને કોઈને અંતરંગ તત્ત્વરૂપે ગ્રહતા નથી. આપનો ચૈતન્ય મહારસ સમસ્ત વિશ્વને તરબોળ કરે છે. આપના ચૈતન્યવિલાસના પ્રભાવથી સમસ્ત ઉપદ્રવો શાંત થયા છે ને કષાયો પ્રલયને પામ્યા છે. જીવોના અંતરમાં આપનો ઉદય થતાં જ માયાગ્રંથી તડાક તૂટી પડે છે ને અંતર્ચેતના ખીલી જાય છે. સમસ્ત વિશ્વ આપના જ્ઞાનમાં પ્રવેશતું હોવા છતાં આપ પરિગ્રહથી વિમુખ છો. જ્ઞેયોનો સમૂહ જ્ઞાનમાં વિકૃતિ કરતો નથી. આપનું ઉત્કૃષ્ટ જ્ઞાન જ્ઞાતા જ રહે છે; તે પોતાને જ કરે–ભોગવે છે, પરને કરતું–ભોગવતું નથી. ચૈતન્યવિભૂતિ વગર જડપદાર્થની પ્રસિદ્ધિ થતી નથી. સુખના પર્વત એવા આપ એકલા જ સમગ્ર વિશ્વના ભારને (જ્ઞેયપણે) ધારણ કરવા સમર્થ છો. જગતમાં આપના જ્ઞાનનો જોટો નથી. આકાશમણિ (સૂર્ય)નો પ્રકાશ આપના જ્ઞાનપ્રકાશના એક તણખા–તોલે પણ આવતો નથી; ચૈતન્યના કોઈ અંશને જડની ઉપમા વડે માપી શકાય નહીં. જ્ઞાનચક્રની ક્રમપરિણતિવડે આપ નિયતિમાં ઉપવેશિત છો; ઉત્પાદ–વ્યયરૂપ હોવા છતાં ધ્રુવરૂપ આપ ચૈતન્યની એકતાને છોડતા નથી. આપ ક્રમવર્તી હોવા છતાં પદાર્થોને અક્રમે જાણો છો. સુખ વગેરે અનંત નિજ પર્યાયો સહિત આપનો જ્ઞાનસુધારસ ઉલ્લસી રહ્યો છે. આપનું જ્ઞાન પરમાં તન્મય નથી, સ્વરૂપમાં જ પરાયણ છે, તેથી તેમાં અતિવ્યાપ્તિ નથી; વળી જ્ઞાન સર્વજ્ઞેયોમાં વ્યાપીને તેને જાણી લ્યે છે તે અપેક્ષાએ અવ્યાપ્તિ પણ નથી. જ્ઞાનના ઉત્પાદ્ વ્યય જ્ઞેયપદાર્થોને લઈને થતા નથી. જ્ઞેયોની અનંતતા વડે પણ જ્ઞાનના માહાત્મ્યની અનંતતા ખંડિત થતી નથી. જ્ઞાનરસના વિસ્તારથી આપ એકસાથે

સર્વે જ્ઞેયોની સાથે જાણે હોળી ખેલો છો, છતાં આપ નથી બીજાને ભીંજવતા, કે નથી બીજાવડે ભીંજાતા.

અંતમાં કેવળજ્ઞાનની ભાવના ભાવતાં સ્તુતિકાર કહે છે કે હે દેવ ! સમ્યક્ જ્ઞાન-ક્રિયા વડે ભૂતાર્થતત્ત્વની અતિશય ભાવનારૂપે પરિણમતા એવા મને પણ આપના જેવી અદ્‌ભુત કેવળજ્ઞાનલક્ષ્મી સ્ફુરાયમાન હો.

(મંગલ શ્લોક : હરિણી છંદ)

जयति परमं ज्योतिर्जैत्रं कषायमहाग्रह–
ग्रहविरहिताकम्पोद्योतं दिवानिशमुल्लसत् ।
ज्वलति परितो यस्मिन् भावा वहंति तदात्मतां
हुतवहहठाखंडग्रासीकृतेन्धनवत् समम् ॥

૧. જે પરમ જ્યોતિ મોહને જીતવાથી વિજેતા છે, કષાયરૂપી મહાગ્રહની પકડથી રહિત હોવાથી જેનો ઉદ્યોત અકંપ છે, જે દિવસ-રાત નિરંતર ઝળક્યા કરે છે—એવી કેવળજ્ઞાનરૂપ ઉત્કૃષ્ટ જ્યોતિ જયવંત છે. જેમ અગ્નિ બળપૂર્વક સમસ્ત ઈંધનને ગ્રાસીભૂત કરી જાય છે તેમ સર્વ તરફ જાજ્વલ્યમાન કેવળજ્ઞાનજ્યોતિ સર્વપદાર્થોને બળપૂર્વક એકસાથે પોતામાં સમાવી દે છે-જ્ઞેયરૂપ કરે છે. ૫૫૧.

૨. હે ભગવાન ! આપ વિશ્વવ્યાપી ચૈતન્ય-ઉદય સહિત છો, અને હું ખંડખંડરૂપ વધતા-ઘટતા પ્રજ્ઞાના ઉન્મેષોવાળો મંદબુદ્ધિ છું; તેથી આપના સંબંધમાં નિષ્ફળ વચનક્રીડા (વાક્‌વિલાસ)ના વિકારની વિડંબના સમાન આ થોડાક પદોની રચનાથી હવે બસ થાઓ. હે ઈશ ! હું તો ઝડપથી ગુપચૂપ આપનામાં પ્રવેશી જોઉં છું. ૫૫૨.

૩. ચૈતન્યચમત્કાર દ્વારા કરવામાં આવેલા અતિશય આનંદવડે જે મનને આશ્ચર્યથી ડોલાવી રહ્યું છે-એવું આપનું આ સહજ જ્ઞાનઐશ્વર્ય નિરંતર ઉદયમાન છે;-તે કેવું આશ્ચર્યકારી છે !-કે જે સહજપણે વિલસતા વીર્યવડે રચાયેલી અત્યંત ગંભીર દૃષ્ટિવડે સમસ્ત વિશ્વને રમતમાત્રમાં અવહેલનાપૂર્વક (ઉપેક્ષાપૂર્વક) તોળી લ્યે છે-માપી લ્યે છે. ૫૫૩.

૪. હે ભગવાન ! ત્રિસમયરૂપ સદ્‌ભાવથી વ્યાપ્ત આ સમસ્ત જગતને અતિશય લલિત જ્ઞાનરશ્મિઓ વડે એકસાથે પ્રકાશનારા આપ, એકાંતપણે—બીજા કોઈ ઈંધનની સહાય વગર એકલા, જગતરૂપી ઉપધિના નિમિત્તે ચૈતન્યની એકતાને અનેક-વિચિત્રરૂપે વિસ્તારતા થકા જાજ્વલ્યમાન છો. ૫૫૪.

૫. હે ઈશ ! સર્વત્ર સમભાવરૂપે પડનારી,-એકસાથે બધે પહોંચી વળનારી અતિશય

ઉજ્જ્વળ વિલાસથી શોભતી દૃષ્ટિવડે આખા વિશ્વ–બગીચામાંથી સમસ્ત સ્વરસકુસુમને (ચૈતન્યરસથી ભરેલા પુષ્પોને) ચૂંટનારા આપના જ્ઞાનચક્ષુ, પરમાંથી કોઈને પણ અંતરંગ–તત્ત્વરૂપે ગ્રહણ કરતા નથી, પરંતુ વિશ્વથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એવા તે જ્ઞાનચક્ષુની દૃષ્ટિ સર્વ તરફ વિકસી જાય છે. ૫૫૫.

૬. હે ભગવાન ! અનેકવિધ આકારોથી યુક્ત આ સમસ્ત જગતને અતિશયપણે નવડાવનારો (જ્ઞાનરસમાં ડુબાડી દેનારો) આપનો આ અદ્વિતીય ચૈતન્ય–મહારસ સ્ફુરાયમાન છે; તે જ્ઞાનરસ જોકે અનેક આકારોરૂપ પરિણતિને પામેલો છે તોપણ, અવાંતર–ભાવનારૂપ ભેદકલ્પનાને રોક્તો થકો, સહજ સ્વભાવની વ્યાપ્તિવડે સર્વ તરફથી એકાકારરૂપ શોભી રહ્યો છે. ૫૫૬.

૭. હે દેવ ! જેમાં સમસ્ત ઉપદ્રવો શાંત થઈ ગયા છે, જે સ્વભાવ–વિલાસી છે અને જેણે આત્મવિશુદ્ધિનો પૂંજ એકઠો કર્યો છે–એવા ચૈતન્યની અચળ કળાના પૂંજસહિત સ્પષ્ટ અનુભવરૂપ ઉદયમાન છો; આપના અતિશય પ્રભાવના ફેલાવથી આ અનેક પ્રકારનો કષાયપરિગ્રહ પ્રલયને પામ્યો છે. ૫૫૭.

૮. મોહના આધારરૂપ અજ્ઞાન–અંધકારને નષ્ટ કરીને, અત્યંત પ્રબળપણે ચારેકોર અસ્ખલિતરૂપે ફેલાતા આ સમ્યગ્જ્ઞાનના વિસ્તારને વિસ્તારતા થકા, આપ જ્યારે ઉદય પામો છો ત્યારે, જીવોની અંતર્ચેતનાને ઢાંકનારી આ ગાઢ કપટગ્રંથિ નિરાશ્રય થઈને ટસ કરતી ઝટ છૂટી જાય છે. ૫૫૮.

હે પ્રભો ! પરિગ્રહથી અત્યંત વિમુક્ત એવા આપનામાં જ્ઞેયપણે પ્રતિભાસતો આ જ્ઞેયરૂપ વિષયોનો સમૂહ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી, પરંતુ ઊલટું તે તો આપના ચિન્મય સ્વભાવનો પ્રગટ આશ્રય લઈને જાણે કે સ્વરસથી વિકસતા શુદ્ધ–અકંપ ઉપયોગમાં તરબોળ થઈ જાય છે,–જ્ઞેયપણે અંદર સમાઈ જાય છે. ૫૫૯.

૧૦. હે પ્રભો ! અત્યંત ઘોર મોહગ્રંથિને જોરપૂર્વક નષ્ટ કરીને, આપનું આ ઉત્કૃષ્ટ જ્ઞાન જ્ઞાતા જ રહે છે, કર્તા થતું નથી તેમજ ભોક્તા પણ થતું નથી. આ જગતમાં તે જ્ઞાન જેને કરે છે તથા જેને ભોગવે છે તે સદાય તે જ છે અર્થાત્ જ્ઞાનમય જ છે, જ્ઞાનથી ભિન્ન નથી; કેમકે નિશ્ચયથી પરિણતિ તે જ કાર્ય છે, અને તેનો જે અનુભવ છે તે જ સ્વયં ભોગવટો છે–એ સ્પષ્ટ છે. ૫૬૦.

૧૧. હે ભગવાન ! ત્રિસમય વડે શોભતા સમસ્ત વિશ્વ સાથે ક્રીડાથી થતા અદ્વિતીય સુખના પર્વતનો સમગ્ર ભાર ધારણ કરવા આપ એકલા જ સમર્થ છો. 'આ વસ્તુ આવા સ્વરૂપે છે'—એમ પ્રતિપદે દર્શનને સ્પર્શનારા આપની જે સહજ અનુભવક્રીડા

છે તે જ્ઞાનદર્શનસ્વરૂપથી જુદી નથી. ૫૬૧.

૧૨. હે દેવ ! બાહ્યપદાર્થોનો જે આ મોટો સમૂહ ચારેકોર સ્ફુરાયમાન છે તે, ખરેખર તો આપના જ્ઞાનની જ સ્વરસથી સરસ (ચૈતન્યરસથી ભરપૂર) વિભૂતિઓ છે; કેમકે ચૈતન્યસંસ્કાર વગર જડ પદાર્થ પ્રસિદ્ધ થતો નથી. (જડના અસ્તિત્વને પણ ચૈતન્ય જ પ્રસિદ્ધ કરે છે.) તેથી નિરાકૂળ અને પરના કલંક રહિત (બોજા રહિત) એવા આપ લોકાલોકને યુગપત જાણો. ૫૬૨.

૧૩. હે દેવ ! ખંડિત પદાર્થના પણ પુનઃ ખંડ કરનારા, છેદિતને પણ છેદનારા, અને વિભિન્નમાં પણ વિભેદ કરનારા એવા આપ, અતંદ્રિતપણે (આળસ વગર, જાગૃતપણે) અતિશય તીક્ષ્ણ અને અબાધિત પરાક્રમરૂપ શક્તિના ઉલ્લાસવડે છિન્નભિન્ન (પૃથ્થક્કરણ) કરીને સમસ્ત પદાર્થોને જાણો.–કેવા છે તે પદાર્થો ? અનંત અમર્યાદિત પર્યાયોના સમૂહ વડે શોભાયમાન, તથા અનંત ભેદોમાં વિભક્ત છે. ૫૬૩.

૧૪. હે પ્રભો ! એવું અનંતજ્ઞાન આપને જ શોભી રહ્યું છે–કે જેનાવડે સર્વ તરફથી જોરપૂર્વક ચૈતન્યઅગ્નિના એક અંગારા સમાન કરવામાં આવેલા ત્રણલોક અત્યંત સૂક્ષ્મપણે જ્ઞાત થતા હોવાથી આપને માટે એક નાનકડા તણખા સમાન છે, જે વિશેષ ગૌરવયુક્ત અતિશય વિસ્તારને પામેલું છે તથા જગતનો જે અતિશય છે—જગતમાં જેનો જોટો નથી. ૫૬૪.

૧૫. એકેક દિશામાં પ્રકાશનાં કિરણો ફેલાવનારો આ આકાશમણિ (સૂર્ય) આપના અનંત–જ્ઞાનાગ્નિના એક તણખાની તોલે પણ આવતો નથી, કેમકે સ્વયં પ્રકાશના પ્રધાન–નિમિત્તપણાને પામેલી એવી અજડ–ચૈતન્યની એક કણિકામાત્ર પણ કદી જડની ઉપમાવડે માપી શકાતી નથી. ૫૬૫.

૧૬. હે દેવ ! ષટ્સ્થાનમાં રહેલા સહજ અગુરુલઘુગુણોવડે જ્ઞાનચક્રમાં ક્રમપરિણતિને પામતા થકા નિયતિમાં ઉપવેશિત, તથા પ્રત્યેક ક્ષણે ઉત્પત્તિ–વિનાશને પામતા હોવા છતાં અક્ષર-ધ્રુવરૂપ,—એવા આપ ટંકોત્કીર્ણ ચૈતન્યની એકતાને કદાપિ જરાય છોડતા નથી. ૫૬૬.

૧૭. કોઈપણ પદાર્થ ક્રમે પરિણમતા ભાવોવડે એકસાથ અવગાહિત થતો નથી; પરંતુ હે વિભો ! આપ તો તે ક્રમવર્તી ભાવોવડે એકસાથે અતિશયપણે છવાયેલા છો; આ અને તે બંને વાત ભૂતાર્થ–સત્ છે, એકબીજાથી વિરુદ્ધ નથી, કેમકે આપ સદા અક્રમપણે પદાર્થોના ક્રમને જાણો છો. ૫૬૭.

૧૮. જે (જ્ઞાનરસ) સ્વયં પરપદાર્થથી પરોપકૃત–આકારને પામીને પરિણમતો હોવા

છતાં પરથી રહિત છે, તથા પર પદાર્થના સમસ્ત આકારોથી સુનિર્ભર છે, રાગાદિ રહિત શુદ્ધ છે અને સ્વભાવથી ભરેલા વેગપૂર્ણ વ્યાપારવડે પોતાના આત્મામાં એકસાથે સ્ફુરાયમાન છે—એવો, આપનો આ જ્ઞાનરસ અત્યંત વિકસીત થઈ રહ્યો છે. ૫૬૮.

૧૯. જ્ઞાનસુધારસની ધારાવાહી વૃષ્ટિવડે સર્વ તરફથી શોભી રહેલા આપ, તેના અતિશય ભારથી કાંઈ એકલા જ્ઞાન સાથે જ એકત્વને નથી પામતા, પરંતુ એક દ્રવ્યને આશ્રિત રહેલા સુખ વગેરે બીજા અનંત નિજપર્યાયો સાથે પણ યુગપત ઉલ્લાસને પામો છો. ૫૬૯.

૨૦. હે પ્રભો ! જ્ઞાનના વિકાસવડે સતત ઉલ્લસતા આપને અતિવ્યાપ્તિ તથા અવ્યાપ્તિ એ બંને દોષો સંભવતા નથી; કેમકે આપનું જ્ઞાન બાહ્યપદાર્થોમાં ફેલાતું હોવા છતાં (–અર્થાત્ બાહ્યપદાર્થોને જ્ઞાનવડે જાણતા હોવા છતાં) આપ તો શુદ્ધ સ્વરૂપમાં જ પરાયણ છો (તેથી અતિવ્યાપ્તિ–દોષ નથી); તેમજ શુદ્ધ સ્વરૂપમાં જ તત્પર હોવા છતાં જ્ઞાનવડે આપ સમસ્ત બાહ્યપદાર્થોમાં ફેલાઓ છો અર્થાત્ તેમને જાણો છો. (તેથી અવ્યાપ્તિ–દોષ પણ નથી). ૫૭૦.

૨૧. હે ભગવાન ! જો કે આપ એકસાથ અતિશયપણે અંતરમાં અને બહારમાં વ્યાપીને શોભી રહ્યા છો, તોપણ અંતરમાં ને બાહ્યમાં એક જ રૂપે નથી પ્રતિભાસતા, કેમકે બહારમાં સર્વ તરફ ઉત્પાદ–વ્યય પ્રવર્તતા હોવા છતાં આપના અંતરમાં ત્રણકાળમાં થનારી પર પદાર્થોની આકૃતિઓ ટંકોત્કીર્ણ છે. ૫૭૧.

૨૨. જેનો જ્ઞાનપ્રકાશ ત્રિસમયરૂપ જગતના સમસ્ત આકારોથી વ્યાપ્ત છે—એવો એકરૂપ આત્મા સર્વપ્રકારે સ્ફુરાયમાન છે તોપણ આ પુનરુક્તિ પુરુષના અનંતપણાને કહે છે. પરંતુ હે પ્રભો ! આપની જેમ તે બીજા દરેક આત્માઓ, જ્ઞાનના વિષયરૂપ થયેલા અન્ય પદાર્થોવડે ઉત્પાદ–વ્યય બંનેને નહિ કરતા થકા, એકરૂપે સ્ફુરાયમાન છે. ૫૭૨.

૨૩. હે દેવ ! નિરાવરણ એવા આપના અતિશયપુષ્ટ તે દર્શનજ્ઞાનનો દિવ્ય વિકાસ અત્યંત નિશ્ચલ મહાન ઉદયસહિત સ્ફુરાયમાન છે;—પહેલેથી જ અતિશયપણે અનંતતાને પામીને આપના તે દર્શન–જ્ઞાન એવા વિસ્તૃત થયા છે કે જેથી ઘણા અન્ય પદાર્થોવડે પણ તેનું માહાત્મ્ય ખંડિત થતું નથી. (જ્ઞાન–દર્શનની અનંતતા એટલી બધી મહાન છે કે જ્ઞેયપદાર્થોની અનંતતા પણ તેને તોડી શકતી નથી.) ૫૭૩.

૨૪. પ્રભો ! આપ એક હોવા છતાં પણ સ્વરસના સમૂહથી એકસાથે સમસ્ત પદાર્થોના સમૂહની સાથે જોરપૂર્વક જાણે કે ફાગ (હોળી) ખેલતા હો–એવા પ્રતિભાસો

છો; અને છતાં પણ આપ બીજા પદાર્થોને ભીંજવતા નથી, તેમજ બીજા પદાર્થોવડે આપ પોતે ભીંજાતા નથી; માત્ર, પદાર્થોના જ્ઞેયાકારો જેમાં મિલિત છે એવા એક શુદ્ધોપયોગરૂપ મહારસવડે જ સ્ફુરાયમાન છો. ૫૭૪.

૨૫. સમ્યક્જ્ઞાન અને સમ્યક્ક્રિયા એ બંનેવડે ભૂતાર્થતત્ત્વની અતિશય ભાવનારૂપે પરિણમતા એવા મને, નિરંતર આપની આ અદ્‌ભુત લક્ષ્મી સદાય સ્ફુરાયમાન હો.—કેવી છે આપની અદ્‌ભુત લક્ષ્મી ?—જે આશ્ચર્યકારી છે, અને પરમ સહજ અવસ્થામાં લીન એવા શુદ્ધ ઉપયોગરસથી તરબોળ હોવાથી જેમાં અતિશય આનંદ ભરેલો છે.—આવી અનંત ચતુષ્ટયરૂપ અદ્‌ભુત વિભૂતિઓ ભૂતાર્થ તત્ત્વની અતિશય ભાવનાવડે મને પ્રગટરૂપ હો. ૫૭૫.

ઈતિશ્રી અમૃતચંદ્રસૂરિ–રચિત લઘુ–તત્ત્વસ્ફોટ, શક્તિમણિત–કોષ તથા સર્વજ્ઞ ગુણસ્તવન એવા ત્રિનામધારક આ સ્તુતિશાસ્ત્રના ગુજરાતી અનુવાદમાં, ભૂતાર્થતત્ત્વની ભાવનારૂપ આ ત્રેવીસમું પ્રકરણ પૂરું થયું.

*

## નાનું પણ સિંહનું બચ્ચું

આ લઘુતત્ત્વ સ્ફોટનો અનુવાદ લખતાં-લખતાં એકવાર મધરાતના મંથનમાં પૂ. અમૃતચંદ્રસૂરિ સાથે થયેલી ચર્ચા–વાતચીત

'હે દેવ !' આપે આ સ્તુતિમાં સર્વજ્ઞ-તત્ત્વના આવા મહાન ગુણોનું વિસ્ફોટન કર્યું-છતાં આપ આને હજી 'લઘુ'તત્ત્વ વિસ્ફોટ કહો છો તો પછી તત્ત્વનો 'મહા' વિસ્ફોટ કેવો હશે ? આપનો લઘુ-તત્ત્વસ્ફોટ પણ આટલો જોરદાર છે તો મહા-તત્ત્વ તો કેવો હશે ?'

અહા, મહા-વિસ્ફોટ તો સ્વાનુભૂતિ વખતે શુદ્ધોપયોગના ઉગ્ર પ્રહાર વડે જ થાય છે. મહાવિસ્ફોટ કરવાની તાકાત વચનોમાં નથી, શુદ્ધોપયોગમાં જ તે તાકાત છે....કે જે વિસ્ફોટમાં કેવળજ્ઞાન ઝળકે છે, ને સર્વે ઘાતી કર્મોનો વિધ્વંસ થઈ જાય છે.

આ તત્ત્વસ્ફોટ ભલે લઘુ છે.—નાનું પણ સિંહનું બચ્ચું તેમ ભલે લઘુ-નાનો પણ 'સર્વજ્ઞ તત્ત્વનો સ્ફોટ'....સર્વજ્ઞના ગુણનું સ્તવન; તે સર્વજ્ઞની શક્તિમણિઓથી જડેલો ભંડાર છે.

'અહો અદ્‌ભુત છે'

*

લઘુતત્ત્વસ્ફોટ



શક્તિમણિતકોશ.

## [૨૪] સ્તવન ચોવીસમું

# જિનગુણ ગાતાં–ગાતાં નિજગુણમાં નિમગ્ન થયેલો હું હવે તેમાંથી બહાર નીકળવાનો નથી

*

**ઉપોદ્‌ઘાત** : આ અધ્યાયમાં કહે છે કે—અહો! અનંત ધર્મોની દિવ્ય વિભૂતિથી વિભૂષિત એવા ચૈતન્યદ્રવ્યરૂપ આ જિનેન્દ્ર ભગવાનમાં અમે હમણાં જ નિમગ્ન થઈએ છીએ. હે દેવ! આપ અજોડ છો. આપનું પરાક્રમ ક્રમથી પાર છે; આપના સુંદર રૂપને ધન્યપુરુષ જ પીએ છે; ભાગ્યહીન જીવો તેને નથી પીતા. આપના આશ્ચર્યકારી રૂપને પીને કોણ ચકચૂર ન થાય! આત્મબળ વડે આપે આનંદમય જ્ઞાનસમુદ્રનું મંથન કર્યું, તેના સુંદર તરંગો મોહને નષ્ટ કરતા થકા આજે પણ ત્રણલોકમાં ઘૂમી રહ્યા છે. આપનામાં રહેલ અનંત ધર્મના વૈભવનો વિશિષ્ટ સ્વાદ આપના દેવત્વને પ્રસિદ્ધ કરે છે. આપના અનેકાંત–મહિમામાં વિરુદ્ધ ધર્મો પણ પરસ્પર એકરૂપતાના સ્નેહથી એકબીજામાં લીન થઈ જાય છે; તે મહિમા ઉત્પાદ–વ્યય–ધ્રુવતાથી વિકસીત છે. આપનું ચૈતન્યતેજ અમારા માટે જયવંત વર્તે છે,—અમે તેની શ્રદ્ધા કરીએ છીએ. આપનું દર્શન પરમ આનંદ–આશ્ચર્ય પમાડે છે. આપ ભાવ–અભાવરૂપ છો. 'અભાવધર્મ' આપનો અભાવ નથી કરતો, તે પણ આપના ભાવને જ પ્રસિદ્ધ કરે છે. અતિશય પ્રભાવવાળા આપના જ્ઞાનશરીરની અંદર ત્રણલોક સમાઈ જાય છે. આપની ચૈતન્યવેલી પાસે ત્રણ લોક એક પાંદડાં તૂલ્ય ભાસે છે. આપનો જ્ઞાનચૈતન્યપ્રકાશ એવો વિસ્મયકારી છે કે પોતાથી બહાર નીકળ્યા વગર તે સમસ્ત વિશ્વને પ્રકાશે છે. ઉપયોગના સર્વસ્વ સમર્પણ દ્વારા આપની સ્વશક્તિ અનંત કિરણોથી સ્ફૂરાયમાન થઈ છે. આપ પ્રદેશોથી મર્યાદિત છો પણ આપની જ્ઞાનશક્તિ અમર્યાદિત છે. આપની ચૈતન્ય-ચંદ્રિકાના સાગરમાં ડૂબેલું વિશ્વ જાણે બહાર નીકળ્યું હોય–એવું દેખાય છે, છતાં તે આપના ચૈતન્યસાગરમાં જ સદા મગ્ન છે. આપનું કેવળજ્ઞાનચક્ર આપનામાં જ નિયત હોવા છતાં સર્વત્ર ફેલાઈ રહ્યું છે. વિશ્વગૂફામાં વહેતું આપનું ચૈતન્યપૂર જ્ઞાનકલ્લોલો વડે આત્મામાં જ ઘૂમી રહ્યું છે. આપ નિષ્કંપ–ધ્રુવ હોવા છતાં ઉત્પાદ–વ્યયરૂપે ચંચળચિત્તવાળા (–પરિણમનશીલ) છો. પ્રગટ આનંદથી છલકાતા આત્મરસમાં આપ તરબોળ છો. નિસ્પૃહ હોવા છતાં આપે ઉપયોગમાં ત્રણભુવનને ગ્રસ્ત

કર્યા છે. પ્રભો ! આપના દષ્ટિચક્રમાં ક્રીડા કરતાં અમારી વિભાવ પંક્તિઓ નિષ્પ્રાણ થઈ જાય છે. આપની જ્ઞાન ચેષ્ટાઓ અદ્દ્ભુત રસવડે વિશ્વમાં વ્યાપ્ત થાય છે. આપનો આત્મ-બગીચો અત્યંત ખીલી ઊઠ્યો છે—એની શોભાનું શું વર્ણન કરીએ ? એની જરાક ક્રીડા વડે આજે પણ વિશ્વ હર્ષથી ડોલી રહ્યું છે.

અંતમાં સ્તુતિકાર કહે છે કે અહો પ્રભો ! આપના કેવળજ્ઞાનસમુદ્રમાં મારો આત્મા લીન થયો છે....હું હવે તેમાંથી બહાર નીકળવાનો જ નથી.

[મંગળ શ્લોક : શાર્દૂલવિક્રીડિત–છંદ]

एकानेकमपूर्णपूर्णमततप्रस्तीर्णगूढस्फूटं
नित्यानित्यमशुद्धशुद्धमभितस्तेजो दधत्यद्भुतम् ।
दिव्यानंतविभूतिभासिनि चितिद्रव्ये जिनेन्द्रेऽधुना
मज्ञामः सहजप्रकाशभरतो भातीह विश्वस्पृशि ॥

૧. એક તથા અનેક, પૂર્ણ તથા અપૂર્ણ (અર્થાત્ ખાલી), વિસ્તૃત તથા અવિસ્તૃત, ગૂઢ તથા પ્રગટ, નિત્ય તથા અનિત્ય, શુદ્ધ તથા અશુદ્ધ—ઇત્યાદિ અનેક ધર્મોરૂપ અદ્દ્ભુત તેજને સર્વ તરફથી ધારણ કરનારા, દિવ્ય અનંત વિભૂતિથી વિભૂષિત, સહજ પ્રકાશની અતિશયતાથી પ્રકાશમાન તથા વિશ્વસ્પર્શી (અર્થાત્ સર્વજ્ઞ) એવા ચૈતન્યદ્રવ્યરૂપ આ જિનેન્દ્રભગવાનમાં અત્યારે અમે નિમગ્ન થઈએ છીએ. ૫૭૬.

૨. હે દેવ ! આપ એક–અજોડ છો, અક્રમ–વિક્રમ અર્થાત્ ક્રમરહિત પરાક્રમથી પૂર્ણ છો, ત્રણલોકના ચક્રના ક્રમ સાથે ક્રીડા પ્રવૃત્તિવડે ગંભીર એવા અત્યંત જોરથી વિકસતા ઉપયોગસ્વરૂપ છો, અને આનંદમય ખીલેલી કળીઓના સમૂહથી સ્ફુરાયમાન અત્યંત સ્પષ્ટ સ્વભાવરૂપ છો.–આવા પોતે પોતામાં જ ગુપ્ત (સ્વતઃ સુરક્ષિત) આપના આ સુંદર રૂપને અધન્ય (ભાગ્યહીન) પ્રાણીઓ નથી પીતા. (—આપના આવા સુંદર રૂપને જે પીએ છે–અનુભવે છે તે પુરુષ ધન્ય છે.) ૫૭૭.

૩. હે પ્રભો ! અત્યંત આશ્ચર્યકારી એવા આપના આ રૂપને પીને કોણ તેમાં આ મત્ત (ચકચૂર) ન થાય !—કોણ લયલીન ન થાય !!! કેવું છે આપનું અદ્દ્ભુત રૂપ ?—આ અસીમ વિશ્વની સીમા પર ચારેબાજુ જોરપૂર્વક અથડાતી (—તેને જાણી લેતી) ઉજ્જ્વળ–સુંદર–નિરાકુળ–એક જ્ઞાનપરિણમનરૂપ ક્રીડારસની ઉર્મિઓવડે જે ડોલી રહ્યું છે–ઉલ્લસી રહ્યું છે, જે ચૈતન્યઅમૃતના પૂરથી ભરપૂર છે, સ્વભાવની લક્ષ્મી જેમાં વિસ્તારને પામી છે તથા જે ઘણું અદ્દ્ભુત છે.—આવા આપના રૂપને પીને, એવો કોણ છે કે જે તેમાં મૂર્છિત (લયલીન) ન થઈ જાય ! ૫૭૮.

૪. જેના અતિશય પ્રકાશના વિસ્તારનો વેગ પરાણે રોકવામાં આવ્યો છે (અર્થાત્ લોકાલોકરૂપ જ્ઞેયોની હદ આવી જતાં, બીજા જ્ઞેયોના અભાવે, જેના જ્ઞાન–પ્રકાશનો વધુ વિસ્તાર અટકી ગયો છે) એવો કોઈ અચિંત્ય એક કૈવલ્ય–અમૃતપિંડ (—આનંદરૂપ અમૃતથી ભરેલો જ્ઞાનસમુદ્ર) આપના દ્વારા અતિશય આત્મબળવડે મંથન કરવામાં આવ્યો છે–વલોવવામાં આવ્યો છે; તે જ્ઞાનામૃત–સમુદ્રમાં ઉલ્લસતા અત્યંત સુંદર કલ્લોલોની હારમાળા ત્રણલોકની ઉદર–કંદરામાં પ્રવેશીને, ભ્રમરૂપ ભમ્મરને (મોહઅંધકારને) અતિશયપણે નષ્ટ કરતી થકી આજે પણ ઘૂમી રહી છે. ૫૭૯.

૫. જ્ઞાનદર્શન વડે દૃઢ આલિંગિત, ત્રણલોકના વિસ્તારને ધારણ કરવાને સમર્થ, અતિશય પ્રચંડ વીર્યના વેગથી જેની જ્યોતિ ફેલાઈ રહી છે, તથા અત્યંત તેજસ્વી જ્વાળાના સમૂહથી જે ભરપૂર છે–એવી આપની ચૈતન્ય–આરતિઓ પ્રગટીને સ્પષ્ટ પ્રકાશના વિસ્તારથી અત્યંત તેજસ્વી કિરણો ફેલાવી રહી છે. ૫૮૦.

૬. હે દેવ ! આપનામાં પ્રગટ થયેલા અનંત ધર્મરૂપ ઐશ્વર્યનો સમૂહ ભિન્નભિન્ન પ્રકારના ઉદયથી વિશિષ્ટ સ્વાદરૂપ છે; તે અનંત ધર્મોનો સ્વાદ જ સ્વયમેવ પ્રારંભથી જ આપનું દેવત્વ સિદ્ધ કરે છે; જો તે અનંત ધર્મોના સ્વાદવડે આપનું દેવત્વ સિદ્ધ ન થતું હોય તો,–જેમાં સુંદર–મધુર બોધતરંગો ઊછળે છે એવા દ્રવ્યસ્વરૂપે પ્રગટ આપના એક–સ્વભાવને, અનેકાન્તની દુરાશાથી કયો બુદ્ધિમાન અનંતધર્મરૂપે ભેદે ? ૫૮૧.

૭. હે દેવ ! આપનો સમ્યક્ મહિમા ઉત્કૃષ્ટપણે શોભી રહ્યો છે :—કેવો છે તે મહિમા ?—પરસ્પર એકરૂપતાના સ્નેહથી જાણે કે એકબીજામાં લીન થઈ જતા હોય એવા મુખ્ય–ગૌણરૂપ વિરુદ્ધ ધર્મોને ધારણ કરીને પોતાનું નિર્માણ કરવામાં જે ઉદ્યમવંત છે; જે અનવસ્થિત હોવા છતાં સદા અવસ્થિત છે, તથા ભાવ–અભાવ (ઉત્પાદ–વ્યય) વડે વ્યાપ્ત એવા એક ભાવ (ધ્રુવભાવ) રૂપે વિકસિત જેનો સ્વભાવ છે. [–આવા અનેકાંતમહિમાવડે આપ શોભી રહ્યા છો.] ૫૮૨.

૮. સ્વદ્રવ્યની પ્રાપ્તિરૂપ સ્વાત્મોપલબ્ધિ થવાથી અત્યંત નિરુત્સુક (–આકુળતા વગરના), સૂર્ય જેવા તેજસ્વી ચૈતન્યપિંડ અને સ્વાત્મામાં વસનારા એવા હે ઈશ ! આપનું આ શાશ્વત ચૈતન્યમાત્ર તેજ આજે અમારા માટે જયવંત વર્તે છે અર્થાત્ અમે તેની શ્રદ્ધા કરીએ છીએ,—કે જે તેજ પરિશુદ્ધ છે, ઉત્કૃષ્ટ આત્મરસથી ભરેલું છે, ચૈતન્યશક્તિઓના સમૂહ સાથે ક્રમે તેમજ અક્રમે ક્રીડા કરતું હોવાથી અનેક હોવા છતાં સદા એકરૂપ છે. (—આપનું આવું આ શાશ્વત ચૈતન્યતેજ અમારી સમક્ષ જયવંત જ વર્તી રહ્યું છે.) ૫૮૩.

૯. દ્રવ્યઅપેક્ષાએ ભૂત-ભાવિ પર્યાયોમાં વ્યાપેલા તેજરૂપ મહિમાવડે જે પોતાની દીર્ઘતાને (નિત્યતાને) સુરક્ષિત રાખે છે અને પર્યાયઅપેક્ષાએ જેનો મહિમા વિખરાયેલો (અનેકવિધ) છે-એવા હે ઈશ ! આપ એક જ સ્થિતિમાં રહેનારા નથી; અખંડરૂપ તેમજ ખંડરૂપ એવા નિજવૈભવથી ભરેલા, ધીર, દૈદીપ્યમાન ચૈતન્યથી ભરપૂર એવા આપ એકલા જ, દર્શન કરનારા કોને પરમ આશ્ચર્ય નથી પમાડતા ? અર્થાત્ આપના અદ્ભુત સ્વરૂપનું અવલોકન સૌને પરમ આશ્ચર્ય પમાડે છે, આનંદ પમાડે છે. ૫૮૪.

૧૦. હે ભગવાન ! જેથી આપ નાસ્તિરૂપ પ્રતિભાસો છો તેમ જ અસ્તિરૂપે પણ વિભાસો છો તેથી, આપ એકસાથે ભાવ-અભાવસ્વરૂપ કોઈ વિલક્ષણ પદાર્થ છો. આ રીતે હે દેવ ! નિત્ય ઉદ્યોતરૂપ ખીલતા આનંદથી શોભાયમાન તેજસ્વી ચૈતન્યપિંડસ્વરૂપ આપ ભાવ-અભાવ બંને સ્વરૂપ હોવા છતાં, 'અભાવ' ધર્મના પ્રભાવથી કાંઈ પોતે અભાવપણાને પામતા નથી. (-અભાવધર્મ પણ આપના સદ્ભાવને જ પ્રસિદ્ધ કરે છે.) ૫૮૫.

૧૧. હે દેવ ! ભાવ અને અભાવથી રચાયેલા જ્ઞાનશરીરમાં આપ પ્રકાશમાન છો; વિશ્વના આકારરૂપ વિકાસથી ભરેલા અતિશય જ્ઞાનની પ્રભાના સદ્ભાવથી આપના તે જ્ઞાનશરીરની અંદર ત્રણલોક સમાઈ જાય છે તોપણ તેઓ પોતપોતાના સ્વભાવની શોભાસહિત ભિન્નભિન્ન પ્રકાશમાન છે;-એવા આ ત્રણલોક આપની ચૈતન્યવેલી પાસે તો એક પાંદડાતુલ્ય ઉપમાને પામે છે. (આપની કેવળજ્ઞાનવેલીના અનંત વિસ્તારમાં ત્રણલોક તો એક પાંદડાસમાન સમાઈ જાય છે.) ૫૮૬.

૧૨. હે ભગવાન ! આપના મહિમાની અંદર થંભી ગયેલા સાવધાન હૃદયવાળા દેવો અને અસુરોવડે તર્કથી જેનું અનુમાન કરવામાં આવ્યું છે, તથા જે ચૈતન્યના 'સંકોચ-વિકાસ'રૂપ છે-એવો, આપનો આ તે કેવો અદ્ભુત-વિસ્મયકારી સ્વભાવ છે !—કે જેથી આપની ચૈતન્યશક્તિઓ એકલા સ્વમહિમામાં જ નિમગ્ન પ્રકાશવાળી હોવા છતાં પોતાની સ્ફૂર્તિવડે આ અનંત વિશ્વને સર્વ તરફથી પ્રકાશતી થકી સ્વમાં જ સ્થિત રહે છે. (આપની ચૈતન્યશક્તિઓ આપનાથી બહાર નીકળ્યા વગર, અંદર જ રહીને અનંત વિશ્વને પ્રકાશે છે. સ્વમાં જ રહે છે તે અપેક્ષાએ 'સંકોચ' અને વિશ્વને પ્રકાશે છે તે અપેક્ષાએ 'વિકાસ'—આવા સંકોચ-વિકાસરૂપ ચૈતન્યશક્તિઓ આશ્ચર્યકારી છે.) ૫૮૭.

૧૩. નિષ્કંપ-એક દૃઢ ઉપયોગના સકળ પ્રાણાર્પણદ્વારા (સર્વસ્વ સમર્પણદ્વારા, સંપૂર્ણ અંતર્મુખ ઉપયોગદ્વારા) પ્રગટેલી, અનંત કિરણોવડે સ્પષ્ટ-પ્રત્યક્ષ સર્વત્ર સ્ફુરાયમાન

થતી, એવી આ આપની સ્વશક્તિઓ, ક્રમના સન્નિવેશને લીધે સમસ્ત વિશ્વને અતિશયપણે આક્રમીને (પહોંચી વળીને) શોભતી હોવા છતાં, આપોઆપ તેનો વેગ અટકી ગયો હોવાથી તે આપનામાં જ લીન થઈ જાય છે. ૫૮૮.

૧૪. હે દેવ ! સ્ફુરાયમાન દૃશિ–જ્ઞપ્તિ સ્વરૂપવડે આપ અનંત છો અને પ્રદેશોની લક્ષ્મીવડે આપ સાંત (અર્થાત્ મર્યાદાસહિત) છો. તે ઉપયોગસ્વરૂપની અપેક્ષાએ ક્યાંય પણ આપની મર્યાદા દેખાતી નથી,–છતાં અહીં (ઉપયોગમાં) પણ જેની અનંત ઉત્કૃષ્ટ ક્રીડાઓ નિજપ્રદેશોમાં જ નિયત છે અને સમસ્ત વિશ્વને જે ગ્રાસીભૂત કરી જાય છે એવા ચૈતન્યઉલ્લાસો સ્વયં આપના સાંતપણાને પ્રસિદ્ધ કરે છે. ૫૮૯.

૧૫. જે ચૈતન્યચંદ્રિકાના સાગરમાં આખું જગત જાણે કે ડુબી ગયું છે, તેમાં આ લોક જો કે બહાર નીકળ્યો હોય એવો અત્યંત ઉન્મગ્ન ભાસે છે તોપણ તે આપના ચૈતન્યસાગરમાં જ સદા મગ્ન છે. હે પ્રભો ! સમસ્ત લોક જેમના પુણ્યમહિમામાં નિમગ્ન છે એવા આપ શોભી રહ્યા છો. —ખરેખર પદાર્થોનો અચલ અને અચિંત્ય મહિમાવંત સ્વભાવ અતિશય અદ્ભુત–આશ્ચર્યકારી છે. ૫૯૦.

૧૬. જેમનું કેવળજ્ઞાન–કળાચક્ર પોતાના અંતરમાં જ નિયંત્રિત હોવા છતાં અક્રમપણે સર્વત્ર ફેલાઈ રહ્યું છે; સ્વમહિમામાં લીન એવા જેમની સમસ્ત ત્રણકાળની અનંત હારમાળા, પૂજનમાળાના મકરંદ–બિંદુની કલિકાશ્રેણીની જેમ શોભામાં ધારણ કરે છે; તથા જેમના સુશોભિત અંતરમાં વિશ્વ–મહિમા ગૃહિત છે–પ્રતિબિંબરૂપ જણાય છે;—આવા હે દેવ ! આપ કેવા અદ્ભુત ભાસો છો ! ૫૯૧.

૧૭. વસ્તુમાં જે પૂર્વભાવ હોય તે પછીના ભાવને ચૂંબતો નથી, તથા પછીનો ભાવ પહેલાંના ભાવરૂપ થતો નથી; સંતતિરૂપે થતા પૂર્વાપરીભાવથી પદાર્થમાં આ સિવાય બીજી સ્થિતિ હોતી નથી.—પરંતુ હે દેવ ! આપ, દૂરદૂર ફેલાતા અનંત ચૈતન્યઘનરસની અતિશયતાથી રમ્ય ઉદયરૂપ સ્વમહિમાવડે ત્રણકાળના ક્રમને એકસાથે વ્યાપ્ત કરીને (જાણીને) સદાય વર્તી રહ્યા છો. (આપના દિવ્યજ્ઞાનની એ કોઈ અચિંત્ય શક્તિ છે.) ૫૯૨.

૧૮. ગંભીર ઉદરવાળી ઊંડી વિશ્વગૂફામાં વહેતું આપના ચૈતન્યજળનું પૂર નિશ્ચયથી આત્મામાં જ ઘૂમી રહ્યું છે; –તે ચૈતન્યપૂર, સદા વિવર્તરૂપ પવનતરંગોથી ઊઠતા અતિશય જ્ઞાનકલ્લોલોના સમૂહવડે શોભે છે, અને કાળરૂપી વાયુવડે આંદોલિત હોવાથી જાણે કે ક્રમરૂપ હોય–એવા વિભ્રમરૂપ ભ્રમને દૂર કરીને લીલાસહિત સ્ફુરાયમાન છે. –આવું ચૈતન્યપૂર આત્મામાં જ વિવર્તન પામી રહ્યું છે. ૫૯૩.

૧૯. હે દેવ ! ચલિતપણારૂપ એક તેજસ્વી ગુણને લીધે આપ, વહાણના સઢની જેમ ચંચળ–ચિત્તવાળા (પરિણમનશીલ) છો, તેથી કાળના ઝપાટા વડે એવી ચંચળ કળાને પામી રહ્યા છો કે જે કળા અંતર્ગત અતિશય ક્ષોભના આઘાતને વશ (અર્થાત્ ઉત્પત્તિ–વિનાશના કારણે થતી) ચંચળતાથી વ્યાકુળ છે અને વારંવાર (ઉત્પાદ–વ્યયરૂપ) અનંત આઘાતો વડે જેના સમસ્ત સ્વભાવોમાં અંતર પડે છે–ક્રમ પડે છે; છતાં દ્રવ્યઅપેક્ષાએ આપ ધ્રુવ–અકંપિત છો. ૫૯૪.

૨૦. હે દેવ ! અનંત વિસ્તારવાળા જ્ઞાનામૃતઝરતા પોતાના જ ઉલ્લાસોવડે તૃપ્તિ પામનારા આપ વિશ્વમાં વિસ્તરેલી અતિશય દૃષ્ટિવડે પરમ સંતોષને પામ્યા છો; તથા પ્રગાઢ આનંદની અતિશયતાથી છલકાતા આત્મરસના આસ્વાદમાં રસબોળ થઈને જેમનું આત્મતેજ વૃદ્ધિગત થઈ રહ્યું છે એવા આપ પોતે પોતામાં જ નિરાકુળ છો; અને સદા પોતે પોતામાં જ સ્થિતિને અનુભવો છો–લીન રહો છો. ૫૯૫.

૨૧ હે પ્રભો ! નિષ્કર્તા હોવાથી નિસ્પૃહ એવા આપે, નિરંતર ગાઢ ઉપયોગરૂપી ગ્રહ વડે અનંત ત્રિભુવનને ગ્રસ્ત કર્યું હોવા છતાં, અન્ય પદાર્થોથી આપને કાંઈ પ્રયોજન નથી. ગ્રાહ્યરૂપ જ્ઞેયાકારોથી યુક્ત એવા પોતાના આત્મસ્વરૂપનું જે સાક્ષાત્ અવલોકન છે તે જ ખરેખર આપના આ શુદ્ધ–એક અસ્ખલિત ઉપયોગ પ્રકાશનો સ્વભાવ છે. ૫૯૬.

૨૨. હે ભગવાન ! અતિશય ઉદ્યોતમાન, અનંત વીર્યના પરમ વ્યાપાર વડે વિસ્તારવામાં આવેલી, તથા અતિશય ફેલાતી મહાન ઉર્મિઓવડે પુષ્ટ, એવી આપની દૃષ્ટિઓના ચક્રમાં (અર્થાત્ નયોના સમૂહમાં) ક્રીડા કરતાં, અમારી કાંતિના અત્યંત ખેંચાયેલા મર્મસંબંધી મહિમાના વિસ્તાર સાથે ભટકાઈને આ વિવિધ વિકારી ભાવોની પંક્તિઓ નિરંતર નિષ્પ્રાણ થઈ જાય છે. (જિનેન્દ્રના નયસમૂહના ચિંતનવડે વિકારનો નાશ થાય છે.) ૫૯૭.

૨૩. હે ઈશ ! દર્શન-જ્ઞાનની એકતારૂપ ઉપયોગના પ્રકાશથી સર્વ તરફ ફેલાઈને તીક્ષ્ણતાને ધારણ કરતી આપની આ વિશિષ્ટ ચેતનાઓ વેગપૂર્વક અત્યંતપણે ઉદ્યોત પામી રહી છે; જેઓએ વિશ્વમાં વ્યાપ્ત થવા માટે અદ્‌ભુતરસની પ્રસ્તાવનાનો આડંબર (ફૈલાવ) કર્યો છે–શોભા કરી છે તથા અતિશય ઉત્સાહિત ગાઢ વીર્યના ગૌરવથી જેઓ અત્યંત વિસ્તૃત છે. ૫૯૮.

૨૪. અહો જિનેન્દ્ર ! નિષ્કંપ અને અપ્રતિહત ઉપયોગના ગૌરવસહિત જેમનો આત્મ–આરામ મહાન ઉદય પામ્યો છે (અર્થાત્ ચૈતન્યબગીચો અત્યંત ખીલી ઊઠ્યો છે) એવા આપની શોભાનું શું વર્ણન કરીએ ?—આજે પણ એના જરાક પ્રગટરૂપ ચંચળ

જ્ઞાનના અંચળની ક્રીડાવડે હર્ષથી ડોલતું રોમાંચિત વિશ્વ બહારમાં આમ–તેમ ધૂણી રહ્યું છે–ઝૂમી રહ્યું છે. ૫૯૯.

[પ્રભુના કેવળજ્ઞાન–મહિમામાં લીન થયેલો મારો આત્મા હવે તેમાંથી બહાર નીકળવાનો નથી–એમ છેલ્લા શ્લોકમાં કહે છે—]

૨૫. હે પ્રભો ! આપના શ્રેષ્ઠ અંતરમાં ઊછળતા સ્વચ્છ કેવળજ્ઞાનરૂપી જળના પૂરમાં હું અતિશયપણે સ્નાન કરું છું....તેમાં તરબોળ છું.....નિમગ્ન છું; તેમાંથી હવે હું બહાર નીકળવાનો જ નથી. (–કેવો છું હું ?) સતત તંદ્રારહિત જાગૃત છું, આનંદમય લીલાથી આંદોલિત (ડોલતા) એવા ચૈતન્યવિલાસની નિર્મળ લહેરીઓના પ્રહારરૂપ ક્રીડાથી જર્જરિત થઈ રહ્યો છું, તથા પાણીમાં સીંધાલૂણની જેમ કેવળજ્ઞાનસમુદ્રમાં મારો આત્મા સર્વ તરફથી વિલીન થઈ રહ્યો છે.—હવે મારે તેમાંથી બહાર નીકળવાનું છે જ નહીં. (આપનામાં લીન થઈને હું પણ કેવળજ્ઞાની થઈશ.) ૬૦૦.

ઇતિ શ્રી સર્વજ્ઞગુણસ્તવનરૂપ શાસ્ત્ર, —કે જેમાં શક્તિરૂપી મણિઓથી અલંકૃત ખજાનો (–શક્તિમણિતકોશ) ભરેલો છે, અને જે ચૈતન્યતત્ત્વના મહિમાનો વિસ્ફોટ કરે છે, તેમાં કેવળજ્ઞાન સાથે તન્મયતારૂપ ચોવીસમું પ્રકરણ પૂરું થયું.

*

આ પુસ્તકમાં ૬૨૫ શ્લોકના ગુજરાતી અર્થો આપ્યા છે, અને મૂળ કાવ્યરસના નમૂના માટે દરેક અધ્યાયની શરૂઆતનો એકેક મૂળ સંસ્કૃત શ્લોક મંગળ તરીકે આપેલ છે. હિંદીઅર્થસહિત પૂરી સંસ્કૃત રચના વાંચવા જેમની ઇચ્છા હોય તેમને વારાણસીથી મળશે. (કિંમત રૂા. ત્રીસ. સરનામું :—श्री गणेश वर्णी दि. जैन संस्थान, नरिया, वाराणसी (उ.प्र.)

*

સર્વજ્ઞગુણસ્તવન



શક્તિમણિતકોશ.

## [૨૫] સર્વજ્ઞગુણસ્તવન : પચ્ચીસમું

# કેવળજ્ઞાનની સ્તુતિ કરતાં–કરતાં મારી અનુભૂતિમાં કેવળજ્ઞાન સમાઈ જાવ.

### [રાગના જ્વલનમાં પ્રભુનો સાક્ષાત્કાર રોકાય છે; સમતામાં પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.]

*

ઉપોદ્ઘાત : આ અંતિમ અધ્યાયમાં, સર્વજ્ઞપરમાત્માની સ્તુતિની પરાકાષ્ટાએ પહોંચતાં શ્રી અમૃતચંદ્રસૂરિ કહે છે કે—બાહ્યમાં ભ્રમણ કરતા જીવો કોઈ પણ રીતે આપને ઓળખીને—અંતરમાં સ્થાપીને, આપના અદ્વિતીય કેવળજ્ઞાનના અવલોકનવડે પોતાની શ્રદ્ધાને દઢ કરે છે, ને કર્મસમૂહને ઉખેડી નાંખે છે. હે સર્વોદયરૂપ જિન ! આપ આવા જીવોવડે જ પ્રાર્થ્ય છો. તીવ્ર રાગજ્વર વડે આપનો સાક્ષાત્કાર રોકાય છે, ને સાક્ષાત્ સમતાવડે આપનો સાક્ષાત્કાર થાય છે. કષાયકલુષતાને ક્ષણ કરીને શાંતભાવ વડે અંતરમાં જોનાર અદ્ભુત ચૈતન્યતેજને અનુભવે છે, ને કર્મવૃક્ષને મૂળમાંથી ઉખેડી નાંખે છે. સામાન્ય–વિશેષરૂપ ચૈતન્યને પામેલા દઢ નિશ્ચયી જીવો કુશળતાવડે સ્વકાર્યને કરે છે. સામાન્ય–વિશેષ જુદા હોતાં નથી, તેથી વિશેષોને છોડી શકાતા નથી.

જ્ઞાનનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશી છે. જે જીવ પરમાર્થ તત્ત્વનો રસિક થઈને 'આત્મારામ'ને ઈચ્છે છે તે બાહ્યદૃષ્ટિ ન કરો, મોહ રાક્ષસને નષ્ટ કરીને અંતરમાં પોતાને દેખો. રાગના નિગ્રહનો પરમ પ્રયત્ન કર્તવ્ય છે. રાગના નિગ્રહ વગરના બધા યોગો અફળ છે. જ્ઞાનઘનરૂપ થયેલો જીવ બાહ્યકારણોથી બંધાતો નથી. નિષ્કંપ ચિત્તમાં જ પ્રભુ પ્રકાશે છે. સમ્યક્પણે જ્ઞાન–ક્રિયાની સંધિમાં જેઓ નથી વર્તતા તેઓ શ્રામણ્યથી પતીત થઈને હિંસામાં પડે છે.

જેને ઉપયોગની તીક્ષ્ણતા નથી, તથા પોતાના જ વિશેષોમાં જેને આદર નથી, તેઓ એકાંતવાદરૂપ મોહથી પીડિત છે ને ઘોર મોહનિંદમાં સૂતા છે. જેઓ તીક્ષ્ણ–ઉપયોગને ધારણ કરીને ભૂતાર્થતત્ત્વના ચિંતનમાં સ્થિર છે તેઓ પોતાને સામાન્ય–વિશેષરૂપ ચેતનાથી ભરપૂર

અનુભવે છે. દૃઢ જ્ઞાન અને અતિશય સંયમસહિત શુદ્ધોપયોગના જોરદાર પ્રવાહવડે અજ્ઞાનને નષ્ટ કરીને, તે શુદ્ધોપયોગી જીવ સ્વતત્ત્વને સ્પર્શતો થકો, વિશ્વપ્રકાશી મહાન કૈવલ્યભૂમિમાં ઝડપથી પહોંચી જાય છે ને તેમાં જ વિશ્રામ કરે છે. પ્રભો !આપના ચૈતન્યરસનો સ્વાદ જીવને આત્મ–મસ્તીમાં લીન કરે છે; મુનિવરો તે રસમાં 'મત્ત' થાય છે પણ 'પ્રમત્ત' નથી થતા. બાહ્ય વસ્તુઓ વડે જ્ઞાનમાં કાંઈ વિકૃતિ થતી નથી. પ્રમાતા પોતાના જ્ઞાનાગ્નિમાં રૂપાદિકને તથા રાગાદિકને હોમી દઈને, આખા વિશ્વને પોતાનું ઈંધન બનાવીને જાજ્વલ્યમાન થાય છે.

જ્ઞાનમહિમા તથા અખંડ ચારિત્ર સહિત અમે શુદ્ધ સ્વરૂપને સ્પર્શીએ છીએ, તેથી અમારા ચિત્તમાં અદ્‌ભુત જ્ઞાનદીપ્તિ ઝગઝગાટ કરે છે, અમારી નિજકળાઓ વૃદ્ધિગત થઈને ઉછળે છે. ચૈતન્યરત્નાકર પોતે અદ્‌ભુત નિધિથી લહેરાઈ રહ્યો છે. અંતમાં કેવળજ્ઞાન-વૈભવની ભાવનાથી શાસ્ત્રકાર કહે છે કે—આવા કેવળજ્ઞાનસ્વભાવનો મહિમા કરતાં–કરતાં, જ્ઞાનાગ્નિવડે મારા ઉત્કૃષ્ટ સંયમનો પરિપાક કષાયકીટને નષ્ટ કરી નાંખો ને કેવળજ્ઞાન–વૈભવથી ઝળકતી સ્વભાવલક્ષ્મી મારી અનુભૂતિમાં સમાઈ જાવ.

—આમ પચ્ચીસ અધ્યાયમાં સર્વજ્ઞસ્તવનના બહાને અનેકાંતતત્ત્વનો વિસ્ફોટ કરીને, આચાર્યદેવે કેવળજ્ઞાનની ભાવના કરી છે....અને ચૈતન્યશક્તિરૂપ મણિઓથી મઢેલો ખજાનો ખોલ્યો છે.

*

[મંગલ શ્લોક : શાર્દૂલવિક્રીડિત છંદ]

स्पष्टीकृत्य हठात् कथं कथमपि त्वं यत्पुनः स्थाप्यसे
स्वामिनुत्कटकर्मकांड रभसात् भ्राम्यद्भिरन्तर्बहिः ।
तद्दैवैकलावलोकनबलप्रौढीकृत प्रत्ययैः
तुंगोत्सादगलत्स्वकर्मपटलेः सर्वोदितः प्रार्थ्यसे ॥

૧. હે સ્વામી ! તીવ્ર કર્મસમૂહના વેગથી બહારમાં ભ્રમણ કરતા જીવોદ્વારા કોઈ પણ રીતે બળપૂર્વક સ્પષ્ટીકરણ કરીને (ભેદજ્ઞાન કરીને, પ્રત્યક્ષ કરીને) આપ ફરીને અંતરમાં સ્થાપિત કરવામાં આવો છો; એમ કરવાથી હે દેવ ! આપની કેવળજ્ઞાનરૂપ અદ્વિતીય કળાના અવલોકનના બળથી જેમની શ્રદ્ધા દૃઢ થઈ છે તથા અતિશય ઉત્સાદન (ઉચ્છેદન) વડે જેમના સ્વકર્મોનો સમૂહ નષ્ટ થઈ રહ્યો છે—એવા તે જીવો વડે, સર્વોદિત (સર્વપ્રકારે ઉદયરૂપ) એવા આપ પ્રાર્થ્ય (ઈષ્ટરૂપ) થાઓ છો. ૬૦૧.

૨. હે દેવ ! બહારમાં ભ્રમણ કરતા તે જીવોને માટે આપના સાક્ષાત્કારને રોકનારું જે કાંઈ કારણ છે તે, જેમના અંતરમાં સ્પષ્ટપણે તીવ્ર રાગાદિનું જ્વલન વર્તે છે એવા જીવોને જ્ઞાનગોચર થતું નથી; પરંતુ તે રાગાદિનો ઘાત કરીને દીર્ઘદૃષ્ટિથી જોનારા

પુરુષોને, સાક્ષાત્ સમતારૂપ અમૃતથી ભરેલી ક્રિયાનો દિનરાત પ્રચંડ–તેજસ્વી થઈ રહેલો વિસ્તાર અવશ્ય આપના સાક્ષાત્કારનો સ્પષ્ટ હેતુ થાય છે. ૬૦૨.

૩. પૂર્વે અસંયમવડે સંચિત કરેલી કર્મરજને આજે જ શીઘ્ર ખંખેરી નાંખવા માટે, દુર્ધર એવા ઉત્તમ સંયમસમૂહને સ્વયં આદરપૂર્વક હૃદય દઈને એટલે કે હૃદયમાં તેને ધારણ કરીને, બળપૂર્વક કપટગ્રંથિને તોડીને, તથા કષાયોની કલુષતાને ક્ષીણ કરીને, જેઓ અંતરમાં દેખે છે તેઓ તેજસ્વી શક્તિઓથી યુક્ત સહજઅવસ્થામાં સ્થિત અંતરંગ ચૈતન્યતેજને અનુભવે છે. ૬૦૩.

૪. સતત ઉત્સાહવડે, કષાયરજના તીવ્ર ઉદયવાળા સ્પર્દ્ધકસમૂહને ઝડપથી ઓળંગી જવા માટે, જેઓ પોતાના આત્માને અંદરમાં તેમજ બહાર ભારહીન–હળવો કરે છે તેઓ, અત્યંત સ્પષ્ટપણે સ્ફુરાયમાન ઉપયોગના ગૌરવવડે આત્મવૈભવને ગ્રાસીભૂત કરતા થકા સંપૂર્ણ સ્વભાવને પામીને સ્વયં વિજ્ઞાનઘન થાય છે. ૬૦૪.

૫. બાહ્ય-અંતરને જાણવા–દેખવારૂપ પરિવર્તનમાત્રરૂપે વિલસતા એવા સ્વાધીન જ્ઞાન–દર્શનવાળા જે જીવો સકલશ્રામણ્યને અવગાહીને સહજઅવસ્થાને અવલોકે છે, તથા સ્વકાર્ય કરવામાં કુશળ છે, તે જીવો પૂર્વપ્રાપ્ત શાંતભાવને ઝડપથી સાક્ષાત્ અપૂર્વતા પમાડીને અનુક્રમે કર્મવૃક્ષને જડમૂળથી ઉખેડી નાંખે છે. ૬૦૫.

૬. હે ઈશ ! સર્વપ્રકારે કષાયો નષ્ટ થતાં જેમનું ગ્રહણ વ્યગ્રતારહિત અને અવગાઢરૂપ છે એવા જે જીવો, આત્મ–ગૌરવથી ગ્રહેલાં અંતરમાં ઉદ્યોતરૂપ ગુણસમૂહથી યુક્ત ઉપયોગને ધારણ કરે છે તે જીવો, અખંડ પિંડરૂપ નિજવ્યાપારના સારભૂત એવા તે ઉપયોગની તીક્ષ્ણતાને પામીને, શાંત–તેજરૂપ થઈને, પોતાના અદ્‌ભુત સ્વતત્ત્વને સ્વયં સમ્યક્‌પણે દેખે છે–અનુભવે છે. ૬૦૬.

૭. સામાન્ય–વિશેષરૂપ ચૈતન્યને પ્રાપ્ત થયેલા જે જીવો પોતાથી અન્ય સમસ્ત વિશ્વને સંસ્પર્શીને (બરાબર જાણીને), સર્વ તરફથી સ્વયં પોતે પોતામાં જ પરિણમતા એવા સામાન્યને પ્રાપ્ત થયા છે, તથા અંતર–બાહ્ય ગંભીર સંયમસમૂહનો ઉદ્યમ કરવામાં જેઓ નિરંતર સાવધાન છે, –એવા તે કુશળ દૃઢનિશ્ચયી જીવો, કરવાયોગ્ય જે કૃત્ય છે તેને સંપૂર્ણપણે કરે છે તેમજ જાણે છે. ૬૦૭.

૮. હે દેવ ! ચૈતન્યસામાન્યને કંઈક ઉલ્લસાવીને (પરિણમાવીને) નિજવ્યક્તિઓરૂપ વિશેષોમાં સર્વ પ્રકારે નિમગ્ન થઈ રહેલા આપ, કેવળ સ્પષ્ટ–પ્રત્યક્ષરૂપ દૃઢ–સ્થિર ઉપયોગના મહિમાથી યુક્ત પ્રતિભાસો છો. વળી એકરૂપ સામાન્ય કદી વ્યક્તિરૂપ વિશેષોથી વ્યતિરિક્ત હોતું નથી–કે જેની (અર્થાત્ વિશેષો વગરના એકાંત સામાન્યની)

આશાથી, વ્યક્તરૂપ સ્પષ્ટ અનુભવમાં આવતા વિશેષોના સમૂહને (અજ્ઞાની જીવોદ્વારા) વેગથી હઠપૂર્વક છોડી દેવામાં આવે છે. ૬૦૮.

૯. હે દેવ ! આપ પ્રતિદિન સમયે–સમયે બાહ્ય પદાર્થોને પ્રકાશતા થકા સ્ફુરાયમાન છો–તે આપનો સ્વભાવ છે; કેમકે શું ક્યાંય કદી કોઈએ ઈંધન વગર જલતો અગ્નિ દેખ્યો છે? –ના; (અર્થાત્ જ્ઞાન સ્વ–પરપ્રકાશી સ્વભાવવાળું છે.) વળી આપ બાહ્ય પદાર્થોને પ્રકાશતા હોવા છતાં સર્વપ્રકારે બાહ્ય પદાર્થોથી જુદા જ રહો છો, અને અત્યંત સ્પષ્ટ–પ્રત્યક્ષરૂપ પ્રકાશમાન ઉપયોગના તેજની સીમામાં જ શોભી રહ્યા છો. ૬૦૯.

૧૦. જો કોઈ જીવ તત્ત્વરસિક થઈને, બાહ્ય પદાર્થોને પરિહરીને, પોતે પોતાથી પોતાના સ્વરૂપમાં રમનારા 'આત્મારામ' એવા પોતાના આત્માને ઈચ્છે છે (તેનો અનુભવ કરવા ચાહે છે) તો, તે બાહ્યદૃષ્ટિવડે અત્યંત સંકોચરૂપ તથા કદરૂપ (વિકૃતરૂપ) ન થાઓ; પણ, વારંવાર જોરપૂર્વક બાહ્ય પદાર્થોમાં પાડનારા આ મોહરાક્ષસનો નાશ કરીને, રાગદ્વેષરહિત સમદૃષ્ટિથી અંતરમાં પોતે પોતાને દેખો–અનુભવો. ૬૧૦.

૧૧ જેની દૃષ્ટિ બહાર પડી છે તથા જેની જ્ઞાનજ્યોતિ પોતાના કર્મપુદ્‌ગલના બળથી ક્ષુબ્ધ થઈ રહી છે–એવા કોઈ પશુ (અર્થાત્ અજ્ઞાની)ને, જેથી આપ દૃષ્ટિગોચર હોવા છતાં પણ વળી પાછા દૃષ્ટિભ્રમ કરનારા થઈ જાઓ છો,–તેથી જ અતિશય પિષ્ટપેષણ (સ્વ–પરની ભેળસેળ)ના હઠાગ્રહને છોડીને સ્વકર્મરૂપ આત્મકાર્યના ઈચ્છક યોગીજનો પોતાને યોગ્ય સમ્યક્ કર્મકાંડની ઘટનામાં નિત્ય ઉદ્યત રહે છે. ૬૧૧.

૧૨. રાગસમૂહનો અત્યંત નિગ્રહ કરવા માટે ઉત્કૃષ્ટ પ્રયત્ન કરવો તે પરમ કર્તવ્ય છે; કેમકે તે રાગના ગાઢ ગ્રહણથી કરવામાં આવતો યોગોનો નિગ્રહ કદી ફળદાયક થતો નથી. રાગથી જે રંજિત નથી એવા વિરક્ત–મહિમાસમ્પન્ન યોગી, યોગોની પ્રવૃત્તિરૂપ સ્પંદનસહિત હોવા છતાં પણ, અનુક્રમે મુક્તિ પામે છે. અને અજ્ઞાની જીવ, જાણે ગાઢ નિદ્રામાં હોય એવા સુષુપ્તની જેમ, ચિત્તને સંકુચિત રાખીને નિષ્પંદ રહેતો હોવા છતાં પણ, બંધાય છે. ૬૧૨.

૧૩. ક્રમે ક્રમે કર્મથી વિરક્ત થતા કુશળ–દૃઢનિશ્ચયી જીવને તે કર્મ ત્યાંસુધી ગતિરૂપ (પરિણતિરૂપ) વર્તે છે કે જ્યાંસુધી, વળ દીધેલી રસ્સીની માફક તે સ્વયં સર્વાંગરૂપે ખુલી જાય છે. –વળી, વિશેષ એ છે કે–અદ્‌ભુત–આશ્ચર્યકારી જ્ઞાનઘનને પામેલા જીવને શરીર–વાણી–મનની વર્ગણાઓ યંત્રવડે સંચાલિત હોય તે રીતે માત્ર કારણરૂપે વિદ્યમાન હોવા છતાં તેને માટે તે અવિદ્યમાન છે. (–બંધનું કારણ થતી નથી.) ૬૧૩

૧૪. હે ભગવાન ! આપ નિષ્કંપ હૃદયમાં પ્રકાશો છો. જેમ, તીવ્ર વેગવાન જાતવંત અશ્વ લગામ ખેંચતા બહારમાં જો કે ઊભો તો રહી જાય છે તોપણ આગળ વધવા માટે પગ ઊંચા કરીને થનગની રહે છે,એટલે તેને તો થંભી ગયો હોવા છતાં નિષ્કંપતા નથી; પરંતુ હે દેવ ! રૂકાવટ વિના પણ મન જ્યાં પંગુપદવીને પામે છે (-થંભી જાય છે) એવા કોઈ અચિંત્ય કારણનો અનુભવ કરનારા જીવના નિષ્કંપ અંતરમાં આપ સ્વયમેવ પ્રતિભાસો છો શોભો છો. ૬૧૪.

૧૫. આક્રમણવડે અક્રમે પકાવીને (અવિપાક નિર્જરાવડે) કર્મરજને દગ્ધ કરનારા અને અદ્‌ભુત સ્વભાવે સ્ફુરાયમાન એવા ક્રિયા તથા જ્ઞાનની સંધિમાં જેમની સ્વૈરવિહારી બુદ્ધિ રમણ નથી કરતી, અને જેઓ શાંતરસની માત્ર છાયાના સ્પર્શે-રસવડે મત્ત થઈને પ્રમત્ત ચિત્તવાળા વર્તે છે તેઓ, હાથીની માફક આંખમિંચામણીરૂપ બેદરકારી (-ઉપેક્ષાભાવ અથવા સાતાશીલિયાપણા)ને કારણે શ્રામણ્યથી પતીત થઈને પાછા હિંસામાં પડે છે.

૬૧૫.

૧૬. જેમને ઉપયોગની તીક્ષ્ણતા પ્રક્ષીણ થઈ ગઈ છે, તથા સુદૃઢ નિજ-વ્યક્તિ વિશેષોમાં જેમને આદર નથી એવા જીવો શીઘ્રતાથી, એક ક્ષણમાં તો સામાન્યને ઉલ્લસાવે છે ને સાથેસાથે વળી સામાન્યથી પતીત પણ થઈ જાય છે (-આ પ્રમાણે ઘડીકમાં એકાંત સામાન્યને માને છે ને ઘડીકમાં સામાન્યરહિત એકલા વિશેષને માને છે); આ પ્રમાણે મોહથી ઘેરાયેલા આ બાલીશ-અજ્ઞાની જીવો ખોટી શિક્ષા (એકાંતબુદ્ધિ)ને કારણે એકાગ્રતાને છોડીને, ભયંકર નશકોરાથી ઘરઘરાટ કરતાં (મોહનિંદમાં) સૂતા છે. ૬૧૬.

૧૭. અચલપણે સ્વાવલંબનમાં લીન થવાથી જે કોઈથી ન દબાય એવો ઉદ્ધત્ત-બળવાન છે તથા જેણે કાળકૃત ખંડને ખંડિત કરી નાંખ્યા છે (એટલે કે જે અખંડ છે)-એવા અત્યંત તીક્ષ્ણ ઉપયોગને, આ જગતમાં જેઓ વિશ્વાસપૂર્વક અચલપણે નિરંતર સાક્ષાત્ ધારણ કરે છે-તેઓ કેવા છે ? -ભૂતાર્થતત્ત્વના ચિંતનમાં સુસ્થિત દૃષ્ટિવાળા અને સર્વત્ર સમભાવરૂપ એવા તેઓ પોતાને સામાન્ય-વિશેષરૂપ ચેતનાથી ભરપૂર અત્યંત સ્પષ્ટ અનુભવે છે-તેમાં નિવાસ કરે છે. ૬૧૭.

૧૮. જેણે અત્યંત દૃઢ ઉપયોગવડે શ્રુતજ્ઞાનભૂમિને અતિશયપણે ગ્રહણ કરી છે (અર્થાત્ પૂર્વવિદ થઈને શુકલધ્યાનમાં પોતાનો ઉપયોગ દૃઢપણે સ્થિર કર્યો છે), અતિશય સમભાવરૂપ સંયમના અમૃતરસ વડે નિરંતર અભિષિક્ત હોવાથી જે કૃતકૃત્ય છે (-યથાખ્યાત ચારિત્રરૂપ વીતરાગરસમાં સદા તરબોળ છે, લીન છે), જેણે શુદ્ધોપયોગના જોરદાર પ્રહાર વડે અજ્ઞાનઅંધકારને નષ્ટ કર્યો છે-એવો કોઈ એક શુદ્ધોપયોગી જીવ સ્વતત્ત્વને

સ્પર્શતો થકો–અનુભવતો થકો, વિશ્વપ્રકાશી એવી વિશાળ કૈવલ્યભૂમિમાં ઝડપથી પહોંચી વળીને તેમાં જ વિશ્રામ કરે છે. ૬૧૮.

૧૯. હે ચૈતન્યદેવ ! જન્મથી માંડીને હજીસુધી શુદ્ધાત્મતેજની જેને અનુપલબ્ધિ છે એવા કયા જીવને આપનો આ સર્વાંગે માદક ચૈતન્યરસનો સ્પષ્ટ સ્વાદ (પ્રત્યક્ષ અનુભવ) જોરપૂર્વક પ્રમાદી નથી કરતો ? અર્થાત્ કોને આત્મમસ્તીમાં લીન નથી કરતો ? –સર્વેને મત્ત કરે છે. સંયમની તીવ્ર રુચિવાળા જે મુનિવરો 'મત્ત' થવા છતાં 'પ્રમત્ત' નથી થતા (અર્થાત્ ચૈતન્યમસ્તીમાં લીન થવા છતાં પ્રમાદી નથી થતા) તેમને જ તે કાળે (લીનતાના કાળે) કલંક નષ્ટ થઈ જતાં આપ અવિકલ–સંપૂર્ણપણે ઉલ્લસો છો.....અનુભવમાં આવો છો. ૬૧૯.

૨૦. બહારમાં જે મિથ્યા (વિપરીત કે વિકૃત) વસ્તુ પણ જ્ઞાનમાં વિભાસે છે તે કાંઈ અંતરમાં દ્રવતા–પરિણમતા સમ્યગ્જ્ઞાનના રૂપને વિપરીતતા પમાડતી નથી, કેમકે તે વ્યક્તિ (બાહ્યવસ્તુ) પણ આત્માનો વિષય છે–પ્રમેય છે. જેની મલિનતા અત્યંત ક્ષીણ થઈ ગઈ છે એવા કોઈ સાક્ષાત્ જ્ઞાનવંતને કોઈ સમીચીન બાહ્યવસ્તુ પ્રમેય થાય અને પછી જો તે વ્યક્તિરૂપ બાહ્યવસ્તુમાં કાંઈ પરિવર્તન થાય તો તેથી જ્ઞાનને શું ?–આના જ્ઞાનને કાંઈ અજ્ઞાનતા થતી નથી. (બહારની ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુ જ્ઞાનમાં પ્રતિભાસવાથી, અથવા તે વસ્તુમાં વિકૃતિ થવાથી જ્ઞાનમાં કાંઈ વિકૃતિ થતી નથી;–આવો ભાવ છે.) ૬૨૦.

૨૧. અંતરમાં વિદ્યમાન જે કોઈ રાગાદિક તથા બહારમાં વિદ્યમાન જે કોઈ રૂપાદિક છે તેમને એકસાથે અવિશેષપણે (સંપૂર્ણપણે) જ્ઞાનઅગ્નિમાં ઇંધનરૂપ કરીને, પ્રમેય–આકારને ધારણ કરતો થકો, અશેષ વિશ્વદ્વારા સંધુક્ષિત શાશ્વત જાજવલ્યમાન પ્રમાતા, સાક્ષાત્ સમરસરૂપ થઈને કલંક–કાલિમાને નષ્ટ કરે છે. ૬૨૧.

૨૨. (સ્તુતિના અંતિમ શ્લોકોમાં સ્તુતિકાર કહે છે કે : હે દેવ ! આપની અદ્ભુત સ્તુતિ કરતાં કરતાં.....) જેણે જ્ઞાનનો મહિમા પ્રાપ્ત કર્યો છે, અખંડ ચારિત્રસમૂહની તીક્ષ્ણતા વડે જેની ચિરસંચિત કાલિમા નષ્ટ થઈ રહી છે તથા જે શુદ્ધસ્વભાવને સ્પર્શે છે–અનુભવે છે એવા અમારા ચિત્તમાં, ઝગઝગતી નવીન દીપ્તિઓ સ્ફુરાયમાન થતાં, ઉત્તરોત્તર વધતી જતી નિર્મળતાવાળું અને સર્વ તરફ પ્રકાશમાન એવું અત્યંત અદ્ભુત કોઈ અનેરું તેજ ફેલાય છે. ૬૨૨.

૨૩. જેઓને અતિશય ઉલ્લસતી, વિચિત્ર સંયમરસથી ભરેલી નદીનો સંગમ થયો છે અને જેઓ સમસ્ત કાલિમારૂપી મશને ધોઈ નાંખીને સાક્ષાત્ સુશોભિત થયા છે–એવા

જીવોના, અસીમ પ્રકાશથી ભરપૂર અંતરંગ શાંતમહિમારૂપ સમુદ્રમાં સ્ફુરાયમાન થતી, આત્માની આ કોઈ પરમ નિજકળાઓ અતિશય ઊંચે ને ઊંચે ઊછળતી થકી નિરંતર વૃદ્ધિગત છે. ૬૨૩.

૨૪. જેથી, પૂર્ણરૂપે પી જવામાં આવેલા સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસના અતિશય ભારથી જાણે કે મત્ત થઈ ગઈ હોય–એવી આ અત્યંત નિર્મળ જ્ઞાનવ્યક્તિઓ સ્વયં ઊછળી રહી છે, તેથી હું એમ માનું છું કે તે આ ભગવાન ચૈતન્ય–રત્નાકર પોતે જ ઊંચા તરંગો વડે લહેરાઈ રહ્યો છે કે જે ભિન્ન પ્રકારના–વિશિષ્ટ રસથી યુક્ત છે, એક હોવા છતાં અનેકરૂપ થાય છે તથા અદ્ભુત નિધિ છે–આશ્રયકારી ગુણોનો ભંડાર છે. [આ શ્લોક સમયસાર–કળશ ૧૪૧ મુજબ છે : માત્ર, ત્યાં 'यस्याभिन्न रसः' ને બદલે અહીં 'मन्ये भिन्नरसः' એટલો પાઠભેદ છે.] ૬૨૪.

૨૫. હે દેવ ! સતત સર્વ તરફ દેદીપ્યમાન એવા મને, અંતર–બાહ્ય પ્રગટેલાં ઉત્કૃષ્ટ સંયમનો આ પૂટપાક (ફરી-ફરીને આંચ દેવી તે) જ્ઞાનાગ્નિમાં એવી રીતે સંપન્ન થાવ કે જેથી સમસ્ત કષાયકીટ નષ્ટ થઈ જાય અને સ્પષ્ટપણે ઝળકતા વૈભવશાળી સમસ્ત સ્વભાવલક્ષ્મી અનુભૂતિમાં અંતર્ગત થઈને સમ્યક્પણે શોભી ઊઠે. ૬૨૫.

(આ રીતે કેવળજ્ઞાનની ભાવનાપૂર્વક આ સ્તુતિ પૂર્ણ કરી છે.)

*

ઇતિ શ્રી આચાર્ય અમૃતચંદ્રસૂરિ દ્વારા વિરચિત, અને આત્મસાધક બ્ર. હરિલાલ જૈન દ્વારા અનુવાદિત, 'સર્વજ્ઞગુણસ્તવન'....અથવા શુદ્ધ ચૈતન્યતત્ત્વનો વિસ્ફોટ કરનાર 'લઘુતત્ત્વસ્ફોટ'...અથવા ચૈતન્યશક્તિરૂપ મણિઓથી અલંકૃત ભંડાર'શક્તિમણિતકોશ'....એવા ત્રિવિધ નામધારક આ અધ્યાત્મ–સ્તુતિશાસ્ત્રમાં અંતિમ પચ્ચીસમો અધ્યાય પૂર્ણ થયો; અને એ રીતે પચ્ચીસ–પચ્ચીસી (પચ્ચીસ અધ્યાયના ૬૨૫ શ્લોકો) દ્વારા અદ્ભુત જ્ઞાનસ્તવન પૂર્ણ થયું...... ભવ્ય જીવો આ મંગલ સ્તુતિના જ્ઞાનરસને પીને......તેને અંતરમાં પરિણમાવીને કેવળજ્ઞાનમંદિરમાં પ્રવેશ કરો.

## પ્રશિસ્ત–શ્લોક

[હવેના અંતિમ બે શ્લોકમાં શાસ્ત્રકર્તાનું નામ તથા શાસ્ત્રનો મહિમા પ્રસિદ્ધ કરે છે–]

[વસંતતિલકા]

अस्या स्वयं रभसि गाढनिपीडितायाः संविद्विकासरसवीचिभिः उल्लसंत्याः ।
आस्वादयत्वमृतचंद्रकवीन्द्र एष हृष्यन् बहूनी ★मणितानि मुहुः स्वशक्तेः ॥१॥

સર્વજ્ઞદેવના ગુણોપ્રત્યે ભક્તિના વેગથી જે સ્વયં અતિશય પીડિત છે–ખૂબ આકર્ષાયેલી છે, તથા સમ્યગ્જ્ઞાનના વિકાસરૂપી રસના તરંગો વડે જે ઉલ્લસી રહી છે, અને આ સ્તોત્રમાં જે ઘણી ગૂંથવામાં આવી છે-બહુ કહેવામાં આવી છે (मणितानि અથવા भणितानि) એવી આ નિજશક્તિઓનું, આ અમૃતચંદ્ર–કવીન્દ્ર (તેમજ ભવ્યજીવો) પ્રસન્નતાપૂર્વક–હર્ષિતહૃદયે વારંવાર આસ્વાદન કરો.

स्याद्वादवर्त्म नि परात्मविचारसारे ज्ञानक्रियातिशय वैभव भावनायाम् ।
शब्दार्थसंघटनसीम्नि रसातिरके व्युत्पत्तिमाप्तुमनसां दिगसौ शिशूनाम् ॥२॥

સ્યાદ્વાદમાર્ગમાં સ્વ–પરનો શ્રેષ્ઠ વિચાર, જ્ઞાન–ક્રિયાના અતિશય વૈભવની ભાવના, શબ્દ તથા અર્થના વાચક–વાચ્યસંબંધની સીમા, અને ચૈતન્યરસની અતિશયતા,–આ બધામાં કુશળતા પ્રાપ્ત કરવાના ઇચ્છુક શિશુઓને માટે આ દિશા–સૂચન છે, –અર્થાત્ લઘુ-તત્ત્વસ્ફોટ નામની આ રચના જિજ્ઞાસુ શિષ્યોને ઉપરોક્ત ભાવો સંક્ષેપથી દેખાડનારી છે.

*

જેમાં કેવળજ્ઞાનનો તથા અનેકાંતસ્વરૂપ આત્માના ચૈતન્યરસના અપાર વૈભવનો પદે-પદે વિસ્ફોટ કર્યો છે, જેમાં ચૈતન્યશક્તિરૂપ મણિઓથી મંડિત ખજાનો છે, એવા આ અમૃતરસઝરતા શ્રેષ્ઠ અધ્યાત્મસ્તુતિ–કાવ્ય દ્વારા અદ્‌ભુત ચૈતન્યશક્તિઓનું વારંવાર ઘોલન કરીને, ભવ્ય જીવો પોતે તેમાં પ્રવેશી જાઓ અને આનંદમય ચૈતન્યરસનું આસ્વાદન કરો.

શ્રી જિનેન્દ્ર–શાસન જયવંત હો.

શ્રી વીરનાથપ્રભુના ચરણે, શ્રી કહાનગુરુની વિદ્યમાનતામાં, બ્ર. હરિલાલ જૈને આ ગુજરાતી અનુવાદ પૂર્ણ કર્યો :

સોનગઢ : વીર સં. ૨૫૦૩ ભાદ્ર સુદ ૧૫.

*

★ ['मणित' અને 'भणित'–એમ બંને પાઠનો ઉલ્લેખ છે.]

# શ્રી લઘુતત્ત્વસ્ફોટ પુસ્તક પ્રકાશનમાં પ્રાપ્ત થયેલ દાનરાશિ

### ૫૦૧=૦૦

કૈલાસબેન જે. શાહ, લંડન
બ્ર. તારાબેન બ્ર. મેનાબેન, સોનગઢ
વિજય મધુસુદન શાહ, લંડન
બીનીત શાહ, લંડન
નીમુબેન ભગવાનજી શાહ, જામનગર
કનકરાય મણીલાલ પૂનાતરના સ્મરણાર્થે, જામનગર
મૃદુલાબેન પ્રફુલ્લચંદ્ર વસા, જામનગર
ઘેવરચંદ રાજેન્દ્રકુમાર ડાકલિયા, રાજનાંદગાંવ
શ્રીમતી શોભા મોતીલાલ જૈન, ખૈરાગઢ

### ૫૦૦=૦૦

શીતલબેન મણીલાલ શાહ, લંડન
શીના અમર શાહ, લંડન
શ્રીમતી ઉર્મિલાબેન સુરેશભાઈ દેસાઈ
અમદાવાદ

### ૩૦૦=૦૦

મીના રંજન શાહ, લંડન

### ૨૫૧=૦૦

જયશ્રીબેન કિરિટભાઈ ઝવેરી, મુંબઈ
જયાકુંવરબેન મયાચંદ, કલકત્તા
ભરત ઝવેરી, અંકલેશ્વર
હસુમતી જગદીશભાઈ લોદરીયા, પાર્લા
શ્રીમતી મધુબેન પ્રવીણભાઈ જામનગર
શ્રી નિલેશ સામજી શાહ, ગોરેગાંવ
શ્રી વિપુલ સામજી શાહ, ગોરેગાંવ

### ૨૦૧=૦૦

શીલન શાહ, લંડન
જયસુખલાલ શાંતિલાલ જૈન, જામનગર
હસુબેન કુલીનભાઈ દોશી, ઘાટકોપર
શ્રીમતી કંચનબેન પન્નાલાલ ગિડિયા, ખૈરાગઢ
કુ. અનુભૂતિ વિભૂતિ અતુલ જૈન, મલાડ
કુ. શ્રદ્ધા-પૂજા-સતીશ શાહ, મલાડ

### ૧૫૧=૦૦

અમુભાઈ શાહ, લંડન
ઝવેરચંદ પદમશી છેડા, જામનગર
વેલજીભાઈ મેઘજીભાઈ શાહ, લંડન
શ્રી અવનીશભાઈ રતીલાલ શાહ, પાર્લે

### ૧૧૧=૦૦

તારાબેન નંદરબારવાળા સ્વ. ટીકુ એન. શાહના
સ્મરણાર્થે, સુરેન્દ્રનગર

### ૧૦૧=૦૦

સ્વ. મંગળાબેન પ્રભુદાસ કામદાર, સોનગઢ
અનુજ પટાણી, લંડન
અનુસૂયાબેન બાવીસી, લંડન
કંચનબેન કે. શાહ, લંડન
તારાબેન એન. શાહ
પ્રફુલ્લભાઈ વારીયા, મુંબઈ
શ્રી કંચનબેન હરિયા, લંડન
શ્રી કાન્તાબેન ઘનાની, લંડન
ધવલ કિરણભાઈ શાહ, ખાર
સવિતાબેન મનુભાઈ, સોનગઢ
લક્ષ્મીબેન તથા કુન્તીબેન, સોનગઢ
સ્વ. શ્રી રુપચંદભાઈ શિવલાલ કામદાર, સાંતાક્રુઝ

### ૫૧=૦૦

એક મુમુક્ષુબેન
મધુબેન બોરા, બરોડા
સુમનબેન, સોનગઢ

# ગ્રન્થમાલા શિરોમણી સંરક્ષક સદસ્ય

## ૧. ઝનકારીબાઈ ખેમરાજ બાફના ચેરીટેબલ ટ્રસ્ટ, ખેરાગઢ

## પરમ સંરક્ષક સદસ્ય

૧. શ્રીમતિ શાંતિદેવી કોમલચંદ જૈન, નાગપુર
૨. શ્રીમતી પુષ્પાબેન કાંતિભાઈ મોટાણી, મુંબઈ
૩. શ્રીમતી હસુબેન જગદીશભાઈ લોદરિયા, મુંબઈ
૪. સ્વ. શ્રી નિર્મલકુમાર બરડિયા, રાજનાંદગાંવ
૫. શ્રીમતિ લીલાબેન સોભાગ્યચંદ, લંડન
૬. શ્રીમતિ પુષ્પાબેન ભીમજીભાઈ શાહ, લંડન
૭. શ્રી સુરેશભાઈ દિનેશભાઈ મેહતા, મુંબઈ
૮. શ્રી મહેશભાઈ પ્રકાશભાઈ મેહતા, નેપાલ
૯. શ્રી રમેશભાઈ રાજેશભાઈ મેહતા, મોરબી
૧૦. શ્રીમતિ વસંતબેન જેવંતલાલ મેહતા, મોરબી
૧૧ સૌ. હીરાબાઈ સાગરમલજી માલૂ, મહાસમુંદ
૧૨. શ્રીમતિ ચંદ્રકલા પ્રેમચંદ જૈન, ખૈરાગઢ
૧૩. શ્રીમતિ લીલાદેવી નવરત્નસિંહ ચૌધરી, ભિલાઈ

## સંરક્ષક સદસ્ય

૧. શ્રી કંવરલાલ મોતીલાલ ગિડિયા, ખૈરાગઢ
૨. શ્રીમતી ધુડીબાઈ ખેમરાજ ગિડિયા, ખૈરાગઢ
૩. શ્રીમતી ઢેલાબાઈ તેજમલ નાહટા, ખૈરાગઢ
૪. શ્રી શૈલેષભાઈ જે. મહેતા, નેપાલ
૫. બ્ર. તારાબેન, બ્ર. મેનાબેન જૈન, સોનગઢ
૬. શ્રી ઘેવરચંદ ડાકલિયા, રાજનાંદગાંવ
૭. શ્રીમતી ચંદ્રકલા ગૌતમચંદ બોથરા, ભિલાઈ
૮. શ્રીમતી ગુલાબબેન શાંતિલાલ જૈન, ભિલાઈ
૯. શ્રીમતી કંચનબાઈ દુલીચંદ જૈન, ખૈરાગઢ
૧૦. શ્રી પ્રફુલ્લચંદ સંજયકુમાર જૈન, ભિલાઈ
૧૧. શ્રીમતી ઝીપુબાઈ લુનકરણજી કોચર, કટંગી
૧૨. સ્વ. શ્રી જેઠાભાઈ હંસરાજજી, સિકંદરાબાદ
૧૩. શ્રી શાંતિનાથ સોનાજ, અકલૂજ
૧૪. શ્રી લવજી બાજપાલ ગાલા, મુંબઈ
૧૫. સ્વ. કંકુબેન રિખવદાસ જૈન, મુંબઈ
૧૬. ગુપ્તનામ હ. સુકુમાલ જૈન, દિલ્લી
૧૭. શ્રીમતી શાંતાબેન શાંતિભાઈ ઝવેરી, મુંબઈ
૧૮. શ્રીમતી મૂલીબેન સમરથલાલ જૈન, સોનગઢ
૧૯. શ્રીમતી સુશીલાબેન ઉત્તમચંદ ગિડિયા, રાયપુર
૨૦. શ્રી નથમલ કાનમલ પારખ, રાજનાંદગાંવ
૨૧. શ્રી બિશમ્ભરદાસ મહાવીરપ્રસાદ જૈન, દિલ્લી
૨૨. સૌ. રમાબેન નટવરલાલ શાહ, જલગાંવ
૨૩. સૌ. સવિતાબેન રસિકભાઈ શાહ, સોનગઢ
૨૪. શ્રી ફૂલચંદ વિમલચંદ ઝાંઝરી, ઉજ્જૈન
૨૫. શ્રીમતી પતાસીબાઈ તિલોકચંદ કોઠારી, જાલગાંધા
૨૬. શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, મુંબઈ
૨૭. શ્રીમતી જશવંતીબેન બી. ભાયાણી, ઘોટકોપર
૨૮. સ્વ. શ્રી ભૈરોદાનજી સંતોષચંદ કોચર, કટંગી
૨૯. શ્રી ચિમનલાલ તારાચંદ કામદાર, જેતપુર
૩૦. શ્રી તખતરાજજી કાંતિલાલજી, કલકત્તા
૩૧. શ્રી ઢેલાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, ખૈરાગઢ
૩૨. શ્રીમતી તેજબાઈ દેવીલાલ મેહતા, ઉદયપુર
૩૩. શ્રીમતી સુધા સુબોધકુમાર સિંઘઈ, સિવની
૩૪. ગુપ્તદાન હસ્તે સૌ. ચંદ્રકલા બોથરા, ભિલાઈ
૩૫. શ્રી ફૂલચંદજી ચૌધરી, મુંબઈ
૩૬. શ્રીમતી પુષ્પાબેન ચંદુલાલ મેઘાણી, કલકત્તા
૩૭. શ્રીમતી જૈનાબાઈ, ભિલાઈ
૩૮. શ્રીમતી કમલાબાઈ કન્હૈયાલાલજી ડાકલિયા, ખેરાગઢ
૩૯. શ્રી સુગાલચંદ વિરધીચંદ ચોપડા, જબલપુર
૪૦. શ્રીમતી સુનીતાદેવી કોમલચંદ કોઠારી, ખૈરાગઢ
૪૧. સૌ. સ્વર્ણલતા રાકેશકુમાર જૈન, નાગપુર
૪૨. શ્રીમતી કંચનદેવી પન્નાલાલ ગિડિયા, ખેરાગઢ
૪૩. શ્રીમતી સુંદરબાઈ લક્ષ્મીચંદ પહાડિયા, કોટા
૪૪. રાજકુમારી સરાવગી, કલકત્તા
૪૫. શ્રીમતી કુસુમલતા શાંતિકુમાર પાટની, છિંદવાડા
૪૬. શ્રી છીતરમલ બાકલીવાલ, પીસાંગન
૪૭. શ્રી કિશનલાલજી દેવડિયા, નાગપુર
૪૮. સૌ. ચિંતાબાઈ મિટ્ઠુલાલ મોદી, નાગપુર
૪૯. શ્રી સુદીપકુમાર ગુલાબચંદ જૈન, નાગપુર
૫૦. શ્રીમતી શીલાબાઈ ગુલાબચંદ નાગપુર
૫૧. શ્રીમતી મોજીદેવી મોતીલાલ ફલેણિયા, રાયપુર

સ્તુતિકાર આચાર્ય કહે છે કે—

'હે દેવ ! હું આપની સ્તુતિને પી ગયો છું. જ્ઞાનવડે આપની સ્તુતિ કરતાં-કરતાં મારી અનુભૂતિમાં કેવળજ્ઞાન સમાઈ જાવ.' આવા ભાવથી કરવામાં આવેલી આ સ્તુતિના મનન દ્વારા હે ભવ્ય સાધર્મીઓ ! તમે પણ આનંદપૂર્વક ચૈતન્યરસનું પાન કરો.